રાધા-કૃષ્ણ.

(સ્મરણાર્થે)

રાધા-કૃષ્ણ

અર્થાત્

આદર્શાદર્શ મેળ

પ્રકાશક

કનૈયાલાલ ચંદુલાલ લલ્લુભાઈ

સંવત ૧૯૯૬. ઈ. સ. ૧૯૪૦.

રાધા-કૃષ્ણ

લખનાર—ચંદુલાલ લલ્લુભાઈ ગોવર્ધનદાસ

"અખૂટ જીવનદોરી" ના કર્તા.

મુદ્રાલેખ—(ગીતી)

મુદ્રાલેખ હમારો,
"आनन्देन जातानि जिवन्ति,"
હૃદયમાં જો ધારો,
દ્વંદ્વો કદી ઉપાધિ કરે નાહીં.

સંવત ૧૯૭૯. સન ૧૯

રૂ. ૧—૦—૦

ૐ

પ્રવેશ

કેટલોક વખત થયાં મારા ચિત્તમાં એવી વૃત્તિઓ સ્ફૂર્યા કરતી હતી, કે 'અધ્યાત્મ' વિષય ઘણો ગહન, અને અનુભવે કરી પ્રવેશ કરી શકાય એવો છે, પણ જો એ વાર્તા રૂપે જનસમૂહ આગળ મૂકવામાં આવે, તો હાલમાં વાર્તાઓ વાંચવાનો શોખ ઘણો વધી પડયો છે તેથી લોકોની તેમાં કાંઇક રૂચી થાય, અને ત્રણે તાપોથી મુક્ત થવાનું સાધન મળે. મારા નિવૃત્તિકાળનો થોડો સમય જનસેવામાં કાઢવો, એવો સંકલ્પ મને ઘણી વખત ઉઠયા કરતો, અને કોઇ કોઇ વખત તો તીવ્ર બની દુઃખ પણ દેતો. પરંતુ પુસ્તકો લખવાની, તેને છપાવવાની, ગ્રાહકો શોધવાની, મોટો ખર્ચ કરવાની, વગેરે અનેક ઉપાધિઓને લીધે, મારૂં મન પાછું હઠ્યા કરતું હતું. એટલામાં ભાઈ રતિલાલ નાનાભાઇ (લલ્લુજીના મંદિર સામે, ગોપીપુરા, સુરત.) મને ઉત્રાણમાં મળી આવ્યા, અને સર્વ છપાવવા વગેરેની ઉપાધિઓમાંથી મુક્ત કરવાની ઇચ્છા બતાવી, તેથી કાંઇક પ્રેરાઇ, મેં "**અખૂટ જીવનદોરી**" નામનું પુસ્તક લખી આપ્યું. પછી આ વાર્તા લખવાને પણ હું પ્રેરાયો, અને સ્વાભાવિક રીતે તે મારાથી લખાઇ સમાપ્ત પણ થઇ.

મને કેવળ અસલ ("Original") લખાણો લખવાનો શોખ છે. કોઇના ઉતારા કરવા મને પસંદ પડતા નથી. સરળ રીતે મને જેવું આવડે, અને રુચે, તેવું લખવું, અને બોલવું એ મારી પ્રકૃતિ છે, તેથી આ વાર્તા પણ

મારા ચિંતના તરંગોજ છે, અને ગાયનો પણ મને આવડયાં તેવાં લખ્યા છે. મારામાં કાંઇ કવિત્વ શક્તિ નથી, પીંગળ વગેરે કોઇ ચીજનો મને અભ્યાસ નથી, તેથી કોઇ કોઇ ઠેકાણે દોષો માલમ પડવાનો સંભવ છે, માટે જેમ જેને સારૂં લાગે તેમ તેણે સુધારી વાંચવું.

મને હાલના નાટકો અને વાર્તાઓ થોડાંક અપવાદ સિવાય ગમતાં નથી, તેથી આ વાર્તામાં ઘણાં ઉચ્ચ આદેશો રાખેલાં છે, તે કેટલાંકને નહિ રૂચે, અથવા અસંભવિત લાગે તો તેમાં મારો ઇલાજ નથી. મારાથી નીચે ઉતરી સામાન્ય વર્ગનાં લોકોને ખુશી કરવાની શક્તિ નથી, અથવા ઇચ્છા નથી. 'અસભ્ય' બાબતો લખતાં મારી કલમ સ્વાભાવીક રીતે પાછી હઠે છે, તેથી કદાચ આ વાર્તા જનસમુહને રસમાં તરબોળ ન કરી નાખે તો તેમાં મારો વાંક નથી. દરેક બાબતમાં સરળતા મને ઘણી પ્રિય છે, તેથી અલંકારિક ભાષા મેં વાપરી નથી. પંદર દિવસમાં તો જેમ કલમ ચાલી તેમ ચલાવી, આ વાર્તા મેં પૂરી કરી છે. ફકત ઉચ્ચ આદર્શો ચીત્તમાં રાખી લખ્યો ગયો છું.

છેવટ એક સ્નેહીએ મને લખવાની પ્રેરણા કરી, મારા નિવૃત્તિ સ્થાનની નિદ્રામાંથી જગાડયો, તે બદલ હું એમનો આભારી છું. જનસમૂહની 'સેવા'નું કાંઇક એમણે મને ભાન કરાવ્યું.

૪ ૧૨૬, કીરપારામ મેહુતાનો
૨ ખાંચો ગોપીપુરા, સુરત.
તા. ૬ ઠી આગષ્ટ સને ૧૯૨૩
અષાડ વદ ૯ સં. ૧૯૭૯.

ચંદુલાલ લલ્લુભાઇ ગોવર્ધનદાસ

વિજળી (ચંદનગવરી) ચંદુલાલ લલ્લુભાઇના ધર્મપત્નિ



અદ્રશ્ય થયું—માર્ચ તા. ૧ લી ૧૯૧૦, માહાવદ ૬ સંવત ૧૯૬૬
રાતના ૧૦-૩૦ વાગે.

ઉમ્મર વર્ષ ૩૫.

Shri Natvar P. Press, Bombay 4.

ૐ

પત્નિ વિજળી (ચંદનગવરી) ના
કીર્તિ—સ્તંભ.

અહો ! સાધ્વી તું એક જન્મી, રત્ન સ્ત્રીઓમાં ખરે,
કાળ આધુનિક વિષે, તુજ જોડ ક્યાંએ ના દિસે.
એ રત્ન મળી સરી ગયું, નહિ વાર લાગી કાંઇએ,
જોત જોતામાં ગયું, શું દોષ દઇએ કર્મને?
ઝમક ખુબ બતાવીને, કરી નેત્ર ઝાંખા અમ તણાં,
તુજ તેજમાં અંજાઇ ગયાં, નહિ તેજ બીજું પ્રીછતાં.
એ તેજ ઝિલવા કારણે, નહિ યોગ્ય પાત્ર મળ્યું તને,
કરી હાય અફસોસ તેહનો, ચાલી ગઇ પ્રભુ પાદને.
"વિજળી" ઝબુકી તેજ ક્ષણમાં, કાર્ય સાધી નહિ લીધું,
ઘસી હાથ પ્રશ્ચાતાપ કરે, થયું જે થયું તે ના થવું.
પ્રતાપ પતિવૃત તણો, આ જગત્માં વ્યાપી રહ્યો,
તે અમર "કીર્તિસ્તંભ"ને, આલોકીને વીલાસજો.
સુવાસ "ચંદન"નો અતિ, ફેલાઇ જગમાં મઘમઘે,
વાયુ અનુકૂળ હોય તો, મણા નહી તેમાં રહે.

અદ્રશ્ય થવું—મનમોહન બીલ્ડીંગ, ગાયવાડી, ગીરગામ,
મુંબઇ.

માર્ચ તા. ૧ લી ૧૯૧૦. માહા વદ ૬,
સંવત ૧૯૬૬ રાતના ૧૦–૩૦ વાગે
ઉંમર વર્ષ ૩૫.

લેખક મર્હુમ શ્રી ચંદુલાલ લલ્લુભાઇ



જેનો

જીવન લેખ:-દયા ધર્મકા મૂલ હય, પાપ મુલ અભિમાન,
ચંદુ દયા ન છાંડી હય, જબલગ ઘટમેં પ્રાણ.

અદ્રશ્ય થવું:-સુરત ગોપીપુરા કીરપારામ મહેતાનો ખાંચો. પોષ વદ ૩.
સંવત ૧૯૯૬ તારીખ ૨૮-૧-૧૯૪૦.

જીવનમુક્ત ચંદુલાલ લલ્લુભાઇના જીવનનો ટુંક પરિચય.

પ્રાકટ્ય :—સંવત ૧૯૨૮ સુદ ૬/૩ ઇ. સ. ૧૮૭૨ ૧૬/૧

લય :— ,, ૧૯૯૬ વદ ૩/૩ ,, ૧૯૪૦ ૨૮/૨

વિદેહમુક્ત શ્રી લલ્લુભાઈ ગોવર્ધનદાસનું જીવનચરિત્ર સુપ્રસિધ્ધ છે. જેઓને સ્વમિશ્રી પ્રકાશાનંદજી ઉર્ફે ગુજરાતના ગોદડીયા બાવાએ ગુરૂ કરી પોતે મદ્રાસી હોવા છતાં ગૃહસ્થી ગુરૂનો દાખલો દુનીયાને બેસાડયો છે. આવા વિદેહમુકત અને તેમના પત્નિ દેવકોરબાને પેટે જ્યેષ્ટ પુત્ર તરીકે અવતરવા ચંદુલાલ ભાગ્યશાળી થયાં. સ્વાભાવિક રીતે એ યોગભ્રષ્ટ જીવ ગર્ભશ્રીમંત અને આજન્મ વેદાંતી થયો, જે ખવાસ ગમે તેવી કસોટીઓમાંથી પણ પાર ઉતર્યો.

શરીરે સુદ્રઢ અને સુંદર હોઇ કસરતબાજ અને મિલાપિ હતા. ઘડીભર પણ પોતાના આનંદમાં, વૈભવમાં, કે જ્ઞાનમાં ભાગ લેનાર વગર એમને ચાલતું નહિ. બધી "આઉટડોર" અને "ઇન–ડોર" રમતોમાં પારંગત હતા. ઘોડા અને ઉંટની સવારીમાં એક્કા હતા. એમની વકતૃત્વ શકિત તો અંગ્રેજી ચોથા ધોરણથી જ ખુલી ગઇ હતી, અને નાનપણથી જ "ડીબેટીંગ સોસાઇટીઓ" ચલાવવાનો તથા "કલબો"માં જવાનો શોખ હતો. ગોખલે, રાનડે, ટિળક જેવાં તો એમના માસ્તરો હતાં. સાધુ, સંતો, અને સમાગમના કાયમ ભૂખ્યાં જ હતાં. પોતાના

પિતાનો સિદ્ધાંત હતો કે પેટ ભરવા નોકરી કરવી પડે તો છેવટ સુધી એકની જ, અને તે પણ બને ત્યાં સુધી રાજકર્તા અર્થાત્ પ્રજાપાલકની જ. તે અનુસાર પોતે કર્યું અને પોતાના પુત્રને પણ નિર્દેશ્યું. ઉપલા ગુણો હોઇ કિશોર અવસ્થામાં નામગુણી વિજળીબા સાથે ગૃહસ્થાશ્રમ માંડયો, અને પચીસી પહેલાં જ એકદમ ઓફીસર અર્થાત્ અધિકારી તરીકે જ આજીવિકા શરૂ કરી. દૂરદૂર મથકોએ ગયાં અને નિમકહલાલી ખાતર અનેક હાડમારીઓ પણ હસતે મોઢે ઉઠાવી. એક વખત તો એવું થયું કે કચ્છના રણમાંથી માળવાના લુટારૂઓ અફીણના સાંઢો ભરી પસાર થવાની બાતમી મળ્યાથી પોતે પોતાના સવારો અને પાયદળની પાર્ટી લઇ કેસ પકડવા પાછળ પડયા. ૧૮૯૫નો મે મહિનો હતો. રણમાં મૃગજળ, તાપ, આંધી અને અનજળની હાડમારીનું પુછવુંજ શું. આવી દાણચોરી કરનારાઓ હુશીયારભર અને મરણીયા હોય છે. પોતે અને પોતાના માણસો પાસે રિવોલ્વર, બંધુકો અને તરવારો હતાં. આવી વખતે દિવસ રાત જોવાનો અવકાશ ન હતો, પગીઓની મદદથી પુંઠ પકડવાની હતી દસ દસ ગાઉના અંતર સિવાય ગામ કે પાણી કે ઝાડ સરખું પણ નજરે ન પડે. સૌ કોઇ મારતે ઘોડે હોવાથી ભૂખ–તરસ–ઉજાગરા અને તાપથી પીડાવા લાગ્યાં. કેટલાંક બેભાન થઇ પડવા લાગ્યાં. કેટલાકનાં ઘોડાઓ પણ પડવા લાગ્યાં. પોતે જે કોઇ પહેલું ગામ કે ઘર મળે ત્યાંથી પાણીના માટલાઓનો બંદોબસ્ત કરી પાછળ મોકલતાં ગયા અને આગળ મુકાવતા ગયાં. તે વખતના કલેકટર મહેરબાન જેન્કીન્સ સાહેબે પોતાના મુંબઇ ઇલાકાના 'એડમીનીસ્ટ્રેશન રિપોર્ટ'માં નીચે મુજબ શેરો માર્યો હતો.

"This case illustrates the hardship & danger to which men of the Northern Frantier may be

exposed in the pursuit of sumgglers in the Runn. x x x x x Had it not been for Mr. Chandulal's presence of mind & promptitude, few, if any, of the party would have survived. x x x x x મી૦ ફ્રેઝર સાહેબ એમને બદલ લખતાં કે When on duty Mr. Chandulal turns out in a Khaki Jacket, boots & breeches and looks very smart and marksmanlike. The working procedures adopted by Chandulal are excellant and approved by the undersigned. એમના પિતાશ્રી લલ્લુભાઈને સર ચાર્લ્સ પ્રિચાર્ડે લખ્યું હતું કે I have just returned from tour, much pleased with all I saw there, and very glad to hear good account of your eldest son's work. મી૦ બહેકેટીએ લખેલું કે The work of building the Rest House and the Out Houses has been most satisfactorily carried out by Mr. Chandulal & the Assistant Collector wishes to record his appreciation of the same. વળી Mr. Chandulal at Ghodbundar is one of the rising man among the subordinate officers of the Department. He is in charge of almost the most important Taluka in the Range and though his experience extends to rather less than two years he has administered in a most efficient manner and being very energatic he maintains sound discipline throughout. વળી I have all along had a high opinion of you and I am glad to see you get on. I wish all my officers did their work as Well as you do. You are a young man and are

certain to rise. I do not for a moment wish to say anything but praise as regards your work. વળી I am very glad to hear that the Departmental children's fete went off so well as I am sure it did, for what ever you take in hand is always thoroughly well done. વળી વી. એમ. મોરે નામના દક્ષણી આસીસ્ટંટ કલેકટરે લખેલું કે I congratulate you heartily on your promotion which you have so well deserved by your good qualities of both heart and head. એટલુંજ નહિ પણ કમબલ્ય મી. શેપર્ડ જેવા કમિશ્નરે લખેલું કે I think your promotion was thoroughly well deserved. વળી અલ્કકીએ લખેલું કે I know the collector thinks, you are fit to act as Assistant Collector x x x and I have spoken to him about you more than once. I think you are quite likely to be selected one of these days, and I should strongly support your seclection. સુપરીન્ટેન્ડંટ મી૦ પ્રોકટરે લખેલું કે I have sent your memorial to the D. C. as desired and in doing so I have refrained from comment as though you are no doubt a suitable and capable enough officer to fill the appointment of chief account Officer Bombay, I am afraid I can not say the same of other officers I know I trust your ambition may be fructified. એક મુસલમાન આસીસ્ટંટ કલેકટર કે. બી. નિસાર હુસેને લખેલું કે Mr. Chandulal is an experienced officer and has thorough knowledge of his work. He is energetic active and commands respect. He does his work very satisfactorily.

આમ એઓ રળવાની દિશામાં પ્રિય અને પારંગત હતાં એટલું જ નહિ પરંતુ સ્વભાવે આનંદી, નિસ્પૃહ, અને નિખાલસ હોઇ સમાજ અને સગાં સંબંધીઓને પણ પ્રિય હતાં. આબાળ વૃધ્ધ સર્વેથી મિલનસાર હતા. અને જે તથા જેટલું પોતાથી મોટા હોદ્દેદારો નહિ કરી આપે તેટલું લોકોનું કામ કરી આપતા. તેમજ અઢળક સંપત્તિવાળાઓથી પણ અમીરી ન ભોગવાય તેવી ભોગવતા અને પાસના સર્વેને ભોગવાવતા. એકજ પત્નિવ્રત પાળી ભર જુવાનીમાં પત્ની ગુજરી જવા છતાં બીજી નહિ કરી. ઔષધિઓમાં ઘણો રસ હોવા છતાં તે દિશા પડતી મૂકી બ્રહ્મચર્ય પાળી યોગ-ક્રિયાઓ તથા જ્ઞાનમાર્ગમાં ચિત્ત લગાડયું. પિતૃભક્તિના સ્મારક તરીકે એમણે પુષ્કળ જેહમત ઉઠાવી જીવનચરિત્ર લખ્યું, ભ્રાતૃભાવ તરીકે અનેક કડવા ઘુંટડા ગળી ગયાં, ભગિનિભાવ તરીકે માટુંગાના એન્ટોપ હિલ પાસે ઢોરો સારૂ પાણીનો હવાડો બંધાવ્યો અને સચવાય તેથી સરકારને સોંપ્યો, અને પત્નિ પ્રત્યેના ઋણ તરીકે આ કીર્તિસ્તંભ રચ્યો તથા પુત્રો-પુત્રીઓને અખુટ અને અમૂલ્ય સંસ્કારખજાનો આપ્યો. આમ ઋણ મુક્ત થયાં. એમના જીવનમાં તો અહંકાર, ક્રોધ અને દ્વેષને સ્થાન જ ન હતું. બાઇબલના સિધ્ધાંત પ્રમાણે કોઇ અપકાર કરે તો તેના પર પણ ઉપકાર કરતાં જેથી સામેનો દુષ્ટ લજવાઇ જ જતો વાંચન એટલું બધું બહોળું અને "અપ-ટુ-ડેઇટ" હતું કે કોઇપણ ટાઇમે કોઈપણ વિષય પર ગુજરાતી-મરાઠી-હિંદી અને અંગ્રેજીમાં ભાષણો આપી શકતાં. ગીતાના સિદ્ધાંતો તો એમના આચરણેઆચરણમાં જણાઇ આવતાં, અમદાવાદના સરયૂદાસબાવા ઉપર એમને ઘણો ભાવ હતો. આ યોગીપિતાના જીવનમાં ખરો સહારો તો અવધૂત સ્વામિ પોલિબ્લોટનો હતો. જેઓ ૧૯૧૦ માં આવી મળ્યા

હતા. આખી પૃથ્વીનું પર્યટન કર્યું હતું. ગમે તે ભાષા તદન અંધારે વાંચી શકતા હતા. અને કયારે શું થયેલું, અને થવાનું તે તાબડતોબ કહી શકતા. પણ રિધ્ધિ-સિધ્ધિ વાપરવાની વિરૂધ્ધ હતા. શરીરે મર્કટ અને બધી રીતે ઠેકાણા વગરના હતા. કોઇ ધ્યાન ખેંચે તેટલોજ વાર ઠેકાણે આવતા સદ્દગત પિતાશ્રી ચંદુલાલ જ્ઞાની હોવા છતાં પરમ ભક્ત હતા. નિત્યનિયમ અને દર્શન કદી ચૂકતાં નહિ. સવા કરોડ તો ગાયત્રીના જપ કર્યા હતાં. અને વધારે કર્યા જતા હતા. નિદ્રા ઘણીજ થોડી હતી. કર્મણુક માટે કોઇને કોઇ તો એમની પાસે હોયજ ખાનદાની પણ તેવી જ બે જાય અને ચાર આવે. તેથી મોડી રાત સુધી જ્ઞાન અને ગમ્મત ચાલુ જ હોય. તેમાંથી પોતે જરાક ખસી જઇ ઉંઘ આવતા પહેલાં ગાયત્રીનો જપ કરી લેતા. એક મધ્યરાત્રએ તેમ જપ કરતાં કરતાં તેમનું "હાર્ટ-ફેઇલ" થયું, અને જેમના તેમ માળા સાથે હિંડોળા નામના પોતાના પરમપ્રિય ફરનિચર પર સદાને માટે સ્તબ્ધ થઇ ગયાં. ઘડીભર પણ પોતે દુઃખી ન થયા કે કોઇને દુઃખી ન કર્યા. પાછળ પણ કોઇને માટે ઉપાધિ મૂકી ન ગયા. આમ પોતે જીવી જાણ્યું અને મરી પણ જાણ્યું. અદ્રષ્ય થતાં શહેરમાં અનેક શોક સભાઓ થઇ, અનેક શોક ઠરાવો થયાં અને કુટુંબ કબિલા પર આશ્વાસનપત્રો આવ્યાં. જે દરેકમાં "એમણે તો જીવી જાણ્યું તથા મરી જાણ્યું" અને 'આવા દૈવી પુરૂષ અમારા જોવામા કોઇ આવ્યા નથી' એવા ભાવો અચૂક આવ્યાં. તે બદલ હું સદ્દગતના કુટુંબ તરફથી તે આશ્વાસન આપનારા સર્વેના સહૃદય આભાર માની લેખકના આ 'પરિચય'ને વિરામું છું.

માતાપિતાના આ સ્મારકમાંથી સેવા થજો એજ પ્રાર્થના.

લી. કનૈયાલાલ ચંદુલાલ.

તા. ક.—કાંઇપણ દોષો માલમ પડે તો સુધારી વાંચવા વિનંતિ છે. કારણ સર્વ કાંઇ પ્રકાશકને એકલે હાથે કરવું પડ્યું છે.

કુળદેવી

શ્રી આશાપુરી માતાની

સ્તુતિ

આશા-પુરી અકળ માત મહંત દેવી,
લીલા અપાર તુજ પ્રભાવ પ્રતાપ કેરી;
નાના સ્વરૂપ તુજ કંઇ ઘટમાં રમે છે,
ને પ્રાણીમાત્ર હૃદયે વમળો રચે છે.
શક્તિ અનેરી અભય વેગ તણી તું વિષે,
મિથ્યા અરે જીવન તે વિણ સર્વ દીસે
કયમ કાર્ય કો દિલથકી તું વિના સરે આ,
નહિ શકય છે ઉદય માત વિના તું કૃપા.
જો ના છૂપે અમર તું જીવમાત્ર ચિત્તે,
કાર્યો બધા સફળ તો કરવા ન રૂચે;
ખેલો કંઇ નવનવા તવ શાંતિ અર્થે,
પ્રાણી અનેક જગના કરી દેહ છોડે.
સેવા અમોલી કરતાં કદી ના વિરામે,
તોપણ નહિ તુજ પ્રભાવ પ્રતાપ શામે;
હા એ સ્વરૂપ વિચળ છે જગમાતનું રે,
ને સ્થાન ચંચળ ઘણું મન પ્રાણીનું એ;
પણ વાસ ત્યાં અચળ છે તુજ દેવીનો રે,
સામાન્ય એ તુજ સ્વભાવ સમસ્ત વિશ્વે.
આહા મૂર્તિ એ સગુણ તો મમ ચિત્ત સાધું,
આશા પુરી સફળ કે કરી માત હે તું.

શુદ્ધિપત્રક.

પાનું	લીટી	શબ્દ
	(ટૂંક પરિચયમાં)	
૭	૫	૬૮
	(મૂળ ગ્રંથમાં)	
૯	૮	શૂન્ય
૧૮	૪	કૃષ્ણચંદ્ર
૨૧	૨	ઠાંગણી
૩૯	૩	"લેન્ટર્ન" "સીનેમોટાગ્રાફ"
૪૪	૧૭	હવિષ્યઅન્ન
૪૬	૧૯	તેમણે
૫૩	૨૨	બહાર રહેતા હોય
૬૭	૫	ગોવેકરીનો
૮૦	૨૨	વૈષ્ણવ
૮૪	૧૪	વખત
૯૧	૨૫	પેઢીના
૯૩	૨૫	તૈયારી
૧૦૪	૧૯	મુખીયાજીએ
૧૦૫	૧૫	આવ્યાં
૧૦૮	૭	આશ્ચર્ય
૧૧૦	૨૪	"ટ્રીટમેંટ"
૧૧૧	૨૧	વજનો
૧૧૮	૧૨	વૃદ્ધિ
૧૧૯	૨	પણ નહિ

પાનું	લીટી	શબ્દ
,,	૧૪	જન્મારે
૧૨૦	૭	સચ્ચિદાનંદ
,,	૧૯	ધ્યાનદ્વારા
૧૨૧	૧૪	દશાંગુળ
૧૨૨	૫	ઇચ્છા
૧૨૪	૨	ઉદ્યોગ
૧૪૨	૭	પટ
,,	૮	ભવબંધનો
૧૫૩	૨૪	"લેન્ટર્ન"
૧૫૪	૨૪	હલકા
૧૫૫	૨	ભૌતિક
૧૫૭	પહેલી ફુટનોટ	(કેન્સલ)
૧૫૮	૪	અદ્વૈત
,,	૧૫	છો
૧૭૮	૮	કૃષ્ણચંદ્ર
૧૮૧	૧૮	સચ્ચિદાનંદ
૧૮૨	૨૪	શબ્દો ઉચ્ચારતાં
૧૯૫	૧૧	દંભ
૧૯૭	૫	મોહમયી
૧૯૮	૧૦	સાંભરી

(શ્રી જ્ઞાન વિલાસ મંત્રમાં)

અનુક્રમણિકા

પુષ્પ.		પૃષ્ઠ.
૧	કુંજબિહારિલાલનો ગૃહસંસાર	૧ થી ૧૭
૨	નાયક નાયિકાનો મેળાપ	૧૮ થી ૨૫
૩	કુંજબિહારિલાલની સેવા	૨૬ થી ૬૪
૪	નંદરાયનો પાશ્ચાત્ય પ્રેમ	૬૫ થી ૭૬
૫	કૃષ્ણચંદ્રના જીવન પર રાધાના જીવનનો પ્રતાપ	૭૭ થી ૧૦૨
૬	આચાર-વિચાર, હુન્નરઉદ્યોગ, ઉપરાંત વેદાંત	૧૦૩ થી ૧૨૮
૭	એકાદશી ઉપવાસ તથા જાગરણ-ઉપયોગ	૧૨૯ થી ૧૬૨
૮	કૃષ્ણચંદ્રનો પલટો અને વિલાસિકાનું થનગનાટ	૧૬૩ થી ૧૮૪
૯	વિલાસબાબુનો શિકાર	૧૮૫ થી ૧૮૯
૧૦	મેળ	૧૯૦ થી ૨૦૦
	શ્રી જ્ઞાન વિલાસ મંત્ર	

ૐ

રાધા-કૃષ્ણ

૧

ગોકુળ અષ્ટમી

કુંજબિહારિલાલના ઘરમાં આજે ગોકુળ અષ્ટમીનો મહોત્સવ હોવાથી ધામધુમ થઇ રહી છે. પોતાના ઘરનું શ્રી બાળકૃષ્ણ લાલજીનું મંદિર સુંદર રીતે શણગારવામાં આવ્યું છે. તોરણો લાગી રહ્યાં છે. નૌબત બહારના ઓટલા પર વાગી રહી છે. ઘરનાં બાળકો અને સ્ત્રીપુરૂષો પહેરી ઓઢીને ઠાકોરજીની સેવાની સામગ્રીઓ તૈયાર કરી રહ્યાં છે. બહારનાં જનાર આવ-નારને કુંજબિહારિલાલનો બંગલો અને બગીચો, જાણે એક મોટું મથુરાજીમાં આવેલું મંદિર હોય, એવો ખ્યાલ આપે છે; અને કોઇ કોઇ તો જરા વાર ઉભા રહી, સર્વ રચના એક ટસે નિહાળી, આનંદમાં મગ્ન થઇ, શ્રી કૃષ્ણ ભગવાનની પ્રેમ ભક્તિમાં નિમગ્ન થઇ, "રાધા-કૃષ્ણ", "રાધા-કૃષ્ણ" રટણ કરતાં કરતાં, પોતાને માર્ગે ચાલતાં થાય છે. રાત્રિનો સમય થયો છે. બંગલામાં અને બગીચામાં અનેક રંગના ગાયનાં ચીના ફાનસોની રોશની થઇ રહી છે. મધ્ય રાત્રી થતાં શ્રી ઠાકોરજીને ફૂલનાં શણગારેલા

સુવર્ણ જડિત પારણામાં પધરાવવામાં આવે છે, અને કુંજબિહારિ-લાલની પુત્રી **રાધા** સ્નાન કરી શુદ્ધ ખાદીનું કેશરિયા રંગનું, કીમતી જરીની કોરવાળું વસ્ત્ર પરિધાન કરી, હીરની દોરીથી, ઠાકોરજી સન્મુખ બેશી પારણું ઝુલાવે છે, અને ગાય છે :—

ઝુલો ઝુલોને કૃષ્ણ દેવ બાલુડા—?
વ્હાલે ઝુલાવું મારા દિન દયાળા—૧. ઝુલો.

સુંદર પારણું બનાવ્યું તમ કારણે,
હીંચું દોરી લગાવી હીર તણીએ—૨. ,,

જન્મ થયો આજ તમારો જગ વિષે,
આશ્ચર્ય પામે લોક સર્વ જન્મ શી રીતે—૩. ,,

કળી ન શકે કોઇ તેનો મર્મ પ્રભુ ખરો,
બુદ્ધિ આપો આપ દેવ જાણવા તણો—૪. ,,

બાળ, યુવક, વૃદ્ધ બની ઘડી પળે બદલાવો,
ભક્ત જનને કરી એવી, લીલા બતલાવો—૫. ,,

ઝુલાવે જગતને તે ઝુલે આજ પારણે,
ગોથાં ખવડાવે મોટ મોટાં જ્ઞાનિ જનને—૬. ,,

પાર એનો કોઇ કદી પામ્યા છે નહીં,
શરણ જાવું એજ કર્ત્તવ્ય રહ્યું છ સહી—૭. ,,

કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ કરૂં, રટણ બાલુડાનું,
એજ મુક્તિ એજ ધામ પામવાનું મારૂં—૮. ,,

આ ગાયન પુરૂં થતાં રાધા બીજું ગાયન લલકારે છેઃ—

મારા શ્યામ સુંદર કેવાં શોભે, પારણે પોઢેલાં—
અહો સખી—પારણે....

નેત્રો મીચીં કેવાં દીસે, બ્રહ્માનંદમાં રહેલાં—
અહો સખી—બ્રહ્માનંદમાં....
આવો સખી મંગળ ગાવો, શ્યામ સલુણા કેરાં—
અહો સખી—શ્યામ....
બોલે ન ચાલે, હાલે ન કાંઇ, મનમાં સઘળું સમજે—
અહો સખી—મનમાં....
નટ કેરૂં એ રૂપ તમે તો, કેમ સલુણા ધાર્યું—
અહો સખી—કેમ....
ઓવાળણાં અમે લઈએ બાળા, દ્રષ્ટિ ન કોઇની લાગે—
અહો સખી—દ્રષ્ટિ....
શું લીલા તમ વરણુવીએ પ્રભુ, વાણી જ્યાં નવ પોહોંચે—
અહો સખી—વાણી....
મૌન ધારીને હરખ ચિત્તમાં, બાલૂડા ખૂબ લઇએ—
અહો સખી બાલૂડા....
આનંદ આનંદ આનંદ એવું, રૂપ પ્રભુ અનુભવીએ—
અહો સખી—રૂપ....
કૃષ્ણ ચંદ્રનું શ્યામ સુંદર એ, મુખારવિંદ નિરખીએ—
અહો સખી—મુખારવિંદ....

રાધાની સખીઓ આજુબાજુ બેઠા હતી, તેમાંની એકે કહ્યું, "બહેન, તમે એકલાંજ ગાશો કે અમને પણ કાંઇ ગવડાવશો?"

રાધા બોલી—"બહેન આજેજ મેં એક ગરબો બનાવ્યો છે, તે તમારી ઇચ્છા હોય તો ગાઉં અને તમે ઝીલજો."

સર્વે સખીઓ સાથે બોલી ઉઠી. "ઠીક બ્હેન, ઠીક." રાધા ઉભી થઇ અને સર્વેની સાથે ગાવા લાગી.

સખી આવોને ગીતડાં ગાઇએ રે,
મોહન આજે પધાર્યા ગોકુળીએ રે.
ચાલો જઇએ જશોદાને ઘેર,
ગોપીઓ, આવો, આનંદ કરીએ રે—૧.

એક માને વિરહ દુઃખ લાગે રે,
બીજી માને ઉલ્હાસ અતિ થાયે રે,
જુવો આશ્ચર્ય એ કેવું ભાસે,
સાહેલીઓ પ્રેમથી નિહાળો રે—૨.

અકળ લીલા પરમાત્માની રે,
કળી શકે ન માનવી કોઇ રે,
એ તો બ્રહ્મવેત્તાથી કળાએ,
એનીઓ માનજો રૂડી રીતે રે—૩.

આનંદ ઉત્સાહ કેવો થાયે રે,
ગોપ ગોપીઓ ઝૂલાવે પારણું રે,
કૃષ્ણચંદ્રનું મુખ જોઇ લજાયે,
જુઓને, ગોપીઓ ગાંડી થઈ શું રે ?—૪.

એક દિનનો બાળક તે શું માટીડો રે,
એનાથી તે શું બાઇ લજાવવું રે,
કહો કે ન કહો પણ ચાળા,
એની, એનાં ભાસે કામણગારાં રે—૫.

ઝૂલો ઝૂલોને બાળા વાહાલાં રે,
હીરની દોરીએ અમે ઝૂલાવીએ રે,

જેણે જગને ઝૂલાવ્યું તેને,
ઝૂલાવે કોણ, બેની બોલોને ?—૬.
મુખ જોઇ જોઇ ન ધરાઇએ રે,
અમને હાંકી મૂકો તો પણ આવીએ રે,
બાઇ નકટાં કહેવાઇએ તો પણ,
પ્રભુના દર્શન નવ મૂકીએ રે—૭.

"વાહરે રાધા બ્હેન વાહ ! તમે તો મોટા કવિ છો એ તો અમે આજે જ જાણ્યું. તમે કાંઇ પીંગળ બીંગળ શીખ્યાં છો કે એમને એમ ઝોકાવ્યાંજ જાઓ છો ? કોઇ કોઇ ઠેકાણે જેમ તેમ મારી મચડીને, લાંબુ ટુંકુ કરી, રાગ બેસાડવો પડે છે. ગમે તેમ હોય પણ તમારા વિચારો તો ઠીક બંધ બેસતાં આવે છે હોં. બ્હેન, એમ કરતાં કરતાં જ આગળ વધાય. જુઓની હાલના ઘણાખરા કવિઓની કવિતાઓમાં કાંઇ ઢંગ ધડો છે ? જેમ આવ્યું તેમ ભચડી નાંખે છે. એ તો લવિતાઓ જ. તેમાં નાટકનાં ગાયનોમાં તો કોઇ જાતનો મેળ બેસતોજ નથી. એક રાગમાં બીજો રાગ, અને તેમાં વળી ત્રીજો. હારમોનીયમ સાથે જેમ તેમ રાગ બેસાડી ગાયું, અને સાંભળનારાઓએ 'વન્સમોર' કર્યું, કે જાણે ગંગા નાહ્યા. સંગીત જે અતિ ઉત્તમ કળા—નાદબ્રહ્મ—વેદ કહેવાય તેને તો છેક અધોગતિએજ પહોંચાડી દીધો છે.

સગુણાના આ બોલવાના ઉત્તર રૂપે રાધા બોલી—"બ્હેન કરો મશ્કરી કરો. મને તો લખવાનું અને ગાવાનું કોઇ વખત મન થાય છે, ત્યારે જેવું આવડે તેવું ઠોકી બેસાડું છું. મારે ક્યાં મોટા લેખક કે કવિમાં ગણાવવું છે આપણું પોતાનું મન

ખુશ થયું એટલે બસ. તું કહે છે તે ખરૂં છે બ્હેન. મને તો હાલના નાટકો જોવાને પણ ઘણી શરમ લાગે છે, અને તેમાંનું કોઇ ગાયન ઘેર ગાવાને તો બહુજ શરમ લાગે છે. શબ્દ રચના એવી હોય છે કે જાણે ગાતાં જીભ જ ઉપડતી નથી. ખરૂં પૂછે તો ઘણાં ખરાં નાટકો તો બૈરાંઓને જોવા લાયક જ નથી. બિભત્સતા જ વિશેષ હોય છે. તેમાં વળી હાલની ઘણીખરી નવલકથાઓ તો એવી બિભત્સ હોય છે કે મને તો વાંચતાં કંપારી છુટે છે, અને લાગે છે, કે બીજી સ્રીઓ એ કેમ વાંચતી હશે! જાણે એવી નવલકથાઓનો તો રાફડો જ ફાટયો છે."

સગુણા બોલી—બ્હેન બીજું કાંઇ બનાવ્યું હોય તે ગા. આજે તો આપણે જાગરણ કરવાનું છે, એટલે ભજનો ગાઇને જ વખત પૂરો કરવો. તારો કંઠ બહુ સુંદર છે, અને જાણે કોકિલા જ ગાતી હોય એવું લાગે છે. બ્હેન તું તો ભણેલી, ગણેલી અને વળી શ્રીમંત, એટલે પૂછવું જ શું? સોનું અને સુગંધ સાથે મળ્યા જેવું થયું છે. જાગરણને દિવસે બીજાંઓ સોગટાબાજી, પાના, વગેરે રમે છે અને ટોલટપ્પા કરે છે, પણ બહેન ખરૂં પૂછે તો એ ગેરવ્યાજબી છે, અને મને તો બિલકુલ ગમતું નથી. જાગરણને દિવસે તો ભજન જ ગાઈ ઇશ્વરનું નામ લેવું જોઇએ."

રાધાએ ઉત્તર આપ્યો—"હા બહેન, તારા મતને હું મળતી છું. પાના, સોગટાબાજી, વગેરેની રમત તો મને પણ સારી લાગતી નથી. હજુ શેતરંજ રમવી મને ગમે. મારા બાપાજી હમેશાં કહે છે, કે પાના અને સોગટાબાજીમાં તો

કળીયુગનો વાસો છે. તે ખરૂં છે. રમતો તો એવી હોવી જોઇએ, કે જેમાં કાંઈ અંગ કસરત થાય, અથવા ચિત્તની એકાગ્રતા થાય. બૂમ બરાડા પાડી, લાંબા લાંબા હાથો કરી વારંવાર લઢી પડી, પાના, સોગટાં વગેરે રમવામાં આવે છે, તે તો મને બિલકૂલ પસંદ નથી. પણ બહેન તું કહે છે, તો બીજું ગાયન ગાઉં છું. બહેન, મને હારમોનિયમ સાથે ગાવું ગમતું નથી. સારંગી અથવા દિલરૂબા સાથે ગાવાથી કંઠની મધૂરતા બની રહે છે, અને કંઠ ફાટી જતો નથી. 'હારમોનીયમ' આપણામાં કોણ જાણે કયાંથી ઘૂસી ગયું છે. પાશ્ચિમાત્ય લોકોનું આપણે સર્વ બાબતોમાં અનુકરણ કરવાની ટેવ પાડી, તેમાં વળી આ પણ પડી. મંડળીઓમાં આપણે બધાં નીચે બેઠાં હોઇએ, અને હારમોનિયમ વગાડનાર ખુરશી પર બેસી વગાડે એ કેવું ખોટું ગણાય ? કથાકારો બિચારા ઉભા ઉભા કથા કરે, ઠાકોરજીની મૂર્તિ નિચે બાજઠપર મૂકે, શ્રોતાઓ નિચે બેશે અને હારમોનિયમ વગાડનાર ખુરશીપર બેશી વગાડે, એ કોણ જાણે કેમ સહન થઇ શકે છે ? રૂઢી, બીજું શું ? ચાલ હવે ગાઉં છું. પણ સગુણા તું પહેલાં ગા. પછી હું ગાઇશ. તારો કંઠ બહુજ સુંદર છે, અને આપણી સર્વ બહેનપણીઓને પણ બહુ ગમે છે. તું પણ ગાયનો તો સારી પઠેમ કાંઇ કાંઇ ચિતરે છે, તો તારૂં જ બનાવેલું ગાયન બસ ગા. હું દિલરૂબા વગાડીશ."

"ઠીક બહેન તું કહે છે તો એમ કરૂં છું; પણ મને ઘણાં જણાં હોય ત્યાં ગાતાં બહુ શરમ લાગે છે. સગુણાએ ઉત્તર આપ્યો, અને ગાવું શરૂ કર્યું:—

અહો કોકિલકંઠી, ગાની તું ગીતડાં રસાળાં,
લાગે મને એ અતિ પ્યારાં.
હસ્તે વીણા લઇ તું ગાની રે,
કોમળ સુસ્વર કાંઇ કાઢની રે,
વિધવિધ આલાપો, લઇને બેની ગાતું,
સુણી તાર એક થાઉં હું—૧.

કૃષ્ણચંદ્રનું નામ તું લેની રે,
લેહ લાગે મને એમ કરની રે,
એ રસીલાની, લીલા મને તું સુણાવ,
થાકું સુણી ન એનું વૃત્તાંત—૨.

કંઇ તંદ્રા તો મને આવી રે,
દેખું બંસીધરને સામે રે,
મારાં છોગાળાં, બંસી નાદ સુણાવે,
ચિત્તમાં કંઇ કંઇ મને થાએ—૩.

હવે ધ્યાનસ્થ હું બની છું રે,
નહીં જાવા દઉં તમને રે,
રોકી રાખું રે, ચિત્ત કોઠીમાં મારા,
પ્રભુ નિવાસ કરો તેમાં—૪.

મને સંસાર ખારો લાગે રે,
હવે બોલે કોઇ ના રૂચે રે,
જાણે ગાંડી હું બ્રહ્મ નાદમાં થઇ છું,
બંધ કરી દઉં છું ગાઉં—૫.

"વાહરે મીરાબાઇ વાહ! ખૂબ ગાયું-ખૂબ ગાયું." આજુબાજુની બહેનપણીઓ બોલી ઉઠી. "પણ રાધા હવે તો તુંજ ગા."

રાધાએ દિલરૂબા સાથે ગાવું શરૂ કર્યું :—

સગુણા પ્રીતિ તને હું બતાવું,
પ્રીતિ લાવું હૃદયમાં હું તારી—૧. સ૦
આવવું ન જાવું ન જેમાં હોયે,
શૂન્ય હૃદય જેનું થઇ જાએ,
તેમાં પ્રીતિ આવે સગુણા તારા પ્રતાપે આવે—૨. સ૦
ચૈતન્યરૂપ જે તારૂં તેમાં હું,
બેસીને ડોલું આનંદમાં હું,
તે જગાએથી આવી, માયિકરૂપ તારૂં નિહાળું—૩. સ૦
લોકો પારણે ઝૂલાવે તૂને,
બાળક જાણીને લાડ લડાવે,
તે ન શુદ્ધ સ્વરૂપે જાણે ચૈતન્યરૂપ પ્રભુ તારૂં—૪. સ૦
મથુરામાં જન્મી તું આવે,
ગોકૂળ ગામને સુખ પમાડે,
એ તારી લીલા કો નવ જાણે, સિવાયે પૂર્ણ જ્ઞાની પીછાણે—૫. સ૦
પારણાની સંગે હું ઝૂલું,
વૃત્તિસંગને ખૂબ ઝૂલાવું,
એ તો લયનો માર્ગ છે સીધો, વેદાંતીઓને ભલે નવ રૂચે—૬. સ૦
મારાં કૃષ્ણચંદ્રને નિહાળું,
અંતરમાં કોરીને રાખું,
તેની સાથે હું સદા રહું એનું નામ હું મોક્ષ પીછાણું—૭. સ૦

"વાહરે બહેન વાહ! ખૂબ કરી. હવે બીજું. આજે તો જાગરણની રાત છે ને?" સગુણા ઉલ્હાસમાં આવી બોલી ઉઠી.

રાધાએ ગાવા માંડયું:—

શોભે કેવાં નંદલાલા સુંદર પારણે રે.
મુખારવિંદ કેવું મલકાતું,
સુંદર શ્યામ દિસે ચળકાતું,
જાણે પૂનેમ કેરો ચંદ્ર ઉગ્યો આકાશમાં રે—૧. શોભે.

નેત્ર ખોલીને ટક ટક જોયે,
નજર માંડીને બાળક દેખે,
શું આશ્ચર્ય અમે વરણવીએ બાળનું રે—૨. શોભે.

બટુકડા બહુ પાય હલાવે,
હાથો આમ તેમ ફરાવે,
સુંદર મરોડ અંગ તણો બહુ શોભતો રે—૩. શોભે.

નજર લાગે એમ જશોદા બોલે,
બાળકને સંતાડી રાખે,
ઝાંખી કરતાં તો પણ નવ થાકે ગોકુળવાસીઓ રે—૪. શોભે.

એમ કહે કો પરાક્રમી થાશે,
ચક્રવર્તી રાજા પણ થાશે,
નંદ જશોદા તેમ તેમ બહુ અલ્હાદતા રે—૫. શોભે.

કોઇ કહે બહુ જ્ઞાની થાશે,
તત્વવેત્તા........બની........પ્રકાશશે,
એ રૂચે નહીં નંદ જશોદાને જરા રે—૬. શોભે.

જંગલમાંએ ભાગી જાશે,
સાધુ સંતોની ખોળને કાજે,
જશોદા કહે વિયોગ દુઃખ કેમ ખમશું રે—૭. શોભે.

આવો માયિક પ્રેમ બતાવે,
માયાથી જે પર કહેવાએ,
એજ વિચિત્ર લીલા પર બ્રહ્મની રે—૮ શોભે.

"વાહ બેન વાહ? તારી તો બલિહારીજ છે. શું મધૂર અને કોમળ કંઠ! વળી દિલરૂબા પર પણ કેવો કાબુ? અમે તો બેન ખરૂં પૂછે તો તારા ગાયનથી ગાંડા જ બની ગયાં છીએ. બીજું એક ગાયન નહીં ગાય?" એક બહૂબોલી બેનપણી બોલી ઉઠી.

રાધાએ પાછું દિલરૂબા લઇ ગાવું શરૂ કીધું:—

અહો! નંદના કિશોર તને શું કહું રે,
ક્યાંથી આવ્યો, બાળક નટ રૂપ ધરી રે—૧.

બ્રહ્મા વિષ્ણુ પૂજે તને હાથ જોડી રે,
વૈષ્ણવો ઝૂલાવે તને પારણે રે—૨.

રૂપ દેખી દેખી મોહ પામતાં રે
શી શી લીલા કરવાને પ્રભુ પ્રગટ્યાં રે—૩.

ભાગવત્ ગાઇ સૂણાવે સર્વ વૃંદને રે,
માયાવિ લોક સૂણી આશ્ચર્ય પામે રે—૪.

ત્રણે લોકમાં કર્તવ્ય મને કાંઇ નહીં રે,
ગીતા વાણી સમજાવી કહ્યું પ્રભુએ રે—૫.

તજી જનની કરી બીજી ગોકૂળીયે રે,
છોડી દેતાં દુઃખ લાગ્યું તને કેમ નહીં રે?—૬.

અજ્ઞાની જીવોને એનું દુઃખ હોયે રે
જ્ઞાનીજનોને સુખ દુઃખના અડે રે—૭.

પ્રતિત કરવાં દ્રષ્ટાન્ત રૂપે તું જનમ્યો રે,
અધિકાર પરત્વે તું જૂદો ભાસીઓ રે—૮.

લોભ લાગ્યો તારો મૂને કૃષ્ણચંદ્ર રે
તારૂં સ્વરૂપ ધ્યાનમાં મારા બેસી ગયું રે—૯.

કૃષ્ણ કૃષ્ણ રટણ કરૂં રાત દીન રે,
પ્રભુ યાચું ભક્તિ સર્વ કાળમાં રે—૧૦

"બહેન હવે તું થાકી ગયેલી લાગે છે. છેલ્લું એક ગાયન ગાઇ બંધ કર, કે આરતીનો સમય પણ થઇ રહેશે." સગુણા બોલી.

રાધાએ જરા સ્મિત કરી કહ્યું–"બહેન હવે છેલ્લુંજ ગાઇશ પછી આગ્રહ નહીં ચાલે." આમ બોલી ગાવું શરૂ કર્યું.

કૃષ્ણચંદ્ર તો કપટી પૂરો, બાઇ મને એ છળતો રે,
યુક્તિ બતાવે જો કાંઇ સખી તો, વશ કરૂં એ કૂડાને—૧.
બંસીની ધૂન લગાડી છપતો, શોધું તોયે નવ જડતોરે,
નિશ્ચય કરૂં હું મનમાં એવો, જોવું કદી નહીં મોહું રે—૨.
તોએ હૃદયમાં આવીને બેસે, ડગમગાવે નિશ્ચય રે,
એવું તો શું બાઇ કામણ કીધું કે, દીઠા વિના નવ ચાલે રે—૩.
ઘર ધંધામાં મન નહિ લાગે, જાણે કયારે જઇ જોવું રે,
શું વર્ણવું એ રૂપ રસિકનું, બાઇ મોહું થાયે બંધજ રે—૪.
ગુણ એનાં જ્યારે સાંભરી આવે, રડું રડું જીવ થાયે રે,
બેન બતાવની મારગ કાંઇ પણ, જેથી મળું હું એને રે—૫.

આ સાંભળી સગુણાએ ગાવું શરૂં કર્યું.

વાહ વાહ ! સખી તું બોલે આમ કેમ,
શરમ તને નહિ લાગે રે,
સ્ત્રી બીજાની થઈને રહે તું,
અવર પુરૂષને નિંદિત એ—૧

કંઇ સમજ સમજ બેની ખ્યાલ કરીજો,
શાસ્ત્રનિષિદ્ધએ કર્મ જ છે,
છોડી નામ દે કૃષ્ણચંદ્રનું,
ચિંતન એનું નવ કર રે—૨

આ બે કડીઓ પુરી થતાંની સાથે રાધાએ નીચેનું ગાયન ઉત્તર રૂપે હાથમાં દિલરૂબા લઇ ગાવા માંડયું.

નહી રુચે તારૂં બોલવું બેની, મને શું શાણી સમજાવે ?
શ્યામ સુંદરનું ચિંતન મૂકી દઉં, કેમ બેની એ બનશે રે—૧

પ્રાણ જાય તો બહેત્તર ગણું પણ, કૃષ્ણચંદ્રને નવ છોડું,
હૃદય પેટીમાં જકડી રાખું, બહાર નિસરવા કદી નહિં દઉં—૨

ગાયન પુરૂં થતાંની સાથે ઠાકોરજીના મંદીરના દિવાનખાનામાં કૂંજબિહારીલાલ અને તેમનાં પત્નિ કિર્તીબા એક યુવકને લઇને આવ્યાં, અને રાધાને ઉદ્દેશી કહેવા લાગ્યાં “બહેન કેમ ગાવાનું બંધ કર્યું ? અમે જોડેનાં ખંડમાં બેઠાં બેઠાં તમારાં ગાયનો સાંભળતાં હતાં, અને ઘણો આનંદ આવતો હતો. બહેન, તેં તારો અભ્યાસ સંગીત કળામાં ઠીક વધાર્યો છે. ઠાકોરજીનો પારણાનો ઉત્સવ બહેનપણીઓ સાથે આજે સારી રીતે ઉજવ્યો છે. મોહમયી નગરીમાં એક મારા

પરમમિત્ર નંદરાય કરીને છે, તેમના એઓ (યુવક તરફ હાથ કરીને) પુત્ર થાય છે, એમનું નામ કૃષ્ણચંદ્ર છે, અને એઓએ એમ. એ. એલ. એલ. બી.ની પરીક્ષાઓ પસાર કરી છે; અને હાલમાં એલ. એલ. એમનું વાંચે છે, એમના પિતાશ્રીને હું ઘણો વખત થયાં લખલખ કર્યાં કરતો હતો કે કૃષ્ણચંદ્રને એક વખત ગોકુળ-અષ્ટમીનો મેળો જોવા સૂર્યપૂર ખાસ મોકલજો. પણ મોહમયીના શેઠીઆઓને ત્યાંની મોજમઝા છોડી, આપણા ગરીબડા શહેરમાં આવવાની પુરસદ મળે શાની? આજે આ ઓચિંતા કાગળ પત્ર લખ્યા સિવાય "કાઠીયાવાડ એક્ષપ્રેસ"માં ભાઇ કૃષ્ણચંદ્ર નીકળી આવ્યા છે. આપણા ઉપર એમના પિતાશ્રીએ ખાસ મહેરબાની કરી છે."

રાધાએ ઉત્તર આપ્યો—"બહુ સારૂં થયું. હું ધારૂં છું કે એઓશ્રી આપણા સૂર્યપૂરમાં પ્રથમ જ પધારે છે?"

કૃષ્ણચંદ્ર બોલ્યા—"હા બહેન, આ શહેરમાં આજે મારૂં પ્રથમ જ આવવું થયું છે. ખરૂં પુછો તો હું મારા અભ્યાસમાં રોકાયેલો રહેતો હોવાથી મોહમયી છોડી બહાર કવચિત જ મારૂં જવું થાય છે. તમારા પિતાશ્રીના અને માતુશ્રીના પણ મેં આજે પહેલીજ વખત દર્શન કર્યાં. એઓશ્રી પણ સૂર્યપુર છોડી કોઇ વખત મોહમયી આવે નહીં, એટલે મને દર્શનનો લાભ શી રીતે મળી શકે? એક બે વખત આવેલાં ત્યારે "વેકેશન" હોવાથી, હું માહાબલેશ્વર ચાલી ગયેલો. મારા પિતાશ્રી ઉપર એમનાં વખતોવખત પત્રો આવતા તે ઉપરથી મને એમના ઉપર સ્વાભાવિક પૂજ્યભાવ ઉત્પન્ન થએલો, અને દર્શન કરવાની તેમજ એમનો "ખાદી

આશ્રમ" જોવાની બહૂજ ઉત્કંઠા હતી, એટલામાં આજેજ સહવારે મારા પિતાશ્રી ઉપર એમનો બહુ આગ્રહનો કાગળ આવ્યો, તેથી એકદમ નીકળી આવ્યો."

રાધાએ ઉત્તર આપ્યો—"ઘણું સારૂં કીધું, અમારૂં ઘર પાવન કર્યું."

કિર્તીબા બોલ્યા—"બહેન, હવે આરતીનો સમય થયો છે, માટે આરતી કરી લે."

રાધા ઉઠી અને શુદ્ધ કપૂરનીજ આરતી સળગાવી ગાવા લાગી. એની બહેનપણીઓ પણ સાથે સાથે બોલવા લાગી.

મૈં આરતિ ઉતારૂં મેરા કૃષ્ણ દેવકી
જન્મ લિયો જીને જનંભ્યુદય કારણી—મૈં૦
સંતકો અભય દિયો, દુષ્ટકો તાડન કિયો,
પૂણ્ય માર્ગ ચલાયો—મૈં૦
અર્જુનકો બોધ દિયો, ઉદ્ધવકો તાર લિયો,
જ્ઞાનમાર્ગ બતાયો—મૈં૦
કંસકો વિદ્ધંસ કિયો, પૂતનાકો નાશ કિયો,
નાગદમન કિયો—મૈં૦
મથુરામેં જન્મ લીયો, ગોકૂળવાસ કીયો,
ગોપીઅનસોં ખેલ્યો—મૈં૦
જશોદાકો પુત્ર બન્યો, માતપિતાકો છોડાયો,
કારાગ્રહ બંધસોં—મૈં૦
લીલા સબ કરદિખાઇ, બાલ, તરુણ, વૃદ્ધનાઇ,
ભાગવતને ગાઇ—મૈં૦

યશોગાન કયા મૈં ગાવું કીસ રીતીસેં રિઝાવું,
કાન કનૈયાકું—મૈં૦

આરતી પૂરી થઇ; "કર્પૂર ગૌર" વગેરે બોલી આરતીની થાળી લઇ રાધા સર્વેને આચકા આપવા ગઇ. પોતાના પિતાશ્રી માતુશ્રી આગળ પ્રથમ ગઇ, અને પછી પોતાની બ્હેનપણીઓ પાસે આરતી લઇ ગઇ, એટલામાં કુંજબિહારીલાલ બોલી ઉઠયાં—"બ્હેન પેલા ખૂણામાં આપણાં પરોણા કૃષ્ણચંદ્ર ઉભાં છે, તેમને આચકા આપ." રાધા ધ્રજતે પગે અને ધબધબતી છાતીએ ઉંડા શ્વાસ લેતી ચાલી, ખૂણા તરફ ગઇ, અને કૃષ્ણ-ચંદ્ર સામે ઉભી રહી. "મળી દ્રષ્ટો દ્રષ્ટ." એટલામાં હાથમાંની આરતીની થાળી રાધાથી સ્વાભાવિક રીતે કૃષ્ણચંદ્રના મૂખ સામે ગોળાકાર જાણે આરતી ઉતારતી હોય તેમ ફેરવાઈ ગઇ. રાધાની બ્હેનપણીઓ ખડખડ હસી પડી, અને રાધા શરમાઇ, આરતીની થાળી બાજુ પર મૂકી વિખૂટી પડેલી ગાયની માફક તેમનાં ટોળામાં ભરાઇ ગઇ.

સગુણા રાધાના કાનમાં ગણગણવા લાગી—"કેમ બ્હેન આંગમાં ભૂતબૂત આવ્યું છે કે શું? આરતી ગાતાં ગાતાં અવાજ પણ ખોખરો થઇ ગયો હતો, અને ઠાકોરજીની સામે નજર રાખવાને બદલે આજુબાજુ બાવરી જેવી શું જોતી હતી? એ તો " તાલાવેલી લાગીરે મારા તનમાં બિહારીલાલ " પ્રમાણે થયેલું લાગે છે."

રાધા સગુણાનાં કાનમાંજ ખોખરે અવાજે ગણગણવા લાગી-"આમ મશ્કરી શું કરે છે?"

બહૂ બોલી બ્હેનપણી એટલામાં બોલી ઉઠી-"જોડી તો ઠીક બને હો? આજ શ્રીકૃષ્ણના લલકારી ગાયનો ગાતાં ગાતાં

પ્રસન્ન થઇ, સાક્ષાત્ કૃષ્ણચંદ્રે દર્શન આપ્યાં, તો હવે દર્શન રાતદિવસ લેયાંજ કરજે હો બહેન!"

"જા જા" એમ બોલી રાધા એકદમ પોતાના ખંડમાં ચાલી ગઈ.

બેનપણીઓ વિખરાઇ ગઇ, અને કુંજબિહારિલાલ તથા કિર્તીબા પરોણાને સોંપેલા ખંડમાં મૂકી પોતાના ઓરડામાં ગયાં.

૨

રાધા

રાધા પોતાના ખંડમાં ગઇ, અને એક આરામ ખુરસી પર પડી આજે એનું ચિત્ત ચકડોળે ચઢ્યું છે. કોઇ વખત ન અનુભવેલાં એવા વિચારો ભ્રમિત કરી રહ્યાં છે. પ્રેમની ઝાંખી આજ પ્રથમ જ એને થઇ છે. "કૃષ્ણચંદ્ર"ના પ્રથમ જ દર્શનથી, એને એ યુવક પર સ્વાભાવીક જ પ્રેમ ઉત્પન્ન થયો છે. બીજી સખીઓને શીખામણ આપનારી આજે વમળમાં પડી છે; કાંઇ સૂઝતું નથી. કોણ જાણે "પૂર્વ જન્મનો સંબંધી તે ખડો હૃદયમાં થાય" એમ હશે? અથવા શું કારણ હશે તે સમજાતું નથી. પર પુરુષ પર આટલી પ્રિતિનો વેગ હૃદયમાં એકદમ ઉછળી આવવાથી રાધા ગભરાઇ ગઇ છે; અને પોતાના ચિત્તની આ અવનવી સ્થિતિ જોઇ વિમાસણમાં પડી છે. આરામ ખુરશી પરથી ઉભી થવા જતાં "ઝુલી પડી રે ન ટટાર જાનું" બેસે વળી ઉઠે, એમ અસ્થવ્યસ્થ થઇ ગઇ છે આખરે હાથમાં વીણા લઇ ગાવું શરૂ કર્યું:—

અકળ લીલા પ્રભુ છે તારી, કાંઇ મન મોહે,
મન મોહે.
જગા ન દેખું કાંઇ તુજ વીણ, પ્રભુ તું ડોલે,
તું ડોલે.
જ્યાં જાવું ત્યાં ભાસે અવર ન ચેતન તારૂં,
ચેતન તારૂં.

શું આશ્ચર્ય લાગે જગતૂને ! પ્રીછે ન તારૂં,
સ્વરૂપ તારૂં.
સત્તા તારી સર્વે દેખાએ પ્રભુ, કંઇ ઢંકાએલી,
ઢંકાએલી.
માયાએ કરીને ભ્રમિત થયું ચિત્ત, કંઇ ભ્રાંતિ થઇ,
ભ્રાંતિ થઇ.
જોઉં જગ વિલાસને, ભ્રાંતિ કરીને દૂર,
ભાસે એ પ્રભુ તુજ ત્યાં, શુદ્ધ ચિદાનંદ રૂપ.
અકળ લીલા....

ગાતાં ગાતાં હાથમાંથી વીણા પડી ગઇ, અને જાણે મૂર્છા આવી હોય, એમ રાધા ચત્તિપાટ જમીન પર આંખો મીંચી પડી એટલામાં જોડેના ખંડમાંથી કાંઇ અવાજ રાધાને કાને પડયો. રાધા કાન દઇ સાંભળવા લાગી.

કોકિલ તું વૃક્ષ વિષે કેવી શોભતી ?
ટહુકો તુજ લાગે પ્રિય મૂજને અતી—કો.
બોલની, વાણી, માધુરી, સૂણ પ્રિયે
મન રિઝાવું, નહિ તું માનતી ?—કો .
બગીચે, મન કાંઇ, મઝા નાહીં લાગતી
સુણુ જ્યારે, ટહૂકો, તૂજનો, અતિ ઉલ્હાસથી—કો.
કરની, ગાયન, મૃદુ તું, કોકિલે,
વિનવું હું, હઠીલી કેમ થતી ?—કો.
ટહૂકો કરે મનમાં આવે ત્યારે લક્ષણી,
કદર બીજાની ન જાણે સ્વાર્થ પરાયણી—કો.

પરમાર્થી, થાની, "રાધા"કંઇ જરી,
સુસ્વર કંઠી, વિનંતી માનની—કે.

આ ગાયન ઘણાં ધીમા સ્વરથી ગવાતું હતું તે છતાં રાધા હરિણીની માફક એવાં ચકોર કાનથી સાંભળતી હતી, કે અક્ષરે અક્ષર એના કાન પર પડતો, અને તેમાં વળી પોતાનું નામ સાંભળતાની સાથે જ, રાધા એકદમ બેઠી થઇ ગઇ, અને વિચાર વમળમાં પડી. રાધાને માલમ હતું જ કે જોડેના ખંડમાં કૃષ્ણચંદ્રને ઉતારો આપ્યો છે, તેથી પોતાનું નામ તેને મુખેથી નીકળતાં, રાધાનો પ્રેમ ઉમળકો એકદમ છલકાઇ ઉઠયો. કૃષ્ણચંદ્રની કવિત્વ શક્તિ અને અતિ મધુર રાગે, આ યુવતિને કેવળ પ્રેમ પાશમાં ફસાવી. કંઠમાંથી સહેજ ઉદ્દગારો નીકળી ગણગણવા લાગી:—

"કૃષ્ણચંદ્ર" તમે પ્રભુ હૃદયના, વિનતી ઉરમાં
ધરજો રે,
દીન થઇ હું આવી શરણે, ઉદ્ધારી પ્રભુ લેજો રે—કૃષ્ણ.
તમે ધાઓ પ્રભુ ધાઓ, વ્હાર મારી કરો રે,
ચિત્ત ચોંટયું પ્રભુ મારૂં, અતિ તમ ઉપર,
અવર ન લાગે કાંઇ મને સુખતર—તમે ધાઓ.
કૃષ્ણચંદ્ર તમે—

અજવાળું થતાંની સાથે વિચારમાળાનો ભેર આવ્યો, અને રાધાને પોતાના નિત્ય કર્મનું ભાન થયું.

રાધા કુંજબિહારિલાલની જ્યેષ્ટ પુત્રી છે. એની ઉંમર હાલમાં ૧૮ વર્ષની છે. રૂપ અને ગુણમાં આજે રાધાની સરખામણી કરે એવી સૂર્યપૂરમાં તો કોઇ યુવતિ નથી. શરીરે કદાવર,

ગૌરવર્ણની, ઉછળતા લોહીની રતાશવાળી, રૂષ્ટ પુષ્ટ, બહુ ઉંચી નહીં અને ઠીંગણુ નહીં એવી રાધા કૂંજબિહારિલાલનાં ઘરમાં એક રત્ન રૂપે દીપે છે. સ્વભાવે બહુ શાંત, સુશીલ, સર્વ ઉપર સરખી મમતા રાખવાવાળી અને હસમુખી રાધા બ્હેન વડે કૂંજબિહારિલાલ અને કિર્તીબાનું ઘર શોભી રહ્યું છે. આખા શહેરમાં આ છોકરીના ગુણના વખાણો લોકો કર્યા કરે છે. બ્હેનપણીઓમાં તો એ એટલી પ્રિય છે, કે એક ક્ષણ પણ એને એની બ્હેનપણીઓ વીલી મૂકતી નથી. ગુજરાતી, હીંદી, મરાઠી, અંગ્રેજી અને સંસ્કૃતનું રાધા ઘણું ઉત્તમ જ્ઞાન ધરાવે છે. ખાસ એણે અંગ્રેજીનો અભ્યાસ કર્યો છે, અને એ બહુ સારી રીતે આજે અંગ્રેજી લખી બોલી શકે છે, અને મહાન કવિઓના કાવ્યો અને લેખો સમજી શકે છે. એક વિદ્વાન વૃદ્ધ શાસ્ત્રી પાસે એણે ધર્મશાસ્ત્રોનો, મરાઠીનો અને સંસ્કૃતનો અભ્યાસ કર્યો છે. હીંદી ભાષાનો એક ઉત્તર હિંદુસ્તાનના વૃધ્ધ શાસ્ત્રી પાસે એણે અભ્યાસ કર્યો છે, અને "તુળશીકૃત રામાયણ" તો જાણે એને મોઢે થઇ ગયું છે. સંગીતમાં અને ચિત્ર કળામાં પણ એને પાઠશાળાની એક વૃધ્ધ અનુભવી બાઈ પાસે શીખી, સારી પારાંગતતા મેળવી છે. સિતાર, દિલરૂબા, સારંગી, વીણા, વગેરે વાદ્યો એ ઘણી સારી રીતે વગાડી શકે છે. પિતાશ્રીના ઘરનો અને "ખાદી આશ્રમ" નો સર્વ ભાર એના ઉપર નાંખવામાં આવ્યો છે, અને બહુ સારી રીતે એ તે ચલાવી રહી છે. હાલમાં તો એના સિવાય ઘરમાં અંધારૂં એવું થઇ રહ્યું છે કે પિતાશ્રી અને માતુશ્રી, એ તૈયાર કરી, ઠાકોરજીને રાજ ભોગમાં ધરાવી, જે ભોજન પીરસે છે તેજ ખાય છે. તેમાં વળી બન્ને જણા અગ્નિ પર ગરમ કર્યા સિવાયનું કાચું ભોજન લે છે, એટલે એને એ બાબતમાં વિશેષ કાળજી રાખવી પડે

છે. સૂર્યના કિરણો વડે કાચનું ગૃહ બનાવી, એણે રસોઇ તૈયાર કરવાની યુક્તિ શોધી કાઢી છે, તેથી કાચા ભોજનને બદલે પિતાશ્રી અને માતુશ્રીને એ કોઇ કોઇ વખત એવું ભોજન ખવાડે છે. પોતે બહુ જ સાદાઇમાં રહી જીવન ગાળે છે. રોજ સહવારમાં ૩॥ વાગે બ્રાહ્મી મુહૂર્તમાં ઉઠી એક યોગીરાજે બતાવ્યા પ્રમાણે નાશિકા દ્વારા "શીવાંબુ" અથવા "અમરવારુણી" (પ્રથમ અને છેવટની ધારા ત્યાગ કરી વચલી ધારા) નું ઉષઃપાન કરે છે, પછી કલાક પડી રહી, ઉઠી, મળ વિર્સજન કરી, દિવેલ અને માટી વડે દાંત મોઢું સાફ કરી નેત્રમાં કાનનો મેલ આંજી, પોતાના ખંડમાં જ ન્હાવાના ઓરડામાં કુવાનું મોઢું રાખવામાં આવ્યું છે, તેમાંથી પોતાને હાથે પાણી ખેંચી થંડા પાણીનું સ્નાન કરે છે. સ્નાન કરતી વખતે સાબુ વગેરે કાંઇ ન લેતાં, ફક્ત મટોડી જ શરીરે ચોળે છે. પછી વસ્ત્રો પોતાને હાથે ધોઇ નાંખી, સૂકાતાં નાંખે છે, અને ભજન બોલતાં ઘંટી પર બેસી પોતાના પિતાશ્રીને અને માતુશ્રીને જોઇએ તેટલો લોટ પોતાને હાથે દળે છે. પછી રેંટીયા પર ભજન ગાતાં ગાતાં કાંતવાનું કામ કરે છે. સૂર્યોદય થતાં અગાશીમાં જઇ સૂર્યને સાષ્ટાંગ નમસ્કાર બાર નામો બોલી, દંડ અને ઉઠ બેસ કરીને કરે છે. પછી થોડો વખત સૂર્યની સામે બેસી ત્રાટક કરે છે. પછી પંચપ્રાણ જય (પ્રાણ, વ્યાન, ઉદાન, અપાન અને સમાન) ની ક્રિયા યોગીરાજે શિખવ્યા પ્રમાણે પ્રાણાયમ કરી કરે છે, અને ત્યારબાદ ખંડમાં આવી, માળી પુષ્પો આપી જાય છે, તેની ઠાકોરજી સારૂ માળા ગુંથે છે. ત્યારબાદ જે કાંઇ ફળ ફળાદિ અને શાકભાજી બગીચામાંથી આવ્યા હોય તેનું અને દળેલા લોટનું પિતાશ્રી અને માતુશ્રી સારૂ દૂધ, દહીં, ઘી મેળવી કાચું ભોજન બનાવે છે. મસાલામાં

ફક્ત ત્રીકટુ (સુંઠ, મરી અને પીપેર) નો ઉપયોગ કરે છે. મીઠાંને બદલે સિંધવ નાંખે છે, અને ખટાસમાં લીંબુનો ઉપયોગ કરે છે. ભોજનમાં પંચામૃત (ગાયનું દુધ, ઘી, દહીં, મધ અને સાકર) તો અવશ્ય રોજ બનાવે છે. પછી ભોજનની થાળી અગાશીમાં જઇ થોડો વખત સૂર્યના તાપમાં મૂકી રાખી, ઠાકોરજીના મંદિરમાં રાજભોગ વખતે ધરાવી પિતાશ્રી અને માતુશ્રી જમવા આવે, તે વખત તેમનું પૂજન કરી, બન્નેને માળાઓ પહેરાવી, તેમની નીચે પ્રમાણે શુધ્ધ કપુર સળગાવી આરતી ઉતારી, તેમાંથી બે ભાગ પાડી બન્નેને જુદી જુદી સૂવર્ણ થાળીઓમાં પીરસે છે. ભોજનના દરેક પદાર્થોમાં ખુબ તુળશીનાં પાંતરાઓ પધરાવવાનું તો કોઇદિવસ ચુકતી નથી. "કુમુદચંદ્ર" પણ પિતા માતાનું પૂજન કરવામાં અને આરતી ગાવામાં રાધાની સાથે સામેલ થાય છે.

જયદેવ જયદેવ જયજય પિતુ માતા—પ્્રભુ જય.
આરતિ ઓવાળું પ્રીતે (૨) બાલક તમ ચરણે—જયદેવ.
કદી વિસરૂં નહીં ગુણ માત પિતા તમના—પ્રભુ મા.
ઓશીંગણ રહું નિત્યે (૨) જનમો જનમ મારા—જયદેવ.
માતપિતા તણી ભક્તિ, હ્રદિયામાં ધરવી—પ્રભુ હ્રદિ.
બાલક નિજ કરતવ્ય (૨) કહ્યું ધર્મશાસ્ત્રે—જયદેવ.
શ્રવણ થયો કૃતારથ, ભક્તિ કરવાથી—પ્રભુ ભ.
રામે આજ્ઞા પાળી (૨), માતપિતા કેરી—જયદેવ.
ચરણ સરોજની સેવા, બાલક નિત્ય કરે—પ્રભુ બા.
સ્વર્ગ પ્રતિ સંચરીને (૨) ઐહિક સુખ પામે—જયદેવ.

દુભાવે ચિત્ત માતપિતાનું, જે પાપી મૂર્ખો—પ્રભુ જે.
નર્કવાસમાં વાસો (૨) જનમોજનમ તેનો—જયદેવ.
સાચી પ્રતિજ્ઞા કીધી, એવી ઋષી મુનીએ—પ્રભુએ.
વિસરી જોઈએ નહિ એ (૨) સદ્બુદ્ધિ જનોએ—જયદેવ.
ગુરુ પરમાત્મ સ્વરૂપ, માતપિતા કેરૂં—પ્રભુ માત.
ભિન્નભાવ નવ ધરિયે (૨) અદ્વૈત રૂપ ભજીએ—જયદેવ.

ત્યારબાદ સર્વ કુટુંબીઓ, અને પરોણા સાથે પોતે ભોજન લઇ, પિતાશ્રીના "ખાદી આશ્રમ"ની દેખરેખ રાખવા જાય છે. પ્રથમ "ગૌશાળા"માં જઇ ગૌના દર્શન કરી, પૂજા કરી, સર્વ બંદોબસ્ત જોઇ, "ખાદીઆશ્રમ"માં જઇ દરેક કામ કરનારાઓ સાથે પ્રીતિથી વાતચિત કરી, કોઇના કામમાં ભૂલ થતી હોય, તો તે પોતે સુધારી આપી, કામદારો સાથે બેસી હિસાબ વગેરે તપાસી લે છે. બપોરે ઘેર આવી, થોડો વખત ઘર કામ ઉપર લક્ષ આપી, ઝીક, ચળક, ટીકી વગેરે બનાવવાનું કામ પોતાને હાથે કરી, પાછલા પહોરના ત્રણ વાગે બળદનો સિગરામ જોડાવી એક બે બેનપણીઓને સાથે લઈ, શેઠે પોતાના માણસોનું "સંસ્થાન" ઘોડદોડના રસ્તા પર વસાવ્યું છે ત્યાં જઇ, ત્યાં રહેતાં કુટુંબીઓનાં ઘરમાં થોડો થોડો વખત બેસી, પૂછપરછ કરી પછી નદી કિનારે પિતાશ્રીએ બંધાવેલી "પાઠશાળા"માં ઘેડાના અને અન્ય ધર્માવલંબીઓના વાસમાં જઇ, ત્યાં થોડો વખત કુટુંબીઓ સાથે વાતચિત કરી, તેમની હરકતો કાંઇ જણાય તો "કમીટી"ના સભાસદોને સૂચના આપી, કન્યાશાળામાં જઈ, ત્યાંની વ્યવસ્થા જોઇ, ગૌશાળામાં ગાયોના દર્શન કરી, શ્રી રામમંદિરમાં દર્શન કરી, કન્યાઓની,

વિધવાઓની સાથે વાતચિત કરી, "અપંગાશ્રમ"ની મુલાકાત લઇ, મોટા મંદિરે દર્શન કરી, સૂર્યાસ્ત પહેલાં ઘેર આવી, સર્વને જમવાની વ્યવસ્થા કરી, પિતાશ્રી અને માતુશ્રીને તાજું ગાયનું દૂધ પાઇ પગે લાગી, પોતાના ખંડમાં જઇ, પોતાનો ભાઇ અને બીજાં છોકરાં છોકરીઓ આવે તેમને વાર્તાઓ સંભળાવી કલાકેક વાદ્ય સાથે સંગીત કરી, ૯॥ વાગતે મોરીના ખંડમાં મૂકેલા કોડીયામાંનું દિવેલ આંજી, અગાશીમાં ખુલ્લામાં હિંચકા ઉપર ફક્ત દર્ભનું આસન, તેના પર મૃગચર્મ અને ખાદીની એક સ્વચ્છ હાથે ધોએલી ચાદર પાથરી, ઓસિકા શિવાય સૂઇ જાય છે. ઓઢવામાં જરૂર પડે તો કામળ અને તેની નીચે જાડી ખાદી રાખી લે છે. અગાશી આખી સુંદર તુળશીના કુંડાઓથી ભરેલી રાખે છે. ખંડમાં ગાયનાં ઘીના દિવાની સમઇ ફાનસમાં મૂકી રાખે છે. વરસાદના દિવસોમાં જ ફક્ત પોતાના ખંડની અંદર બારીઓ ઉઘાડી રાખી સુવાનું રાખે છે. રાધાના ખંડની સાથે જ સંડાસ, મોરી, નહાવાનો ઓરડો અને તેમાં જ કુવાનું મોઢું પણ આવેલું છે, એટલે એને પોતાની ક્રિયા સારૂ બહાર જવું પડતું નથી. લીંપણનો જ ઓરડો છે, અને તેમાં પોતે આઠ આઠ દિવસે પોતાના હાથે જ ગૌમુત્ર અને છાણથી લીંપે છે. ઓરડામાં રોજ બે વખત વાસીદું પણ પોતે જ વાળે છે. કોઇ પણ નોકર ચાકરને એના ખંડમાં જવાની જરૂર પડતી નથી. ઠાકોરજીનું મંદિર પણ એના ઓરડાની બાજુએ જ આવેલું છે, તેથી અંદરથી જ એ મંદિરમાં બારણું ઉઘાડી ભોગ ધરાવવા જઇ શકે છે, અને ઠાકોરજીના સમયે સમયે દર્શન કરી શકે છે.

૩

કૂંજબિહારિલાલ

રાધાના પિતાશ્રી કૂંજબિહારિલાલનો જન્મ સૂર્યપૂરમાંજ વસુદેવ અને દેવકીને પેટે થયો છે. આજે એમની ઉંમર ૪૩ વર્ષની છે. એઓ વણિક કુટુંબના હોઇ, આજ સાત પેઢીથી એમની ગર્ભશ્રીમંતાઇ ચાલી આવી છે. અસલથી એમનો શરાફીનો ધંધો ચાલતો આવ્યો છે, અને આજે હિંદુસ્તાનમાં મોટા મોટા દરેક શહેરમાં એમની પેઢીની શાખાઓ આવી રહી છે. આત્મારામ ભૂખણની પેઢીની હુંડીઓ જેમ જંગલમાં પણ સીકારાતી તેમ કૂંજબિહારિલાલનાં વડિલો "કૃષ્ણદાસ બળદેવદાસ" ની હુંડીઓ પણ આખા હિંદુસ્તાનમાં ગમે તે ભાગમાં સીકારાતી. આજે ત્રણ પેઢીથી શરાફીની સાથે વણાટ કામ, જરી કામ, અને ઝવેરાતનો પણ ધંધો આ પેઢી કરી રહી છે. અલવરના રાજાની પાસે એક લીલમ છે, કે જેની જોડીનું લીલમ આજે દુનિયામાં કોઇ ઠેકાણે નથી, તે આ પેઢી મારફત ખરીદાએલું એમ કહેવાય છે. "કોહીનુર"નો હીરો પણ આ કુટુંબમાંથી દિલ્હીના બાદશાહ પાસે ગએલો એમ કહેવાય છે. આ પેઢીનું ધન કરોડો રૂપિઆનું છે એમ લોકોમાં વાત ચાલી આવી છે. આંગળીના વેઢા પર ગણાય એટલા કરોડાધીપતિઓ આજે હિંદુસ્તાનમાં છે, તેમાંના એક તરીકે આજે શેઠ કૂંજબિહારિલાલ ગણાય છે. એઓ પચ્ચીસ વર્ષના થયા અને રાધાનો જન્મ થયો, કે તુર્ત એમનાં માતુશ્રી દેવકીબા સ્વધામ પહોંચ્યા, અને એક વર્ષ બાદ વસુદેવજી

પણ વૈકુંઠવાસી થયાં. ૨૪ વર્ષની ઉંમરે કુંજબિહારિલાલના લગ્ન વસુદેવ દેવકીએ કીર્તિબા સાથે કર્યા. કીર્તિબાની ઉંમર તે વખતે ૧૬ વર્ષની હતી. જુના જમાનામાં પુત્ર પુત્રીના લગ્નો આટલાં મોડાં થતાં નહીં, અને તેમાં વળી શ્રીમંતના પુત્ર પુત્રીના, પણ કીર્તિબાના પિતા અને વસુદેવના બન્ને બાળપણનાં ગાઢા મિત્રો હતાં, અને બહુ ઉચ્ચ વિચારો ધરાવતા હતા, તેથી કોઇનું પણ ન સાંભળતાં, બન્નેએ દ્રઢ નિશ્ચય કરેલો તે પ્રમાણે મોટી ઉંમરે જ પુત્ર પુત્રીના લગ્ન કર્યાં. લગ્ન થયા બાદ એક વર્ષમાં જ "રાધા" નો જન્મ થયો. ત્રણ વર્ષ બાદ એક પુત્રનો જન્મ થયો, અને તેનું નામ "કુમુદચંદ્ર" આપવામાં આવ્યું, જે આજે ૧૫ વર્ષની ઉંમરનો છે. એક પુત્ર અને એક પુત્રી થયાં બાદ દૃઢ સંકલ્પ કરી, આજ ૧૪ વર્ષ થયાં કુંજબિહારિલાલે વાનપ્રસ્થ ધર્મ સ્વીકાર્યો છે. આજે કીર્તિબાની ઉંમર ફક્ત ૩૫ વર્ષની છે, એટલે વૃદ્ધ તો નજ કહેવાય. ૨૧ વર્ષની ઉંમરથી સ્ત્રી બ્રહ્મચર્ય પાળે, એ નવાઇ જેવું છે. તે છતાં કીર્તિબાએ તેમ કરી દ્રષ્ટાંત બેસાડયું છે. રાધા અને કુમુદચંદ્રને સાથે લઇ કુંજબિહારિલાલ અને કીર્તિબા સાત વર્ષ સુધી આખા યુરોપ અને હિંદુસ્તાનની મુસાફરી પોતાની દરેકે દરેક પેઢીઓ તપાસવાને અર્થે કરી આવ્યા છે. કુંજબિહારિલાલ અને કીર્તિબા બન્નેને ગુજરાતી, મરાઠી, હીંદી, સંસ્કૃત અને અંગ્રેજીનું બહુ સારૂં જ્ઞાન છે; અને કોઇ પણ "ડીગ્રી" ન મેળવેલી હોવા છતાં, એ બન્નેનું ભાષા જ્ઞાન કોઇ પણ પ્રકારે "ડીગ્રી"ઓ વાળા કરતાં ઉતરે એમ નથી; બલકે તેઓ કરતાં ચઢી જાય એમ છે. બન્ને કોઇ પણ ભાષામાં લેખો લખી શકે અને ભાષણો આપી શકે, એટલી પ્રવિણતા ધરાવે છે. તે છતાં ધર્મશાસ્ત્રો ઉપર એમને અત્યંત પ્રીતિ છે, અને તેમાં પણ બહુ સારી પ્રવીણતા મેળવી છે. હજુ પણ શાસ્ત્રીઓ પાસે રોજ કલાક બે

કલાક બેસી એમનો અભ્યાસ જારૂ જ છે. "યુરોપ"ની અને આખા હિંદુસ્તાનની સાત વર્ષની મુસાફરી દરમ્યાન એઓ બન્ને ફક્ત દૂધ અને સૂકા લીલા મેવા પર જ રહ્યા હતાં, અને છોકરાંઓ તથા બીજાઓ સારૂ બ્રાહ્મણ રસોઇઆઓ સાથે રાખેલાં, જેઓ દરેક ઠેકાણે ઘરની માફક રસોઇ કરતાં. ઠેકઠેકાણે પોતાની સ્વતંત્ર જ વ્યવસ્થા કરી લેતાં, અને દરેક "મેલ"માં એમને સારૂં હિંદુસ્તાનમાંથી જોઇતી ચીજોના "પારસલો" આવ્યાંજ કરતાં. મુસાફરીમાં પણ કોઇ પ્રકારની એમને મણા રહેતી નહીં ખુદ "શહેનશાહ"ની પણ એમણે વિલાયતમાં મુલાકાત લીધેલી, અને મોટાં મોટાં કુટુંબો સાથે દોસ્તી રાખતાં, અને પોતાને ત્યાં બ્રાહ્મણોએ બનાવેલી રસોઇની વાનીઓ જમાડી ખુશ કરતાં. અમીર ઉમરાવો એમને પોતાને ત્યાં જમવા બોલાવતા, તો એઓ પોતાનો ધર્મ કોઇ દિવસ પણ ચુકતાં નહીં, પરંતુ દૂધ અને મેવો જ ખાતાં. વિલાયતના લોકો પણ એમની રહેણી કરણીથી દંગ થઇ જતાં, અને એમને વિષે બહુ ઉંચી ભાવના ધરાવતાં. ઘણી સભાઓમાં એ બન્નેને મુસાફરી દરમ્યાન બોલવાનો પ્રસંગ આવતો, તે વખત પણ બહુ જ નમ્રતાથી સુંદર અને વિચારોથી ભરપૂર વાણી ઉચ્ચારતાં. મુસાફરી દરમ્યાન એમણે પોતાનો શુધ્ધ હાથે કાંતેલી અને વણેલી ખાદીનો પોષાક છોડયો નહોતો. કાશ્મીરી કીમતી સાલો, અને ઉંટના વાળના બનાવેલાં ધૂસાઓ, તથા ખાસ હિંદુસ્તાનની બનાવેલી ઉંચામાં ઉંચી કામળોનો ઉપયોગ થંડી વખતે કરતાં. કોઇ દિવસ એમણે વિલાયતમાં પણ પોતાનું ધોતીયું છોડી "પાટલુન" પહેરી નથી. હિંદુસ્તાનમાં જે પોષાક પોતે પહેરતાં હતાં તેજ વિલાયતમાં પણ કાયમ રાખેલો. મુસાફરી દરમ્યાન લાખો રૂપિઆનો એમણે જુદી જુદી સંસ્થા-

એમાં ન્યાત જાતનો ભેદ રાખ્યા સિવાય ધર્મ કીધો હતો. “યુરોપ”ની અને હિંદુસ્થાનની કોઇ પણ ધર્માદા સંસ્થામાં એમનું નામ ન નીકળે એમ બને નહીં. સહુ કોઇ કેવળ એમને ધર્મની મૂર્તિ જ ગણતા, અને ઇશ્વરી અવતાર જ હોય એમ પૂંજતા. આખી ઉંમરમાં એવો કોઇ બનાવ બન્યો નથી કે એમની પાસે કોઇએ કાંઈ સવાલ કર્યો હોય અને તેને એમના તરફથી યથાસ્થિત મદદ ન મળી હોય. પોતાની કરોડો રૂપિઆની પૂંજી એઓ લોક કલ્યાણ અર્થે જ વાપરતા, અને પોતે તો અત્યંત સાદાઈથી જ રહેતા. એમનું અંતઃકરણ એટલું દયાર્દ્ર કે કોઇનું પણ દુઃખ જોઈ એમની આંખમાં આંસુ આવી જતાં, અને તન, મન અને ધનથી તે નિવારણ કરવાનો પ્રયત્ન કરતાં હંમેશાં હસમુખું વંદન રાખતાં અને ક્રોધ તો શું ચીજ છે તે એમને માલમ જ ન હતું. સાદાઇ એટલી કે કોઈ પણ વરદી સિવાઇ એમની પાસે જઇ શકતું, પોતાનું દુઃખ રડી આવતું. અને સાહ્ય લઇ આવતું. લેખક હો, કારીગર હો, બ્રાહ્મણ હો, કોઇ પણ હો, એમની પાસેથી સંતોષ પામીને જ જતા. કોઇને કોઇ દિવસ પણ એઓ વિમુખ જવા દેતાં નહીં. પોતાનો ભંડાર સર્વને વાસ્તે સદાકાળ ખુલ્લો રાખતાં. આખી દુનિયામાં કોઇ એવું શહેર અથવા ગામડું નહીં હોય કે જ્યાં શેઠ કૂંજબિહારીલાલનું નામ ન સંભળાયું હોય. ઠેક ઠેકાણે એમની મશહુરતા વ્યાપી રહી હતી. રાજ દરબાર તરફથી મોટા મોટા “ઇલ્કાબો” આપવાની એમને વિનંતી કરવામાં આવતી, પણ એઓ આભાર સહિત ચોખ્ખી ના પાડતા. કોઇ સંસ્થામાં એમને “પેટ્રન” “અધ્યક્ષ” વગેરે નિમવામાં આવતા, તો તેની પણ પોતે ના જ પાડતાં. કોઇ પણ વાડામાં પોતે ઘુસવાનું, અથવા બંધાવાનું પસંદ

કરતાં નહીં. અલગ રહી મદદ કરવામાંજ પોતાનું કર્તવ્ય સમજતાં. નામ પ્રસિદ્ધ કરવાની તો પોતે બિલકુલ દરકાર કરતાં જ નહીં. નામ લખી આપ્યા સિવાય જ પોતે હમેશાં જે "ફંડ" નીકળે તેમાં પૈસા ભર્યા જતાં. વર્તમાનપત્રોમાં એમનું નામ કદાચિત આવે, તો એમને બહુ ખોટું લાગતું. પોતાની કીર્તિ ગવાતી થઇ એ પોતાની પડવાની નિશાની છે, એમ પોતે ખુબ સારી રીતે સમજતાં. કોઈ પણ "મીટીંગ"માં પોતે જવાનું પસંદ કરતાં નહીં, અને ભાષણ કરવાનું અથવા અધ્યક્ષપણું સ્વીકારવાનું તો એમને બિલકુલ પસંદ નહોતું. કોઇ એમની પાસે ઘેર સલાહ લેવા આવે, તો પોતાને યોગ્ય લાગે તેવી સલાહ આપતાં. મોટાં અમલદારો અને પ્રતિષ્ટિત ગૃહસ્થો પણ એમને બંગલે એમની સલાહ લેવા વખતો વખત આવતાં. ગવરનર સાહેબ પણ વર્ષમાં એક વખત એમની મુલાકાતે ખાસ સૂર્યપૂર પધારતાં. કોઇ આવે તો તેમને સારૂ ખાસ ધામધુમ કરી આદરસત્કાર કરવાની એમને ટેવ નહોતી, પણ જેમ બીજાંઓની મુલાકાત લેતાં, તેમજ ગવરનર સાહેબ, ચીફ જસટીસ, જડજ સાહેબ, કલેકટર સાહેબ, વગેરેની મુલાકાત લેતાં. કોઇને સારૂ ખાસ માન પાનની તૈયારી તો એમને ત્યાં કદી થતી જ નહીં. સર્વ કોઇને એઓ સૂચવી જ દેતાં, કે વગર ખબર આપે બેલાશક ચાલ્યા આવવું. કોઇપણ એમની સાથે "એપોઇંટમેન્ટ" કરી એમને મળવા આવે, તે એમને બિલકૂલ પસંદ નહોતું પરોણાઓથી રોજ એમનું મકાન ભરાયેલું રહેતું, પણ એઓ સ્પષ્ટ સર્વને નમ્રતાપૂર્વક કહી દેતાં, કે પત્ર લખ્યા સિવાય જ કૃપા કરી પધારતાં જશો. એઓની ચાર પાંચ ગાડીઓ અને મહેતાઓ. તો સ્ટેશન પર દરેક "ટ્રેઇન"ના "ટાઇમે" હાજર જ રહેતાં. પોતે

અને પોતાના કુટુંબીઓ તો હમેશાં મોટાં સણગારેલાં બળદના માફામાં અથવા શીગરામમાં બહાર નીકળતાં. ઘોડાની ગાડીમાં પણ પોતે બનતાં સુધી બેસતાં નહીં. કલેકટર સાહેબ, જજસાહેબ અથવા બીજા કોઇ મોટા અમલદારનું આમંત્રણ આવતું તો તેમને ત્યાં પણ પોતે તો પોતાના ખાદીના પોષાકમાં, બળદના માફામાંજ અસલની પધ્ધતિ પ્રમાણે જતાં. માફો હાંકનારા ચોધરીઓ પણ અસલના રિવાજ પ્રમાણે મોટી પાઘડીઓ પહેરી, એમને ત્યાં હાંકનારનું કામ કરતાં, "કુમુદચંદ્ર" ને ઘોડાનો શોખ હોવાથી એના વપરાશ સારૂ ખાસ એક પેગુની, અને એક મોટા ઘોડાની, જોડીઓ રાખવામાં આવેલી. સ્વારી કરવા "કુમુદચંદ્ર" સારૂ ટટ્ટુઓ અને ઘોડાઓ રાખવામાં આવતાં. "મોટરો" "બાઇસીકલો" વગેરે એમના મકાનમાં કંઇ જોવામાં આવતું નહીં. એમનું ભવ્ય મકાન નદી કિનારે નાવડી ઓવારા નજીક આવ્યું છે અને આખા મકાનમાં સાદાઇ સિવાય કાંઇ પણ જોવામાં આવતું નહીં. વચમાં મકાન પાછળ રસોડું, એક બાજુએ "ગૌશાળા," તેની જોડે "એકાદશી આશ્રમ" તેની બાજુમાં "ખાદી આશ્રમ" સામી બાજુએ તબેલાઓ, અને તેની પાસે નોકર ચાકરોને રહેવાની ચાલીઓ, વચમાં મોટો બગીચો અને રસોડાની પાસે અનાજના કોઠારો આવી રહ્યા છે. તેની પાસે દેખરેખ રાખનાર મુખ્ય મુખ્ય અધિકારીઓના મકાનો આવ્યાં છે. "ટેલીફોન," "ઇલેક્ટ્રીક લાઇટ," નળો, વગેરે કાંઇ કૃત્રિમ ચીજો એમના બંગલામાં જોવામાં આવતી નહીં. બગીચામાં ફક્ત પવિત્ર આસોપાલવના, બોરસળીનાં, બીલીનાં, પારિજાતકનાં, લીમડાનાં, પીપળાનાં, અગસ્તનાં, ઉંબરાનાં વગેરે ઝાડો જોવામાં આવે છે. ફૂલઝાડોમાં મોગરા, ગુલાબ, ચંપેલી, સૂર્યમુખી, વગેરે મુખ્યત્વે કરીને જોવામાં

આવે છે. રામ અને કૃષ્ણ તુળશીનાં મોટાં મોટાં કયારાઓ ઠેક ઠેકાણે નજરે પડે છે. "ક્રોટનો" અને શોભાનાં ઝાડો કોઇ ઠેકાણે નજરે પડતાં નહીં. ઠેક ઠેકાણે પક્ષિઓને સારૂ દાણાં ખાવાને અને પાણી પીવાને પરવડીઓ આવી રહેલી છે, અને પક્ષીઓ ગુંજાર કરી રહ્યાં છે. મકાનમાં શ્રી ઠાકોરજીની રાજસેવા છે, અને તેને સારૂ ભવ્ય મંદિર બંધાવેલું છે. ઘોડ દોડના રસ્તા પર વિશાળ જગામાં શેઠે સ્થાપેલું "સંસ્થાન" આવી રહ્યું છે. એ સંસ્થાનમાં આશરે બે હજાર કુટુંબો રહી શકે એટલાં મકાનો બાંધી મૂકયાં છે. સંસ્થાનમાં, મુસલમાન, પારસી, યાહુદી, ખ્રીસ્તિ વગેરે અન્ય ધર્માવલંબીઓ સારૂ તેમજ ધેડ ભંગી વગેરે સારૂ જરા દૂર અલાહેદી જગાએ મકાનો બાંધવામાં આવ્યાં છે, અને પોતપોતાના ધર્મ અનુસાર મસીદ, આતશબહેરામ અને "ચર્ચ" પણ બાંધી મૂકવામાં આવ્યાં છે, અને ધર્મગુરૂઓની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. તેમાં ભવ્ય ગૌશાળા, રામમંદિર, નિશાળ, પુસ્તકાલય, નૈસર્ગિક ઉપાયોથી તેમજ આર્ય અને યુનાની ઔષધોથી સારા કરવાનું આરોગ્ય ભૂવન અને મોટી હુન્નરશાળા જેમાં સુથારી, લુહારી, ખેતીવાડી, ઇંટ, અને નળીયાં પાડવાનો હુન્નર વગેરે સર્વ જાતનાં હુન્નરો શીખવાની શાળા, અનાજના અને કરીઆણાનાં કોઠારો આવી રહ્યાં છે. શહેરમાં ગોપીપરાના લત્તામાં ભવ્ય મકાનોમાં શેઠની "પેઢી" અને "જરી કામની દૂકાન" અને તે બનાવવાનું મોટું "કારખાનું" કે જેવું આખા હિંદુસ્તાનમાં કોઇ ઠેકાણે નથી તે અને ઝવેરાતની દુકાન, આવી રહ્યાં છે. બરાનપૂરી ભાગોળના રસ્તા પર "ખાદીભંડાર" સૂર્યપૂરમાં બનતાં 'રેશમી અને કીનખાબ વગેરેની દુકાન, ગરમ અને સુતરાઉ કાપડની દુકાન, કરીઆણીની દુકાન, અને તેની પાસે હિંદુસ્તાનમાં બનતી હરેક ચીજનો 'સ્વદેશી વસ્તુ ભંડાર'

આવી રહ્યાં છે. મકાનના માળ પર હિંદુસ્તાનમાં બનતી ચીજોનું પ્રદર્શન, અને જૂનામાં જૂની સંગ્રહ કરેલી ચીજો, જેમાં ચીત્રો, પિત્તળકામ, સુખડની કારીગીરીની ચીજો, જૂનામાં જૂના હરેક ભાષાના પુસ્તકો, વગેરે વ્યવસ્થાસર ગોઠવી રાખવામાં આવ્યાં છે, અને જે જોવા દેશદેશાવરથી અને 'યુરોપ'થી મોટાં મોટાં લોકો આવે છે. એ ચીજો એટલી અમૂલ્ય હતી, કે તેની કીમત કોઇ આંકી શકતું નહીં. કોઇને પણ એમાંની ચીજો વેચવામાં આવતી નથી, પણ તે ચીજોમાં દર વર્ષે ઉમેરો જ થતો જાય છે. કોઇ પણ જુની ચીજ કોઇ પણ ઠેકાણે હોય તો તે મોટી કીંમત ખર્ચી શેઠ ખરીદી લઇ આ પ્રદર્શનમાં મૂકતાં. પોતાની "યુરોપ અને હિંદુસ્થાનની મુસાફરી દરમ્યાન આવી અનેક ચીજો શેઠ ખરીદી લાવેલા અને તે આ પ્રદર્શનમાં મૂકેલી." ખાસ અનુભવી કામદારોને શેઠે આ ચીજો ઉપર દેખરેખ રાખવાને અને તે સંબંધી વિગતો મેળવી પુસ્તકો લખવાને રોકયાં છે અને તે લોકોએ વરસોની મહેનતથી દરેક ભાષામાં પુસ્તક લખી પ્રસિદ્ધ કર્યાં છે અને જેમને તે વાચવાની ઇચ્છા હોય, તેમને ભેટ તરીકે આપવામાં આવે છે. દરવાજા બહાર અશ્વિનિકુમારના અને વરાછાનાં રસ્તા પર, શેઠની 'સુતરાઉ કાપડની ગીરણી,' 'ગરમ કાપડની ગીરણી' 'પિત્તળનાં વાસણો બનાવવાનું કારખાનું,' 'દિવાસળી બનાવવાનું કારખાનું,' 'ઘાસની અને રૂની ગાંસડીઓ બાંધવાનાં પ્રેસો,' 'કાચનો સામાન બનાવવાનું કારખાનું,' 'પેનસીલો, સ્લેટો અને પેન બનાવવાનું કારખાનું,' 'ખાંડ બનાવવાનું કારખાનું,' 'લોખંડ સામાન બનાવવાનું કારખાનું,' 'ભવ્ય મોટું છાપખાનું જેમાં ચિત્રો વગેરેના બ્લોકો તૈયાર કરી છાપવામાં આવે છે, જે છાપખાનાની બરોબરી

કરી શકે એવું આખા હિન્દુસ્તાનમાં છાપખાનું નથી, અને 'તેલ પીલવાની ઘાણીઓ' વગેરે આવી રહ્યાં છે. કારખાનાઓમાં કામ કરતાં કુટુંબોને રહેવા સારૂ સંસ્થાઓ પણ બાંધવામાં આવેલાં છે અને નિશાળ વગેરેની સગવડ પણ કરવામાં આવેલી છે. ઘોડદોડના સંસ્થાન પ્રમાણે જ સર્વ વ્યવસ્થા છે. નદીપારના ગામમાં શેઠની 'પાઠશાળા' તેમાં જ 'કન્યાશાળા' અને 'વિધવાશ્રમ,' 'બ્રહ્મચારી આશ્રમ,' 'સન્યાસ આશ્રમ,' 'વાનપ્રસ્થ આશ્રમ,' અને 'અપંગાશ્રમ,' આવી રહ્યાં છે, અને તેને લગતાં 'અનાજના અને કરીયાણાનાં કોઠારો,' અને 'ગૌશાળા' પણ આવેલાં છે. સૂર્યપૂર જીલ્લામાં અને બહાર શેઠની હજારો વીંઘા જમીન છે.

સંસ્થાનોની વ્યવસ્થા શેઠે એવી કરી છે કે તેમાં રહેનાર દરેક કુટુંબને એકએક મકાન આપવામાં આવે છે એ અકેક મકાનની રચના એવી છે કે આગળ વાડો, પાછળ વાડો અને બન્ને બાજુએ આશરે આઠ આઠ ફીટ ઉઘાડી જમીન અંદર ચાર ઓરડાઓ અને બહારની બાજુએ બન્ને વાડાઓ આગળ માટીના ઓટલાઓ વચમાં જવાનો રસ્તો જેમાંથી દરેક ઓરડામાં જવાનું બારણું અને જેમાંથી આગલા તથા પાછલા વાડામાં પણ જઇ શકાય જ્યાં કુવો અને દડંદર સંડાસ આવેલાં છે. કુવાની પાસે જ એક નાની નાહવા ધોવાની ઓરડી, જે બંધ કર્યા પછી પણ કુવામાંનું પાણી કાઢી શકાય એવી છે. શેઠનાં જ ઓડાએ ફક્ત માટીથી જ ચણી લીધેલી દિવાલો, અને ઓટલાઓ અને તેને ગૌમુત્ર અને છાણથી લીંપેલા અને તે ઉપર ચુનો લગાડેલો અને શેઠની આજ્ઞા અનુસાર દર ત્રણ મહિને દિવાલો અને

ઓટલાઓ લીંપી ચુનો લગાડવામાં આવતો. અંદરની જમીન પણ માટીની જ અને તે દર અઠવાડીએ લીંપવાની આજ્ઞા હતી. આ મકાનનું લાકડ કામ શેઠનાંજ રાખેલાં જંગલોમાંથી લાકડા લાવી શેઠની જ હુન્નરશાળાનાં સુથારોએ તૈયાર કરેલું અને શેઠનાં જ કુંભારોએ તૈયાર કરેલાં નળીયાં, છાપરા પર ચઢાવવામાં આવેલાં છે. ફકત રસોડાની અને નહાવાની ઓરડીમાં ચોકડીઓ કરવામાં આવી છે. દરેક ઓરડામાં બબે બારીઓ લોખંડના સળીયાવાળી, અને એક દરવાજો પરસાળમાં પડે એવો ગોઠવવામાં આવ્યો છે. રહેનાર કુટુંબે તુળશીના ઝાડો ચુનાના બાંધેલા વૃંદાવનોમાં આગલા અને પાછલા વાડામાં લગાડવા જોઇએ, અને વૃંદાવનમાં સ્હવાર સાંજ ઘીના દીવા મૂકવા જોઇએ તેમજ ફૂલઝાડો અને પવિત્ર એકેક ઝાડ, આસોપાલવ, લીંબડો, પીપળો, ઉંબર, અગસ્ત, પારિજાતક અને બીલીનું પણ લગાડવું જોઇએ. દરેક કુટુંબીઓએ પક્ષીઓને દાણા નાંખવા અને પાણી પીવાં પરવડીઓ રાખવી જોઇએ. જગા હંમેશાં સાફ રાખવી જોઇએ અને મકાનની આગળ જે સડક આવી હોય તે સાફ કરવી જોઇએ અને સડકની બન્ને બાજુએ ઝાડોને પણ રોજ પાણી નાંખવું જોઇએ. દંડદર સંડાસમાં દર અઠવાડીએ ચૂનો અને મીઠું નાંખવા જોઇએ. રહેનાર કુટુંબના નિર્વાહ સારૂ જેટલી જમીન જોઇએ તેટલી શેઠ તરફથી ખેડવા સારૂ અપાતી, અને જેટલી ગાયો દરેક કુટુંબને પાળવા સારૂ જોઇએ તે આપવામાં આવતી. ગાયો ગૌશાળામાં બંધાય, પણ પોતપોતાની ગાયોની ઘાસચારાની, પાણીની, અને દાણાની વ્યવસ્થા કુટુંબીઓએ જ કરવાની. ઘાસચારો અને દાણો શેઠ તરફથી જોઇએ તેટલો પૂરો પાડવામાં

આવે, અને શેઠનાં જ ગોવાળો ગાયોને ચરવા લઇ જાય, પણ બાકી સર્વ વ્યવસ્થા કુટુંબીઓએ જ કરવાની, વાછરડા વાછરડીઓ પૂર્ણપણે ધાવી રહ્યાં બાદજ ગાયોને દોવામાં આવે. વાછરડા વાછરડીઓ ધરાય એટલું દૂધ તો તેમને અવશ્ય પીવા દેવું જોઇએ. એમની મેળે વાછરડા વાછરડીઓ ધાવતાં છૂટે, ત્યારે છૂટાં થવા દેવાં જોઇએ. વાછરડાં વાછરડીઓને પકડી રાખી ધવડાવવા નહીં. ત્રણ આંચળોનું દૂધ વાછરડા વાછરડીઓનાં પીવામાં જવું જોઇએ, અને ફક્ત એક જ આંચળમાંનું દૂધ દોહનાર કાઢી શકે, દૂધ થોડું નીકળે તેની અડચણ નહીં, પણ વાછરડાં વાછરડીઓ ભૂખ્યા ન રહે, અને રૂષ્ટપુષ્ટ રહેવાં જોઇએ. આ પ્રમાણે દૂધ થોડું નીકળે, અને કુટુંબીઓનું પોષણ ન થાય, તો તેમણે જોઇએ તેટલી વધુ ગાયો રાખવી. જેટલી રાખવાની ઇચ્છા હોય તેટલી આપવામાં આવે છે. મરી મસાલો, શાકભાજી, અને અનાજ જે જોઇએ, તે દરેક કુટુંબીઓને પોતાના ખેતરોમાંજ કરી લેવા. પોતાના અને ખેતરના માણસોના ખપ ઉપરાંત, જે માલ સિલક રહે, તે શેઠના કોઠારમાં ભરી દેવો જોઇએ. અને તેની કીમત ખેડુતોનીજ 'કમીટી' ઠરાવે, તે તેના નામ પર શેઠની પેઢીમાં જમા થાય. કોઇથી તેમાંનું કાંઇપણ વેચી શકાય નહીં, તેમજ સંસ્થાન બહાર પોતાના સગાંવહાલાંઓને આપી શકાય નહીં. સંસ્થાનમાં રહેનાર દરેક કુટુંબીઓએ કપાસ ઉત્પન્ન કરી પોતાનાં પહેરવાના કપડાં પણ પોતેજ કાંતી, વણી, અને શીવી લેવા જોઇએ. જેઓને એ ન આવડતું હોય, તેમણે શેઠના 'ખાદી આશ્રમ'માં જઇ, સર્વ ક્રિયા શીખી લેવી જોઇએ. સ્વાશ્રયી બની શકે તેવાંજ કુટુંબો શેઠના સંસ્થાનોમાં રહી શકે છે. જે રકમ

કુટુંબના મુખ્ય માણસના નામ પર શેઠની પહેડીમાં જમા થઇ હોય, તેમાંથી શેઠની સંસ્થાનમાંની મોદીની દુકાનેથી જે ચીજો ખરીદવામાં આવી હોય, તે વસુલ કર્યા બાદ જે રકમ રહી હોય, તે તે કુટુંબીઓથી, દાગીના બનાવવામાં અથવા લગ્ન અને બીજા પ્રસંગોમાં ઉપાડી વાપરી શકાય. પોતાને ત્યાં જમા કરવામાં આવેલી સંસ્થાન-વાસીઓની રકમ પર શેઠ સેંકડે બાર ટકા વ્યાજ આપે છે. તે રકમ ઉપરાંત કોઇને વિશેષ ખર્ચ કરવાની જરૂર જણાય અને પોતાના માણસોમાંથી નિમાયેલી 'કમિટી' મંજુર કરે તેટલી રકમ શેઠની પેઢીમાંથી બક્ષીસ આપવામાં આવે છે. સંસ્થાનમાં રહેનાર કોઇપણ કોઈનાં પાસે ઉછીનું નાણું ન લઈ શકે. છોકરાં છોકરીનાં લગ્ન અને બીજાં પ્રસંગો સારૂ શેઠ તરફથી નાણાં 'કમીટી' ની ભલામણ મુજબ બક્ષીસ અપાયા કરે છે. જેણે શેઠની પેઢીમાં રકમ મૂકી હોય તેનેજ એવી બક્ષીસો મેળવવાનો હક હોય છે. ખેતરોમાં જે કાંઇ કામ કરાવવું હોય તેના સર્વ નાણાં પણ શેઠ તરફથી આપવામાં આવે છે. કુટુંબીઓ તરફથી માણસો રાખી, ખેતરો ખેડાવવામાં આવે. તે સર્વ ખર્ચ, ખેતરમાંની ઉત્પન્નમાંથી એટલે શેઠને જે માલ વેચવામાં આવે તે રકમમાંથી આપવામાં આવે છે. જેમને વસ્ત્રો જોઇએ તેઓ શેઠના ખાદી આશ્રમમાંથી લઇ આવી શેઠના દરજી પાસેથી સીવડાવી શકે છે. જો 'કમીટી' ભલામણ કરે તો શેઠની એવી ખાસ આજ્ઞા છે કે સંસ્થાનોમાં રહેનાર દરેક કુટુંબીઓએ ખવાય તેટલાં ઘી દુધ જેવાં સ્નિગ્ધ પદાર્થો ખાવા અને શરીરે હ્રષ્ટ પુસ્ટ રહેવું. માત્ર તેને સારૂ જેટલી ગાયો જોઇએ તેટલી શેઠ તરફથી આપવામાં આવે છે. પણ

તેની સેવા ઉઠાવવી જોઇએ. ખેતીને સારૂ જેટલા બળદો જોઇએ તેટલાં શેઠ તરફથી જ પૂરાં પાડવામાં આવે છે. માત્ર શેઠની એવી ખાસ આજ્ઞા છે કે, કોઇપણ વાછરડાને ખસી કરવામાં નહીં આવે પણ સાંઢ તરીકે જ ખેતીના કામમાં લેવાં જોઇએ. એમની પાસે એટલું કામ લેવું કે તે નરમ ઘેંસ જેવા રહે અને મસ્તી કરે નહીં. સંસ્થાનવાસીઓમાંથી દર મહીને 'કમિટી' પાંચ જણાંની–બે પુરૂષ અને ત્રણ સ્ત્રીઓની નિમવામાં આવે, કે જે સંસ્થાન સંબંધી સર્વ વ્યવસ્થા પર દેખરેખ રાખે અને જેને જે ચીજો અથવા નાણાં જોઇતાં હોય તેની બરાબર તપાસ કરી શેઠને ભલામણ કરે. સંસ્થાનમાં રહેનાર ૪૦ વર્ષની ઉપરાંતના દરેક સ્ત્રી પુરૂષ પોતાનો મત 'કમિટી' નાં સભાસદો નિમવા સારૂ નોંધાવી શકે છે. 'કમિટી' માં ૪૦ વર્ષ ઉપરાંતના જ સ્ત્રી પુરૂષો નિમાઇ શકાય છે. સંસ્થાનમાં રહેનાર કોઇપણ દારૂ તાડીનું વ્યસન ન રાખે, જુગાર ન રમે, તકરાર ન કરે તેની ખાસ દેખરેખ 'કમિટી'એ રાખવાની છે. શેઠે આપેલી સામાન્ય આજ્ઞાઓનું જે ઉલ્લંઘન કરે અને કમિટી ભલામણ કરે, તો તે કુટુંબને સંસ્થાનોમાંથી દૂર કરવામાં આવે છે. છડાઓને સારૂ રહેવાની સંસ્થાનોમાં અલગ વ્યવસ્થા કરવામાં આવી છે.

નિશાળમાં છોકરા છોકરીઓ જાય તેમને લખતાં વાંચતા, હિસાબ, અને સંપુર્ણ આંક પ્રથમ શીખવવામાં આવે છે. કોઈપણ છોકરા છોકરીઓને ઘેર નિશાળનો અભ્યાસ કરવાની પરવાનગી નથી. સ્હવારે ૮ થી ૧૦ અને બપોરે ૧ થી ૩, ચાર કલાકમાં અધ્યાપકોએ જ તેમને પાઠો કરાવવા જોઇએ. બાકીનો સર્વ વખત છોકરાંઓએ રમવામાં જ અને ઘર કામમાં

કાઢવો એવી શેઠની ખાસ આજ્ઞા છે. રાતની વખતે અધ્યાપકો છોકરાં છોકરીઓને ૭ થી ૯ બે કલાક રોજ પુરાણોમાંની 'મેજીક લેટર્ન' અને 'સીનેમોગ્રાફ'ની સાહ્યથી કથાઓ કહે અને હિંદુસ્તાનના ઇતિહાસનું અને ભૂગોળનું તેની જ સાહ્યથી શિક્ષણ આપે. દરેક છોકરા છોકરીના પુસ્તકો અને પત્થર પાટીઓ વગેરે નિશાળમાં જ રાખવામાં આવે છે. છોકરાં છોકરીઓને જોઇએ તે વાર્તાના અથવા બીજા પુસ્તકો પુસ્તકાલય-માંથી ઘેર વાંચવા લઇ જઇ શકાય છે. રોજ પાંચથી છ છોકરાંઓને જુદી જુદી રમતો અંગ કસરતની રમાડવામાં આવે છે. અને ત્યાર બાદ દરેકને ગૌશાળાની ગાયો જે નિશાળખાતા સારૂં જ રાખવામાં આવેલી છે, તેનું દૂધ પાવામાં આવે છે.

શેઠ તરફથી નિચેના સામાન્ય નિયમો છપાવી એમના તરફથી બાંધવામાં આવેલા દરેક કારખાનાઓને લગતા, અને બીજા સંસ્થાનોમાંના, અને સંસ્થાઓના મકાનોમાં, તકતામાં જડી, ટાંગવામાં આવે છે, અને તેનો અમલ બરાબર રીતે કરાવવામાં આવે છે.

મકાનો સંબંધી નિયમો

૧. દરેક કુટુંબીઓએ પોતાનું મકાન લીંપીગુંપી સ્વચ્છ રાખવું, અને વાડાઓમાં તુલશીનાં ચુનાથી બાંધેલા વૃંદાવનોમાં ખુબ છોડો લગાડવાં, તેમજ મકાનની આજુબાજુ અને વાડા-ઓમાં પવિત્ર ઝાડો, જેવા કે આસોપાલવ, ઉંબરો, પીપળો, લીમડો, પારીજાતક, બીલી, અગસ્ત વગેરે લગાડવાં, અને વાસવાળા ફૂલ ઝાડો, જેવાં કે મોગરો, ગુલાબ, ચંપેલી, સૂર્યમુખી લગાડવાં. નાહ્વાવાની ઓરડીમાંનું પાણી જાય ત્યાં કેળો રોપવી.

૨. પોતાની આંગણાની સડક પરના, બંને બાજુનાં ઝાડો, પણ તેજ કુટુંબીઓએ સંભાળવા, અને સડકોનો તેટલો ભાગ સાફ અને દુરસ્ત સ્થિતિમાં રાખવો.

૩. ઘરની ભીંતો દર મહિને લીંપી ઉપર ચુનો લગાડવો. ઘરની અંદરની જમીન અને ઓટલાંઓ દર અઠવાડીએ લીંપવા. ગૌશાળામાંના ગૌમૂત્ર અને છાણથી જ લીંપવાનું કામ કરવું.

૪. સંડાસમાં દર અઠવાડીએ ચુનો અને મીઠું નાંખવા.

૫. પોતાના આંગણા આગળનું સડક પરનું ફાનસ પણ પોતે સાફ કરી ગાયના ઘીની બત્તિ સળગાવી, આખી રાત બળતું રાખવું. તુલશીના ચુનાથી બાંધેલા વૃંદાવનોમાં, કલાક બળે એવાં ઘીના દીવાઓ, સહુવાર સાંજ કાચના ફાનસમાં સળગાવવાં, અને આગલા પાછલા વાડામાં પક્ષિઓને દાણા નાંખવાને અને પાણી પીવાને અકેક પરવડીઓ રાખવી, અને તે દાણાપાણીથી હંમેશાં ભરેલી રાખવી.

૬. વાર તહેવારે મકાનોને આસોપાલવના તોરણોથી સણગારવાં. ઘરમાં પુત્ર પુત્રીનો જન્મ થયો હોય, અથવા કોઇની વર્ષગાંઠ હોય, અથવા સંસ્થાનમાં કોઇ છોકરા છોકરીના લગ્ન હોય, તે વખતે પણ આજ પ્રમાણે તોરણો બાંધવાં.

૭. આ કામને સારૂ જોઇતી દરેક ચીજો પહેડીની દુકાન, સંસ્થાનમાં આવી હોય, તેમાંથી લઇ આવવી, અને તેનું કંઇપણ દામ લેવામાં આવશે નહીં.

૮. 'હુન્નરશાળા'ના અધ્યાપકને વિનંતી કરવાથી મકાનો સંબંધી કાંઇ પણ કામ કરાવી આપશે.

૯. દરેક મકાનમાં ઓછામાં ઓછો એક રેંટીઓ, અને એક ઘંટી તો હોવાંજ જોઇએ. તેમજ અકેક કપડા વણવાની હાથ સાલ પણ હોવીજ જોઇએ. તે સર્વ પેઢીની હુન્નરશાળા-માંથી પૂરાં પાડવામાં આવશે.

૧૦. કોઇ પણ કુટુંબીએ મકાનમાં પક્ષીઓ પોપટ, મેના, કાકાકૌઆ, ચલીઆં, કબુતરનાં પાંજરા રાખવાં નહીં. કારણ કે ઉડતાં પક્ષીઓને કેદ કરી રાખવાં એ પાપ છે. ઉડતાં પક્ષીઓ છુટાં જ રહી ઝાડો પર બેસી બોલી કુદરતી આનંદ આપે છે તે લેવો ઉચિત છે.

સંસ્થાનોમાં રહેનાર કુટુંબીઓએ પાળવાના નિયમો.

૧. ઉચ્ચ આશયવાળા સંયમી સ્ત્રી પુરૂષોથીજ આ આશ્રમોમાં રહી શકાશે.

૨. સર્વેએ નિતિ પૂર્ણપણે પાળવી જોઇએ.

૩. જુઠું બોલનારને ક્રોધીઓને, તકરારીઓને, પ્રપંચીઓને અનિતિવાન સ્ત્રી પુરૂષોને, પેઢી તરફથી ચાલતી કોઇપણ સંસ્થામાં આશરો મળશે નહીં.

૪. ૪૫ વર્ષની ઉપરની ઉમ્મરના પુરૂષે અને ૩૮ વર્ષની ઉપરની ઉમ્મરની સ્ત્રીએ સંસાર બંધ કરી કેવળ 'વાનપ્રસ્થ' આશ્રમ ફરજીઆત પાળવો પડશે. આ નિયમનો ભંગ થઇ સંતતિ ઉત્પન્ન થવાનો સંભવ જણાતાં તેમને આશ્રમથી દુર કરવામાં આવશે.

૫. સંસ્થાનોમાં રહેતી વિધવા સ્ત્રીઓથી પુનર્લગ્ન થઇ શકશે નહીં અને તેમણે કેશ ન રાખતાં માથું મુંડાવેલું જ

રાખવું પડશે. તેઓએ પોતાના કુટુંબીઓ સાથે જ રહી પોતાનું આયુષ્ય ગાળવું જોઇએ; અથવા પેઢી તરફથી ચાલતી કન્યાશાળાની જોડે રાખેલા 'વિધવાશ્રમ' માં વૈદકિનો, સંગીતનો, ચિત્રકળાનો, શાસ્ત્રોનો, ભાષાઓનો અને રૂચી પ્રમાણે હુન્નરોનો અથવા વિદ્યાનો અભ્યાસ કરી, છોકરીઓની નિશાળમાં અને આરોગ્યભૂવનમાં ઉદ્યોગ ખાતર અધ્યાપિકાનું કામ કરવું, અથવા "ખાદી આશ્રમ"માં "હુન્નરશાળા"માં અથવા બીજી કોઇ સંસ્થામાં ઉપયોગી થઇ પડવું. જરીના કારખાનામાં, ઝીક ટીકી બનાવવાના ઉદ્યોગમાં પણ તેમની બુદ્ધિ અને શક્તિનો ઉપયોગ થશે; તેમજ છાપખાનામાં ચિત્રો ચિતરવાનાં કામમાં અને બીજાં કારખાનાઓમાં તેમની મદદનો લાભ લઈ શકાશે. દરેક વિધવાને પેઢી તરફથી વસ્ત્રો અને ઉદર નિર્વાહની સર્વ વસ્તુઓ પૂરી પાડવામાં આવશે, તેમજ પુસ્તકાલયમાંથી પુસ્તકો આપવામાં આવશે, અને દાનધર્મ કરવા સારૂ રોજના આઠ આના આપવામાં આવશે. કોઈપણ વિધવા પેઢી તરફથી કોઇપણ સંસ્થામાં જોડાઇ કામ કરશે તો તે રોજના રૂપિયા એકથી લઇને તેમની પારંગતના પ્રમાણે રોજના રૂા. ૧૦ સુધી વધી શકશે, અને પ્રદેશમાં જઇ કાંઈપણ કળા શીખી આવશે, તો પુરૂષો માફક રોજના રૂા. ૫૦ સુધી વધી શકશે. માત્ર પુરૂષો માફક પાંચ વર્ષ સુધી પેઢી તરફથી ચાલતી સંસ્થામાં કામ કરવાને, અને સંસ્થાનોમાંજ રહી સાદું જીવન ગાળવાને બંધાવવું પડશે. દરેકને મળતી રકમમાંથી અડધી રકમ શેઠની પેઢીમાં તેમના નામ પર જમા રહેશે, અને તે ઉપર બાર ટકા વ્યાજ ચઢશે. કોઇપણ વિધવાને યાત્રા કરવાની ઇચ્છા હશે, તો એ રકમ

ખર્ચવા સારૂ આપવામાં આવશે, અને તેમાં 'કમીટી' ઠરાવે તે મૂજબ પેઢી તરફથી ઉમેરો કરી આપવામાં આવશે.

૬. સંસ્થાનોમાં રહેતાં કોઇપણ પુરૂષની સ્ત્રી ગુજરી જતાં, તેનાથી ફરીથી લગ્ન નહીં કરી શકાશે, પણ તેણે વિધૂર અવસ્થામાં જ પોતાનો કાળ ગાળવો પડશે, પછી તે ગમે તેટલી નાની ઉમરનો હોય, અને તેને છોકરાં છૈયાં હોય કે ન હોય તે પુરૂષ અનિતિમાન જણાતાં તેને આશ્રમ છોડવો પડશે.

૭. સંસ્થાનોમાં રહેતાં દરેક સ્ત્રી પુરૂષોએ અને બાળકોએ "એકાદશી"નું વ્રત નકકોડો ઉપવાસ કરી કરવું પડશે. જેમનાથી નહીં રહી શકાય તેવાંઓને "કમીટી"ની રજા મળે ફરાળ પર રહેવા દેવામાં આવશે. પણ અન્ન તો કોઇથી તે દિવસે નહીં જ ખવાય. હિંદુ ધર્મ સિવાય બીજા ધર્માવલંબીઓએ પંદર દિવસે એક દિવસ "ઉપવાસ" કરવો જ પડશે. ઉપર પ્રમાણે જ તેમનાથી પણ "કમીટી"ની રજા મળે ફરાળ પર રહી શકાશે. દૂધ પણ તે દિવસે નહીં લેવાશે. ગાયોને, સાંઢોને, અને વાછરડાં વાછરડીઓને પણ તે દિવસે ઉપવાસ કરી "એકાદશી" કરવાની ટેવ પાડવી. "એકાદશી"ને દિવસે સાંજ સહુવાર કોઇ પણ ગાયોનું દૂધ નહીં કાઢતાં તેમને ખાણ અને પાણી વગેરે કાંઇ પણ ન આપવું, પણ ગોવાળીઆઓ સાથે ચરવા વાછરડાં વાછરડીઓ સાથે છોડી મેલવી. ગૌશાળામાં તે દિવસે અને રાતે ઘાસનું એક તણખલું પણ ન રહેવું જોઇએ, તેમ ખાણ પણ ગાયોને અને સાંઢોને ન આપવું. સર્વને છૂટાં મૂકી, વાછરડાં વાછરડીઓને ખૂબ ધરાવી દૂધ પીવા દેવું, અને ગૌચરમાં જઇ ચરે અથવા પાણી પીએ તો હરકત નહીં, પણ ગૌશાળામાં થાન ઉપર તેમને કાંઇ પણ

ન ખવાડવું. સાંઢો પાસે પણ તે દિવસે કાંઇ પણ કામ લેવું નહીં. સર્વ સંસ્થાઓ "**એકાદશી**"ને દિવસે બંધ રહેશે, અને સંસ્થાનવાસીઓએ પોતાનો તે દિવસ અને રાત ઇશ્વર ભજનમાં ગાળવાં.

૮. સંસ્થાનોમાં રહેતાં કોઇએ પણ માંસાહાર તો કદી કરવા દેવામાં આવશે નહીં. ગમે તે ધર્મના હોય તેમને પણ કેવળ હિંદુઓ પ્રમાણે જ પોતાનો આહાર રાખવો પડશે.

૯. કોઇથી પણ નોકર અથવા નોકરડી રાખી શકાશે નહીં. સર્વ ઘરનું કામ પોતાને હાથે જ કરવું જોઇએ. રસોઇઓ અથવા રસોઇયણ પણ નહીં રાખી શકાય.

૧૦. દરેકે સુર્યોદયથી સૂર્યાસ્ત સુધીમાં પોતાની ખાવાપીવાની અને વ્યવહારની સર્વ ક્રિયાઓ આટોપી દેવી જોઇએ. સહવારે આઠ વાગતે અને સાંજના પાંચ પહેલાં ખાઇ લેવાની ટેવ પાડવી પડશે. સૂર્યાસ્ત પછી કોઇથી આશ્રમ છોડી "કમીટી"ની ખાસ પરવાનગી સિવાય બહાર જઇ શકાશે નહીં. દરેક કુટુંબીએ "વૈશ્વદેવ" જમતાં પહેલાં કરવો જોઇએ, એટલે અગ્નિમાં "હવિષ્યઅન્ત" હોમવું જોઇએ. હવા એથી ઘણી જ શુદ્ધ થાય છે, અને શુદ્ધ વાયુ ફેલાવવો એ દરેકનું નિરોગી રહેવા સારૂ કર્તવ્ય છે. ઉત્તમમાં ઉત્તમ વાયુદાન છે; તેથી ઉતરતું જળદાન, અને તેથી ઉતરતું અન્નદાન છે. પંચકોષો (અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય, અને આનન્દમય)ની તૃપ્તિને અર્થે દરેક પ્રયત્ન કરવો જોઇએ; એ "પંચયજ્ઞ" છે. એથી જ્ઞાન ઉત્પન્ન થતાં કોષાતીત સ્થિતિ પ્રાપ્ત કરવાનું સુલભ થઇ પડે અને જે મનુષ્ય દેહનું મુખ્ય કર્તવ્ય છે. આ "પંચયજ્ઞ" કરવાનું કોઇએ ભૂલવું ન જોઇએ.

૧૧. સૂર્યાસ્ત પછી કોઇને કોઇના ઘરમાં જવાની પરવાનગી નથી. બેસવું હોય, વાતચિત કરવી હોય, તો સંસ્થાનના ખુલ્લા ચોગાનમાં બેસી, તેમ કોઈ પણ સ્રી પુરૂષ કરી શકશે.

૧૨. એ દિવસ ઉપરાંત "કમીટી"ની ખાસ પરવાનગી સિવાય કોઇ પણ પરોણાથી સંસ્થાનમાં કોઇને ઘેર રહી શકાશે નહીં. પરોણાએ નહીં, પણ ઘરધણીએ તે બાબતમાં પરવાનગી મેળવવી પડશે.

૧૩. કોઇ પણ પરદેશી ચીજનો અને આશ્રમ બહારથી મંગાવેલી ચીજનો આશ્રમમાં ઉપયોગ કરવા દેવામાં આવશે નહીં. આશ્રમમાં આવેલી પેઢીની દૂકાનમાંથી જ ખરીદેલી ચીજો વાપરવા દેવામાં આવશે ચીજોનાં ભાવો દૂકાનના "અધ્યાપક" મહિના મહિના સારૂ મુકરર કરી રાખશે. કોઇને રોકડી કીમતથી કોઇ ચીજ મળી શકશે નહીં, પણ ખરીદેલી ચીજ તેના નામ પર લખવામાં આવશે, અને ખરીદનાર પાસે રહેતી ચોપડીમાં તે નોંધી આપવામાં આવશે કીમત સાથે નવા વર્ષના કાર્તક મહિનામાં દરેકનો હિસાબ પહેડીમાં રહેતાં ચોપડા સાથે નકકી કરવામાં આવશે.

૧૪. સંસ્થાનોમાં રહેતાં દરેક સ્રી પુરૂષો અને બાળકોએ શુદ્ધ હાથે કાંતેલી અને હાથે વણેલી ખાદીનાં જ વસ્રો વાપરવાં પડશે. પોતાને જોઇતાં વસ્રો પોતેજ, પોતાને સોંપેલી જમીનમાં કપાસ ઉગાડી, ઘેર કાંતી વણી તૈયાર કરવાં પડશે. એ ક્રિયા જેનાથી નહીં થઇ શકે, તેણે "ખાદીઆશ્રમ"માં જઇ શીખી આવવી પડશે. જે સ્રી પુરૂષો, અને બાળકોથી, અમુક કારણોને લીધે પોતાનાં વસ્રો તૈયાર નહીં થઇ શકે, તો "કમીટી"ની

ભલામણથી તેમને "ખાદીઆશ્રમ"માંથી પૂરાં પાડવામાં આવશે, અને તેનું કાંઇ પણ દામ લેવામાં નહીં આવે.

કોઇથી પણ મેલાં ઘેલાં રહેવાશે નહીં, પણ વસ્ત્રો સ્વચ્છ રાખવાં પડશે.

૧૫. સંસ્થાનમાં રહેતાં દરેક સ્ત્રી, પુરૂષ, અને બાળકને, રાંધતાં અવશ્ય આવડવું જોઇએ. જેવું અન્ન આપણા શરીરમાં નાંખવામાં આવે છે. તેવા સંસ્કારો બંધાય છે. માટે અન્નમય કોષના પોષણાર્થે શુદ્ધ અન્નનો જ ઉપયોગ થવો જોઇએ. પ્રીતિથી રાંધેલું અન્ન, આપણે વધારે રૂચિકર અને પોષક થાય છે, અને આપણાં સંસ્કારો શુદ્ધ કરે છે. "જેવું અન્ન તેવાં ઓડકાર" એવી આપણામાં કહેવત છે. રસોઇ કરનારને આપણે ચિડિયે, તેને રડાવીએ, તો અપ્રીતિથી તેણે બબડતા જતાં રાંધેલું અન્ન, આપણે હમેશાં નુકશાન કરે છે. પ્રસન્ન ચિત્તથી જે અન્ન સામગ્રી કરવામાં આવે છે તે ખાનારને બહુ રૂચિકર થઇ પડે છે, અને તેનો અન્નમય કોષ શુદ્ધ થાય છે. આ કારણથી જ વૈષ્ણવ ધર્મમાં ઠાકોરજીની સામગ્રી બહુ ભાવપૂર્વક પ્રસાદી રૂપે તે આપણે આરોગીએ છીએ, માતા, બહેન, પત્નિ, વગેરે જેમને આપણા પર અત્યંત ભાવ હોય છે, તેમને તૈયાર કરેલું ભોજન ખાવાથી, આપણે માંદા પડતાં નથી, અને ભોજન બહુ જલદી પાચન થઇ લોહીદ્વારા વીર્ય ઉત્પન્ન થાય છે. જમતી વખત પણ પ્રસન્ન ચિત્તથી ખાવાથી, અને ક્રોધ વગેરે ન કરવાથી, અન્ન બહુ જલદી પાચન થાય છે. માટે રસોઇઆઓની, અને આપણા પર જેમનો ભાવ ન હોય તેવાં સ્ત્રી પુરૂષોની તૈયાર કરેલી રસોઇ, અથવા "હોટલો"ની રસોઇ, વર્જ્ય કરવી જોઇએ. "રંજકપિત્ત"

ઉત્પન્ન થાય તેવી રસોઇ જમવી જોઇએ. સર્વ કરતાં પોતાને હાથે બનાવેલી રસોઇજ શ્રેષ્ટ છે. રસોઇ તૈયાર કરવામાં કોઇથી કોઇ પણ જાતના લાકડા વાપરી શકાશે નહીં, પણ આશ્રમમાંની ગાયોના અડાયા અથવા છાણા વાપરવા પડશે. એ રીતે મંદાગ્નિથી તૈયાર કરેલી રસોઇ ઘણી ઉત્તમ અને સ્વાદિષ્ટ બને છે, અને જલદી તે અન્ન પાચન થાય છે. અડાયા અથવા છાણાના ધુમાડાથી હવા શુદ્ધ થાય છે અને ઘરમાં એ પવિત્ર જ ધુમાડો થવો જોઇએ. લાકડાનાં ધુમાડાથી હવા બગડે છે, અને પાક બહુ ઉતાવળે થાય છે, તેથી પોષક શક્તિ તેમાંની જતી રહે છે, અને કેવળ કૂચા ખાવામાં આવે છે, તેથી શુદ્ધ લોહી અને વિર્ય બનતાં નથી. એજ પ્રમાણે "સ્ટોવ", "ગેસ" અને વિજળી પર તૈયાર કરેલી રસોઇ વર્જ્ય સમજવી.

૧૬. શરીરે કોઇનાથી પણ સાબુ ચોળી શકાશે નહીં, પણ વસ્ત્ર ધોવામાં ઘેર બનાવેલો સાબુ વાપરી શકાશે.

૧૭. દરેક કુટુંબીના ઘરમાં વપરાતો લોટ ઘરની જ ઘંટીએ દળેલો હોવો જોઇએ. સંચાની ઘંટીથી દળેલો લોટ કોઇનાથી વાપરી શકાશે નહીં.

૧૮. કોઇના ઘરમાં ખુરશી, "ટેબલ", ખાટલો, ન હોવાં જોઇએ. સૂવાનું દરેકે બિછાના સિવાય શેતરંજી પર, અથવા ચટાઇ પર, રાખવું જોઇએ. કોઇના ઘરમાં રૂની ગાદી અથવા તકિયા ન હોવાં જોઈએ. હિંચકા પાટી ભરેલાં અથવા પાટીઆનાં રાખવાની પરવાનગી છે. ખાસ કારણસર "કમીટી"ના હુકમથી "આરોગ્યભૂવન"માંથી મંગાવી ગાદી તકિયા વાપરી શકાશે.

૧૯. દરેકે થંડા પાણીએ જ સ્નાન કરવું પડશે. ખાસ કારણને લીધે "કમીટી"નો હૂકમ મેળવી ગરમ પાણીએ સ્નાન કરી શકાશે.

૨૦. સંસ્થાનમાં રહેતું કોઇ પણ માંદુ પડે તો તેણે "આરોગ્યભૂવન"માં જઇ "નૈસર્ગિક ઉપાયો"થી વગર ઔષધે સારાં થઇ આવવું. ત્યાં વૈદ્ય, હકીમ અને દાકતરો રાખવામાં આવ્યાં છે, તેઓ કેવળ કુદરતી જ ઉપાયો જ યોજશે. ખાસ કારણ સિવાય ઔષધોપચાર કરવાની એમને મનાઇ કરવામાં આવી છે. "આરોગ્યભૂવન"માં નૈસર્ગિક ઉપચારોનો ખાસ અભ્યાસ કરી આવેલાં સ્રી પુરૂષોની યોજના કરવામાં આવી છે, અને તેમને સર્વ સાહિત્યો પૂરા પાડવામાં આવ્યાં છે. દાકતરો અને દાકતરણો, હકિમો અને વૈદ્યો, જેમને ઔષધોના ઉપર તિરસ્કાર છે, અને વિદ્યા જાણવા છતાં તેનો ઉપયોગ ખાસ કારણો સિવાય કરતાં નથી. તેમને જ "આરોગ્યભૂવન" માં યોજવામાં આવ્યાં છે. "આરોગ્યભૂવન"માં સ્રીઓને સારૂ સ્રીઓ, અને પુરૂષો સારૂ પુરૂષોની યોજના કરવામાં આવી છે. ખાસ કારણ સિવાય શસ્રક્રિયા અને "ઇજેકશન"ની મનાઇ કરવામાં આવી છે. "આરોગ્યભૂવન"માં જેમને રાખવાની જરૂર નથી, તેમને તેમના મકાનોમાં જઇ "આરોગ્યભૂવન"ના અધ્યાપકો અને અધ્યાપિકાઓ ઉપચારો કરશે. દર અઠવાડિએ ભાષણોદ્વારા સંસ્થાનમાં રહેતાં સ્રી પુરૂષોને "અધ્યાપકો" અને "અધ્યપિકા"ઓ, નૈસર્ગિક વિદ્યાનું જ્ઞાન આપશે; અને એ વિદ્યા સંબંધી નિયમો દરેક કુટુંબમાં પળાય છે કે નહીં, તેની દેખરેખ એઓ રાખશે. જે કુટુંબમાં સ્રી, પુરૂષો, અને બાળકો, વારંવાર પોતાની ભૂલોને લીધે માંદા પડતાં હશે, તેવા કુટુંબો-

ઓને સૂચનાઓ આપી એક વર્ષ સંસ્થાનોમાં રહેવાં દેશે તે છતાં તેઓ સુધરશે નહીં, તો તેમને સંસ્થાનો છોડવાની ફરજ પાડવામાં આવશે.

૨૦. સંસ્થાનોમાં કોઇથી કોઇ જાતનું વ્યસન કરી શકાશે નહીં. ચાહ, તંબાકુ, અફીણ, ગાંજો, ભાંગ, દારૂ, તાડી વગેરેનો ઉપયોગ બિલકૂલ કરવા દેવામાં આવશે નહીં. ૫૦ વર્ષની ઉપરના સ્રી પુરૂષોને અફીણનું બંધારણ હશે, અથવા પાડવાનું કારણ પડયું હશે, તો તેમને તે પ્રમાણે કરવા દેવામાં આવશે. કારણ કે વૃધ્ધાવસ્થામાં અફીણ શરીરના બંધારણને બહુ ટેકો આપે છે. દાંત આવતા સુધી નાના બાળકોને અફીણની ટેવ પાડવામાં આવે, તો તે સંબંધી વાંધો નહીં લેવામાં આવે, પણ ઉત્તેજન આપવામાં આવશે, કારણ કે શેઠનું એવું માનવું છે, કે નાના બાળકોને અફીણ સર્વ રોગમાંથી મુક્ત કરે છે, અને બાળકને દૂધ પચી હૃષ્ટપુષ્ટ બને છે.

૨૧. કુટુંબમાંથી ૭ વર્ષની ઉંમરના છોકરાં છોકરી થતાં તેમને સંસ્થાનમાંની શાળાઓમાં મોકલવાં જોઇએ. છોકરીઓને સારૂ ખાસ સ્રી અધ્યાપિકાઓ રહેશે, અને તે ૪૦ વર્ષ ઉપરની હશે. કોઇ પણ છોકરા છોકરીને માબાપોથી અથવા બીજાંઓથી તેમજ અધ્યાપકો અને અધ્યાપિકાઓથી મારી શકાશે નહીં. શરીરનું તાડન એ બહુ જ અધમ ચીજ છે, અને નિચ સ્વભાવનું દિગ્દર્શન કરાવે છે, માટે તે સંસ્થાનોમાંથી સમૂળગું નાશ થવું જોઇએ. આવી શિક્ષા કરતું કોઇ પણ માલમ પડશે તો તેને એકદમ સંસ્થાન છોડવું પડશે, અને પેઢી તરફથી કોઇ પણ સંસ્થામાં તેનાથી રહી શકાશે નહીં. છોકરા છોકરીઓ આજ્ઞા ભંગ કરે તો તેમને ઉઠબેસ કરાવી અથવા એક વખ-

તનું ભોજન નહીં આપી અથવા ઉપવાસની ક્રિયા કરાવી સુધારવા જોઇએ, પણ તાડન તો બિલકુલ ન જ કરવું જોઇએ. ક્રોધ પણ કોઇ પણ કુટુંબીઓમાં અને અધ્યાપકો અથવા અધ્યાપિકાઓમાં ન હોવો જોઇએ. તેવાં માલમ પડતાં તેમને દૂર કરવામાં આવશે. કેવળ સમજુતીથી, હસાવી રમાડી, શિક્ષણ વાર્તારૂપે આપવું જોઇએ. છોકરાં છોકરીઓને ૧૮ વર્ષના થતાં સુધી શાળાઓમાં મોકલવાં પડશે. શાળાઓમાં ગુજરાતી, મરાઠી, સંસ્કૃત, ગણીત, હિંદી, અને અંગ્રેજી તેમજ સંગીતકલા, તંતુવાદ્યો અને ચિત્રકલા શીખવવામાં આવશે. શાળાઓમાં શીખતાં દરેક બાળક બાળકીઓને, પ્રથમ આંક, અને લખતાં વાચતાં સારી રીતે શીખવવામાં આવશે. સાડાસાતના પા સુધી આંક દરેકને કડકડાટ બોલતાં આવડવાં જોઇએ, અને તેમાંના પલાખા પણ આવડવાં જોઇએ. લીલાવતી સુધી ગણીત શાસ્ત્ર શીખી દરેકે પ્રવિણતા મેળવવી જોઇએ. ગમે તેવા મોટા હિસાબો પણ મોઢેજ ગણતાં આવડવા જોઇએ, તેમજ નામાનું પણ સંપૂર્ણજ્ઞાન દરેકને હોવુંજ જોઇએ. અક્ષર ઉપર ખાસ ધ્યાન આપવામાં આવશે, અને મોતીના દાણા જેવાં અક્ષરો દરેકના હોવાં જોઇએ. પ્રથમ શુદ્ધ લખતાં અને વાંચતાં આવડયા બાદ, તેમજ ગણીતશાસ્ત્ર અને નામાનું જ્ઞાન પૂર્ણ થયા બાદ, સંસ્કૃત અને બીજી ભાષાઓનો અભ્યાસ શરૂ કરવામાં આવશે. ઇતિહાસ, ભૂગોળ વગેરેનું જ્ઞાન પુસ્તકોદ્વારા ન આપતાં "મેજીક લેન્ટર્ન" અને "સીનેમેટેગ્રાફ" દ્વારા આપવામાં આવશે. આ વિષયોને ગૌણ ગણવામાં આવશે. દરેકે બરૂની કલમથી અથવા "કવીલ" થી લખવું જોઇએ. કોઇને પણ "સ્ટીલપેન" વાપરવા દેવામાં આવશે નહીં.

વાંચતા, લખતાં, અને ગણિતનું જ્ઞાન સંપૂર્ણ મેળવ્યા બાદજ, બીજી વિદ્યાઓ શીખવાને છોકરા છોકરીઓ લાયક ગણાશે. દરેક બાળક બાળકીને ગીતાના અઢારે અધ્યાયો અવશ્ય મોંઢે હોવા જોઇએ, તેમજ સંસ્કૃત ભાષાનું જ્ઞાન પણ અવશ્ય હોવું જોઇએ. હિસાબો મોંઢેજ કરવાની ટેવ પાડવી જોઇએ. "સ્લેટો" પર હિસાબ ગણવાની ટેવ ન પાડવી જોઈએ. ૧૮ વર્ષની ઉમ્મરના છોકરાં છોકરીઓ થતાં, તેમને વધારે અભ્યાસ કરી વૈદકીમાં, શાસ્ત્રોમાં, સંગીતમાં, સંસ્કૃતમાં અને બીજી વિદ્યાઓમાં પ્રવિણ થવું હશે, તો "નદીપાર"ની પાઠશાળામાં મોકલવામાં આવશે, જ્યાં સર્વ વિદ્યામાં પ્રવિણ વિદ્વાન પંડિતોની યોજના કરવામાં આવી છે, જેઓને હરેક વિદ્યા શીખવી હશે ત્યાં સુધી શીખવશે. ૧૮ વર્ષની ઉમ્મર થયા બાદ જેને જે ઉદ્યોગ શીખવો હશે, તેને પેઢીની "હુન્નરશાળા" માં અને કારખાનાઓમાં શીખવવામાં આવશે, અને વધુ અભ્યાસ કરવાને સારૂ વિલાયત અને હિંદુસ્તાનમાંના અન્ય સ્થળોએ, પેઢીના ખર્ચે મોકલવામાં આવશે. માત્ર તેઓએ પાછાં આવ્યા બાદ ઓછામાં ઓછાં પાંચ વર્ષ સુધી પેઢીનાંજ કારખાનાંમાં ઠરાવેલે પગારે નોકરી કરવી પડશે, અને પેઢીના સંસ્થાનમાં જ રહેવું પડશે. સંસ્થાનમાંની કોઇપણ નિશાળમાં પરીક્ષાની રૂઢી બીલકુલ કાઢી નાંખવામાં આવી છે. અધ્યાપકો અને અધ્યાપિકાઓને લાગે કે આ છોકરો અથવા આ છોકરી ઉપલા વર્ગને લાયક છે તો ગમે તે વખતે મુદતના બાધ સિવાય તેમાં બેસાડી શકે. અમુક વખત સુધી અમુક વર્ગમાં રહેવું એવો નિયમ પેઢી તરફથી ચાલતી નિશાળોમાં અને પાઠશાળામાં નથી. દરેક છોકરા છોકરીને રોજ ખાવાનું લેવાને અથવા બીજા

કામ સારૂ છ થી ૧૦ વર્ષની ઉમ્મર સુધી પેઢી તરફથી બબ્બે આના આપવામાં આવશે. ૧૦ થી ૧૪ વર્ષ સુધી ત્રણ ત્રણ આના, અને ૧૪ થી ૧૮ વર્ષ સુધી ચાર ચાર આના. આ રકમપર માબાપનો બિલકૂલ હક્ક રહશે નહીં. જુદી જુદી જાતની વાનીઓ ખાસ સંસ્થાનોમાંની વિધવા બાઇઓ બનાવી, "કમીટી"ની મંજુરી લઇ, ઠરાવેલી કીમતે બાળકોને વેચી શકે છે. બાળકો પોતાની બચત રકમ શેઠની પેઢીમાં પોતાના નામ પર જમા કરાવી શકે છે, અને તેનું તેઓને ૨૫ ટકા વ્યાજ આપવામાં આવશે પેઢી તરફથી ચાલતી નિશાળોમાં અને પાઠશાળામાં ઇનામ આપવાની રૂઢી કાઢી નાંખવામાં આવી છે, કારણકે તેથી, ઇનામ ન મળતાં બાળકોને દિલગીરી થઈ નિરાશ અને નિરઉત્સાહી થવું પડે છે. શેઠનો એવો મત છે, કે મંદ બુદ્ધી અથવા તિવ્ર બુદ્ધી બાળકોમાં હોવી, એ કેવળ પ્રારબ્ધાનુસાર છે. સર્વને સરખાં ગણી પ્રીતિથી તેમને રાખવાં જોઇએ. **કોઇપણ બાળક નિશાળે જવાની આનાકાની કરે, તો તેમાં માબાપોનો અધ્યાપકો અને અધ્યાપિકાઓનો જ વાંક કાઢવામાં આવશે. બાળકો કેવળ પ્રિતિને વશ હોય છે.** કોઇપણ બાળકને ધાસ્તિ ઉત્પન્ન થાય એવું કાર્ય, કોઇપણ માબાપે, અથવા અધ્યાપક અધ્યાપિકાએ ન કરવું જોઇએ. તેમનાં ચિત્તમાંથી કોઇપણ પ્રકારનો ડર કાઢી નાખવો, એ તેમની જોડે સંબંધ રાખનાર વડિલોની પ્રથમ ફરજ છે. બિહિકણપણું એ બાળકોમાં મહાન અવગુણ છે, એમ સર્વ વડિલોએ ખાસ સમજવું જોઇએ. પેઢી તરફથી ચાલતી 'હુન્નરશાળા'માં અથવા કોઇ પણ 'કારખાના'માં શીખતાં, છોકરાં છોકરીઓને, અને

સ્ત્રી પુરૂષોને, પેઢી તરફથી રોજના આઠ આઠ આના આપવામાં આવશે, અને તેઓ પ્રવિણતા મેળવી કારીગર તરીકે કામ કરવા લાગે ત્યારથી, અકેક રૂપિઓ આપવામાં આવશે. જેમ જેમ તેમની કારીગિરી વધતી જશે, તેમ તેમ તેમનો રોજ વધારી રૂા. ૧૦ સુધી લઇ જવામાં આવશે. વિલાયત વગેરે પ્રદેશોમાં વધુ પારંગતતા મેળવી આવ્યા બાદ, તેમને રોજના ૫૦ રૂપિયા સુધી લઇ જવામાં આવશે. દરેક હુન્નરમાં પ્રવિણતા મેળવનારને, અને પાઠશાળાઓમાં શીખવતાં અધ્યાપકો અને અધ્યાપિકાઓને તેમજ શિક્ષણ લેનારને આ નિયમ લાગુ પડે છે. માત્ર આઠ આનાથી ઉપરના રોજ મેળવનારાઓએ અડધા પૈસા પોતાના નામ પર પેઢીમાં જમાં રાખવા પડશે. જેના પર બાર ટકા વ્યાજ ચઢતું થશે, અને તે નાણું સંસ્થા છોડતી વખત અથવા લગ્ન પ્રસંગ ઉપર, અથવા બીજા કોઇ કારણો સર 'કમીટી' ની ભલામણ મુજબ આપી દેવામાં આવશે અને તેમાં પેઢી તરફથી ભલામણ મુજબ અને શેઠની ખાસ મુનશીબીથી વધારો પણ કરી આપવામાં આવશે.

૨૨. આ સંસ્થામાં રહેનાર કોઇપણ કુટુંબીઓથી પોતાની પુત્રી ૧૮ વર્ષની થતાં પહેલાં અથવા પુત્ર ૨૪ વર્ષનો થતાં પહેલાં, લગ્ન કરી શકાશે નહીં. હરેક પુત્ર પુત્રીના લગ્ન પોતાની ન્યાતમાં જ કરવા જોઇએ; પછી તે સંસ્થાનોમાં રહેતાં હોય કે બહાર કરવા જોઇએ. ન્યાતોનો સેળભેળ આ સંસ્થાઓમાં ચાલી શકશે નહીં. પેટા ન્યાતોનો સંબંધ ન જાળવે તો ચાલી શકશે, પણ બ્રાહ્મણ, વાણીયા, પાટીદાર વગેરેથી પોતાનો સમુદાય છોડી, અન્ય જ્ઞાતિમાં પુત્ર પુત્રી-

ઓને નહીં પરણાવી શકાય. આ નિયમો તોડનારને આશ્રમ છોડવો પડશે.

૨૩. કોઇ ગુન્હાને લીધે સંસ્થાનમાંથી કોઇને કાઢી મુકવામાં આવશે તો સંસ્થાન છોડી જતાં પહેલાં તેની પેઢીમાં રહેલી સર્વ રકમ વ્યાજ સાથે તેને ચુકવી આપવામાં આવશે. રાજીખુશીથી સંસ્થાન છોડનારને પણ આ નિયમ લાગુ પડે છે.

૨૪. સંસ્થાનોમાં રહેતાં કોઇપણ સ્ત્રી, પુરૂષ અથવા બાળકથી કોઇની પાસેથી કોઇપણ ચીજ બક્ષીસ તરીકે લેવાશે નહીં. પેઢી તરફથી ચાલતી દરેક સંસ્થામાં કોઇ બહારનાની મદદ બીલકૂલ લેવામાં આવશે નહીં. કોઇ ખુશી થઇ પોતાની મેળે આપે તો પણ આભાર સહિત તેની ના કહેવામાં આવશે. પુસ્તકો, ચીજો, વગેરે પણ કોઇ તરફથી બક્ષિસ લેવામાં નહીં આવે. પેઢી તરફથી ખરીદાએલી ચીજો અથવા પેઢીનાં કારખાનાઓમાં બનેલી ચીજો, દરેક સંસ્થામાં ઉપયોગમાં લેવામાં આવશે.

૨૫. સંસ્થાનોમાં રહેતાં દરેકે રાતના ૯ાા વાગે સૂઇ, સહવારે ૪ાા વાગે ઉઠવાની ટેવ રાખવી જોઇએ. બાળકોને પણ તેમજ કરવાની ટેવ પાડવી જોઇએ. આ નિયમ સતત તોડનારથી સંસ્થાનોમાં અને આશ્રમોમાં રહી શકાશે નહીં.

૨૬. સંસ્થાનોમાં રોજ સાંજનાં ૭ થી ૯ કથા થશે, અને ચોગાનમાં ગાગરીઆ ભટની પણ કથા થશે. ભાટ અને ચારણો વાર્તા કહેશે, અને બાળકોને અધ્યાપકો, અધ્યાપિકાઓ "મેજીક લૅંટર્ન" અને 'સીનેમેટોગ્રાફ' દ્વારા પૂરાણોની ઇતિહાસિક વાર્તાઓ કહી, ભૂગોળનું પણ સાથે સાથે જ્ઞાન આપશે. તે

વખત સંસ્થાનવાસીઓએ મરજીમાં આવે તે સાંભળવા બેસવું. અન્ય ધર્માવલંબીઓને સારૂ પણ રોજ એજ વખતે તેમના ધર્મગુરૂઓ 'મેજીક લેન્ટર્ન' અને 'સીનેમેટોગ્રાફ' દ્વારા તેમના ધર્મના ઇતિહાસ સંબંધી વ્યાખ્યાનો આપશે. નદીપારની પાઠ-શાળામાં ખાસ અભ્યાસ કરી તૈયાર થએલાં ઉપદેશકોનેજ આ કામમાં યોજવામાં આવશે. વખતોવખત "રાસલીલા" અને "નાટકો" પણ કરવામાં આવશે. સંસ્થાનવાસીઓથી બહારના નાટકો, "સીનેમેટેગ્રાફો" વગેરે જોવા જવાશે નહીં શેઠના મકાને અથવા સંસ્થાનોમાં "સરકસો" નાટકો, વગેરે જે બતાવવામાં આવે તેજ ફક્ત જોઇ શકાશે. બહારના કોઇપણ જાતનાં સંસર્ગથી સંસ્થાનવાસીઓએ દૂર રહેવાનું છે.

૨૭. વાર તહેવારે, સંસ્થાનમાંના ૧૮ વર્ષની અંદરના છોકરા છોકરીઓનો જન્મ દિવસ હોય ત્યારે તેમજ લગ્ન પ્રસંગે અને બીજાં શુભ પ્રસંગોએ પેઢીના ખર્ચે સર્વ સંસ્થાન-વાસીઓને પકવાન ભોજન 'કમીટી' ઠરાવે તે આપવામાં આવશે. આ ભોજન સંસ્થાનમાં રહેતાં બ્રાહ્મણ સ્ત્રી પુરુષો તરફથી તૈયાર કરાવવામાં આવશે, અને ન્યાતીવાર જુદાં જુદાં બેસાડી ચોગાનમાં જમાડવામાં આવશે. જે લોકો ચોગાનમાં સાથે બેસી નહીં જમી શકે, તેમનાથી રસોડામાંથી ઘેર ભોજન લઇ જવાશે. કોને ઘેર ભોજન લઇ જવા દેવું, અને કેટલું તે 'કમીટી' ના હૂકમ અનુસાર થશે.

૨૮. ઘેડાના છોકરાં છોકરીઓ, અને હિંદુ ધર્મ સિવાયના અન્ય ધર્માવલંબીઓનાં છોકરાં છોકરીઓ, જેઓ સંસ્થાનમાં રહેતાં હોય, તેઓ સંસ્થાનની નિશાળોમાં ભણી શકશે, પરંતુ સ્પર્શાસ્પર્શનો બાધ રાખી તેમની વ્યવસ્થા નિશાળોમાં

કરવામાં આવશે. તેઓ પણ બીજાઓની માફક, નદીપારની 'પાઠશાળા' અને 'હુન્નરશાળા'માં તેમજ બીજા 'કારખાના'ઓમાં શીખી ઉચ્ચ શિક્ષણ મેળવી શકશે એ લોકોને પણ ઉપલાં સર્વ નિયમો લાગુ પાડવામાં આવે છે, એટલે એમનામાં રૂઢી હોય તો પણ કોઇ પણ વિધવાથી ફરી પરણી શકાશે નહીં, અથવા કોઇ પણ વિધુરથી ફરી લગ્ન થઇ શકશે નહીં.

૨૯. પેઢી તરફથી ચાલતી કોઇપણ સંસ્થા અને સંસ્થાનોનાં સ્ત્રી પુરૂષો અને બાળકો કોઇપણ વિષય ઉપર પુસ્તક લખી નદીપારની પાઠશાળામાં નિમાયેલા તે વિષયના અધ્યાપક અથવા અધ્યાપિકાની મંજુરીથી, પેઢીના સ્ટેશન બહારના છાપખાનામાં છપાવી શકે છે, અને તેની નકલો હરેક સંસ્થાનવાસીને માંગવાથી વગર કીંમતે આપવામાં આવશે. ચિત્રો પણ આજ પ્રમાણે ચિતરી છપાવી શકાય છે. લેખકોને અને કવિઓને આ બાબતમાં પેઢી તરફથી ખાસ ઉત્તેજન આપવામાં આવશે. લેખકને અમુક રકમ ઇનામ પણ આપવામાં આવશે.

૩૦ સંસ્થાનોમાં દરેક ઘરમાં રાતના દીવા બત્તીની જરૂર હોય, તો ગાયના ઘીનીજ સમઇઓ ફાનસમાં મુકી વાપરવી. પેઢી તરફથી સર્વ સાહિત્યો પૂરાં પાડવામાં આવશે. કોપરેલ, કેરોસીન, વાપરવાં નહીં. ઉપયોગ સારૂ એક દિવેલનું કોડીયું દરેક ઘરમાં રાખવું.

આ નિયમો શેઠ કુંજબિહારિલાલના પિતા વસુદેવજીએ ઘડ્યાં હતાં, અને આજે ૫૦ વર્ષથી પળાતાં આવ્યાં છે, અને તેઓશ્રી વૈકુંઠવાસી થયા બાદ હાલની સ્થિતિને લઇને કુંજબિહારિલાલે તેમાં સુધારો વધારો કરી ફરીથી છપાવ્યાં

છે. આજે "કૃષ્ણદાસ બળદેવદાસ" તરફથી ચાલતી હરેક સંસ્થામાં, સંસ્થાનોમાંથી જ તૈયાર થયેલાં સ્ત્રી, પુરુષો, અધ્યાપકો અને અધ્યાપિકાઓ તરીકે કામ કરી રહ્યાં છે. કોઇ પણ બહારનું માણસ કોઇપણ સંસ્થામાં નથી. સ્ત્રી અને પુરૂષો બન્ને સરખી રીતે મોટા મોટા ઓધ્ધા ઉપર કામ કરે છે, અને કેટલાંક વધારેમાં વધારે રોજનો રૂા. ૫૦ પગાર કમાનાર પણ છે. સર્વ સંતોષથી અને રાજી ખુશીથી કેવળ સ્વરાજ્ય ભોગવી રહ્યાં છે, અને શેઠ શેઠાણીને પોતાના પિતા માતા જાણી, પૂજ્યભાવ રાખે છે. કેટલાંકોતો ઘણાં શ્રીમંત થઇ ગયાં છે તે છતાં સંસ્થામાંજ રહેવાનું, અથવા શેઠને બંગલે રહેવાનું પસંદ કરે છે. આજ સંસ્થામાં તૈયાર થએલાં કેટલાંક સ્ત્રી પુરૂષોને શેઠે બહારગામ પોતાની પેઢીઓ ઉપર કામ કરવા મોટા પગારે મોકલી આપ્યાં છે, અને તેઓ શેઠનું હિત હ્રુદયમાં રાખી, કેવળ નિમકહલાલીથી કામ કરી રહ્યાં છે, અને શેઠને અઢળક ધન પેદા કરી આપે છે. શેઠની કોઇપણ પેઢીમાં, નાનાથી મોટા સુધી; શેઠને ત્યાં ન શીખેલો, એવો કોઇપણ નથી. કોઇએ "ડીગ્રી" મેળવી નથી, પણ "ડીગ્રી"વાળાંઓ કરતાં, હજાર દરજ્જે સારૂં કામ કરી રહ્યાં છે. વિલાયતમાં, પેરીસ, લંડન, ન્યુયોર્ક, વગેરે સ્થળોએ પણ અહીંયાથી જ મોકલેલાં સ્ત્રી પુરૂષો કામ કરી રહ્યાં છે. "કૃષ્ણદાસ બળદેવદાસ"ની પેઢીનો એવો ખાસ નિયમ છે, કે કોઇપણ સંસ્થામાં કોઇપણ ભાગીદાર રાખવો નહીં. કેવળ પગારદાર નોકરોથીજ કામ લેવું, અને પેઢીમાં બહારના કોઇના પણ સંસ્થાનવાસીઓ સિવાયના પૈસા રાખવા નહીં. પોતાના પૈસાથી જ જે કામ કરવું હોય તે કરવું, અને કોઇ પણ

"લીમીટેડ કંપની"માં અથવા બીજાઓએ કાઢેલી સંસ્થામાં પૈસા રોકવા નહીં. શેઠ કૂંજબિહારિલાલ પણ આ નિયમ યથાર્થ રીતે પાળી રહ્યા છે. કોઇ પણ વીમા કંપનીમાં શેઠની કોઇ પણ સંસ્થાનો વીમો ઉતરાવ્યો નથી. એ છેતરપીંડીનો ધંધો છે, એમ એમને લાગે છે. નુકશાન થવું એ પોતાના પ્રારબ્ધની વાત છે, એમ એમનું માનવું છે. આપણું નુકશાન થાય, તે બદલ બીજા પાસે તે નુકશાની ભરી લેવાનો આપણે શું હક છે ? જે જવાનું છે તે જાય છે; રહેવાનું છે તે રહે છે. કોઇ કોઇનું કાંઇ લઇ જતું નથી અને કોઇ કોઇને કાંઇ આપતું નથી. કેવળ પ્રારબ્ધ અનુસાર થયાં કરે છે. રાજકિય બાબનોમાં શેઠ કૂંજબિહારિલાલનાં વિચારો બહૂ જુદાં પ્રકારના છે. એઓ એમ સમજે છે, કે રાજાઓમાં ઇશ્વરી અંશ છે, અને એઓ પોતાની પુણ્યાઇના બળથી રાજસત્તા ભોગવે છે. ("ના વિષ્ણુ પૃથિવી પતિ :"–વિષ્ણુના અંશ વગર પૃથ્વીપતિ રાજા થતો નથી.) તે ક્ષીણ થયે એની મેળે તે સત્તા એમની પાસેથી ચાલી જાય છે. પ્રજા એ કામમાં કાંઇ પણ કરી શકતી નથી. પ્રજા જેટલો વિરોધ કરે છે, તેટલો તેના ઉપર રાજ્ય તરફથી તિરસ્કાર ઉત્પન્ન થઈ, પ્રજાને જ દુઃખ ખમવું પડે છે. માટે શેઠ કૂંજબિહારિલાલ કોઈપણ રાજકિય બાબતમાં ભાગ લેતા નથી, પરંતુ રાજ્યના સર્વ કાયદાઓને માન આપી તે પાળતાં. પોતાના કારખાનાઓમાં 'ફેકટરી એકટ' મુજબ પાસ થએલાં જ 'ઇજનેરો' જોઇએ, તો પોતાની સંસ્થામાં તૈયાર કરેલાં પુરૂષોને સરકારે ઠરાવેલી પરિક્ષાઓ પસાર કરાવી કામ પર જોડતાં. એમને ત્યાં શીખી અનુભવ લઇ તેઓ એટલાં પ્રવિણ થઈ ગયેલાં કે પરિક્ષાઓ ઉંચે નંબરે પસાર કરતાં જરાએ વાંધો

આવતો નહીં. 'ફેક્ટરી એક્ટ'ના કાયદાઓને માન આપીને જ પોતાના કારખાનાઓમાં સ્ત્રી પુરૂષોને કામે લગાડતાં. કામદારો તપાસ સારૂ આવે તે વખતે કોઇપણ રીતે તેમને ભૂલ માલમ પડતી નહીં, પરંતુ ઉલટા પોતાનો પૂર્ણ સંતોષ જાહેર કરતાં. કોઇ પણ બાબતમાં શેઠની વિરૂદ્ધ કોઇપણ કામદાર જતો નહીં, તેમ કોઇપણ કામદારની કાયદો તોડી અઘટિત ખુશામત કરવાની જરૂર પડતી નહીં. જમીનોની મહેસુલ પણ વખત થતાં શેઠના કામદારો ભરી આપતાં. તલાટીઓને માંગવા આવવાની જરૂર પડતી નહીં. શેઠના કામદારોને ખાસ ભલામણ કરવામાં આવેલી કે કોઇની સાથે પણ વિરોધ કરવો નહીં. "ઇન્કમટેક્સ" અને "સુપરટેક્સ" પણ ખરેખરી હકીકત કહી શેઠના કામદારો ભરી આવતાં. "ઇન્કમટેક્સ કલેક્ટર" ને અ-વિશ્વાસથી કોઇપણ દિવસ શેઠના ચોપડા તપાસવા પડતાં નહીં. આટલો મોટો વ્યવહાર છતાં કાર્તક મહિનામાં એમની દરેક સંસ્થાનું "સરવૈયું" નીકળતું. એમની પેઢીમાં અનિતિનો કોઇપણ દાખલો બનતો નહીં. કેવળ સરળપણાથી એમનો સત્યપણે કારભાર ચાલ્યા કરતો, અને કોઇપણ વાત એમને છૂપાવવાની જરૂર પડતી નહીં. અમુક નફો ચઢાવી માલ વેચવો, તે પ્રથા પ્રથમથી જ આ પેઢીમાં ચાલી રહી હતી, અને કોઇને પણ છેતરવાની ધાસ્તિ બિલકુલ રહેતી નહીં. અસત્યપણે ચાલનાર કોઇપણ એમને ત્યાં ટકી શકતું નહીં; મુંગે મોંઢે તેને ચાલ્યા જવું પડતું. વ્યાપાર સિવાય શેર સટ્ટાનો ધંધો એમની પેઢીએ કોઇ દિવસ કર્યો નથી. કોઇના ઉપર એમની પેઢી તરફથી હજુ સુધી "કોર્ટ"માં ફરિયાદ થઇ નથી. શેઠે કોઇ દિવસ "કોર્ટ"નો દરવાજો પણ જોયો નથી.

કોઇ વખત કોઇની સાથે વ્યાપાર સંબંધી તકરાર પડતી, તો ઘર મેળે જ તેનો નિકાલ થઇ જતો.

શેઠનો નિત્યક્રમ એવો હતો, કે સહુવારે ૩૫ા વાગતા ઉઠતાં. યોગની કેટલીક ક્રિયાઓ કરી, શૌચ જઇ આવી, મોઢું ધોઇ, કૂવામાંથી પોતે જાતે પાણી કાઢી લઇ, શરીરે 'પંચગવ્ય' ચોળી, થંડે પાણીએ જ નાહી લેતાં. પછી પોતાના વસ્ત્રો પોતે જ ધોઇ નાંખી ધ્યાનમાં બેસતાં, સૂર્ય ઉગતાં અગાસીમાં જઇ નમસ્કાર કરી, પ્રાણાયામ સાથે પંચપ્રાણ જયની, અને ત્રાટકની ક્રિયા કરતાં, પછી શ્રી બાલકૃષ્ણલાલજીના પોતાના મકાનનાં મંદિરમાં જઈ દર્શન કરી રાજભોગ ધરાઇ રહ્યાં બાદ આરતી ઉતારતાં, અને પછી બરાબર આઠ વાગે કીર્તિબા સાથે કાચુંજ ભોજન લેતાં. કીર્તિબા પણ ૩૫ા વાગતાંના ઉઠી શેઠની માફક જ સર્વ ક્રિયાઓ કરી શેઠ મંદિરમાં પધારે ત્યાર પહેલાં ત્યાં હાજર રહેતાં અને મંદિરમાંથી બહાર નીકળતાં સ્વામીની પૂજા કરી પગે પડતાં. ભોજન લીધાં બાદ તુળશીના પાંતરા મોઢું ભરી ખાઇ બળદનો માફો જોડાવી નવ વાગતે ઘર બાહાર નીકળી પડતાં. એમને ત્યાં કોઇ પણ બળદોને ખસી કરવામાં આવતાં નહીં, તેથી એમના માફાને સાંઢો જ જોડાતાં, અને તે એવાં કેળવેલાં કે બિલકૂલ મસ્તિ કરે નહીં. નીચે ઉતર્યા બાદ પ્રથમ ગૌશાળામાં જઈ ગૌઓનું પૂજન કરી, પ્રદક્ષણા ફરી, પગે લાગી માફામાં બેસતાં. પ્રથમ ગોપીપૂરામાં પોતાની પેઢી પર જઈ, અસલ ગાદી ઉપર "કૃષ્ણદાસ બળદેવદાસ"ની અને બીજા પોતાના પૂર્વજોની છબીઓ ટાંગેલી, તેને હાર પહેરાવી ગાદીનું પૂજન કરી, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી, પોતાના ખંડમાં જઇ મુનીમે રજુ કરેલાં ચોપડાંઓ ઉપર નજર ફેરવી જતાં.

પછી ઝવેરાતની દૂકાને જઇ, ત્યાંનું કામકાજ જોતાં, પછી જરી-કામની દૂકાને જઇ ત્યાંના કામકાજ પર નજર કરી, જરીકામનાં ભવ્ય કારખાનામાં સઘળે ફરતાં. ત્યારબાદ માફામાં બેસી બરાનપૂરી ભાગોળે જઇ પોતાનો "ખાદીભંડાર", "રેશમી, સુતરાઉ અને ગરમ કાપડની દૂકાન"ના ચોપડા પર નજર નાંખી, આમ તેમ ફરી, "સ્વદેશી વસ્તુ"ના ભંડારમાં જતાં. ત્યાંથી કરીઆણું વગેરે પરચુરણ સામનની દૂકાનમાં થઇ, માળ ઉપર જૂની વસ્તુઓના પ્રદર્શનની "ઓફીસ"માં થોડો વખત બેસી, કામદારોની સાથે વાતચીત કરી, સ્ટેશન બહાર વરાછાના રસ્તા પરના કારખાનાઓમાં થઇ, અશ્વનીકુમારના કારખાના-ઓમાં જતાં. ત્યાં આશરે ત્રણ વાગતાંને સુમારે નદીપાર આવતાં. ત્યાં પ્રથમ પાઠશાળા, બ્રહ્મચારી આશ્રમ, વાનપ્રસ્થ આશ્રમ, વગેરેની મુલાકાત લઇ સન્યાસાશ્રમમાં આવી, દરેક સન્યાસીને પુષ્પનો હાર ચઢાવી, પગે લાગી, અડધો કલાક તેમની પાસે શ્રવણ કરી, પાછા માફામાં બેશી મોટે મંદિરે આવતા, ત્યાં દર્શન કરી સૂર્યાસ્ત પહેલાં ઘેર આવી પહોંચતાં. ગાયનું તાજું ઠંડુજ દૂધ પી, પછી સ્નાન કરી, કલાકેક ધ્યાનમાં બેસતાં. રાતના ૮ થી ૯ કીર્તિબા સાથે શાસ્ત્રીજી પાસે અધ્યાત્મ શાસ્ત્રનું શ્રવણ કરી, ૯ા વાગે ખુલ્લામાં ફક્ત દર્ભનું આસન, તેના પર મૃગચર્મ અને તેના પર ખાદીનું શ્વેત વસ્ત્ર બિછાવી મંટોડીના ઓટલા પર સૂઇ જતાં. કીર્તિબા જોડેના ખંડમાં એજ પ્રમાણે આસન પર ખુલ્લામાં સૂતાં. બંને જણા પંચકોષો (અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય) ને તૃપ્ત કરવાનો, એટલે "પંચયજ્ઞ" કરવાનો રોજ નિયમ રાખતાં, અને તેથી હાલમાં કોષાતીત સ્થિતિ પ્રાપ્ત કરી શકયાં

છે, અને જીવનમુક્ત સ્થિતિમાં રહી મનુષ્ય દેહનું કર્તવ્ય પુરૂં કીધું છે.

શેઠ નવ વાગતે બહાર નીકળી પડ્યા બાદ, કીર્તિબા, કુમુદચંદ્ર અને રાધા સાથે થોડી વાર્તાચત કરી દશ વાગતાને સુમારે માફો જોડાવી, સાથે એક બીજા માફામાં મીઠાઇ, પુસ્તકો, (બહારના અને સંસ્થાનોમાંનાં લેખકોએ અને કવિઓએ રચેલાં) રમકડાં, (પેઢીની હુન્નરશાળામાં બનાવેલાં) સીવેલાં ખાદીના કપડાં, મેવો, કાંઈ સોના રૂપાના દાગીના લઈ પ્રથમ શેઠની જ માફક ગૌઓનું પૂજન કરી, માફામાં બેસી પ્રથમ ઘોડદોડ પરના સંસ્થાનમાં જતાં ત્યાં રહેતાં કુટુંબીઓના મકાનમાં જઇ ભોંય પર જ બેસી થોડો વખત સર્વની સાથે પ્રેમથી વાતચીતો કરી, સાથે લાવેલાં રમકડાં, મેવો, મીઠાઇ, અને શીવેલાં કપડાં, બાળકોને અને બાળકીઓને વહેંચી આપી, તેમને ખુશ ખુશ કરતાં. મોટાં બાળકો અને બાળકીઓને વાંચવાના પુસ્તકો આપતાં કોઇ નવું સંસ્થાનમાં બાળક જનમ્યું હોય તો તેને સોના રૂપાના દાગીના અને ઝભલા ટોપી આપતાં. કોઇ છોકરીને આણું વળાવવાની હોય તેને તેમજ કોઈના પુત્રની નવી વહુ આવી હોય તેને, નખશી માથા સુધીના સંપૂર્ણ દાગીના આપતાં તેમજ પુત્ર પુત્રીના લગ્ન વખતે પણ કન્યા-દાનમાં સર્વ દાગીના આપતા. રોજ આ પ્રમાણે શેઠાણી આશરે એક હજારનો ખર્ચ કરતાં. મહિનામાં આશરે ૩૦ હજારની ચીજો સ્વદેશી વસ્તુ ભંડારમાંથી એમને પૂરી પાડવામાં આવતી પછી ''આરોગ્ય ભૂવન'' માં જઇ માંદાઓની તપાસ કરતાં અને તેમને સારૂં ફળફળાદિ આપતાં અને વૈદ્યને તેમની બરાબર સંભાળ લેવાની ભલામણ કરી, નિશાળમાં દરેક

વર્ગમાં ફરી, પછી ગૌશાળાની મુલાકાત લઈ, હુન્નરશાળામાં જતાં, અને ત્યાંની વ્યવસ્થા જોઇ શ્રી રામચંદ્રજીનાં મંદિરમાં જઈ, ભેટ મૂકી, માફામાં બેશી ગોપીપૂરામાં જરીકામમાં રોકાએલી સ્ત્રીઓની મુલાકાત લઇ, સ્ટેશન બહાર કારખાનાઓની સંસ્થામાં અને નિશાળોમાં એજ પ્રમાણે તપાસ કરી, નદીપાર જઇ કન્યાશાળાની અને વિધવાશ્રમની મુલાકાત લઈ, વાનપ્રસ્થ આશ્રમમાં થોડો વખત બૈરાઓ સાથે વાતચિત કરી, શેઠ સ્વામીઓ પાસે શ્રવણ કરતાં હોય, ત્યાં થોડો વખત બેશી શેઠની સાથે જ પોતાના માફામાં બેશી, મોટા મંદિરે આવતાં, અને ત્યાં દર્શન કરી, શેઠની સાથે જ ઘેર આવતાં. થોડો વખત શેઠને સર્વ હકીકત સંભળાવી, દૂધ પી, સ્નાન કરી, ધ્યાનમાં બેસતાં, અને પછી શેઠની સાથે શ્રવણ કરી તેમને પગે લાગી સૂઇ જતાં.

શેઠ કુંજબિહારિલાલ અને કીર્તિબાએ એક મહાન સમર્થ મછેન્દ્ર ભગવાન જેવા યોગી પાસે યોગનાં અષ્ટાંગ–યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, અને સમાધિ, શીખી લીધાં છે, અને ચાર બંધ અને આઠ મુદ્રાઓ–જાલંદર બંધ, ઉઠીયાનબંધ, મૂળબંધ, મહાબંધ, મહા મૂદ્રા, મહા વેધ, ખેચરી મુદ્રા, કાકી મુદ્રા, ષ્ણ્મુખી મુદ્રા, અશ્વિની મુદ્રા, વિપરિતકરણી મુદ્રા, અને વજ્રોલી મુદ્રા, પણ સાધ્ય કરી લીધાં છે, તેથી તેમની કુંડલિની જાગ્રત થઇ તેમને અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઇશતા, અને વશિતા, પ્રાપ્ત થયાં છે. હિંદુસ્થાનમાં આજે એઓ બન્ને શિખરધ્વજ અને ચુડાવાનો જ અવતાર છે, એમ કહીએ તો પણ ચાલે. પંચપ્રાણજય પણ એ બન્નેએ મેળવ્યો છે, પોતે બન્ને

યોગમાં ઘણુંજ નિપૂણ હોવાને લીધે, મહાન સમર્થયોગીઓને પોતે પોતાની નદીપારની પાઠશાળામાં રાખ્યાં છે, જેઓ બ્રહ્મચારીઓને, વાનપ્રસ્થોને, વિધવાઓને અને અધ્યાપક, અધ્યાપિકાઓને યોગની ક્રિયાઓ શીખવે છે. પેઢી તરફથી ચાલતી હરેક શાળામાં પ્રથમ યોગના ચાર અંગો યમ, નિયમ, આસન, અને પ્રાણાયામ, મુખત્વે કરીને શીખવવામાં આવે છે, નિશાળના સર્વ છોકરાં છોકરીઓને કસરતમાં આસનો, અને પંચપ્રાણ જયની ક્રિયાનો ઉપયોગ જ કરાવવામાં આવે છે, અને છેલ્લાં વર્ગના એટલે આશરે ૧૮ વર્ષના છોકરાઓ અને ૧૮ વર્ષની છોકરીઓ, ચારબંધ અને આઠ મુદ્રાઓ સારી રીતે કરી શકે છે. અને અંતઃશુધ્ધિને સારૂં કપાલભાતી, નેતિ, જલધૌતિ, ત્રાટક, વાસધૌતિ, નૌલી, ગણેશધૌતિ, અને બસ્તિ, પણ હરેકને શીખવવામાં આવે છે. આ યોગની ક્રિયાઓ શીખી લીધાંથી, હરેક શરીરે સુદ્રઢ અને મહાન શક્તિવાળા થાય છે. કોઇપણ પાશ્ચિમાત્ય ખર્ચાળ કસરતો નિશાળોમાં અને પાઠશાળામાં શીખવવામાં આવતી નથી. "આરોગ્યભુવન"માં યોજાએલાં દાક્તરો, અને દાક્તરણોને સંપૂર્ણ યોગ વિદ્યાનું જ્ઞાન હોય છે, અને અંતઃશુદ્ધીની નેતિ, ધૌતિ વગેરે ક્રિયાઓ જાણે છે, અને તેવડે રોગીઓને સારાં કરે છે.

૪

કૃષ્ણચંદ્ર

કૃષ્ણચંદ્રનો જન્મ નંદરાય અને જશોદાને પેટે, મોહમયી નગરીમાં વણિક કુટુંબમાં થયો છે ગર્ભશ્રીમંત હોઇ, એકનો એક પુત્ર હોવાથી, લાડમાં ઉછેરાએલો છે. એના પિતાનો મોહમયીમાં માહાલક્ષ્મીની બાજુમાં "વોર્ડન રોડ" ઉપર ભવ્ય બંગલો આવ્યો છે. પાંચ 'મીલો'ના એઓ 'એજંટ' છે, અને આજે સારા પૈસા ભેગા કીધાં છે. પાશ્ચિમાત્ય સર્વ સંસ્કારોથી ભરપૂર હોવાને લીધે, બંગલામાં જ્યાં જોઇએ ત્યાં અંગ્રેજી ઠાઠજ બની રહ્યો છે. "મોટરો", "ઇલેકટ્રીક લાઇટ", "ટેલીફોન", વગેરે સર્વ સાધનો બંગલામાં છે. વૈષ્ણવ હોઇ ધર્મના કોઇ સંસ્કારો નંદરાય અને જશોદામાં પડયાં નથી. મહારાજોની અને મંદિરોની અવગણના કરવામાં બહુ રસથી બન્ને જણા ભાગ લે છે. માધવબાગમાં લક્ષ્મીનારાયણના મંદિરે દર્શન કરવા કોઇ વખત જાય છે. નવામાં નવી "ફેશન"ના બન્ને પોષીંદા છે. દર રવિવારે પહેરી ઓઢી નાટકમાં તો જવું જ જોઇએ. 'ટેલીફોન' થી સીટો 'રીઝર્વ' કરવામાં આવતી. નવો નાટક હોય તો દશ દશ રૂપિએ પણ 'સીટો' રીઝર્વ કરવામાં આવે. શેઠ અને શેઠાણી 'લેમોનેડ' અને 'સોડા' પાણીને બદલે પીએ. બન્ને વખત ચાહ સાથે હન્ટલેપામર' ના 'બીસ્કીટો' તો આવે જ. અંગ્રેજી પદ્ધતિ પ્રમાણે ચાહની 'ટ્રે' બન્ને વખત આવે, અને જશોદા ચાહ બનાવી શેઠને, પરોણાઓને અને કૃષ્ણચંદ્રને 'બીસ્કીટ' સાથે આપે. ઉંચામાં ઉંચા 'બુટો' 'ડનેટ કંપની' માંથી શેઠ અને શેઠાણી લાવી પહેરતાં.

'ઇવેન્સફ્રેઝર'ને ત્યાં શેઠાણીના કપડાં શીવાતાં. 'ભેસાણીઆ'ને ત્યાંથી નવામાં નવી 'ફેશન' ની સાડીઓ ખરીદવામાં આવતી. શેઠના અને કૃષ્ણચંદ્રના સર્વ કપડાં 'એસ કવીથ અને લોર્ડ' ને ત્યાં શીવાતાં, અને સર્વેના કપડાં 'ઇલેકટ્રીક લોન્ડ્રી' માં કોટમાં ધોવા સારૂ જતાં. દિવસમાં ચાર વખતે 'ડ્રેસો' જુદી જુદી જાતનાં ઉંચા પ્રકારનાં બદલવામાં આવતાં. ઉત્તમમાં ઉત્તમ 'સેન્ટો' અને સાબુઓનો ઉપયોગ કરવામાં આવતો. શેઠાણી સારૂ રોજ 'હેર કટીંગ સેલુન'માંની ક્રીશચ્યનબાઇ 'મોટર'માં 'હેર ડ્રેસ' કરવા, એટલે ચોટલા ઓળી, અંબોડા વાળી, પીનો વગેરે ખોસી, ટાપ ટીપ કરવા સારૂ આવતી. ઘરમાં હંમેશાં બુટ મોજાં પહેરેલાં જ રાખતાં અને 'ડ્રેસ' પહેરી બનીઠનીને બેસતાં. જમવાનું રસોઇઓ 'ટેબલ' પર લાવતો. અને 'ડીનર ડ્રેસ'માં બુટ મોજાં સાથે બેસતાં. જમવાનું ઘણું ખરૂં 'ગોખલે'ની હોટલમાંનું ઉત્તમમાં ઉત્તમ મોટરમાં આવતું; અને તેમાં ઘરના રસોઇઆઓ જુદી જુદી વાનીઓ બનાવી પીરસતાં. ચાર રસોઇઆઓ અને એક 'હેડ કુક' (મુખ્ય રસોઇઓ) મળી પાંચ હતાં. આશરે માળી, મોટર ડ્રાઇવરો, ઘોડાવાળાઓ, અને બીજા મળી ૨૦ નોકરો હતાં. તેમાં શેઠાણીની ખીજમતને સારૂ ખાસ પાંચ બાઇઓ રાખવામાં આવેલી હતી. દરેક ઓરડા ઉપર બબ્બે નોકરોની નીમણુંક હતી. બે નોકરો તો ફક્ત 'ડ્રેસો' અને 'બુટો' સાફ કરવા સારૂ ખાસ હતાં. 'હેર કટીંગ સેલુન'માંનો ક્રીશચ્યન 'બારબર' (હજામ) મોટરમાં આવી શેઠની, કૃષ્ણચંદ્રની અને પરોણાઓની રોજ હજામત કરી જતો. ઘંટડી વગાડે કે નોકર આવે. બન્ને જણાં 'અપટુડેટ ફેશન' માં રહેતાં. 'ફરનીચર' બંગલામાં

સઘળું વિલાયતી જ. સહુવારે રોજ શેઠ અને શેઠાણી 'અંગ્રેજી' પોષાક પહેરી ઘોડા પર દરિયા કિનારે ફરવા જતાં. સાંજના મોટરમાં બેસી બોરીબંદર પાસેની 'ગોખલેની હોટલ' માં 'રીફ્રેશમેન્ટ' લઇ 'બેન્ડ સ્ટેન્ડ' પર ફરવા જતાં. કોઇ પણ ઉમદા ગોવેકરી નોકર શનીવારની રાતે નાચતો હોય જ. બગીચો 'ક્રોટનો,' 'ફર્ન' અને બીજા અંગ્રેજી ઝાડોથી ભરપૂર હતો. શેઠ અને શેઠાણીના મિત્રોથી શેઠનો બંગલો હમેશાં ભરાએલો ને ભરાએલો જ રહેતો, અને ટોલટપ્પા મારવામાં વર્તમાનપત્રોમાં આવતી બાબતો પર વાદવિવાદ કરવામાં, અને લોકોની નિંદા કરવામાં વખત જતો. કોઇ પણ ભિખારી, બ્રાહ્મણ, અથવા અપંગ, ભીખ માંગવા બંગલે આવી ચઢયો, તો હડધૂત કરી બાહારોબાર જ શેઠના નોકરો હાંકી મૂકતાં અને કહેતાં કે 'પુવર હાઉસ'માં જાઓ, અથવા મજુરી કરી ખાઓ. શેરોનો સટ્ટો કરવાનો પણ શેઠ અને શેઠાણીને શોખ હતો. શરતોમાં પણ એમનાં ઘોડા મૂકાતાં. પૂણાની શરતો વખતે સપ્ટેંબર મહિનામાં શેઠ અને શેઠાણી "રેસ સ્પેશ્યલ"માં દર શનિવારે પૂણે તો જાય જ. "ફર્સ્ટ કલાસ" સિવાય કોઇ વખત બીજા ડબામાં નહીં બેશે. ઉન્હાળાની મોસમમાં માથેરાન કે મહાબળેશ્વર મોટા ભાડાથી બંગલો રાખી ગયા સિવાય રહે નહીં. શેઠ અને શેઠાણી બન્ને અંગ્રેજીનું ઉચ્ચ પ્રકારનું જ્ઞાન ધરાવતાં, તેથી એમની ખાસ એવી ઇચ્છા કે પુત્રને પણ ખૂબ ભણાવવો. સુધારામાં શેઠ અને શેઠાણી અગ્રેસર હતાં, તેથી છોકરાને પુખ્ત ઉમ્મરે પરણાવવો એવો વિચાર ધરાવતાં હતાં, અને તેને લીધે જ આજ કૃષ્ણચંદ્રની ચોવીસ વર્ષની ઉમ્મર થઇ ત્યાં સુધી એ કુંવારો રહેલો. કૃષ્ણચંદ્ર હોંશિયાર હોવાથી એમ. એ.

એલ. એલ. બી. ની પરીક્ષાઓ પસાર કરી, એલ. એલ. એમ.નો અભ્યાસ કરતો હતો.

આવા વાતાવરણમાં ઉછેરાયલો "કૃષ્ણચંદ્ર" કેવો હોય? પણ કોઇ પૂર્વના સંસ્કારોને લઇને એ અત્યાર સુધી શુદ્ધ રહેલો છે, અને પવિત્ર વિચારો ધરાવે છે, પણ આચારોમાં તો માતા પિતા સાથે સામેલ થાય છે. મિત્રોમાં એ બહુ ભળતો નહીં. સ્વાભાવિક રીતે એકલા જ ફરવા જવું, એકલા જ બેસી વાંચ્યા કરવું, એને ઠીક લાગતું. પહેરવા ઓઢવામાં એ "ફેશનેબલ જેન્ટલમેન" હતો, અને અંગ્રેજી પોષાક જ હંમેશા પહેરતો. એ આશરે પોણા છ ફૂટ ઉંચો, ગૌર વર્ણનો, શરીરના મજબૂત બાંધાનો, હસમુખા સ્વભાવનો અને જોતાની સાથે કોઇને પણ એના પર પ્રીતિ ઉત્પન્ન થાય એવો હતો. ઘણું ખરૂં અંગ્રેજીમાંજ બોલવું એને પસંદ પડતું, તે છતાં ગુજરાતીનું એ ઘણું સારૂં જ્ઞાન ધરાવતો હતો, અને એનામાં કવિત્વ શકિત હોવાથી અંગ્રેજી અને ગુજરાતી કવિતાઓ બનાવવાનો એને શોખ હતો, અને કોઇ કોઇ વખત વર્તમાન પત્રોમાં અને માસિકોમાં પણ લેખો લખતો. પશ્ચિમની રીતભાત, રહેણી કહેણી, પહેરવેશ, બોલવું ચાલવું અને વિચારો એને બહુ પસંદ આવતાં, તેથી એ ઘણુંખરૂં અંગ્રેજી પુસ્તકો વાંચતો. હિન્દુસ્તાન છેક પછાત અને સર્વ બાબતમાં નિર્માલ્ય છે એમ એને લાગતું; અને હિન્દુસ્તાનના લોકો બોલવામાં બહુ શુરા, કોઇ પણ કામ કરવાને નાલાયક, માંહો માંહે લઢવાવાળા અને કુસંપી તેમજ જંગલી રિવાજોથી રીબાએલાં, "ડર્ટી" અને અનેક ન્યાતોના ઝઘડામાં પડેલાં લાગતાં. ધર્મની બાબતોમાં પણ એના વિચારો એવાં હતાં કે આપણા પૂરાણો કેવળ

અસંભવિત વાતોથી ભરપૂર, ગપગોળાંથી ભરાએલાં અને અનીતિના માર્ગે દોરવનારાં છે. તેમાં વળી એ વિચારોમાં એના માતા પિતા વારંવાર પૃષ્ટિ આપતાં. "રામાયણ" પર એને બહુ સારી પ્રીતિ હતી, અને "ગ્રીફીથે" બનાવેલું આખું રામાયણ એ અંગ્રેજીમાં વાંચી ગયો હતો. તેમજ કલકત્તાના બાબુઓએ પુરાણો અંગ્રેજીમાં લખેલાં છે તે પણ એણે વાંચ્યા હતાં. ગુજરાતી લેખકોમાં એ "ગોવર્ધનરામભાઇ" ને પસંદ કરતો અને "નર્મદાશંકર"ની કવિતાઓ એને બહુ પસંદ આવતી. નંદશંકર ભાઇનો "કરણ ઘેલો" એને પસંદ પડતો. સંસ્કૃત મિશ્રિત ગુજરાતી ભાષા ગોવર્ધનભાઇની એને સારી લાગતી; અને પોતે પણ તેનું અનુકરણ કરવા જતો, પણ ગુજરાતી સંસ્કૃતનું જ્ઞાન અપૂર્ણ એટલે "પારસી" શબ્દો બોલવામાં અને લખવામાં ઘુસી જતાં. હમણાં હમણાં એ સરળ અને શુદ્ધ ભાષા બોલવાનો અને લખવાનો પ્રયત્ન કરી રહ્યો છે.

કુંજબિહારિલાલ ઘણાં વર્ષ પહેલાં મોહમયી નગરીમાં ગએલાં તે વખત નંદરાયના સાંભળવામાં આવ્યું કે "કૃષ્ણદાસ બળદેવદાસ"ની પેઢીના શેઠ આવેલાં છે, અને ઘણાં શ્રીમંત અને વિદ્વાન છે, તેથી પોતાના એક મિત્ર સાથે એ એમની મુલાકાતે ગએલાં. નંદરાયને પ્રથમથી જ મોટાં મોટાંઓની ઓળખાણ રાખવાની અને તેમની સાથે પત્ર વ્યવહાર કરવાની હોંસ હતી, તેથી એમનો સ્વભાવ બહુ ઘુસણીઓ હતો. શેઠની મુલાકાતથી એમને ઘણો આનંદ થયો, અને પછી જ્યારે જ્યારે શેઠ મોહમયી નગરીમાં આવતાં, ત્યારે ત્યારે તેમને એઓ પોતાની ગાડી લઇ, સ્ટેશન પર તેડવા અને મૂકવા જતાં, અને આખો દિવસ ઘણો ખરો તેમની સાથે જ ગાળતાં, જો કે એમના વિચારોમાં

અને શેઠ કુંજબિહારિલાલનાં વિચારોમાં આસમાન જમીનનો ફરક હતો. પણ શેઠની ખુસામત કરવામાં, અને મોટા કહેવડાવવામાં એઓ માન સમજતાં હતાં. શેઠને ઘણી વખત એમણે આગ્રહ કરેલો, પણ એઓ કોઇ દિવસ એમને બંગલે ગએલાં નહીં, પણ પોતાની પેઢી પર જ ઉતારો રાખતાં, અને ઓહોળા કામને લીધે નંદરાયને બંગલે અમસ્તા પણ જવાનો એમને પ્રસંગ આવેલો નહીં. કૃષ્ણચંદ્રના જન્મની શેઠને ખબર પડેલી, પણ કોઇ દિવસે તેને એવણે જોએલો નહીં. નંદરાય મહિનામાં એક વખત તો અવશ્ય શેઠને અંગ્રેજીમાં પત્ર લખતાં, અને શેઠ તેનો તાબડતોબ ગુજરાતીમાં ઉત્તર પણ એમના રિવાજ પ્રમાણે આપ્યા જતાં. આ વખતે શેઠ કુંજબિહારિલાલને, કૃષ્ણચંદ્રને જોવાની અને મળવાની ખાસ ઉત્કંઠા સ્વાભાવિક રીતે ઉઠેલી, અને તેથી સૂર્યપૂરનો ગોકુળ અષ્ટમીનો મેળો જોવા એને મોકલવા, નંદરાયને આગ્રહપૂર્વક લખેલું; મોટાના લખવાને જરૂર માન આપવું જોઇએ એમ વિચારી, કૃષ્ણચંદ્ર શરમાતો હતો તો પણ એમણે અને જશોદાએ એને સમજાવી મોકલ્યો. સાંજ સુધી નીકળવાનો એનો નિશ્ચય નહોતો, પણ પછી એકદમ વિચાર કરી નીકળી પડયો.

રાધાને જોતાંની સાથે જ કૃષ્ણચંદ્રના ચિત્તમાં કાંઇ અવનવા વિચારો એકદમ સ્ફૂરી આવ્યાં, અને કોણ જાણે શી રીતે પણ એનો પ્રેમ રાધા પર ચોંટયો. આવી એના મનની સ્થિતિ કદી થઇ નહોતી. કોણ જાણે શા કારણે સ્ત્રી જાત ઉપર એને તિરસ્કાર હતો, અને કોઇ પણ સ્ત્રી સાથે એને બોલવું બેસવું ગમતું નહીં. એના પિતાશ્રીના દોસ્તારોમાંનાં પારસી, અંગ્રેજ, અને હીંદુ ઘણા કુટુંબો વખતોવખત બંગલે આવતાં, રહેતાં, મઝા

ઉડાવતાં, અને તેમાંની કોઇ કોઇ યુવાન ખુબસુરત છોકરીઓ તો કૃષ્ણચંદ્રની મશ્કરી ઉડાવતી, અને બાગમાં એકલી એની સાથે ફરવા પણ જતી, તે છતાં કૃષ્ણચંદ્રનું ચિત્ત ડગમગતું નહીં, અને એ તેઓથી અળગો થઇ, પોતાના ખંડમાં જઇ એકલો બેશી રહી વાંચ્યા કરતો. એને બધાં બહુ શરમાળ અને કેટલાંક તો મશ્કરીમાં "બાયલો" પણ કહેતાં, પણ તેની એના પર કાંઇ અસર થતી નહીં. આજે રાધાને જોતાંની સાથે એનું ચિત્ત એકદમ કેમ ચકડોળે ચડયું, તે એને જ સમજાતું નહોતું.

પોતાને સોંપેલા ખંડમાં જઈ એ ખાટલા પર સૂતો, પણ એને ઉંઘ આવે નહીં. આખી રાતનો "ટ્રેન"માં ઉજાગરો થયો હતો, અને પરોઢીએ કાંઇ ઉંઘ આવે તો સારૂં એમ લાગતું હતું, પણ રાધાના જ વિચારો એના ચિત્તમાં આવ્યાં કરે, અને આંખ મીંચે તો રાધાની જ મૂર્તિ એના આગળ ખડી થાય. એટલામાં જોડેના ખંડમાંથી રાધાનો ગાવાનો અવાજ સંભળાયો, અને પોતાથી પણ કાંઇ તુરતા તુરત ગાઈ જવાયું. થોડી વારે એને ઉંઘ આવી, અને એ સૂઇ ગયો.

નોકર બે ચાર વખત એના ઓરડા પાસે આવી ગયો, પણ એમને સૂતેલા જોઇ ચાલ્યો ગયો. આખરે સાડાસાત વાગે શેઠ કૂંજબિહારિલાલનાં નોકરે એમને ઉઠાડયા અને પૂછયું, "શેઠ આપને સારૂ ચાહ, કૉફી, દૂધ, કે શું લાવું? અને આપને સારૂ સંચો સળગાઉં કે આપ ઠંડે પાણીએ જ નાહશો?

કૃષ્ણચંદ્રે આંખ ચોળતાં ચોળતાં ઉઠી જવાબ આપ્યો "કેમ શેઠ શેઠાણી ઉઠ્યાં? એઓ જે લેતાં હોય તે મારે સારૂ લાવ."

નોકરે જવાબ આપ્યો, "શેઠ શેઠાણી બ્હેન અને ભાઇ તો અષ્ટમીનું જાગરણ હોવાથી સૂતાં જ નથી, અને એઓમાંથી કોઇ સ્હવારે કાંઇ લેતું નથી, તેથી આપને પૂછવું પડયું."

કૃષ્ણચંદ્ર આશ્ચર્ય ચકિત થઇ નોકરની સામે જોવા લાગ્યો, અને બોલ્યો "શું શેઠ શેઠાણી. રાધાબ્હેન અને કુમુદભાઇ સ્હવારે ચાહ, "બીસ્કીટ" વગેરે કાંઇ લેતાં નથી ?

"ના જી", નોકરે ઉત્તર આપ્યો, અને ઉમેર્યું કે "બીસ્કીટ" તો શેઠના બંગલામાં કોઈ દિવસ કોઇએ જોયાં પણ નથી.

આથી કૃષ્ણચંદ્રને વિશેષ આશ્ચર્ય લાગ્યું, અને શરમ લાગી હોય તેમ નોકરને ધીમે રહીને કહ્યું "હું તો ચાહ જ લઇશ."

"વારૂં શેઠ" કહી નોકર ચાલ્યો ગયો અને થોડી વારે ચાહ લઇ આવ્યો. કૃષ્ણચંદ્ર પોતાની "બેગ"માંથી "બ્રસ" અને "ટુથ પાઉડર" કાઢી દાંત સાફ કરવાની તૈયારી કરતો હતો, એટલામાં નોકર બોલી ઉઠયો, "શેઠ નાહવાના ઓરડામાં દિવેલ, માટી અને દાતણ મુકયાં છે. આપની પાસેની કોઇ ચીજ લઇ જવાની જરૂર નથી."

કૃષ્ણચંદ્રે જવાબ આપ્યો, "દાંત ઘસવામાં માટીને વળી દિવેલ શું ?"

નોકરે ઉત્તર આપ્યો "અમારે ત્યાં સર્વ કોઇ એમજ દાતણ કરે છે, અને તેથી દાંત સ્વચ્છ થઇ કોઇ દિવસ દાંતનો કાંઇ રોગ થતો નથી અને દાંત જલદી પડતાં નથી, એવો અમને સર્વને અનુભવ છે."

કૃષ્ણચંદ્ર અચંબામાં ગરકાવ થઇ ગયો, અને બોલ્યો હું તો મારા મંજનથી જ 'બ્રસ'થી દાંત ઘસીશ.

નોકર બોલ્યો "શેઠ 'બ્રસ'થી તો દાંતના પારા ઘસાઇ જાય છે, અને દાંત ઢીલા પડે છે, એમ અમારા શેઠ કહે છે."

કૃષ્ણચંદ્ર વળી ચકિત થયો અને ઉત્તર ન આપતાં નાહવાની ઓરડીમાં જઇ, પોતાના મંજન વડે 'બ્રસ'થી દાંત સાફ કરી, મોઢું ધોઇ ચાહ પીવા બેઠો.

કૃષ્ણચંદ્ર ચહા પીતો હતો તે વખતે વળી નોકરે પૂછયું "શેઠ ગરમ પાણી નાહસો કે ઠંડું ?"

"કેમ પૂછવું પડે છે ? નાહવાને તો પાણી ગરમ જ જોઇએ કેની !" કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો.

"અમારે ત્યાં સર્વ કૂવાના ઠંડે પાણીએ જ નાહે છે અને વળી હાથે ખેંચી, તેથી પુછવું પડે છે" નોકર બોલ્યો.

કૃષ્ણચંદ્ર આ ઉત્તરથી બહુ આશ્ચર્ય ચકિત થયો, અને સહેજ શરમાઇ ગયો.

નોકરે સંચો સળગાવી પાણી ગરમ કર્યું, એટલામાં કૃષ્ણચંદ્ર જાજરૂમાં જઇ આવ્યો, અને 'હેન્ડ બેગ'માંથી સાબુ કાઢી નાહવાની ઓરડીમાં જતાં અટકયો, અને નોકર સામે જોઇ બોલ્યો આમ-ઉભો રહી શું જોઈ રહ્યો છે ?"

નોકરે ઉત્તર આપ્યો—"શેઠ આપ જાજરૂમાં કપડાં પહેરી ગયાં, અને વળી હાથ પગ ધોયાં સિવાય જ આપની "બેગ"માંથી અડકી ટુવાલ, ધોતીઉં, વગેરે કાઢયાં, તેથી મને નવાઇ લાગી, માફ કરજો."

"એમાં નવાઇ શું." અંદર જ મેં હાથ ધોઇ નાંખ્યા હતાં, અને સપાટ પહેરી ગએલો, એટલે પગ ધોવાની કાંઇ

જરૂર નથી, અને શું ઉઘાડે દીલે સંડાસમાં જવું?" કૃષ્ણચંદ્ર બોલ્યો.

નોકરે ઉત્તર આપ્યો "શેઠ અમારે ત્યાં તો નાનું મોટું ઉઘાડે દીલે જ સંડાસમાં જુદું પંચ્યું બદલી જાય છે, અને બાહાર આવી હાથ પગ ધોઇ નાંખી કોઇ ઠેકાણે અડક્યા સિવાય નાહી લે છે."

કૃષ્ણચંદ્ર વળી ચકિત થયો, અને સાબુ લઇ નાહાવા જતો હતો, એટલામાં નોકર બોલી ઉઠયો. "શેઠ કપડાં ધોવાનો સાબુ નાહાવાની ઓરડીમાં જ છે, આપને લઇ જવાની જરૂર નથી."

કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો–"પણ આ તો દીલે ચોળવાનો "પીઅર્સ સોપ" છે.

નોકરને નવાઇ લાગી અને મુંગો રહ્યો.

કૃષ્ણચંદ્ર બોલ્યો–"આમ ટગર ટગર કેમ જોય છે?"

નોકરે જવાબ આપ્યો–"આપ નાહાવા સારૂ સાબુ લઇ જાઓ છો તેથી મને નવાઇ લાગી?"

"કેમ એમાં નવાઇ જેવું શું?" કૃષ્ણચંદ્ર બોલ્યો.

"શેઠ અમારે ત્યાં નાહાતી વખત કોઇ સાબુ ચોળતાં નથી, પણ માટી અથવા "પંચગવ્ય" ચોળે છે, તેથી મને સહેજ નવાઇ લાગી?" નોકરે ઉત્તર આપ્યો.

"પંચગવ્ય એ વળી શું?" કૃષ્ણચંદ્ર બોલ્યો. નોકર હસવા લાગ્યો, અને ઉત્તર આપ્યો. "શેઠ એટલું આપને માલમ નથી? ગાયનું છાણ, ગાયનું ઘી, ગાયનું દૂધ, ગાયનું દહીં, અને ગાયનું મૂત્ર, એ 'પંચગવ્ય' કહેવાય છે.

"શું માટી અને આવું "ડર્ટી" દીલે ચોળી તમારે ત્યાં સર્વ નાહ્વાય છે ?" કૃષ્ણચંદ્ર બોલ્યો.

નોકરે ઉત્તર આપ્યો "શેઠ એ તો બહુ પવિત્ર વસ્તુઓ છે. સાબુ તો શરીરની ચીકાસ કાઢી નાંખે છે, અને અપવિત્ર બનાવે છે."

કૃષ્ણચંદ્ર આ ઉત્તરથી શરમાઇ ગયો.

હિંદુસ્થાનનો એક નોકર આજે એક એમ. એ. એલ. એલ. બી. ને આશ્ચર્યચકિત કરી જ્ઞાન આપે છે, એ જોઇ કૃષ્ણચંદ્રને કાંઈક નવાઇ લાગી, અને હિંદુસ્થાન કેવો દેશ છે, તેનું કાંઇક આ પાશ્ચિમાત્ય વિદ્યાના સંસ્કારી યુવકને ભાન થયું.

કૃષ્ણચંદ્ર નાહ્વાવાના ઓરડામાં ગયો. નાહી આવ્યા બાદ નોકર પૂછવા લાગ્યો. "શેઠ આપના કપડાં ધોઇ નાંખું ?"

કૃષ્ણચંદ્રને આ વખત તો બહુ જ વિચિત્ર લાગ્યું અને નોકરની કાંઇક ઉદ્ધતાઈ પણ જણાઇ.

શેઠ ગુસ્સે થયાં છે એમ જાણી નોકર બોલ્યો–"શેઠ માફ કરજો. અમારે ત્યાં બહેન, શેઠ, શેઠાણી, અને ભાઇ, સર્વ પોતપોતાના કપડાંને કોઇને અડકવાં નથી દેતાં, પણ હાથે જ ધોઇ સૂકાતાં નાંખે છે, તેથી આપને પૂછવું પડ્યું."

આ સાંભળીને કૃષ્ણચંદ્રને બહુ જ અચંબો લાગ્યો, અને મનમાં જ બોલ્યો. "શું આટલાં શ્રીમંતો પોતાના કપડાં હાથે ધોતાં હશે ? ખરી બેવકુફીની વાત છે. ગરીબ અને શ્રીમંતમાં ત્યારે ફરક શો ? નોકરો શા માટે રાખવાં ?"

આ બધાનો વિચાર કરતાં કૃષ્ણચંદ્ર આરામખુરશી પર બેઠો.

એટલામાં નોકર પાછો જઇ આવ્યો અને કહેવા લાગ્યો—શેઠ જમવા પધારો."

કૃષ્ણચંદ્ર બોલ્યો. "આટલાં વહેલાં! હજુ તો આઠ હમણાં જ વાગ્યા છે, અને ચાહ પીધાંને પા કલાક પણ થયો નથી."

નોકરે ઉત્તર આપ્યો—"અહીંઆ સર્વે આઠ વાગતે જ રોજ સહવારે જમી લે છે. આજે તો છડીનોમ હોઇ, અન્નકૂટનો દિવસ હોવાથી, અડધો કલાક મોડું થયું."

કૃષ્ણચંદ્ર બોલ્યો—"ચલ આવું છું. એમ કહી "બેગ"માંથી "બ્રસ" અને કાંસકી કાઢી વાળ હોળી સેંતો પાડયો, અને "પોમેટમ" અને "કોસમેટીક" લગાડી ચકચકતાં બનાવ્યા, અને નવું "લોંડરી"માં ધોએલું "ઓક્ષફર્ડ"નું કડક "કફ કોલર"વાળું "ખમીસ" હીરાનાં બટનો ઘાલી પહેરી લીધું, અને તેના પર સેન્ટવાળા જરા હાથ ચોળ્યાં, અને "નેપકીન" હાથમાં લઇ ડાબા હાથની પોહોંચી પર સોનાની સાંકળીવાળું સોનાનું ઘડિયાળ "બેગ"માંથી કાઢી પહેરી, નોકરને કહ્યું "ચાલ."

નોકર બોલ્યો—"શેઠ મંદિરે અન્નકુટના દર્શન થાય છે, કરતાં જવું છે?"

કૃષ્ણચંદ્ર વળી અટકી આશ્ચર્ય ચકિત થઇ બોલ્યો, "મંદિર કેવું અને વળી અન્નકુટના દર્શન શું?"

"શેઠનું બાળકૃષ્ણ લાલજીનું મંદિર છે, અને આજે છડી નોમ હોવાથી અન્નકુટનો ઓચ્છવ છે." નોકરે ઉત્તર આપ્યો.

કૃષ્ણચંદ્ર કાંઇ બોલ્યો નહીં અને કહ્યું, "ચાલ જમવાના ઓરડામાં લઇ જા."

નોકર આગળ થઇ કૃષ્ણચંદ્રને મકાનની પાછળના રસોડામાં લઇ ગયો.

૫

છઠ્ઠી નામનો ઓચ્છવ

નોકર કૃષ્ણચંદ્રને રસોડાના ભવ્ય ચોગાનમાં લઇ ગયો જ્યાં કુંજબિહારિલાલ અને કીર્તિબા અગાઉથી પાટલા પ જઇ બેઠા હતાં, અને કૃષ્ણચંદ્રના આવવાની રાહ જો હતાં. એ આવતાંની સાથે જ શેઠ બોલ્યા–"આવો કૃષ્ણચં આ પાટલા પર બેસો." એમ કહી પોતાની જોડેનો પાટલે બતાવ્યો. કૃષ્ણચંદ્ર સપાટ પહેરી ગયો હતો, તે બાજુ પ કાઢી મૂકી પાટલા પર બેઠો, અને પાસે સફેત ધોએલ ઇંગ્લીશ "નેપકીન" (રૂમાલ) મૂક્યો. આજુ બાજુ જોય તો ભવ્ય ચોગાન છે, તેની જમીન સઘળી લીંપણની છે. આસોપાલવના અને ફૂલોનાં તોરણો, આજે ઓચ્છ હોવાથી લાગી રહ્યાં છે; ફૂલોમાંથી વાસ વાસ છુટે દ એક સીધી અને બે આડી હારોમાં પાટલાઓ ચાંદી પતરાંથી મઢેલાં, ધોળા દૂધ જેવાં, આશરે બસો ગોઠવાએલ છે. તેની સામે બીજો અકેક પાટલો એવોજ ચાંદીથી મઢે મૂકવામાં આવ્યો છે, અને અન્નકૂટની સામગ્રીથી ભરેલો અકે મોટો સોનાનો થાળો તેના ઉપર મૂકવામાં આવ્યો છે. થાળા આજુ બાજુ આશરે "ડઝન ડઝન" સોનાંની વાડકીઓ દૂધપા બાસુદી, શ્રીખંડ વગેરે પ્રવાહી પદાર્થોથી ભરી, ગોળાકાર મૂકવા આવી છે. પાટલાઓની બહાર રાંગોળી, રંગબેરંગી રંગોથી ભ પૂર, અને ચિત્રકળાના નમુનારૂપ પૂરવામાં આવી છે. દરેક પાટલા આગળ બન્ને ખૂણે બે અગરબત્તીના સોનાના ઘરો, અકેક

આશરે ૨૦-૨૦ અગર બત્તિઓ (ધૂપસળીઓ) સહિત ગોઠવી મૂકવામાં આવ્યાં છે, અને તેમાં બહુ જ ઉત્તમ પ્રકારની પચાસ રૂપિએ તોલાની અગર બત્તિઓ મૂકવામાં આવી છે. દરેક પાટલાની ડાબી બાજુએ એક સોનાનો લોટો, અને સોનાનું તેના ઉપર ઢાંકવાનું પંચપાત્ર સુવાસિક (વાળો, સુકા ગુલાબના ફૂલ, અને જેઠી મધના છોડાંની પોટલી નાંખેલું અને સુરોખાર અને સાકેરની મેળવણી ઉપર માટલું મૂકી થંડું કરેલું) પાણી, ભરી મૂકવામાં આવ્યાં છે. વચમાં શેઠ અને શેઠાણી પાટલા પર બિરાજેલાં છે, અને એક બાજુએ આશરે ૧૦૦ પુરુષો, અને એક બાજુએ આશરે ૧૦૦ બૈરાંઓ અને છોકરાંઓ ઉભા રહેલાં છે. પુરુષોએ શુદ્ધ ખાદીનાં ધોતીયાં પહેર્યાં છે, અને શરીર ઉઘાડું છે. માથે તિલક દરેકે કર્યું છે. દરેકનાં ગળામાં તુળશીની કંઠી છે, અને માથા પર ચોટલી સિવાય બીજાં વાળ નથી. સ્ત્રીઓ અને બાળકોએ પણ શુદ્ધ ખાદીના સુંદર રંગબેરંગી વસ્ત્રો પહેર્યાં છે. સ્ત્રીઓના કપાળમાં મોટા કંકુના ચાંલ્લાઓ આવી રહ્યાં છે, અને બાળકોએ તિલક કર્યાં છે. આજે ઓચ્છવ હોવાથી પેઢીના સર્વ વૈષ્ણવ વણિક વર્ગને, પોતાના કુટુંબ સહિત, શેઠે જમવા બોલાવ્યાં છે શેઠનાં કુટુંબીઓ અને ન્યાતિલાંઓને પણ તેડયાં છે. એટલામાં રાધા અને કુમુદચંદ્ર બન્ને અકેક પીરસેલી થાળી લઈ, મંદિરમાંથી આવ્યાં, અને પીતા માતુશ્રીના પાટલાંઓ ઉપર મૂકી. પછી હાથ ધોઇ, મુખીઆજીનાં હાથમાં પૂજાપો હતો તે લઈ બન્નેએ પીતામાતાની પૂજા કરી હારો પહેરાવ્યાં, અને બીજા મુખીઆજીના હાથમાં શુદ્ધ કપૂરની આરતીઓ તૈયાર હતી તે લઇ બન્ને જણાં સાથે ઉભાં રહી ઉતારવા લાગ્યાં. આરતીનાં

છાપેલાં કાગળો, બન્ને છેડે એ બાજઠો ઉપર મૂકેલાં હતાં, તેમાંથી એકેક લઇ, ભેગાં થએલાં સ્ત્રી પુરૂષો અને બાળકો પણ, રાધા અને કુમુદચંદ્રની સાથે આરતી ગાવા લાગ્યાં. આરતી પૂરી થયે બન્ને જણા પિતા માતાને સાષ્ટાંગ નમસ્કાર કરી, રાધા પોતાની માતુશ્રીની જોડેના પાટલા પર બેઠી, અને કુમુદચંદ્ર કૃષ્ણચંદ્રની જોડેના પાટલા પર બેઠો. પછી ભેગા થએલાં સ્ત્રીઓ અને બાળકોએ કીર્તિબાને એકેક હાર પહેરાવ્યો અને પગે લાગ્યાં, અને પુરૂષોએ શેઠ કૂંજબિહારિલાલને હાર પહેરાવી, પગે લાગી પોત પોતાને આસને વગર ગરબડે ગોઠવાઇ ગયાં. સ્ત્રીઓ અને બાળકો રાધાની પાસેના પાટલાથી બેસી ગયાં, અને પુરૂષો કુમુદચંદ્રના પાસેના પાટલાથી ગોઠવાઈ ગયાં. વ્યવસ્થાપકોએ એવી સુંદર વ્યવસ્થા અગાઉથી કરી રાખેલી હતી કે દરેકના પાટલાની પાછળ દરેકનું નામ લખી એકેક ચીઠી કાચના ટાંગી રાખેલા "ફ્રેમ"માં મૂકી હતી, અને દરેકને અગાઉથી તે બતાવી મૂકી હતી, તેથી બિલકૂલ ગરબડ અથવા ઘોંઘાટ ન થતાં દરેક ચપોચપ પોતાના પાટલા પર બેસી ગયું, અને એક પણ પાટલો ખાલી રહ્યો નહીં, તેમ ખુટયો નહીં. આ સર્વ વ્યવસ્થાની ખુબી જોઇ કૃષ્ણચંદ્ર તો દીંગજ થઇ ગયો. શેઠે બધાને આજ્ઞા આપી કે "ચલાવો," એટલે સર્વ ખાવા મંડી પડયા. શેઠ શેઠાણીના ભાણાઓમાં અને પોતાના ભાણામાં ચીજોમાં ફરક હોવાને લીધે કૃષ્ણચંદ્રને જરા વિચારમાં પડેલો જોઇ, શેઠ બોલી ઉઠયાં—"અમે હંમેશાં કાચું અનાજ જ ખાઇએ છીએ, તેથી તમારા અને અમારા ભોજનમાં ફરક જણાય છે." એટલામાં રાધા બોલી ઉઠી "પણ બાપાજી, આજે તો કેટલુંક આપને વાસ્તે ગઇ કાલે

બપોરે સૂર્યના તાપથી તૈયાર કરી બનાવી પીરસ્યું છે.” શેઠે કૃષ્ણચંદ્રની સામે જોઇ કહ્યું-“રાધા કોઇ કોઇ વખત અમારે સારૂ સૂર્યના કિરણોથી સર્વ રસોઇ બનાવે છે, અને કૃત્રિમ અગ્નિનો બિલકૂલ ઉપયોગ કરતી નથી. કાચો ગોઠવી ખાસ એણે પોતાની ધાબળીમાં અમારે સારૂ રસોઇ કરવાને એ યોજના કરી છે. પુરસદે એની કૃતિને તપાસી જોજો. તમે તો ભણેલાં છો, એટલે તમને તો એ કાંઇ નવાઇની ચીજ નથી, બાકી બીજાંઓને તો બહુ નવાઇ લાગે છે.”

કૃષ્ણચંદ્રને એ બાબતમાં કાંઇ માલમ નહોતું, એટલે મુંગો જ રહ્યો. એને તો પરસાળમાં આવી શેઠની સાથે પાટલા પર બેઠો ત્યારથી બહુ જ શરમ લાગતી હતી, અને આભો બની ગયો હતો. સપાટ પહેરી આવતો એને જોયો, કે સર્વ કોઇ હસવા મંડી પડયું, અને વળી બધાં પુરુષો અને બાળકો ઉઘાડે દીલે, અને એણે ‘ખમીસ’ પહેરેલું, તેથી સર્વને નવાઇ લાગી. સર્વને કપાળે તિલક અને ચાંલ્લા, અને પોતાનું કપાળ અડવું. સર્વ પુરુષો અને બાળકોના માથાં બોડાં, ફક્ત ચોટલી જ અને પોતાને માથે વાળ, અને ચોટલી નહીં. આ સર્વ કારણોને લીધે બધાંથી એ જૂદો પડી આવતો, અને તેથી સહુ કોઇ એની સામે ટગર ટગર જોતું, અને એ કેમ ખાય છે, અને કેમ બોલે છે, તે ઉપર નીધા કરતું. એટલામાં એણે પ્યાલો મોઢે બોટી પાણી પીધું, એટલે સર્વ કોઇ હસી પડયું, કારણ કે સર્વ વષ્ણવ હોવાથી ઉંચેથી પાણી પીવાની ટેવ; અથવા પ્યાલો બોટે તો એઠામાં મૂકી એઠે હાથે પીએ કૃષ્ણચંદ્ર તો મુંગો જ થઇ ગયો, અને ચિત્તમાં બહુ શરમાવા લાગ્યો. આવો પ્રસંગ આખી ઉમ્મરમાં એને કોઇ વખત આવેલો નહીં.

ત્રણ બાજુએ જમનારા બેઠેલાં, અને એક બાજુ ખુલ્લી હતી, તેની સામે મોટું રસોડું આવ્યું હતું, અને ત્યાંથી ત્રણ ત્રણ બ્રાહ્મણ રસોઇઆઓ ચાંદીના પાત્રોમાં પીરસવાની વસ્તુઓ લઇ નીકળતાં, અને અકેક હાર પકડી, જેના ભાણામાં તે વસ્તુ નહીં હોય તો મૂકતાં, અને ગુપચુપ પોતાની હાર પૂરી કરી ચાલ્યાં જતાં. વળી પાછાં તેમની પાછળ બીજાં ત્રણ જણા નીકળતાં, અને પીરસી ચાલ્યા જતાં. કોઇને કોઇ વસ્તુ માંગવી પડતી નહીં. ઉપરાચાપરી વસ્તુઓ આવ્યાં જ કરતી. જેને ન જોઇએ તે ફક્ત ભાણા પર હાથ આડો કરે, એટલે રસોઇઓ આગળ ચાલે. જ્યાં પ્રથમ જે વસ્તુ મૂકેલી હોય, તે જગાએ જ એ તે વસ્તુ નજર નાંખી પીરસતો જાય. જમનારે જગા ન બતાવવી પડે. મોંઢેથી ન રસોઇઆ બોલે, કે ન જમનાર કોઇ વસ્તુ માંગે. સર્વ મુંગા બહેરાનો વ્યવહાર હોય એવો ભાસ પડતો, અને શાંત રીતે સર્વ કામ ચાલી રહેતું. કોઇપણ જાતનો ઘોંઘાટ નહીં, કે બૂમાબૂમ નહીં. કોઇને કોઇ ચીજની ન્યૂનતા પડતી નહીં, અને બેશી રહેવાનો વખત આવતો નહીં. ભાણામાં ચીજ થઇ રહી, કે આવી છે જ. દરેક હારના નાકા પર બબે મૂખ્ય રસોઇઆઓ ઉભાં રહેતાં, અને દરેકના ભાણામાં નજર રાખી, જે ચીજ નહીં હોય તે, લાવવાં કહેતાં. એ મૂખ્ય રસો-ઇઆઓ પાસે તૈયાર કરેલી ચીજોની યાદી રહેતી. અને તે પ્રમાણે દરેકના ભાણામાં તપાસી જોતાં. જમનારની બાજુપર જમણા હાથ પર એક કાચના "ફ્રેમ"માં યાદીની છાપેલી નકલ મુકવામાં આવતી, કે તેના ઉપરથી જમનારને આજે રસોઇમાં કઇ કઈ ચીજો પીરસવામાં આવનાર છે, તેનું અગાઉથી ભાન થતું.

કૃષ્ણચંદ્રને પાટલાપર પલાંઠી વાળી બેસવાની ટેવ કોઈ વખત નહીં, કારણ કે રોજ "ટેબલ ખુરશી" પર બેશી જમતો, તેથી એને બહુ અઘરૂં પડતું, અને આખો વખત પગ ઉંચા નિચા કર્યા કરતો, અને કયારે બધાં ઉઠે છે તેની રાહ જોતો. એટલામાં શેઠે એની સામું જોઇ કહ્યું "કૃષ્ણચંદ્રભાઇ આજે તો છડીનોમ છે, એટલે સર્વ કારખાનાઓ બંધ છે, તેથી હું બહાર નીકળવાનો નથી, માટે તમે કુમુદને તેડી બેએક વાગે મેળો જોવા જઇ આવજો. સાથે આપણા ગોપાળદાસ મુનીમ આવશે, અને તમને સઘળું બતાવશે. આવતી કાલે આપણે સાથે જઇશું. ગઇ રાતનો ઉજાગરો છે એટલે થોડી વાર સૂઇ જજો, અને બેએક વાગે નીકળજો. હવે જવાની ઉતાવળ કરશો નહીં." કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો—"ઠીક શેઠ; પણ મારે મોહમયી નગરી પાછા જલદી જ વળવાની જરૂર છે. વળી બીજી વખત આવીશ. "શેઠ બોલ્યા" ના બારસ સુધી તો નહીં જવાય. હવે બેજ દિવસ વચમાં છે." કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો—"સારૂં સાહેબ" ભુલથી "સાહેબ" બોલી જવાયું, એમ જાણી ફરીથી બોલ્યો "સારૂં શેઠ" કુંજબિહારિલાલને આ ઉપરથી સહેજ હસવું આવ્યું.

સ્ત્રી વર્ગ સઘળો તાકી તાકીને કૃષ્ણચંદ્ર સામુ જોયાં જ કરતો હતો, અને કોઇ કોઈ તો માંહોમાંહે ગુપચૂપ એની ખૂબસુરતીના વખાણ કરતાં હતાં. ગઇ રાત્રીનું દ્રશ્ય જોએલું તે રાધાની બહેનપણીઓ તો માંહોમાંહે કહેતી હતી કે—"રાધાને સારૂ આ વરની યોજના થાય તો ઠીક; ખરેખરી જોડી બને. રામ સીતાનું જ જોડું થાય. પણ કોણ જાણે શેઠ અને શેઠાણીના મનમાં શું વિચાર હશે. રાધા બહેન તો ગઇ રાતના ખૂબ ગળગળાં થઇ ગયાં છે."

રાધા તો મુંગી મુંગી નીચું જોઇ ખાયા જ કરતી હતી. ઉંચું બિલકૂલ જોતી જ નહીં. જોડેની બહેનપણી કોઇ કોઇ વખત ગલીપોચી કરતી, તો હસતી. જમતાં પહેલાં માતા પિતાની આરતી ઉતારતી વખત, એની નજર પિતાની પાસે બેઠેલાં કૃષ્ણચંદ્ર પર જ પડતી, અને આજે જાણે તેની જ આરતી ઉતારે છે એવું ભાન થતું. તે વખત કૃષ્ણચંદ્ર તો જાણે પરોઢીયે પોતે જ ગીત ગાયેલું તેથી મોટો અપરાધ થયો હોય તેમ, નીચું જ ઘાલી હાથમાંના આરતીના કાગળ પર નજર નાંખી રહેલો. રાધાની સામે જોવાની જ એની હીંમત ચાલતી નહીં.

શેઠ વચમાં વચમાં કોઇ કોઇને ઉદ્દેશી હાસ્ય વિનોદ કરતાં, અને સર્વને આનંદ પમાડતાં. શેઠાણી પણ સ્ત્રી વર્ગની સાથે કાંઇ કાંઇ વાતો કરતાં.

જમવાનું પુરૂં થતાં, રસોઇઆઓ અકેક ચાંદીનું પહોળું અને જરા ઉંડું પાત્ર પાટલાની આગળ મૂકી ગયાં, અને તેમાં સહુ કોઇ હાથ મોઢું ધોવા લાગ્યાં. બધાઓને તેમ કરતાં જોઇ કૃષ્ણચંદ્રે પણ તેમ કીધું, અને "નેપકીન"થી પોતાનાં હાથ લુછી નાંખ્યા. બીજાંઓએ અને શેઠે, ધોઇ રહ્યા બાદ, બન્ને હાથ એક બીજા સાથે ચોળી, મ્હોડે અને માથા પર લુછી નાંખ્યા. કૃષ્ણચંદ્ર આ "ડર્ટી" રિવાજ જોઇ જ રહ્યો. એટલામાં શેઠ બોલ્યા ધોઇ નાંખેલાં હાથની ચિકાસ મોઢે લગાડવાથી બહુ ફાયદો થાય છે. ચામડીમાં સ્નિગ્ધપણું આવે છે, અને સુંવાળી થાય છે, અને મોઢા માથા પર કાંઇ ચામડીનો રોગ હોય, તો તે દૂર થાય છે." કૃષ્ણચંદ્ર આ સાંભળી મુંગો જ રહ્યો.

એટલામાં રસોઇઆએ, પાનનાં સુવાસિક ઠાકોરજીની પ્રસાદીનાં બીડાં, અને તુળશીનાં પાતરાં થાળી ભરી લાવ્યાં, અને દરેકને આપવા લાગ્યાં. દરેકે તે મોઢાંમાં મૂકયાં. કૃષ્ણચંદ્રે ફક્ત પાનનું બીડું મોંઢામાં મૂક્યું, અને તુળશીનાં પાતરાં હાથ ધોએલાં વાસણમાં નાંખી દીધાં. શેઠે એ જોયું અને હસ્યા, પણ કાંઇ બોલ્યા નહીં.

એટલીવારમાં મુખીઆજીએ "શ્રી બાલકૃષ્ણલાલજી"ની જય બોલાવી, અને સર્વ ભાણા પરથી ઉઠ્યાં. કૃષ્ણચંદ્ર ઉઠવા જતો હતો, પણ પાટલા પર ઘણો વખત બેસી રહેવાથી, ટેવ ન હોવાને લીધે, એના પગ જકડાઇ ગએલાં. અને તેથી ઉઠતાં ઉઠતાં પાછું બેસી જવાયું. શેઠે હાથ પકડી એને ઉઠાડયો, એટલે એ શરમાઇ ગયો, અને બીજાં હસી પડયાં.

શેઠ કૃષ્ણચંદ્રની સાથે એના ખંડ સુધી આવ્યાં. અને ખંડમાં થોડો લખત બેસી ઉપલક સહેસાજ વાતચીત કરી બોલ્યા. "હવે હું જાઉં છું, તમે જરાવાર સૂવું હોય તો સૂઇ જાઓ, કાલનું તમને જાગરણ છે. કુમુદને હું કહેતો જાઉં છું, તમને મેળો જોવા તેડી જશે." શેઠ જમવાના ઓરડાથી પોતાના ખંડ સુધી ઉઘાડે પગે સાથે આવ્યાં, એટલે પોતાના સપાટ ત્યાંજ મૂકી ઉઘાડે પગે એમની સાથે કૃષ્ણચંદ્રને આવવું પડયું. શેઠ આ સમજી ગયેલા, પણ કાંઇ બોલ્યા નહીં. પાછળથી નોકરે સપાટ લઇ આવી કૃષ્ણચંદ્રના ખંડમાં મૂકયાં.

શેઠ ગયાં પછી તુરત પેલો નોકર આવ્યો અને પૂછવા લાગ્યો—"કેમ શેઠ કાંઇ જોઇએ છે?"

કૃષ્ણચંદ્રે જવાબ આપ્યો—"સોડાવૉટર લાવ."

નોકરે પૂછયું–"શું શેઠ ?"

"સોડાવૉટર, નહીં સમજાયું ?" કૃષ્ણચંદ્ર બોલ્યો, "શેઠ 'સોડાવૉટર' તો મુસલમાન પીએ. આ વૈષ્ણવના ઘરમાં એ ક્યાંથી હોય ?"

કૃષ્ણચંદ્ર ચુપ રહ્યો. નોકર બોલ્યો–" શેઠ થંડા પાણીનો લોટો આપને સારૂ પેલા બાજઠ પર મૂકયો છે."

કૃષ્ણચંદ્ર વળી બોલ્યો–"કાંઇ ન્યુસપેપર બ્યુસ પેપર આજનું હોય તો લાવ."

નોકરે જવાબ આપ્યો–"શેઠ ન્યુસપેપર તો આ ઘરમાં કોઇ વાંચતું નથી, કારણ કે શેઠનો એવો મત છે કે પરાઇ પીડા આપણે શું કરવા જોઇએ ? આપણે આપાણું સંભાળવું. ગામ ગપાટા જાણવાનું શું કામ ? ઉલટો કચરો ભરાય, શેઠ આપના ખંડમાં કબાટ છે તેમાં પુસ્તકો છે, કહો તો એક કાઢી લાવું ?"

કૃષ્ણચંદ્ર વળી ચૂપ રહ્યો. થોડીવારે બોલ્યો–"તારે જવું હોય તો જા; કામ પડશે ત્યારે બોલાવીશ." નોકર ચાલ્યો ગયો.

કૃષ્ણચંદ્ર ઉઠયો અને પોતાને આપેલો ખંડ તપાસવા લાગ્યો. ઓરડામાં કેવળ સાદાઇ. શેઠની સાત પેઢીના સ્ત્રી પુરુષોનાં, અને કૃષ્ણ, રામ, શંકર, વગેરેના તકતાઓ ભીંતો પર ટાંગેલાં. એક આરામ ખુરશી, એક બાજઠ તેના પર ખડીઓ, બરૂની કલમ, અને રેતદાની, અને કેટલાંક કોરા કાગળો, અને શેઠની પેઢીના નામ છાપેલાં નોટપેપરો, અને પાકીટો, અને ટપાલની ટીકીટો મૂકેલાં હતાં. બાજઠ પાસે એક ટેકવાનો ખાદીના ગલેફવાળો તકિયો અને સાદડી. એક છ ફૂટ લાંબો,

ત્રણ ફૂટ પોહોળો, અને આશરે દોઢ ફૂટ ઉંચો માટીનો ઓટલો, તેના પર દર્ભનું આસન, તે પર મૃગચર્મ, અને તે પર ખાદીનું ઘડી કરી સફેત કપડું મૂકેલું. એક ઘી પૂરેલી સમઇ-વાળું ફાનસ, અને બે દેશી બનાવટનાં મીણબત્તીના પિત્તળના "સ્ટેંડો" ઉપર "ગ્લોબો" સહીત મૂકેલાં હતાં. એક ખાટલો અને તેના પર એક ગાદી અને ઓસીકું મૂકેલાં, પણ ચાદર અને ગલેફ તો ખાદીનાં જ. જમીન પર વચલા ભાગમાં એક શેત્રંજી પાથરેલી. જમીન તો લીંપણની જ. બાજુએ સંડાસ, તેની પાસે મોરી તેમાં ફાનસમાં દિવેલની સમઇ અને તેની પાસે નાહાવાનો ઓરડો તેમાં જ કુવાનું મોહોડું આવેલું, અને ઘરેડી પર દોરડું અને ડોલ ટાંગેલાં. ડોલ, નાહવાનો લોટો, અને કુંડી તાંબાના. સંડાસમાં પણ તાંબાનો લોટો, અને તાંબાની ડોલ. ખંડની વચ્ચે પરસાળ, અને તેની આગળ એક મોટી અગાશી આવેલી, તેમાં ચારે બાજુએ તુળશીના કુંડાઓ ગોઠવેલાં અને દરેકની આગળ ચાંદીની ઘીની સમઇઓ ફાનસમાં મૂકેલી અને વચમાં પાટીઆનો સૂવાય એવો મોટો હીંચકો, પીત્તળોની ભારી નકશીવાળી ભાવનગરી સાંકળોથી ટાગેલો હતો. ખંડમાં પણ એક બેસવાનો નાનો હીંચકો હતો, તેના પર એક શેત્રંજી અને એક તકિયો મૂકેલાં હતાં. કબાટ ઉઘાડી જોયું, તો અંદર સઘળાં પુસ્તકો ભરેલાં હતાં. હીંદી, મરાઠી, ગુજરાતી, અને સંસ્કૃત, પરંતુ એક પણ અંગ્રેજી પુસ્તક નહોતું. ઓરડામાં સુગંધીદાર અગરબત્તિઓ રાત દિવસ સળગ્યાં કરતી હતી. મોરી, સંડાસ, અને નાહાવાના ઓરડાંઓ તેમજ, અગાશી, અને ખંડ, બહુજ સ્વચ્છ હતાં. ધૂળ કોઇ ઠેકાણે નજરે પડતી નહીં.

જમતી વખતનો શ્રીમંતી ઠાઠ, અને ઘરની અંદર રહેવાના ઓરડાની આ સાદાઇ જોઇ, કૃષ્ણચંદ્રને બહુજ વિસ્મય લાગ્યું. મન સાથે ઘણોએ વિચાર કરે, પણ કાંઇ સમજાય નહીં. વળી ખંડમાં એક રેંટીઓ, પુણીઓ અને હાથસાળ, અને ઘંટી મૂકી રાખેલાં, તેથી તો એને બહુ જ આશ્ચર્ય લાગ્યું, અને બોલી જવાયું–"This is all nothing but madness" આ સર્વ બીજું કાંઇ નહીં, પણ કેવળ ગાંડપણ જ કહી શકાય."

કબાટમાં કોઇ અંગ્રેજી પુસ્તક નહીં, એટલે એને લેવાનું ગમ્યું નહીં, અને પોતાની જ "બેગ"માંથી બંકીબાબુનું "રાધા કૃષ્ણ" નામનું અંગ્રેજી પુસ્તક કાઢી વાંચવા લાગ્યો. અગીઆરેક વાગતાં એને ઉંઘ આવવા લાગી, એટલે ખાટલા પર જઇ સૂતો, અને ઘસઘસાટ ઉંઘી ગયો.

દોઢ વાગતાને સુમારે કુમુદ, કૃષ્ણચંદ્રના ઓરડામાં આવી જોય, તો એઓ સૂતેલાં, તેથી નિચે જમીન પર શેત્રંજી પાથરેલી હતી, તેના પર એ બેઠો. એટલામાં કૃષ્ણચંદ્ર જાગી ઉઠયો, અને બોલ્યો–"કુમુદભાઇ, ઉપર બેસો ઉપર." કુમુદે જવાબ આપ્યો–"ના જી, ઠીક બેઠો છું; આપની નિંદ્રા પૂરી થઇ? હવે ચાલશો?"

"ચાલો, ચાહ લઇને આપણે જઇએ." કૃષ્ણચંદ્ર બોલ્યો.

કુમુદ હસી પડયો.

કૃષ્ણચંદ્ર બોલ્યો–"કેમ ભાઇ, હસો છો?"

"ના કાંઇ નહીં; અમે કોઇ ચાહ લેતા નથી એટલે મને હસવું આવ્યું." કુમુદે ઉત્તર વાળ્યો, અને ઉમેર્યું–"હું આપને સારૂં હમણા મંગાવું છું." એમ બોલી નોકરને કહેવા બહાર

આવ્યો. થોડી વારમાં નોકર ચાહ લાવ્યો, અને ચાંદીના પ્યાલા રકાબીમાં કૃષ્ણુચંદ્ર સામે મૂકી.

કૃષ્ણુચંદ્ર કુમુદને પીતાં પીતાં કહેવા લાગ્યો–"તમે કાચના પ્યાલા રકાબીઓ નથી રાખતા ?"

કુમુદે ઉત્તર આપ્યો –"નાજી. માટીના એ વાસણોમાં ગમે તે પીએ, અને તે સાફ કરી આપણે પીએ, તેથી કાચના વાસણો વાપરવાની બાપાજીની મનાઇ છે. બાકી પેઢી તરફથી ચાલતા કાચના કારખાનામાં, હમણાં હમણાં સુંદર પ્યાલા રકાબીઓ બનાવવામાં આવે છે."

કૃષ્ણુચદ્રે પૂછ્યું–"તમે સહુવારનાં આટલાં વહેલાં જમો છો તેથી તમને પાછલા પોહોરે ભુખ લાગતી નથી ?"

"નાજી–અમે સાંજના પણ સૂર્યાસ્ત પહેલાં જ જમીએ છીએ, એટલે કાંઇ વચમાં ખાવાની જરૂર પડતી નથી. તે છતાં મને અથવા બહેનને ભૂખ જેવું જણાય અથવા પીવાની ઇચ્છા થાય તો અમે લીંબુનું સરબત અંદર છોડાં સાથે વટાવી, કાંઇ પણ નાંખ્યા સિવાય પી જઇએ છીએ. તેથી પેટમાંનો અગ્નિ શાંત થાય છે. ઉપરથી લીમડાના કુમળા પાંતરાં ચાવી જઇએ છીએ. બન્ને વખત જમ્યા બાદ ખૂબ તુળશીનાં પાતરા ચાવીએ છીએ, અને એક વખત કડવા લીમડાનાં પાંતરા ચાવીએ છીએ. પિતાશ્રીની સર્વને આ પ્રમાણે આજ્ઞા છે, અને તે પ્રમાણે સર્વ કોઇ રોજ કરે છે, તેથી કોઇ માંદુ પડતું નથી. પોતે પણ એજ પ્રમાણે કરે છે."

બાળકનું આ વાખ્યાન સાંભળી કૃષ્ણુચંદ્રને બહુ જ અચંબો લાગ્યો; અને પોતે જમ્યા પછી આપવામાં આવેલાં

તુલશીનાં પાતરાં હાથ ધોવાનાં પાત્રમાં નાંખી દીધાં, અને તેથી શેઠને હસવું આવ્યું, એ વાત હવે એ સમજ્યો.

કુમુદે પુછયું–"આપણે માફામાં જઇશું કે ઘોડાંની ગાડીમાં?

કૃષ્ણચંદ્રે ઉત્તર વાળ્યો–"માફો શું વળી?" કુમુદ હસી પડયો અને બોલ્યો–"બળદની ગાડી"

"રેંકડો અમારા મોહમયીમાં હોય છે તેવો? કૃષ્ણચંદ્ર બોલ્યો.

"હાજી, પણ માફો જુદાં પ્રકારનો હોય છે." કુમુદે ઉત્તર વાળ્યો. "બાપાજી, બા, અને બહેન, પણ એવીજ ગાડીમાં શહેરમાં જાય છે." કુમુદે ઉમેર્યું.

કૃષ્ણચંદ્ર બહુજ આશ્ચર્યચક્તિ થયો, અને મનમાંજ બોલ્યો–"What is all this nonsense, I can't understand" આ સઘળી શી મૂર્ખતા છે, તે હું સમજી શકતો નથી." પછી મોટેથી બોલ્યો–"તમે મોટર બોટર રાખતા નથી?"

"નાજી" કુમુદે ઊત્તર આપ્યો, અને ઉમેર્યું બાપાજીનો એવો મત છે, કે પરદેશથી "મોટર" અને "સાઇકલ" વગેરે ન વાપરવાં. આપણાં દેશમાં જ્યારે બનશે, ત્યારે વાપરીશું. બાકી મને "સાઇકલ" પર બેસવાનું તો બહુ મન થાય છે. ઈશ્વર કરશે તો હવે એક બે મહિનામાં જ "મોટરો" અને "સાઇકલો" આપણા કારખાનાઓમાં બની તૈયાર થશે. કારીગરો વિલાયતથી એ કામ શીખી આવ્યાં છે, અને "હુન્નરશાળા"માં બનાવવાનું પણ શરૂ કરી દીધું છે. "એરોપ્લેનો" પણ તૈયાર થઇ રહ્યાં છે."

આ સાંભળી કૃષ્ણચંદ્રનું હસવું ખાળ્યું ન રહ્યું કારણ કે એની એવી સમજ હતી, કે એ કામો તો અંગ્રેજો જ કરી શકે, આપણા લોકોથી કોઇ દિવસ ન થાય.

કુમુદે ઘોડાગાડી જોડાવવાનો હુકમ આપ્યો, અને બોલ્યો–“કેમ હવે ચાલશો ?”

કૃષ્ણચંદ્ર બોલ્યો–“હું જરા હજામત કરી લઉં, અને પછી ‘ડ્રેસ’ કરૂં એટલે નીકળીએ; બહુ વાર નહીં લાગે. જરા ગરમ પાણી મંગાવશો ?” કુમુદ તુર્ત ઉઠી નોકરને કહી આવ્યો. એટલામાં કૃષ્ણચંદ્રે પોતાની “બેગ”માંથી પોતાનો “ગીલેટ સેઇફટી રેઝર” “સોપ બોકસ” અને આરસી કાઢયાં. “ટેબલ” મૂકવાને મળે નહીં, એટલે ગુંચાવાવા લાગ્યો, અને ખાટલા પર મૂકયાં. નોકર ગરમ પાણી લઇ આવ્યો, કે એણે હજામત કરવા માંડી. કુમુદે આ દ્રશ્ય કોઇ દિવસ જોએલું નહીં, એટલે મનમાંને મનમાં હસવા લાગ્યો. હજામત થઇ રહી, એટલે સાબુથી મોઢું ધોઇ નાંખી, વાળ ઓળી “પોમેટમ”, “કોસમેટીક” અને મોંઢે “મરકો ડાઇઝડ વેકસ” લગાડી, રૂમાલમાં “સેંટ” છાંટી, ‘ડ્રેસ’ પહેરવાનું શરૂ કર્યું.

કુમુદચંદ્ર વચમાં જ બોલી ઉઠયો–“આપ હજામત કરી નાહાતા નથી. કહો તો નોકરને બોલાવું ?”

કૃષ્ણચંદ્રે જવાબ આપ્યો–“રોજ દિવસમાં બે વખત હજામત કરવી, એટલે નાહાવાનું આખો વખત કેમ ફાવે ?”

કુમુદચંદ્રને બહુજ નવાઇ લાગી, પણ કાંઇ બોલ્યો નહીં.

કૃષ્ણચંદ્રે “ચાઇના સીલ્કનો સુટ” પહેરી લીધો અને “કોલર, નેકટાઇ” પહેરી ‘બુટ’ હાથમાં લીધાં, તે સાફ ન

કરેલાં જોઇ, જરા ગુંચવાયો. કુમુદ સમજી ગયો અને નોકરને બોલાવી લાવ્યો, અને તેણે સાફ કરી આપ્યાં. "હેટ" પહેરી, કૃષ્ણચંદ્ર ઉઠયો અને કહ્યું–"ચાલો."

નીચે ગયાં એટલે કુમુદ એમને ગૌશાળામાં લઈ ગયો, ત્યાં કુમુદે ગાયની પૂજા કરી, આચકા લીધી, અને પછી પેગુની ગાડી તૈયાર હતી, તેમાં બેઠાં. સાથે ગોપાળદાસ મુનીમ, અને કુમુદનો એના જેટલી જ ઉમ્મરનો એક દોસ્તાર હતો. કુમુદ અને કૃષ્ણચંદ્ર એક બાજુની "સીટ" ઉપર બેઠાં અને ગોપાળદાસ અને કુમુદનો મિત્ર સામેની "સીટ" પર બેઠાં. ત્રણ જણાં શુદ્ધ ખાદીનાં શ્વેત પોષાકમાં, અને કૃષ્ણચંદ્ર "અપટુડેટ" અંગ્રેજી પોષાકમાં. પેગુઓ ઘણાં સુંદર હતાં, એટલે ઝપાટાબંધ ચાલ્યાં. ચૌટાના પુલ આગળ આવ્યાં, એટલે કુમુદે કહ્યું–"હવે આપણે ચાલીને મેળો જોઇએ તો ઠીક; વચમાં ગાડીઓની ગીરદી હશે, એટલે ગાડી ધીમે ધીમે ચાલશે, અને મેળો બરાબર જોવાશે નહીં" કૃષ્ણચંદ્રે કહ્યું–"ઠીક એમ કરો." ચારે જણા ઉતરી પડયાં, અને ગાડીવાળાને બીજે રસ્તે ઘડિઆળ આગળ ગાડી લાવવાનું કહ્યું. દૂકાનો જોતાં જોતાં ચારે જણા ચાલ્યા જાય છે. રસ્તામાં બધા કુમુદચંદ્રને નમસ્કાર કરે, અને એને પણ ઘડી ઘડી હાથો ઉંચકવા પડે. પારસી, મુસલમાન, ખ્રીસ્તિ, કોઇ મળે અને સલામ કરે, તો કુમુદ તો નમસ્કારજ કરે, અને હસ્તે મુખે સર્વ સાથે વાતચિત કરતો જાય. કૃષ્ણચંદ્રને આ બાળકની લાયકી, નમ્રતા, અને સુશીલપણું જોઇ બહુ જ આશ્ચર્ય લાગ્યું. રસ્તામાં જે જે સ્વદેશી વસ્તુઓ જોય, તે તે મુનીમને ખરીદ કરવાનું કહે પરદેશી વસ્તુઓ પર નજર પણ ન નાંખે. રસ્તે બરાનપુરી ભાગળ આગળ પે ઢીની

દુકાનો કૃષ્ણચંદ્રને બતાવી હિંદુસ્થાનમાં બનતી દરેક સ્વદેશી વસ્તુના ભંડારની દુકાને થોડો વખત આસાયશ લેવા બેસાડયા. મેળો જોઇ કૃષ્ણચંદ્ર બહુ ખુશી થયો, અને સુખડનો તેમજ હસ્તીદંત અને કીનખાબનો કેટલોક માલ ખરીદ કીધો અને સ્વદેશી "સેફટી રેઝર", "બ્રસ", કાંસકી, આરસી, મીણ-બત્તીના 'સ્ટેંડો' 'હોલ્ડરો', 'સ્ટીલો', અને 'પેનશાલો' પણ લીધાં. પરદેશી વસ્તુઓમાંથી પણ એણે કેટલીક ચીજો ખરીદી. કુમુચંદ્રે આખા બજારમાંથી આશરે વીશ હજારની સ્વદેશી વસ્તુઓ ખરીદી હશે. કોઇ પણ સ્વદેશી વસ્તુની દુકાન માંડી બેઠું હોય, તેને ઉત્તેજન આપવા સારૂ, માંગે તે કીમતે બધો માલ ખરીદ કરી લેવા મુનીમને કહે–આટલા નાના છોક-રાને કુંજબિહારિલાલ શેઠ તરફથી, આટલી મોટી રકમની ચીજો ખરીદવાની સત્તા મળેલી જોઇ, કૃષ્ણચંદ્રને બહુ આશ્ચર્ય લાગ્યું, અને પૂછયું–"ભાઇ તમને શેઠે કેટલાં રૂપિઆ સુધી ખર્ચ કરવાની સત્તા આપી છે?" એટલામાં મુનીમ બોલી ઉઠયાં–"શેઠનો, કુમુદભાઇને જ નહીં, પણ સર્વને હુકમ છે, કે સ્વદેશી વસ્તુ બજારમાં જ્યાં દેખાય ત્યાંથી ખરીદ કરી લેવી. કુમુદભાઇ આજે ગમે તેટલી રકમ સ્વદેશી કામમાં ખર્ચે તો શેઠ બોલે એમ નથી, પણ એક પૈસાની પણ પર-દેશી ચીજ ઘેર લઇ જાય, તો શેઠને ખોટું લાગે. કુમુદભાઇએ તો આજે ૨૦,૦૦૦ નો જ માલ ખરીદ કીધો છે, પણ ગઇ કાલે શેઠના જ હુકમથી હું બે લાખ રૂપિઆનો માલ ખરીદ કરી લાવ્યો છું. બજાર ઉઠશે ત્યાર પહેલાં જે કાંઇ કોઇની પાસે સ્વદેશી માલ સિલક હશે, તે અમે ખરીદ કરી લઈશું. દરેક દુકાનદારને એ પ્રમાણે જણાવી દીધું છે. આમ શેઠ તરફથી

ઉત્તેજન મળવાથી, આ ગોકૂળ અષ્ટમીનો મેળો આખા હિંદુસ્થાનમાં મોટામાં મોટો ગણાય છે, અને આખું વર્ષ મહેનત કરી, કારીગરોને સ્વદેશી વસ્તુઓ બનાવવાનું ઉત્તેજન મળે છે. હિંદુસ્થાનનો કોઈપણ કારીગર, કોઇપણ શુદ્ધ સ્વદેશી વસ્તુ બનાવી, શેઠ આગળ રજુ કરે, તો શેઠ તેની માંગેલી કીમતે ખરીદવા સિવાય રહે નહીં. કૃષ્ણદાસ બળદેવદાસ”ની પેઢીએ, આ કામમાં આજ વર્ષો થયાં મહાન કાર્ય કર્યું છે અને તેથી જ એ પેઢી જગતમાં મશહુર છે.” આ સાંભળી કૃષ્ણચંદ્ર તો ચુપ જ થઇ ગયો, પણ એને એ વાત બહુ રૂચી નહીં, અને મનમાંજ બોલ્યો–“પરદેશી માલને પણ આપણે શા માટે ઉત્તેજન આપવું નહીં જોઇએ? I Can't understand why we should not consider all the Countries alike, and all the Countries our own, why should there be partiality? મને સમજ પડતી નથી કે આપણે સર્વ દેશોને પોતાના જ કેમ ન સમજવા જોઇએ, અને તેમની સાથે સરખી રીતે વર્તવું જોઇએ? પક્ષપાત શા માટે જોઇએ?”

સૂર્યાસ્તનો સમય થવા આવ્યો, એટલે સર્વ ગાડીમાં બેસી મેળામાંથી ઝાંપા બજાર અને કોટસફીલને રસ્તે થઇ, પાછાં ઘેર આવ્યાં. તુર્ત નોકર “જમવાની તૈયારી છે,” એમ કહેવા આવ્યો, એટલે કૃષ્ણચંદ્ર નિચે ગયો, આ વખતે એણે સપાટ પહેર્યાં નહોતાં, અને હાથમાં “નેપકીન” પણ લીધો નહોતો, તેમ “શર્ટ” પણ પહેર્યું નહોતું. ઉઘાડેજ દીલે ફક્ત ધોતીયુંજ પહેરી ગયો. હાથે ઘડિયાળ પણ બાંધ્યું નહીં. અત્યારે આશરે ૧૦૦ એક જણાની તૈયાર હતી. શેઠ

અને શેઠાણી આવ્યા નહોતાં, બૈરાંઓ અને મરદોની પંગત સામ સામી બેસાડવામાં આવી હતી. કુમુદચંદ્ર અને કૃષ્ણચંદ્ર સાથે સાથે બેઠાં હતાં. એટલામાં શેઠ ત્યાં આવી પોહોચ્યા, અને કૃષ્ણચંદ્ર સામે જોઇ ઉભા ઉભા જ બોલ્યા– "કેમ મેળો જોઇ આવ્યા? ઠીક હતોને?"

કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો–"હા જી, આવો મેળો મેં મારી આખી ઉમ્મરમાં કોઇ દિવસ જોયો નથી."

પછી મુનીમ સામે જોઈ બોલ્યા–"કેમ કુમુદે કાંઇ ખરીદ કીધું કે?" મુનીમે જવાબ આપ્યો–"હા જી રૂ. વીશેક હજારનો આશરે માલ ખરીદ કીધો છે." શેઠ દીલગીર થયાં હોય એમ મોંઢાનો ચહેરો જરા કટાણો કરી બોલ્યા–"બસ એટલો જ માલ ખરીદ્યો? વધારે નહોતો કે શું? આગળ તો પાંચથી દશ કરોડ સુધીનો માલ લેવામાં આવતો, અને આપણી પેઢીએ ઘણા વર્ષો પર એકી વખતે પાંચ કરોડનો તો એક વખત ખરીદ્યો હતો. સૂર્યપૂરનું નાક જવા બેઠું છે કે શું."

આ બોલવું સાંભળી કૃષ્ણચંદ્ર તો દંગ જ બની ગયો.

મુનીમે ઉત્તર આપ્યો–"શેઠજી, આ વખતે મેળામાંથી આશરે ત્રણેક લાખનો માલ આપણે ખરીદીશું."

શેઠે ઉત્તર આપ્યો–"ગયે વરસે પાંચ લાખનો ખરીદાએલો, તેના આગલા વર્ષે સાત લાખનો. અને તેના આગલા વર્ષે દશ લાખનો આમ આપણે ઉતરતાં જ ચાલ્યાં છીએ. શું હિંદુસ્થાનમાં પ્રથમ કરતાં હવે માલ થોડો બને છે? અથવા અહીંઆંના વ્યાપારીઓ ગોકુળ અષ્ટમીના મેળા પર મંગાવતાં નથી. ખરી સ્થિતિ શું છે તેની મને તો કાંઇ ખબર

પડતી નથી. દેશ દિન પર દિન ચઢે છે કે ઉતરે છે? મને તો બહુ જ દીલગીરી થાય છે."

મુનીમ બોલ્યા-"શેઠજી, દિલગીર થવાનું કાંઇ કારણ નથી. આપણા સ્વદેશી ભંડાર તરફથી જ આ વર્ષે ગોકૂળ અષ્ટમીના મેળાને સારૂ દેશ દેશાવરમાં ખાસ તૈયાર કરાવી દશ લાખનો માલ મંગાવવામાં આવ્યો છે, અને બજારમાં આશરે ચારેક લાખનો આવ્યો હશે. આપણી દરેક પેઢીઓએ દેશોમાં બહુ જ માલ ખરીદ કર્યો છે, એટલે આપણા તરફથી દિવસે દિવસે વધારેને વધારે જ રકમનો માલ ખરીદાય છે, અને પરદેશમાં પણ આપણે સ્વદેશી માલ જથાબંધ મોકલતાં થયાં છીએ. શેઠજી, આવી સ્થિતિ જો ચાલુ રહે, તો દશ વર્ષમાં આપણે ત્યાં સમૂળગો પરદેશી માલ આવતો બંધ થશે, અને આખી દુનિયાને આપણે અહીંઆનો જ માલ થોડે ઘણે અંશે પણ વાપરવાની ફરજ પાડીશું"

શેઠ આ સાંભળી બહુ ખુશી થયાં. એટલામાં શેઠાણી આવ્યા, અને મુનીમને કહેવા લાગ્યા-"ગોકુળ અષ્ટમી નિમિત્તે આપણા સંસ્થાન વાસીઓનો છોકરાં છોકરીઓને કાંઇ રમકડાં વગેરે આપવા જોઇએ કેની ?"

મુનીમે જવાબ આપ્યો-"આપ હુકમ આપો તે પ્રમાણે આપણા સ્વદેશી વસ્તુ ભંડારમાંથી મોકલી આપું ?

શેઠાણી બોલ્યા-"દરેક નાના છોકરા છોકરીને રૂપિયા વીસ વીસના રમકડાં, અને મોટા છોકરા છોકરીઓને રૂપિઆ પચીસ સુધીની તેમનાં કામમાં આવે એવી ચીજો આપવી જોઇએ એમ મને લાગે છે."

મુનીમે ઉત્તર આપ્યો-"જેવી આજ્ઞા."

શેઠાણી બોલ્યા-"આવતી કાલે દરેક સંસ્થાની યાદી પ્રમાણે સહવારે મોકલી આપજો, અને બપોરે હું અને રાધા જઈશું ત્યારે વહેંચી આપીશું."

"વારૂ શેઠાણી"-મુનીમે ઉત્તર વાળ્યો.

આ વાત ચાલતી હતી એટલામાં સર્વ કોઇ જમી રહ્યું, અને શેઠ બોલ્યા-"કૃષ્ણચંદ્ર હું જાઉં છું; જમી રહ્યા બાદ મારા ખંડમાં આવજો, આપણે કાંઇ આધ્યાત્મિક વિષય ઉપર વાતચિત કરીશું. શાસ્ત્રીજી આવતાં સુધી મને પુરસદ છે; બીજાં ભાઇ બહેનો આવશે તો પણ કાંઇ હરકત નથી."

આટલું બોલી શેઠ ચાલી ગયાં. અત્યારે પણ હાથ ધોઇ રહ્યા બાદ તુળશીના પાંતરાં અને બીડાંઓ આપવામાં આવ્યાં હતાં, તે બીજાંઓની માફક કૃષ્ણચંદ્ર પણ ખાઇ ગયો. અત્યારે એણે તુળશીનાં પાંતરાં હાથ ધોવાનાં પાત્રમાં ફેંકી દીધાં નહીં. હાથ ધોયા બાદ બન્ને હાથો ઘસી મોંઢે અને માથે ચોળી સાફ, બીજાંઓની માફક કીધાં. સર્વ કોઇ આ ફેરફાર જોઇ રહ્યાં. રાધાએ તો જમતાં જમતાં નિચું ઘાલેલું, તે ઉંચું જોયું જ નહીં. સામા પાટલા મંડાએલાં એટલે સ્વાભાવિક રીતે કૃષ્ણચંદ્રની બરોબર સામે જ એનો પાટલો આવેલો. જમવાની સર્વ વ્યવસ્થા સહવારની માફક જ હતી.

કૃષ્ણચંદ્ર પોતાના ખંડમાં જતાં જતાં વિચાર કરવા લાગ્યો કે-"શહેનશાહ કરતાં પણ શેઠની દોલત ચઢી જાય છે. શહેનશાહના ખજાનચીઓથી બન્ને ટાંટીઆ મેળવી શકાતાં

નથી, અને ખોટની ખોટ બતલાવવી પડે છે, જ્યારે શેઠને તો ખોટની બાજુજ નથી અને ખર્ચ કરવા સારૂ "બજેટો" પણ તૈયાર નથી કરવા પડતાં. મોંઢેથી હુકમ થયો એ ખર્ચ. પૈસા કયાંથી આવશે અને કયાંથી નહીં, તેનો કાંઇ સવાલ જ નથી. મારી બુધ્ધી બહેર મારી ગઇ છે. મને આમાં કાંઇ સમજ પડી શકતી નથી. ખંડમાં જઇ 'ખમીસ' પહેરી, કુમુદચંદ્ર આ૦યો હતો તેની સાથે એ શેઠના ખંડમાં ગયો. શેઠ અને શેઠાણી આગાશીમાંજ બેઠાં હતાં અને અજુબાજુ દર્ભના આસનો તે ઉપર મૃગચર્મો, અને તે ઉપર જાડી સફેદ ખાદી પાથરી હતી. દરેક આસન જુદું હતું, અને આશરે સો એક એવાં આસનો માંડી મૂકયાં હતાં. ઓરડીની અંદર બીજાં ખંડોની માફક છેક સાદાઇ હતી. આરામ ખુરશી કે ખાટલો પણ મળે નહીં. ફકત એક હીંચકો ટાંગ્યો હતો, બાકી બેસવાનું નિચેજ. ઓરડો બહુ મોટો આશરે બસો માણસો એક વખત બેસી શકે એવો હતો. ભીંતો પર શેઠના પૂર્વજોના—સ્ત્રી પુરૂષોના સુંદર ચિત્રો આવી રહ્યાં હતાં. ઓરડામાં આશરે દશેક ઘીની સમઇઓ ફાનસમાં અકેકમાં વીસ વીસ મોટી જ્યોતવાળી મુકેલી હતી. અંધારૂં થવા આવેલું હોવાથી તે સળગાવવામાં આવી હતી. સમઇઓ સાદી પિત્તળની જ હતી. અગાશીમાં એક મોટો હીંચકો હતો, અને તુળશીના આશરે બસોએક કુંડા હતા. દરેક કુડાંની આગળ ચાંદીની ઘીની સમઇ ફાનસમાં મુકી સળગાવી રાખવામાં આવી હતી. શેઠ અને શેઠાણી વચમાં આસનો ઉપર બેઠાં હતાં. કૃષ્ણચંદ્રને જોતાંની વાર શેઠ બોલ્યા—"આવો કૃષ્ણચંદ્રભાઇ બેશો" એમ કહી સામે આસન બતાવ્યું, કુમુદ એની સાથે બેઠો. થોડીવારમાં આશરે સોએક

સ્ત્રી પુરૂષો આવી જુદા જુદા આસનો પર બેસી ગયાં. રાધા પણ આવી પોતાની બહેનપણીઓ સાથે કૃષ્ણચંદ્રની પાછલી બાજુએ બેઠી.

કુંજબિહારિલાલ બોલ્યા—"ભાઇઓ અને બહેનો, આપણે વ્યવહારની બાબતોની વાતો તો રોજ કરીએ છીએ, અને હજુ પણ કર્યા જઇશું, પણ કાંઇ પરમાર્થની બાબત તરફ આપણે વિચાર દોડાવવો જોઇએ. આપણે સર્વ સંસારમાં હંમેશાં બળ્યાં ઝળ્યાં રહીએ છીએ; કોઇપણ સુખી દેખાતું નથી. ગમે તેવો શ્રીમંત હોય, અને આપણી દ્રષ્ટીમાં તે સુખી છે એમ આપણે લાગે છે, પણ બારિકાઇથી તપાસ કરી, તેની દ્રષ્ટિમાં આપણી દ્રષ્ટિ મેળવી જોઇએ, તો તે અનેક જાતની ઉપાધિઓથી અંતરમાં બળતો માલમ પડે છે. કોઇપણ સુખી દેખાતું નથી. અને દરેક સુખ શી રીતે મળે તેના ફાંફા મારતું જણાય છે. કોઇ શરીરે દુઃખી, તો કોઇ મનથી દુઃખી, એમ ચોમેર નજર નાંખી જોઇએ, સંસારમાં સર્વત્ર દુઃખ અને દુઃખ જ ભાસમાન થાય છે. આપણે મોંઢે તમાચો મારી ગાલ રાતાં રાખીએ છીએ, અને સુખી છીએ એમ બતાવવાનો ડોળ કરીએ છીએ, અને અંતરમાં તો દુઃખી જ હોઇએ છીએ. કોઇના પર ક્રોધ કરીએ તો તેને આપણે સુધારવાને બદલે ઉલટો દુઃખી કરીએ છીએ, અને આપણા ઉપર તિરસ્કાર ઉત્પન્ન કરાવીએ છીએ, અને તેના પરિણામ રૂપે આપણે પશ્ચાતાપ થઇ, અંતઃકરણમાં જલન ઉત્પન્ન થાય છે એ જુદું. આપણે મોહ થાય છે ત્યારે પણ આપણા ચિત્તની સ્થિતિ એવી જ થાય છે. મોહ કરવાની વસ્તુ પર સદા એક સરખો મોહ રહેતો નથી, અને વિખૂટી પડવાના ભયથી સદા દુઃખ થયા કરે છે,

અને વિખૂટી થયે તો અત્યંત દુઃખ થાય છે. આવી રીતે આપણે સદા વિચાર કરી જોઇએ, તો કેવળ દુઃખીને દુઃખી જ જીવન ગાળીએ છીએ. નાનાથી મોટાં સુધી સર્વ કોઇ સારી રીતે સમજે છે, કે આપણે એક દિવસ મરવાનું તો છે જ, સર્વ વસ્તુઓને અને સગાંવહાલાંઓને છોડીને જવાનું છે, અને મોહને લીધે તેમનાથી વિખૂટાં પડતાં આપણે અત્યંત દુઃખ લાગવાનું છે. વિખૂટાં પડવાનો કોઇ વખત આપણા ચિત્તમાં ખ્યાલ આવે છે, તો આપણે અત્યંત દુઃખી થઇએ છીએ. તે છતાં આપણે જાણે કોઇપણ વસ્તુ છોડવાની નથી, અને કદી સગાંવહાલાંઓથી વિખૂટાં પડવાનું નથી, એમ સમજી સઘળો વ્યવહાર કર્યા જઇએ છીએ, અને દુનિયામાં અમર રહેવાના છીએ. એમ માની સંસારમાં અનેક પ્રપંચો રચીએ છીએ અને તેમાં ફસાઇ એવા ગુંચવાઇએ છીએ, કે નીકળવાની કોઇ બારી જડતી નથી. એવા સંસારમાં આપણે આપણું સર્વ ડાહાપણ ખરચી નાંખીએ છીએ, અને બહુ સમજુકમાં અને અનુભવીમાં ખપીએ છીએ. વિચાર કરી જોતાં તો એ સર્વ આપણું ડહાપણ નકામું છે. ખરૂં ડહાપણ તો એ કહેવાય, કે આપણે દુઃખ રહિત સ્થિતિ શી રીતે પ્રાપ્ત કરવી, તેનો વિચાર કરવો.

વિચાર કરતાં આપણે જણાય છે, કે આપણા મનનો વેગ જ આપણે સુખ દુઃખ આપે છે. કોઇ વસ્તુ સુંદર હોય, આપણું મન તેના પર ચોંટતું હોય, અને કોઇ વખત આપણે ક્રોધના આવેશમાં હોઇએ તો તે વસ્તુ જ આપણે દુઃખરૂપ થઇ પડે છે. કોઇ વસ્તુ દુઃખરૂપ હોય, અને તેના દોષોનો વિચાર ન કરતાં તેને સુખરૂપ માની, તેનો અનુભવ કરીએ,

તો તે સુખરૂપ થઇ જાય છે. આ ઉપરથી એ સિદ્ધ થાય છે, કે સુખદુઃખ વસ્તુમાં નથી, પણ આપણા મનમાં છે. હવે એ મન શી વસ્તુ છે? આ બાબતમાં બધા ગુંચવાય છે, અને અનેક તર્કો કરી સેંકડો પુસ્તકોદ્વારા પોતાના વિચારો બાહાર પાડે છે. ખરાં વિચારશિલ પુરુષો તો સમજે છે, કે "મન" કાંઇ વસ્તુ જ નથી; એટલે નથી તે વસ્તુને કેવળ ભ્રમ કરી બતાવે છે, તે "મન." કોઇ થાંભલો હોય, અને રાત્રીને સમયે આપણે તેમાં ચોરનો ભાસ થઇ આવે, અને બેહબાકળા બની જઇ બૂમરાણ કરી, તેને પકડવાનો પ્રયત્ન કરીએ, અને પછી બત્તી લઇ આવતાં એ તો થાંભલો છે એમ સમજાય, એટલે આપણી ભ્રાંતિ આપણુને માલમ પડે, એ ભ્રાંતિનું નામ જ "મન". હવે એવું મન આપણુને સુખદુઃખ આપે છે, અને તે ખરાં સમજી આપણે ભોગવીએ છીએ. એટલે એ સિદ્ધ થયું, કે સુખદુઃખ કેવળ ભ્રાંતિ છે, પણ થાંભલાની પેઠે સત્ય ચોર ભાસી આપણુને દુઃખી કરે છે, અને બત્તિ લાવતાં જેમ ભ્રાંતિ ટળી જઇ સુખ થાય છે, તેમ આપણે મને કલ્પેલું દુઃખ દૂર થતાં સુખી થઇએ છીએ.

હવે આપણે કોણ કે જેને આ ભ્રાંતિ થાય છે? હરેક જણ કહે છે, કે હું જીવ છું, એટલે જીવતી હાલતી ચાલતી કોઇ ચીજ છું. એ જીવનું સ્વરૂપ શું? જીવનું સ્વરૂપ એટલે 'ચેતનતા' આપણામાં જે ચેતનતા વાસ કરી રહી છે, અને જેની સત્તાથી આપણે સર્વ ચીજોનો અનુભવ લઇએ છીએ, તે ચેતનતાનું જ નામ જીવ—એ ચેતનતા ગઇ એટલે શરીર મુડદું બને છે. એ ચેતનતાનું સ્વરૂપ જાણવું એનું જ નામ જ્ઞાન, અને તેને સારૂ હરેકે પ્રયત્ન કરવો જોઇએ. એ ચેતનતાનું સ્વરૂપ

કેવી રીતે જણાય, કે પ્રથમ આપણે અંતઃમુખ થવું જોઇએ, એટલે સર્વ ચિત્તની વૃત્તિઓને સંકેલી સ્થિર થવું જોઈએ, અને એ સ્થિરતાં જેમ જેમ આવતી જાય, તેમ તેમ આપણે ચેતનતા સન્મુખ જતાં જઇએ છીએ. પછી આપણે માલમ પડશે, કે આપણો જ પ્રકાશ સર્વ ચીજોને પ્રકાશિત કરે છે, અને તે પ્રકાશ લઇ જનાર વસ્તુ જ ચિત્ત અથવા મન છે, સૂર્યના કિરણોની માફક. સૂર્યના કિરણો કોઇ લઇ જતું નથી, પણ આવતાં ભાસે છે, તેમ પ્રકાશ મનની અથવા ચિત્તની વૃત્તિઓ લઇ જતી ભાસવે છે, પણ વાસ્તવિક મન અથવા ચિત્ત વસ્તુ કેવળ ભ્રાંતિ છે, એટલે લઈ જતી જ નથી. આપણો જ પ્રકાશ પોતાની મેળે જ બીજી વસ્તુઓને પ્રકાશિત કરે છે, અને તેથી આપણે સુખદુઃખ થાય છે, એ કેવળ વચમાંની ભ્રાંતિ છે. આ વચમાંની "મન"ની કલ્પના અને "ભ્રાંતિ" દૂર થતાં આપણે સ્વયં પ્રકાશ જ બનીએ છીએ. એજ આપણું સ્વરૂપ, એજ જીવનું સ્વરૂપ, અને એજ ઇશ્વરનું અને બ્રહ્મનું સ્વરૂપ છે. ચિદાકાશમાં આપણે પોતે છીએ, ચિત્તાકાશમાં આપણા પ્રકાશને ભ્રાંતિ સ્વરૂપ ચિત્ત સાથે જોડી દઇ તટસ્થ રહીએ તો તો ઇશ્વર છીએ, અને તદાકાર થઇએ તો જીવ બનીએ છીએ, અને ભૂતાકાશમાં છેક નિચે ઉતરી પડીએ છીએ, અને ભૂતોની સાથે મળી આ પંચભૌતીક દેહ આપણે જ છીએ, એમ માની અહંમમત્વ કરીએ છીએ, અને સુખીદુઃખી થઇએ છીએ, ને ઇશ્વર આપણાંથી જુદો છે એમ માનીએ છીએ.

માટે સર્વેએ એ "મનરૂપી ભ્રાંતિ"ને વચમાંથી ખસેડી નાંખી, પોતાના શુદ્ધ સ્વરૂપને ઓળખવું જોઇએ, અને જીવ ઇશ્વરની એકતા કરી પોતાના શુધ્ધ બ્રાહ્મ સ્વરૂપને પામવું

જોઇએ, કે જે કેવળ શાન્તિનું ધામ છે; એ શાન્તિનું ધામ જેણે જોયું છે, તે પછી સહેજ લલકારે છે કેઃ—

જોયું જોયું રે શાન્તિનું ધામ–શીતળ સુખકારી.
થયું થયું રે નિજાનંદ સુખ–શીતળ સુખકારી.

જ્યાં નથી દેહને જ્યાં નથી કાષ્ટ,
જ્યાં નથી પત્થર પાણી રે
જ્યાં નથી વાયુ, જ્યાં નથી અગ્નિ,
જ્યાં નથી સૂનું પોલ—શીતળ સુખકારી.
જ્યાં નથી જોવું જ્યાં નથી રોવું,
જ્યાં નથી ખોવું કાંઇ રે,
જ્યાં નથી લેવું, જ્યાં નથી દેવું,
જ્યાં નથી ચડવું પડવું—શીતળ સુખકારી.

હરિ: ૐ તત્સત કુંજબિહારિલાલ છેવટ બોલ્યા અને આંખો મીંચી દઇ સમાધિષ્ટ થઇ ગયાં. સહુ કોઇ ઉઠી, શેઠ શેઠાણીને પગે લાગી, ચાલ્યાં ગયાં. કૃષ્ણચંદ્રથી પણ સહેજ બન્નેને પગે લગાઇ જવાયું, અને પછી પોતે ઉઠી, પોતાના ખંડમાં જઇ, આજે જોયેલાં, અને સાંભળેલાં, સર્વ દ્રષ્યોનો વિચાર કરતો, આરામ ખુરશી પર બેઠો, અને ત્યાંને ત્યાંજ થોડીવારમાં ઉંઘી ગયો· ઉઠયો ત્યારે ઘડિયાળમાં જોય, તો બાર વાગેલા. પછી ખાટલા પર સૂતો અને સહવારે છેક છ વાગે ઉઠયો.

૬

દહિયા દશેમ

કૃષ્ણચંદ્ર આજે તો ઉઠયો તેવોજ જાજરૂમાં જઇ આવી, નાહવાની ઓરડીમાં ગયો. અને ત્યાં દિવેલને માટી મૂકેલાં, તેનાથી દાતણ કરી, કૂવામાંથી પોતાને હાથે પાણી કાઢી થંડા પાણીએ નાહ્યો, અને પોતાના કપડાં પોતાને હાથે ધોઇ નાંખી, સૂકાતાં નાંખ્યાં. આજે એણે સાબુ પણ પોતાના દીલને લગાડયો નહીં. વાળ ઓળી, પોમેટમ વગેરે કાંઇ લગાડયું નહીં. બાજઠ પર કંકુ અને એક તિલક ચાંદીનું પઠયું હતું, તેનાથી પોતે તિલક કર્યું, અને આરામ ખુરશી પર ખમીશ પહેરી બેઠો, એટલામાં નોકર આવ્યો અને પૂછયું–“શેઠ ચાહ લાવું ?

કૃષ્ણચંદ્રે જવાબ આપ્યો–“ના” નોકર વિસ્મય પામ્યો અને પૂછયું–“શેઠ પાણી ગરમ કરી આપું ?”

કૃષ્ણચંદ્રે કહ્યું–“મેં આજે થંડે પાણીએ જ સ્નાન કર્યું છે, એટલે પાણી ગરમ કરવાની કાંઇ જરૂર નથી.”

એટલામાં નોકરની નજર શેઠના કપાળ પર પડી,* અને તિલક જોઇ મનમાં જ હસ્યો. વળી નોકરે પૂછયું–“શેઠ આજે આપ જમશો કે સાંજના બધાં સાથે હવિષ્ય અન્ન ખાશો ?”

કૃષ્ણચંદ્ર એની સામે જોઇ રહ્યો, કારણ કે નોકર શું પૂછે છે, તે એ કાંઇ સમજ્યો નહીં.

નોકર ચેતી ગયો, અને બોલ્યો–“આજે દશેમ છે, તેથી ઘરમાં સર્વે સૂર્ય અસ્ત પહેલાં આશરે દોઢ કલાક અગાઉ

મીઠાં વગરનું ભોજન જમે છે. આખો દિવસ કોઇ કાંઇ લેતું નથી, અને આવતી કાલે એકાદશી હોવાથી સર્વ કોઇ તદ્દન નક્કોડો અપવાસ કરશે, અને પાણી પણ પીશે નહીં, અને રાત્રીના આખી રાત જાગરણ કરશે."

કૃષ્ણચંદ્ર આ સાંભળી ખૂબ ચમક્યો, અને થોડીવારે બોલ્યો–"સર્વેની સાથે હું પણ આજે સાંજના જ જમીશ."

નોકર જતો હતો, એટલામાં કૃષ્ણચંદ્રે કહ્યું–"મને મંદિર તો બતાવ?"

નોકરે કહ્યું–"ચાલો શેઠ."

કૃષ્ણચંદ્ર એની સાથે ઉઘાડે જ પગે મંદિરમાં ગયો, અને ત્યાંની રચના જોઇ, એણે કોઇ દિવસ વૈષ્ણવનું મંદિર જોએલું નહિ એટલે, બહુ વિસ્મય પામ્યો. જ્યાં જોઇએ ત્યાં સોના રૂપાનો અને ઝવેરાતનો જ ઠાઠ, રાજ ભોગનાં દર્શન થવાની તૈયાર હતી, એટલામાં એણે આજુબાજુ સર્વ જગાએ ફરી જોઇ લીધું. કેટલીક સ્ત્રીઓ ફુલની માળાઓ બનાવે, કોઇ ધાન્ય વીણે, કોઇ સામગ્રી તૈયાર કરે, મુખીયાજીઓ આમ તેમ દોડી રહેલાં, અને જ્યાં જોય ત્યાં ઉત્તમ સેવાનો ભાવ જ ઝળકી રહ્યો હતો, અને નરનારીઓ કીર્તનો ગાઇ રહ્યાં હતાં એટલામાં રાધા આવી, અને તેની પાછળ શેઠ શેઠાણી આવ્યાં. દર્શન ખૂલ્યાં, અને સર્વ "જયજય" બોલવા લાગ્યા. શ્રી ઠાકોરજીને ઉત્તમમાં ઉત્તમ હીરા, મોતી લીલમ, પોખરાજ, માણેકના શણગારો ચઢાવેલાં હતાં ને સુંદર સુવાસ સઘળે ફેલાઇ રહ્યો હતો, અને સર્વના મુખ પર આનંદ આનંદ છવાઇ રહ્યો હતો. એટલામાં મુખીયાજીએ શેઠના હાથમાં આરતી આપી, શેઠ આરતી ઉતારવા લાગ્યા.

સૌ કોઇ ગાવા લાગ્યું. આરતી ઉતાર્યા બાદ, શેઠ, શેઠાણી અને રાધાએ, સાષ્ટાંગ દંડવત પ્રણામ કીધાં. સર્વ વૈષ્ણવોએ પણ કીધાં. કૃષ્ણચંદ્ર ઉભોજ રહ્યો. પછી શેઠે કૃષ્ણચંદ્રની સામે જોયું, તો કપાલ પર તિલક દેખાયું, અને કાંઇક સ્મીત કરી બોલ્યા—"કૃષ્ણચંદ્રભાઇ આજે મારી સાથે આપણાં સંસ્થાનો અને કારખાનાઓ જોવા ચાલવું છે ને ?"

કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો—"હાજી"

"ત્યારે તૈયાર થઇ નિચે ઉતરો હું આવું છું." શેઠ બોલ્યા.

"વારૂજી" કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો.

સર્વ વિખેરાઇ ગયાં, અને કૃષ્ણચંદ્ર પોતાના ખંડમાં આવ્યો, અને ગઇ કાલનાજ કપડાં પહેરી નિચે ઉતર્યો. શેઠ પણ એટલામાં આવી પ્રહોંચ્યા. શેઠે ખાદીનો કોટ, અંદર બદન અને ધોતીયું પહેરેલાં, અને માથે ખાદીનો ફેંટો બાધેલો. પગમાં કાંઇપણ પહેરેલું નહીં, અને અડવાજ હતા,. પ્રથમ શેઠ ગૌશાળામાં ગયા, અને ત્યાં ગૌઓનું પુજન કર્યું. કૃષ્ણચંદ્ર પણ સાથે ગયો, અને જોઇ રહ્યો પછી માફા આગળ બંન્ને જણા આવ્યાં. એટલામાં શેઠ બોલી ઉઠયાં—" ચાલો આપણે પ્રથમ અહીંઆનો 'ખાદી આશ્રમ જોઇ આવીએ, પછી બીજે ઠેકાણે જઇએ" બન્ને જણા પ્રથમ ત્યાં ગયાં. રાધા અગાઉથી ત્યાં આવી કામ તપાસી રહી હતી. શેઠે પ્રથમ 'ખાદી આશ્રમ' માં પેસતાં જ આંગણામાં એક સોનાનો રત્ન જડિત રેંટીયો એક બાજઠ પર મુકવામાં આવેલો, તેનું પુજન કરી સાષ્ટાંગ દંડવત પ્રણામ કીધાં. એ રેંટીયા આગળ સોનાની સમઇમાં

રાત દિવસ ઘીની ૨૦ જ્યોતો બળતી રાખવામાં આવતી, અને તેના પર બે માણુસોની ઘી પુરવા સારૂ અને પુજાપો તૈયાર રાખવા નિમણુંક કરવામાં આવી હતી. ખાદી આશ્રમ ઉઘડતાં, આ રેંટીયાની સર્વ કોઇ પૂજા કરી, દંડવત કરી અંદર જતું. શેઠની સાત પહેડીથી આ રેંટીયો એ જગાએ હતો, અને 'રેંટીયા દેવ' જ એને સર્વ કોઇ કહેતું. શેઠ કૃષ્ણચંદ્રને ફરી સર્વ કાંઇ બતાવવા લાગ્યા. ઉંચામાં ઉંચી ઢાકાની મલમલને ભુલાવે એવી મલમલ, હાથ કંતામણ અને હાથ વણાટની નીકળતી જોઇ, કૃષ્ણચંદ્રને બહુજ આશ્ચર્ય લાગ્યું. જુદી જુદી જાતના રંગરંગીત ખાદીના જાડા ગાલીચા જેવા પાથરવાના, ઓઢવાના ચારસા, ચાદરો, કોટનું, અને બદનનું કપડું, છત્રીઓનું કપડું ખાદીની બેગ બનાવવાનું કપડું, વિગેરે જોઇ કૃષ્ણચંદ્ર ઘણોજ ખુશી થયો, અને વિચાર કરવા લાગ્યો કે અંગ્રેજી કપડાંને ટક્કર મારે એવાં કપડાં બને છે ખરાં હીંદુસ્થાનમાં. પછી ધોતીયા જોયાં તો એવા ઝીણાં અને સુંદર કે બંગાળી ઝીણાં ધોતીયાને અને 'જોનપીલ'નાં વિલાયતી ધોતીયાને ટકકર મારે. હજારો સ્ત્રી, પુરૂષો, અને બાળકો, આનંદથી કામ કરી રહ્યાં છે. શેઠ બોલ્યા "આ આશ્રમ ઉપર રાધા દેખરેખ રાખે છે" રાધા પાસે જ ઉભી હતી, તે શરમાઇ ગઇ. પછી શેઠ કૃષ્ણચંદ્રને લઇ માફા આગળ આવ્યાં. કૃષ્ણચંદ્ર માફાના હાથી જેવાં બળદો જોઇ બહુ વિસ્મય પામ્યો. આખી ઉમ્મરમાં એણે અહીંઆના જેવી મોટી ગાયો, અને બળદો કોઇ ઠેકાણે જોયાં નહોતાં. બળદોના કોટમાં સોનાની સાંકળીઓ અને ઘુઘરાં. શીંગડાએ સોનાની ખોલીઓ. માફા ઉપર છત્રી કીનખાબની, અને ઉપર હીરા જડિત કળસ અને કૃષ્ણદાસ બળદેવદાસ"ના નામનો ખાદીનો વાવટો—આજુબાજુ

કીનખાબનાં જ પડદાં–માફો આખો સોનાના પતરાંથી મઢેલો, અને સોનાની જ ઘુઘરીઓ આજુબાજુ લાગી રહેલી. ચોધરીએ શુદ્ધ ખાદીનો "પોષાક" પહેરેલો, અને ખાદીના લાલ રંગની પાઘડી જરીના તોરાવાળી બાંધેલી. શેઠ પ્રથમ અંદર બેઠાં, અને કૃષ્ણચંદ્રને બેસવાનું કહ્યું–એણે પાટલૂન અને બૂટ પહેરેલાં, એટલે કેમ બેસવું તે સૂઝે નહીં. શેઠે કહ્યું–"પાછળ પગ નાંખી બેશો." કૃષ્ણચંદ્રે તેમ કર્યું. ચોધરી માફો હાંકવા બેઠો, અને ચાલતા માફાનો રણકાર શરૂ થયો, રસ્તે જતાં આ માફાના રણકારથી જ સર્વ કોઈ બાજુ થઇ જતાં, અને કદાચ કોઇને બાજુ થવાનું કહેવું પડે, તો ચોધરી બહુ જ નમ્રતા અને વિવેકથી "મહેરબાન જરા બાજુ", "માજી જરા બાજુ", "બહેન જરા બાજુ", "ભાઇ જરા બાજુ", "શેઠ જરા બાજુ", "હજરત જરા બાજુ", વગેરે શબ્દો ઉચ્ચારતો. શેઠે કહ્યું–"ઘોડ દોડના રસ્તા પર લો." માફો સડસડાટ ચાલ્યો. ઘોડાની ગાડી કરતાં પણ બળદો જોરમાં ચાલે. પરોણી રાખવાનો તો શેઠનો હુકમ જ નહોતો. જરા લાકડી ચોધરી ઉભી કરે, કે બળદો ફ્લંગો મારે–થોડી વારમાં સંસ્થાનમાં આવ્યા.

પ્રથમ ગૌશાળામાં ગયા, અને હજારો હાથી જેવી ગાયો અને મજબૂત વાછરડાં વાછરડીઓ જોઇ કૃષ્ણચંદ્રને બહુ નવાઇ લાગી.

પછી મકાનોમાં ગયા ત્યાં રહેતાં કુટુંબીઓની રીતભાત, નમ્રતા, સાદાઈ અને સભ્યતા જોઈ, કૃષ્ણચંદ્રને બહુજ નવાઇ લાગી. શેઠને જોઇ ઘરમાંનું દરેક જણ બહાર આવી પગે લાગે અને શેઠ તેમના માથા પર હાથ મુકે. એટલામાં એક ઘરમાંથી એક ડોસો શેઠને પગે લાગવા આવ્યો. શેઠે તેને અટકાવ્યો, અને

પોતેજ તેને પગે પડયા. શેઠે કૃષ્ણચંદ્રને કહ્યું આ વૃધ્ધ પુરૂષ ની ઉમ્મર ૧૨૫ વર્ષની છે. કૃષ્ણચંદ્રને બહુજ આશ્ચર્ય લાગ્યું, અને બોલ્યો "શેઠજી આટલી મોટી ઉમ્મર સુધી માણસો જીવી શકે છે?" શેઠે ઉત્તર આપ્યો—"હજુ એમનાથી પણ વૃધ્ધ એક મુસલમાન પુરૂષ આ આશ્રમમાં ૧૫૦ વરસના છે, અને ગામડામાં વાનપ્રસ્થોમાં ઘણા ૯૦ વર્ષની ઉપરનાં સ્ત્રી પુરૂષો છે." કૃષ્ણચંદ્ર તો એટલો આશ્ચય પામ્યો કે શેઠની સામે જોઇ જ રહ્યો પછી નિશાળમાં ગયા ત્યાં છોકરાં છોકરીઓનાં મજબુત શરીરો જોઇ, કૃષ્ણચંદ્ર તો ચકિતજ થયો. કૃષ્ણચંદ્ર એક અધ્યાપિકાને અંગ્રેજીમાંજ પુછવા લાગ્યો—"તમારે ત્યાં છોકરાં છોકરીઓની આંખની દાકતરી તપાસ થાય છે કે?" અધ્યાપિકાએ ગુજરાતીમાંજ જવાબ આપ્યો. "નાજી, અમારે ત્યાં કોઇની આંખો ખરાબ હોતી નથી, કારણ કે કોઇને પણ રાતના વાંચવા લખવાની મનાઇ છે. ઘીના દીવાજ સર્વ ઠેકાણે બાળવામાં આવે છે, અને સર્વ કોઇ રોજ "ત્રાટક" કરે છે, એટલે આંખ શેની બગડે? વળી રાતના દરેક આંખમાં કોડિયામાંનું દિવેલ આંજી સુવે છે શેઠની કોઇપણ સંસ્થાનમાં ચશમા કોઇને પણ પહેરવાની મનાઇ છે."

આ સાંભળી કૃષ્ણચંદ્રને તો બહુ જ નવાઇ લાગી, અને મનમાં બોલવા લાગ્યો.—"What do I hear all this?" હું આ સર્વ શું સાંભળું છું? પછી મોટેથી અંગ્રેજીમાં બોલ્યો—'તમે અંગ્રેજી સમજો છો ત્યારે બોલતાં કેમ નથી?' અધ્યાપિકાએ ઉત્તર આપ્યો—"અમને ખાનગી વ્યવહારમાં સ્વભાષા સિવાય બીજી ભાષામાં બોલવાની શેઠ તરફથી મનાઇ છે. પત્રવ્યવહાર અને સર્વ લખવાનું પોતાની જ ભાષામાં કરવું જોઇએ." તમે

અંગ્રેજી ક્યાં સુધી શીખ્યા છો ?" કૃષ્ણચંદ્રે પૂછયું. અધ્યાપિકાએ ઉત્તર આપ્યો—"અમારી પાઠશાળામાં કોઇ જાતની પરીક્ષા નથી, એટલે હું શું જવાબ આપું ? અમારી પાઠશાળાનાં અધ્યાપકો અને અધ્યાપિકાઓ આપને ત્યાંની એમ. એ. ની "ડીગ્રી" લીધેલાં કરતાં વિશેષ સંગીન જ્ઞાન ધરાવે છે."

કૃષ્ણચંદ્ર ચૂપ જ રહ્યો, અને શેઠ સાથે આગળ ચાલ્યો—પછી "આરોગ્યભુવન"માં ગયા. ત્યાંની રચના જોઇને તો એ દિગમૂઢ બની ગયો, અને અંગ્રેજીમાં જ મુખ્ય અધ્યાપકને પૂછવા લાગ્યો. "તમારે ત્યાં રોજના કેટલાક પેશંટો આવે છે ?" અધ્યાપકે ગુજરાતીમાં જ ઉત્તર આપ્યો—"શેઠ, અમારા સંસ્થાનવાસીઓમાંથી તો આજ કેટલા વર્ષો થયાં કોઇ માંદુ પડી આવતું નથી, તેથી શેઠે બહારના રોગીઓને દાખલ કરવા એવો હુકમ આપવાથી હજારો દર્દીઓ બહારગામથી અને શહેરનાં રોજ આવ્યાં જ કરે છે." કૃષ્ણચંદ્રને આશ્ચર્ય લાગ્યું, અને પૂછયું—"શું તમે એમ કહેવા માંગો છો, કે સંસ્થાન-વાસીઓમાંથી કોઇ માંદુ જ પડતું નથી ?" અધ્યાપકે ઉત્તર આપ્યો—"અમારા સંસ્થાનોમાંથી કોઇ માંદુ પડેલું, આજ મને અહીંઆ ત્રીશ વર્ષ થયાં તે દરમ્યાન તો જોયું નથી. માદું પડે શી રીતે ? અમારા શેઠે આરોગ્ય સંબંધી બાંધેલા નિયમો કેવાં કડક છે. એમ કહી દરેક મકાનમાં નિયમોનો તકતો મૂકવામાં આવ્યો હતો, તેની નકલ બતાવી. કૃષ્ણચંદ્ર ઉપરથી નિચે સુધી લક્ષપૂર્વક સર્વ નિયમો વાંચી ગયો, અને અધ્યાપક સામુ જોઇ રહ્યો. અધ્યાપક બોલવા લાગ્યો—"શેઠ, જે માણસ રોજ સહવારે ગૌમૂત્ર પીએ, દિવસમાં બે વખત તુળશીના અને એક વખત લીમડાના પાતરા ચાવે, ઉઘાડામાં સૂવે, થંડે

પાણીએ નાહાય, જોડાં ન પહેરે, અને ઉઘાડે જ પગે ચાલે, એકાદશીનો નક્કોડો ઉપવાસ કરે, અને યોગનાં ચાર અંગો યમ, નિયમ, આસન, અને પ્રાણાયમ કરે અને અંતઃશુદ્ધિને સારૂ ધૌતિ, નેતિ, બસ્તિ, ગજકરણી, વગેરે ક્રિયાઓ કરે, તે માંદો શી રીતે પડી શકે, એ કોઇ પણ સમજી શકે એમ છે.” કૃષ્ણચંદ્ર તો કેવળ આસાંભળી આશ્ચર્યચકિત થયો, અને બોલ્યો– “તમે “પેશન્ટો”ને કેવી રીતે “ટ્રીટ” કરો છો?” અધ્યાપક એમને પાછલી બાજુએ લઇ ગયા, અને નજર ન પોહોંચે એટલી મોટી વિશાળ જગા બતાવી બોલ્યા–શેઠ જુઓ આ વિશાળ જગામાં કેવળ લીમડાનાં ઝાડની ઝાડી, અને તુળશીના ઝાડો સિવાય બીજું કાંઇ જોવામાં આવતું નથી. વચમાં વચમાં દશ દશ ફૂટ જમીન ગૌમૂત્ર અને છાણુથી લીંપેલી છે, અને તેના ઉપર વચમાં માણુસ સૂઇ શકે એવી આશરે ફૂટ ઉંચી ઓટલીઓ માટીની, ગૌમૂત્ર અને છાણુથી લીંપેલી બનાવેલી છે. તેના ઉપર દર્ભનું સૂવાય એટલું લાંબુ પોહોળું આસન, ઉપર બબે મૃગચર્મો અને, તેના ઉપર ખાદીની જાડી સફેદ ચાદર બિછાવી છે. જાડી ખાદીની ઘડી કરી બનાવેલો તકિયો માથું મુકવાને સારૂં છે, અને ઓઢવાને જાડી ખાદીની ચાદર, અને ઉપર કામળ પગ આગળ મુકી રાખ્યાં છે, આ અમારા દર્દીઓનાં ખાટલા અને બિછાનાઓ દસ ફુટ જગાની આજુબાજુ બધે તુળશીના કયારાઓ આવી રહ્યાં છે, અને ઉપર લીમડાના ઝાડોની ખુબ છાંયા છે. જે આવે, તેને અમે અહીંઆ ઉઘાડમાં જ રાત દિવસ રાખીએ છીએ, અને એકજ જાતની ક્રિયા “ ટ્રીટમેન્ટ ” દરેક રોગમાં કરીએ છીએ. સહવારના પોહોરમાં દર્દીને એક મોટું પ્યાલું ભરી ગૌમૂત્ર પાઇએ છીએ.

તેના પર મોઢું ભરી તુળશીના પાંતરાં ખવાડીએ છીએ. પછી બપોરે 'પંચગવ્ય' એટલે ગાયનું દુધ, ગાયનું ઘી, ગાયનું દહીં, ગાયનું છાણુ, અને ગાયનું મુત્ર, ભેગાં કરી એક પ્યાલો પાઇએ છીએ, તેના પર લીમડાનાં પાંતરા ચવાડીએ છીએ, મોઢામાં માય એટલાં, અને સાંજના પાછું મોટું પ્યાલું ભરી ગૌમુત્ર પાઇએ છીએ. રાતના એને અંદર લઇ જઇ, ખુબ બાફ આપી પસીનો કઢાવી નાંખી, લુછી, આખે દીલે અમારા વાનપ્રસ્થ આશ્રમમાં અગ્ની હોત્રી બ્રાહ્મણો ઘણા છે, તેમનાં કુંડમાંથી ભસ્મ લાવી રાખી મુકીએ છીએ તે ખૂબ ચોપડીએ છીએ, અને થોડી પાણી સાથે ખવાડીએ છીએ, અને પાછો બહાર લાવી, ખુલ્લામાં સુવાડીએ છીએ. આ અમારી દર્દીને સારા કરવાની ક્રિયા, અને અમારૂં "ટ્રીટમેન્ટ." આશરે દશ વાગે સહવારે દરેક દર્દીને એક કલાક સુધી શરીરે ઉઘાડામાં જ ખુબ 'પંચગવ્ય' ચોપડી, કલાક સુધી માથા પર કેળનું પાતરૂં ઢાંકી, તડકામાં મંટોડી ચોળી, બેસાડીએ છીએ, અને તે જ્યારે તદન સુકાઇ જાય, ત્યારે થંડે પાણીએ નવડાવી, દીલ લુચ્છી, કપડાં પહેરાવી, થોડી ભસ્મ પાણી સાથે ખવડાવી, પોતાની જગાએ મોકલી આપીએ છીએ. ત્યાં પછી એને સૂવું હોય તો સૂવે, ને બેસવું હોય તો બેસે, અને વાંચવું હોય તો વાંચે. ખાવાનું બિલકૂલ આપતાં નથી. તરસ લાગે, તો પાણી કૂવાનું પીએ. જે દર્દીમાં શક્તિ હોય, તેને માથા પર અને બન્ને હાથમાં સરખાં લજનો આપી, તેની અર્ધશકિત ખર્ચ થાય એટલાં પસારો સહવાર સાંજ ખૂલ્લામાં ફેરવીએ છીએ, જે દર્દીથી કોઇ ખાસ કારણને લીધે બહાર સૂઇ ન શકાય, તેને ઓરડામાં સુવાડીએ છીએ અને બધી બારીઓ ઉઘાડી મૂકી રાખીએ છીએ, અને તેના ઓરડામાં

તુળશીના કૂંડાઓ ચારે બાજુએ મુકવામાં આવે છે. દિવસે તો દરેક દર્દીએ બહાર જ રહેવું પડે છે. ફકત ચોમાસાનાં દિવસોમાં દર્દીઓને ઓરડામાં અને પરસાળમાં રાખવાં પડે છે. આજ ત્રીસ વર્ષ થયાં તો હું જોઉં છું, કે આ ઉપચારોથી હરેક દર્દી સારો થઇ જાય છે. ખાસ કારણોમાં અમે દેશી ઔષધીઓનો ઉપયોગ કરીએ છીએ. શસ્ત્રક્રિયા ઘણું ખરૂં બિલકુલ કરતાં નથી, અને કરવી જ પડે કદાચ, તો અંગ્રેજી સસ્ત્રો ન વાપરતાં આપણા દેશી જ સસ્ત્રો વાપરીએ છીએ. અમારી પાસે એવી ઔષધીઓ છે, કે જે લગાડવાથી કાપવાનો ભાગ એની મેળે કપાઇ જાય છે. મોતીઓ આંખમાંનો કાચો હોય ત્યાં સુધી તો અમે ઔષધીથી જ દૂર કરીએ છીએ. પાકયા બાદ માત્ર અમે અમુક ક્રિયાથી તે બહાર કાઢીએ છીએ. ડામ દેવાની, લાછાં મૂકવાની, તુમડી લગાડવાની, પોત મુકવાની, વગેરે ક્રિયાઓનો અમે જરૂર પડે ઉપયોગ કરીએ છીએ, અને એ ક્રિયાઓથી સારાં થએલાં દર્દીઓ પાછાં તે રોગથી તો કદી પીડાતાં નથી. "ઇનજેકશનો"નો તો અમે કદી ઉપયોગ કરતાં નથી. એથી બહુજ પાપ થાય છે, અને તુર્ત ફાયદો કદાચ કરે છે, પણ પાછળથી બહુ ગેરફાયદો થાય છે. અમારા કેટલાક અધ્યાપકો "ઇનજેકશન" વિદ્યાનો જર્મની, જાપાન, વગેરે સ્થળે જઇ, ખાસ અભ્યાસ કરી આવેલાં છે, તેમણે જંતુઓમાંથી બનતી રસીઓની શેઠને માહીતી આપવાથી શેઠે રસી મુકવાની અપવિત્ર ક્રિયા સમુળગી બંધ કરી છે. અને દાકતરોને રસીઓ બનાવવા પણ દેતાં નથી. દર્દી સારો થયા બાદ એને સાત દિવસ સુધી ગાયના દુધ પર અને મેવા પર રાખી મોકલી આપીએ છીએ. અમારાં સંસ્થાનોમાં

કોઇને બહાર રસ્તા પર અથવા ઘરમાં થુંકવાની કે નાક નસીંગવાની ટેવ નથી. જ્યાં કોઇનો અવર જવર ન હોય ત્યાં જ દરેકે આ ક્રિયા કરવી પડે છે. દર વર્ષે અમારા હડંદર સંડાસોમાંથી સઘળું પુરાણ અમે બહાર કાઢી, ખેતરોમાં ખાતર સારૂ મોકલી આપીએ છીએ, અને સંડાસો સ્વચ્છ બનાવીએ છીએ. શી રીતે અમારે ત્યાં ગંદકી થાય અથવા માણસો માંદા પડે? પુરુષો પુરુષોની, અને સ્ત્રી અધ્યાપિકાઓ સ્ત્રીઓની અને બાળકોની માવજત કરે છે. બન્ને આરોગ્ય ભૂવનોની વ્યવસ્થા જુદી જુદી છે. એક એકનું મોઢું પણ એક એક જોવા પામતાં નથી." આ સર્વ સાંભળી કૃષ્ણચંદ્ર તો આશ્ચર્ય ચકિત થઇ ગયો. તુળશીના, અને લીમડાના, અને ગાયના મૂત્રના, અને છાણના આટલા બધા ગુણો એણે સ્વપનામાંએ સાંભળ્યા નહોતા, અને એના વાંચવામાં આવેલા કોઇ અંગ્રેજી પુસ્તકમાં પણ એણે વાંચ્યા નહોતા. પછી એણે પૂછ્યું–"આ સંબંધમાં તમે કાંઇ પુસ્તક લખી લોકોની જાણ માટે પ્રસિદ્ધ કર્યું છે કે?"

અધ્યાપકે ઉત્તર આપ્યો–"હા જી, પેઢી તરફથી* અખૂટ જીવનદોરી અથવા નૈસર્ગિક (કુદરતી) સાધનોથી સુદ્દઢ શારીરિક સંપત્તિ સાધ્ય કરવાની વિદ્યા નામનું પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, અને તેની કરોડો નકલો દરેક ભાષામાં છપાવી અહીંઆના તેમજ બહારના લોકોની જાણ માટે ફોકટ વહેંચવામાં આવે છે."

કૃષ્ણચંદ્રે પૂછ્યું–"જોડા ન પહેરવાનો શું હેતુ?"

---

*આ પુસ્તક ભાઇ રતીલાલ નાનાભાઇ લલ્લુજીના મંદિર સામે, ગોપીપૂરા સુરત, તરફથી રૂા. ૧) (એક)ની કીંમતે મળે છે.

અધ્યાપકે જવાબ આપ્યો—"જોડા ન પહેરવાથી પગના તળીયાં ઘણાજ મજબુત બને છે, અને શરદી વગેરે લાગતી નથી. ગમે તેવા રોગી ઢોરના ચામડાનો સ્પર્શ ન થાય, એમાં આપણી પવિત્રતા જળવાય છે. કીડી, મકોડા વગેરેનો નાશ આપણા પગથી થતો નથી. મહાન પુરુષો જે જમીન ઉપર વિચરે છે,તેમનાં પગનાં રજકણોનો આપણે સ્પર્શ થઇ, આપણામાં આકર્ષક શકિત જે પગોમાં રહેલી છે, તે વડે આપણામાં પવિત્ર વિચારોનો નાશ થાય છે. પગ, હાથ, મોઢું, અને માથું, તો હમેશાં ઉઘાડાંજ રાખવાં જોઇએ."

કૃષ્ણચંદ્ર ચુપ થઇ ગયો.

"આરોગ્ય ભુવન"માંથી શેઠ અને અન્ય ધર્માવલંબીઓના વાસોમાં લઇ ગયા. ત્યાં વૃદ્ધ ૧૫૦ વર્ષના મુસલમાનના ઘરમાં ગયા, અને તેમને પગે લાગી, જમીન પરજ શેઠ બેઠાં. કૃષ્ણચંદ્ર ઉભો રહ્યો, તે જોઇ ડોસો ચટાઇ લઇ આવ્યો, અને તેના પર બેસવાનો એણે આગ્રહ કર્યો, એટલે એ બેઠો. શેઠ બોલ્યા—"આ વૃધ્ધ મોલવી સાહેબ રોજ મસીદમાં "વાયઝ" કરે છે, અને સર્વ મુસલમાનોને ધર્મનું જ્ઞાન આપે છે. એઓ આજ સંસ્થાનમાં જન્મેલા છે, અને આજે એમની સાત પેઢીના મળી આશરે ૨૦૦ કુટુંબીઓ હયાત આ સંસ્થાનમાં છે. એઓએ આખી ઉમ્મર માંસાહાર કર્યો નથી. એમના દાંતો ફરીથી આવ્યા છે. એઓ દર એકાદશીએ ઉપવાસ કરે છે. અમારા સર્વના એઓ વડિલ છે, અને અમે સર્વે એમની સલાહ મૂજબ ચાલીએ છીએ. એઓએ આખી ઉમ્મરમાં કોઇના મરણનું દુઃખ જોયું નથી. ગયે વરષેજ એમના બીબી ૧૪૦ વર્ષની ઉમ્મરે બેહેસ્તનસીન થયાં. એમણે ૨૧ વખત મક્કા શરીફની હજ કરી

છે, અને આખા હિંદુસ્તાનમાં આજે એઓ પોતાની વિદ્વતાથી પંકાએલા છે. એમનાં જ આશીર્વાદથી આજે આપણી આ સર્વ સંસ્થાઓ ચાલી રહી છે." કૃષ્ણચંદ્ર આ સઘળું આશ્ચર્ય ચકિત થઇ સાંભળી રહ્યો. મૌલવી સામે જોયું, તો એમણે લીલો ખાદીનો ઝભ્ભો પહેરેલો અને હાથમાં પીળા મણકાની માળા લઇ ફેરવ્યા કરતા હતા. થોડીવારે પોતે ગુજરાતીમાંજ કૃષ્ણચંદ્ર સામે જોઇ બોલ્યા—"ભાઇ શેઠ કુંજબિહારિલાલની પુણ્યાઇ બહુ મોટી છે. આજ એમની પાંચ પેઢી તો મેં જોઇ છે. અનિતિનો જરા પણ સ્પર્શ કોઇનામાં નહોતો, અને હાલમાં પણ નથી. તેથી જ અહીંયા અમે સર્વે રામરાજ્ય ભોગવી રહ્યાં છીએ. ભાઇ, મારા જોવામાં આવ્યું નથી, કે શેઠના આશ્રમમાંથી કોઇપણ સ્ત્રી પુરુષ ઉમ્મર થયા પહેલાં, ગુજર્યા હોય. કોઇ વૃધ્ધના દેખતાં કોઇપણ જુવાનનું મોત કદી મેં જોયું નથી. દરેક પાકી ઉમ્મરે જ મરે છે. કોઇને પણ કોઇના મરણનો ઘા લાગતો નથી. સ્ત્રીઓ હમેશાં પોતાના સ્વામીઓ પહેલાંજ મરે છે. વિધવા તો કોઇ આ આશ્રમમાં થતી જ નથી. બહારની વિધવાઓને આશ્રય આપવામાં આવે છે, તેથી વિધવાઓ દેખાય છે. અનિતિ મેં કોઇ દિવસ આશ્રમોમાં જોઇ નથી. કેવળ કળયુગમાં સત્યયુગ વ્યાપી રહ્યો છે, એમ કહીએ તો ચાલે. પ્રથમ અમારા વડિલો આ આશ્રમમાં આવ્યા, ત્યારે ફક્ત ૨૫ કુટુંબો હતાં. ધીમે ધીમે વધતાં જઇ, આજે હજારો કુટુંબો આ સંસ્થાનોમાં આશ્રય લઇ, કેવળ સાત્વિક, સાદી જીંદગી ગુજારી પોતાનું શ્રેય કરી રહ્યાં છે. હજુ હજારો રહી શકે તે માટે જગાઓ ખરીદાય છે, અને મકાનો બંધાવાજ કરે છે. દિવસે દિવસે શેઠની ચઢતીજ થતી ચાલી છે,

અને હું તો એમની પહેડીના દરેક શેઠને ઇશ્વરનો અવતાર જ સમજું છું." મૌલવી સાહેબને પગે લાગી, શેઠ અને કૃષ્ણચંદ્ર ત્યાંથી "હુન્નરશાળા"માં ગયા. ત્યાં હજારો સ્ત્રીપુરુષો કામે વળગી રહ્યાં છે. કૃષ્ણચંદ્ર મુખ્ય અધ્યાપકને પૂછવા લાગ્યો–"મને કાલે કુમુદભાઇ કહેતા હતા કે તમે અહીંઆ "મોટરો," "સાઇકલો," અને "એરોપ્લેનો" બનાવવા માંડયાં છે, તે કારખાનાઓ બતાવશો? અધ્યાપક એમને ત્યાં લઇ ગયો, અને બતાવવા લાગ્યો, અને બોલ્યો–"શેઠ, બે મહિના પછી હું આપને અમારી 'મોટરો'માં, વિમાનોમાં અને 'સાઇ-કલો'પર બેસાડી શકીશ, અને આપને લાગશે કે આપણો દેશ બીજા દેશો કરતાં ચઢે છે, પણ કાંઇ ઉતરતો નથી. અમે આર્યવૈદિક પદ્ધતિ પ્રમાણે આ સઘળું કરી રહ્યાં છીએ. શેઠે એક વખત "સત્યપ્રકાશ"માં વાંચ્યું, કે અસલ વેદોમાં આ સંબંધી સર્વ ક્રિયાઓ લખેલી છે, તેથી એમણે નદીપારની પાઠશાળાના મુખ્ય વેદ પારંગત અધ્યાપકશ્રીને વાત કરી, અને તેઓએ મહાશ્રમ લઇ વેદમાંથી સર્વ બાબતો શોધી કાઢી, અને અમને, અને વિલાયતથી શીખી આવેલા અમારા કારીગરોને બતાવી, તે ઉપરથી અમે પ્રયોગો કરી, આ ચીજો બનાવી રહ્યાં છીએ. એમાં એક પણ ચીજ વિદેશી આવશે નહીં. 'વાયરલેસ ટેલીગ્રાફી'ના યંત્રો, 'ગ્રેમોફોનો,' 'ટેલીફોન' અને વિજળી ઉત્પન્ન કરવાની ક્રિયાઓ, પણ અમે વેદની રૂઢીએ અને અગાઉના રામાયણ મહાભારત વગેરે પુરાણોના દ્રષ્ટાંતોથી, પાઠશાળાના અધ્યાપકોની મદતથી બનાવવાના પ્રયોગો, કરી રહ્યાં છીએ; અને થોડા વખતમાં આપ જોશો, કે અમે જુની આર્યપદ્ધતિઓ પ્રચારમાં મૂકીશું. ઘડી-

આલો બનાવવાનું કારખાનું તો અમે શરૂ કરી દીધું છે. ચશમાના કાચો તો અમારે બનાવવાં જ નથી એટલે એની વાત શી? બાકી સર્વ પ્રકારનો કાચ સામાન તો અમે અમારાં સ્ટેશન બહારના કારખાનામાં બનાવીએ છીએ. શેઠની પહેડીનો એવો મત છે, કે ચશમા તો કોઇએ વાપરવાં જ નહીં કૃત્રિમ કોઈપણ ચીજનો ત્યાગ કરવો. તેથી અમે અમારી વિજળી ઉત્પન્ન કરવાની 'બેટરી 'ઓનો ફક્ત 'સીનેમેટેગ્રાફ' બતાવવાના કામમાં ઉપયોગ કરીએ છીએ. શેઠને બંગલે અથવા કોઇ પણ કારખાનાઓમાં અમે તેનો ઉપયોગ કરતાં નથી, જો કે અમે એ કામ ઘણી સારી રીતે કરી શકીએ એમ છે. 'મેજીકલેન્ટર્ન' સારૂ 'સલાઇડસો' અને 'સીનેમેટેગ્રાફ' સારૂ ફીલ્મો તો અમે અહીંઆજ બનાવીએ છીએ, અને તે કાલે તમે 'એકાદશી આશ્રમ' માં રાતના જોશો. કૃત્રિમ દાંતો અમે બનાવીએ છીએ, પણ શેઠની કોઈને પણ એવા દાંતો વાપરવાની મનાઇ છે. કોઇના દાંતો પડી જાય, તો તેણે પોતાના પીઢીઆ એટલાં મજબુત કરવા, કે તે દાંતની ગરજ સારે એવો શેઠનો મત છે.

આ સર્વ દ્રશ્ય બતાવી, શેઠ કૃષ્ણચંદ્રને રામના મંદિરમાં લઇ ગયા, અને ત્યાં દર્શન કરી માફામાં બેસી, ગોપીપુરામાં પોતાની પહેડી અને જરી કામનું કારખાનું બતાવ્યું. પછી બરાનપુરી ભાગોળે ગયા, અને ત્યાં સર્વ દુકાનો અને જુની ચીજોનું પ્રદર્શન માળ પર બતાવ્યું. સ્વદેશી ચીજનો ભંડાર જોઇ એ ઘણો ખુશી થયો. અને ત્યાંના અધ્યાપકને એક યાદી પોતાને ખરીદવાની ચીજોની કરી આપી. તેમાં ખાદીના ધોતીયાં અને ફેંટો હતાં અને કપડું લઇ ત્યાંજ છ ખમીસો, અને છ કોટો, સુતરના બટનો મુકી, સીવવા આપ્યાં. રૂમાલો, દુવાલો, ચાદરો,

પાથરવાના, ઓઢવાના, અને બીજી અનેક પોતાને ઉપયોગી પડે એવી ચીજો યાદીમાં દાખલ કીધી. અધ્યાપકે કહ્યું–" બીલ સાથે સર્વ ચીજો શેઠને બંગલે સાંજના મોકલી આપીશ " કૃષ્ણચંદ્રે તેમનો ઉપકાર માન્યો. શેઠ બીજા કામમાં હતા, એટલામાં કૃષ્ણચંદ્રે આ ખરીદી કરી લીધી, એટલે શેઠને તે વિષે કાંઇ માલમ પડયું નહીં.

ત્યાંથી સ્ટેશન બહારનાં સર્વ કારખાનાઓ બતાવી, નદી પાર તેડી ગયા. પ્રથમ પાઠશાળા અને વિધવાશ્રમ બતાવ્યા. પાઠશાળાના મુખ્ય અધ્યાપકને જોઇ કૃષ્ણચંદ્ર ઘણો વિસ્મય પામ્યો. શેઠ બોલ્યા–" એઓશ્રી ૧૧૦ વર્ષની ઉમ્મરના છે, અને ચારે વેદો કંઠે છે. " પછી બીજા ત્રણ બે, અને એક વેદ પાઠીઓ બતાવ્યા, અને વેદકિ, સંગીત, પુરાણિક, યોગ વિદ્યા અને બીજી વિદ્યાઓમાં પારંગત મહાન સમર્થ પંડિતોના દર્શન કરાવ્યા. વિધવાશ્રમમાં વૃદ્ધ સર્વ વિધવાઓમાં કુશળ, એવી પંડિતાઓને બતાવી. જુદી જુદી ભાષા જાણનારી પંડિતાઓ અને પંડિતો બતાવ્યા. બ્રહ્મચારીઓ, કન્યાઓ, વિધવાઓ, અને બીજાઓ શિક્ષણ લેતા હતા તેના વર્ગો બતાવ્યા. ધુરંધર સંસ્કૃત વિદ્યાના પંડિતોના દર્શન કરાવ્યા પછી વાનપ્રસ્થ આશ્રમમાં અનેક બ્રાહ્મણો અગ્નિ હોત્રીઓ હતા, અને આખો દિવસ યજ્ઞ જ કર્યા કરતા હતા, તે બતાવ્યું. પછી બ્રહ્મચારી આશ્રમમાં સુદ્રઢ યુવકો અને કન્યાઓને જોઇ એ બહુ વિસ્મય પામ્યો. યુવક અને કન્યાઓની વ્યવસ્થા તદ્દન જુદી હતી. ત્યાં કેટલીક કન્યાઓ અને બ્રહ્મચારીઓ મુદ્રાઓ અને બંધો તેમજ નૈતિ, ધૌતિ, નૌલી, વગેરેની ક્રિયાઓ કરતા હતા તે જોઇ એને બહુ જ આશ્ચર્ય લાગ્યું, અને હિંદુસ્થાનમાં આવી વિદ્યાઓ

છે એ જોઇ ખુબ વિચારમાં પડી ગયો. આ બાબતો એણે કદી સાંભળેલી નહિ, પણ તો જોઇ તો ક્યાંથી જ હોય? ત્યાંથી અપંગઆશ્રમ, ભોજનગૃહ, ગૌશાળા, વગેરેની વ્યવસ્થા બતાવી સંન્યાસાશ્રમમાં લઇ ગયા. ત્યાં મહાન યોગીઓના દર્શન કરાવ્યા, અને બીજા વૃધ્ધ જ્ઞાની પુરૂષોનાં દર્શન કરાવી, કથા ચાલતી હતી ત્યાં થોડો વખત બેશી, મોટા મંદિરે દર્શન કરી, આશરે સાડા ચાર વાગે ઘેર આવ્યા. કૃષ્ણચંદ્ર આખી ઉમ્મરમાં કોઇ દિવસ આટલો વખત ચાહ પણ પીધાં સિવાય ભુખ્યો ન રહેલો, એટલે એને તો ખુબ ભુખ લાગેલી, અને જીવ તલપાપડ થઇ રહેલો. એટલામાં નોકરે આવી કહ્યું 'શેઠ ચાલો જમવા' એણે ધોતીયું પહેરી લીધું, અને હાથપગ ધોઇ, ઉઘાડે જ દીલે ગયો. અત્યારે આશરે દોઢસોએક પાટલા હતા, અને વ્યવસ્થા સર્વ ગઇ કાલના જેવી જ હતી. હવિષ્ય અન્ન એણે બાપ જન્મારા ખાધેલું નહિ, તે આજે ખાધું. ભુખ લાગેલી એટલે એને એ અન્ન ખુબ પ્રિય લાગ્યું. આશરે પચાશેક વાનીઓ કરવામાં આવી હતી. જમતાં પહેલાં આજે શેઠ શેઠાણીના આરતી ઉતારવા રાધા અને કુમુદચંદ્ર આવ્યા. તે વખતે સર્વ કોઇ ઉભું રહ્યું, તેમ એ પણ બેઠો નહિ, પણ ઉભોજ રહ્યો, અને બધાની સાથે આરતી ગાવા લાગ્યો. જમી રહ્યાં બાદ તુળશી આપવામાં આવ્યા, તે ખાઇ લીધાં. ઉઠતાં ઉઠતાં શેઠ બોલ્યા—" કૃષ્ણચંદ્રભાઈ, શાસ્ત્રીજી આવતાં પહેલાં આઠ વાગતાં સુધી મને પુરસદ છે, તમારે તેમજ બીજાં કોઇ ભાઇઓ અને બ્હેનોને મારા ખંડમાં આવવું હોય તો આવજો, કાંઇ વાતો ચિંતો કરીશું, આવતી કાલે તો એકાદશી છે. અને અમારો મૌનવાર છે, એટલે બોલવાનું કાંઈ નહીં બને."

કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો–"વારૂજી, આવું છું."

ખંડમાં જઇ થોડોવાર બેસી, ખમીસ પહેરી, એ શેઠના ખંડમાં ગયો. શેઠ શેઠાણી અગાશીમાંજ કાલની માફક બેઠાં હતાં, અને બીજાંઓ સર્વે આવી બેસી ગયાં હતાં. કૃષ્ણચંદ્રની જ રાહ જોવાતી હતી. એ ગયો એટલે શેઠે કહ્યું " આવો બેસો " પછી કુંજબિહારિલાલ શેઠે બોલવાનો આરંભ કર્યો:–

"ચિદાકાશ જે પરમ શાન્તિનું ધામ છે, સચ્ચિદાનંદ સ્વરૂપ છે, બ્રહ્મ છે, આત્મા છે, તેમાં આપણે કાલે સ્થિતિ કરી, અને તેજ આપણા સર્વનું મૂળ સ્વરૂપ છે, અને એમાંજ મહાન હઠ યોગીઓ અને રાજયોગી જ્ઞાનીઓ, સદાકાળ સ્થિતિ કરી રહ્યાં છે. ત્યાં નથી કોઇ પ્રકારનું દુ:ખ, પણ સદા તેજોમય જ્ઞાનનો અંબાર છે, એજ આપણા સ્વ સ્વરૂપમાં સ્થિત થવાને હરકોઇએ, પ્રથમ નિશેષ રૂપે, એટલે દ્રશ્ય તે હું નથી, એમ સર્વ વૃત્તિઓને વૈરાગ્યદ્વારા સતત અભ્યાસથી દુર કરી, પ્રયત્ન કરવો જોઇએ. પછી વિધિ મુખે જ્યારે જગતને જોય, ત્યારે વિવર્ત રૂપે પોતાનું જ સ્વરૂપ એને વિલસી રહેલું ભાસે છે, અને જીવન મુકત સ્થિતિમાં રહી, પોતાનો સર્વ વ્યવહાર કર્યો જાય છે. હઠયોગીઓ કુંડલિને જાગૃત કરી, અષ્ટસિધ્ધીઓ મેળવી, તેનાથી વિરકત રહી, જ્ઞાનદ્વારા પોતાના સ્વરૂપમાં સ્થિત થાય છે, અને રાજયોગીઓ કેવળ જ્ઞાનદ્વારા સમજથી જ સિદ્ધિઓ ન પ્રાપ્ત કરતાં, આ સ્થિતિને પામે છે. હઠયોગીઓને કષ્ટે કરી, અને રાજયોગીઓને સુલભ રીતે કેવળ વિચારદ્વારા, આ સ્થિતિ-પ્રાપ્ત થાય છે. જેને જે માર્ગ અનુકૂળ પડે તેણે તે માર્ગ ગ્રહણ કરવો.

ચિદાકાશમાંથી અંદોલન થઇ ઇષણા અથવા ઇચ્છા થઇ

ચિત્તાકાશમાં ઉતર્યો કે "અહં"–અવકાશ રૂપ સ્ફુરણુ થયું, અને ઉત્પત્તિ શરૂ થઇ. આ બ્રહ્માનું, વિષ્ણુનું અને શંકરનું સ્વરૂપ છે, અને "અહં" થતાંની સાથેજ "નઅહં" એટલે "ઇદંતા" થઇ; બન્ને સાપેક્ષ છે. એકજ સ્ફુરણુ એટલે કલ્પનામાં બે ભાવો થયાં. "અહં" અને "ઇદં", "પુરૂષ" અને "પ્રકૃત્તિ" "ચિદાકાશ" અને "ચિત્તાકાશ" અહીંયા ઇશ્વરત્વ આવ્યું, એટલે સર્વ કાંઇ ઉત્પન્ન કરવા છતાં, તેને તેનું અભિમાન નથી, અને અલગ રહી શકે છે. સર્વ ક્રિયા કરતો દેખાવા છતાં, કરતો નથી અહં મમત્વ જે જીવના ભાવો છે, તેથી દુર છે. આ સ્થિતિમાંથી એ પોતાની અસલ સ્થિતિમાં એટલે ચિદાકાશમાં જઇ શકે છે, એટલે અધ્યારોપ દર્શને પરમાત્મા (પોતામાં) સર્વ વિશ્વને ઉત્પન્ન કરી, વિવર્ત રૂપે ભાસમાન થાય છે, અને તેને વિશ્વ પોતાના એક સુક્ષ્મમાં સુક્ષ્મ ખુણામાં ઉત્પન્ન થયેલું ભાસે છે, અને તેથીજ "પરમાત્મા વિશ્વને દશાંગુણુ પરિણામ વિશેષ વ્યાપ્ત થઇ રહેલાં છે," એમ કહેવાય છે.

પ્રકૃતિ એટલે માયા ત્રિગુણાત્મક હોવાથી, સત્વ શુધ્ધજ્ઞાન રાજસ જ્ઞાનાજ્ઞાન મિશ્રિત ક્રિયા, અને તમ કેવળ અજ્ઞાન એમાંથી સત્વ, રજ, અને તમ, વૃત્તિઓનો પ્રવાહ ફેલાયો, અને પંચ તન્માત્રા (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગંધરૂપ વિષયોની ઇચ્છા) યોગે, સ્વપ્નવત્ જગદાભાસ દેખાયો. સાત્વિક વૃત્તિ પ્રકાશ રૂપ, રાજસી ગતિ રૂપ, અને તામસી મોહ અંધકાર રૂપ છે, અને એ વૃત્તિઓદ્વારા ભુતાકાશમાં આખું જગત સમાયેલું છે. આવી રીતે ચીદાકાશમાંથી ઉતરી ચિત્તાકાશમાં આવી, પરમાત્મસ્વરૂપ પુરુષ, પ્રકૃતિથી તટ્સ્થ રહે છે, અને છેવટ તેજ પ્રકૃતિ સાથે મળી જઇ ભૂતાકાશમાં આવે છે, અને વૃત્તિઓને આધિન

થઇ, પોતાના સ્વરૂપને ભુલી જાય છે, ત્યારે જીવ બને છે, અને આધિભૌતિક, અધ્યાત્મિક, અને આધિદૈવિક સુખ દુઃખોનો ભોક્તા થાય છે, અને ઇશ્વરને પોતાથી જુદો માને છે. હવે જીવને પાછા પોતાના મૂળ સ્વરૂપે પોહોંચવા સારૂ, રાજસી-વૃત્તિઓ જે વિષયોની ઇચ્છા આદિક ઉત્પન્ન કરે છે, અને તામસી, વૃત્તિઓ જે તેને સાહાય થઇ, મોહરૂપ આવરણ દ્વારા જગત્‌ના પદાર્થોની સત્યતા ભાસવે છે, તેને જ્યારે વૈરાગ્ય અને બોધના યોગે પરાભવ કરી સાત્વિકવૃત્તિઓનો સજાતિય પ્રવાહ શરૂ કરી જય મેળવે છે. ત્યારે તે શાંતવૃત્તિએ કરી, પોતાનું મૂળ જે " શુદ્ધ અહં " તેનું " અહંબ્રહ્માસ્મિ " મહા વાકયનો અર્થ સમજાતા, ભાન થાય છે, અને તેજ ક્ષણે મારી " નિરવકાશ પરમાત્મા " સાથે એકતા છે, એવો નિશ્ચય થાય છે, અને એ નિશ્ચય અઢળ છે. એનેજ અપવાદ દર્શન કહે છે. આવી પ્રતીતિનો ઉદય થયો, એટલે જગત્ દર્શન સમયમાં પણ જગત્‌ને પોતાનુંજ વિવર્ત જાણી, હર્ષ, શોક, રહિત વિચરે છે, અને સંસાર વૃક્ષ જેનું મૂળ ઉપર, અને શાખા નિચે છે, તે વૃક્ષ ઉપર ચઢી, પોતાના ઉચ્ચ, ઉત્તમ, નિર્મળ સ્વરૂપને પામે છે. આજ જીવન મુકત સ્થિતિ, જેમાં વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ, અને લયનું યથાર્થ જ્ઞાન થાય છે, અને પછી તે પોતાના અક્ષય સ્વરૂપથી ચ્યુત થતો નથી. સ્મરણ હંમેશાં દુઃખદાઇ છે વિસ્મરણ હંમેશાં સુખદાઇ છે."

હરિઃ ૐ તત્સત શેઠ આટલું બોલી, આંખો મીંચી સ્તબ્ધ બેઠાં. સહુ કોઇ શેઠ શેઠાણીને પગે લાગી ચાલ્યું ગયું. કૃષ્ણચંદ્ર પણ બન્નેને પગે લાગ્યો, અને કુમુદચંદ્રને સાથે તેડી પોતાના ખંડમાં ગયો. ત્યાં જઇ જોય તો " સ્વદેશી ભંડા-

૨"માંથી પોતે ખરીદેલી સર્વ ચીજો બરાબર "પેક" થઇ, બીલ સાથે આવી પોહોંચેલી, અને માણુસ જવાબની રાહ જોતો બહાર ઉભેલો. કૃષ્ણુચંદ્રે બીલનાં રૂપિઆ આપી દીધા, અને માણુસ પાવતી સાથે જ લાવ્યો હતો, તે એને આપી. 'બંડલો' જુદા જુદા 'લેબલો' લગાડી એવી સરસ રીતે 'પેક' કરેલાં, કે જાણે કોઇ મોટી યુરોપીઅન 'ફર્મ'માંથી આવ્યાં હોય. આપણા લોકોની આવી સુંદર કામ કરવાની રીત જોઇ, કૃષ્ણુચંદ્ર બહુ ખુશી થયો. પછી 'શર્ટ' અને 'કોટો' ખાદીના સીવડાવ્યાં હતાં તેનું 'બંડલ' ખોલ્યું, અને પહેરી જોયાં, તો બરોબર 'ફીટ' આવ્યા. કુમુદચંદ્રે પૂછ્યું—'તમે પણુ ખાદીના કપડાં સીવાડયાં કે શું?' કૃષ્ણુચંદ્રે ઉતર આપ્યો—'તમે બધા ખાદીના કપઠાં પહેરો, અને હું ન પહેરૂં, તે મને શરમ નહીં લાગે?' કુમુદચંદ્રે ઉત્તર આપ્યો—'બહુ સારૂં કર્યું; આપણે ત્યાં સારાં કપડાં બનતાં હોય, તો પરદેશી શા માટે પહેરવાં?'

પછી કુમુદે પૂછ્યું—તમે આવતી કાલે એકાદશીનો નક્કોડો અપવાસ કરશો કે ની? અમારે ત્યાં તો સર્વ કોઇ અપવાસ કરે છે. કોઇ કાંઇ ખાતું અથવા પીતું નથી. તરસ લાગે, તો પાણી પીએ છીએ. શેઠ અને શેઠાણી તો પાણી પણુ પીતાં નથી, અને આખો દિવસ અને રાત મૌન ધારણુ કરે છે, અને રાત્રીનું અમે સર્વ જાગરણુ કરી, 'એકાદશી આશ્રમ'માં જઇ બેસીએ છીએ. ગાયોને પણુ એકાદશીને દિવસે દોહોવામાં આવતી નથી, અને ઘાસચારો, દાણો, કે પાણી ગૌશાળામાં આપવામાં આવતાં નથી. બળદો અને ઘોડાઓને પણુ કેવળ ભુખ્યા જ રાખીએ છીએ. ગાયો અને બળદો ચરવા જાય, ત્યારે ચારો ખાઈ આવે, અને પાણી મળે તો પી આવે. બધે એકા-

દશીને દિવસે રજા પાળવામાં આવે છે, અને સર્વ કોઇ બીજો ઉપયોગ મુકી દઇ, ઇશ્વરભજનમાં પોતાના ખંડમાં, અથવા ઉઘાડામાં બેસી, કાળ ગાળે છે. બનતાં સુધી કોઇ વાર્તાચિતોમાં અને ટોલટપ્પામાં વખત ગાળતું નથી. ફરવા હરવાનું સર્વ બંધ હોય છે, અને ગાડીઓ પણ જોડવામાં આવતી નથી."

"એકાદશી આશ્રમ જોવા જેવો છે. ત્યાં દશ હજાર સ્ત્રી પુરૂષો એકી સાથે બેશી શકે છે. એક મોટું 'થીએટર' (નાટક ગૃહ) એમાં આવેલું છે. એ આશ્રમમાં સર્વ કોઇ બેશી આખી રાત જાગરણ કરે છે, અને જુદા જુદા પ્રયોગો જોય છે. આશ્રમના દરવાજા બરાબર સાડા છ વાગે ઉઘડે છે અને પોણા સાત વાગતા સુધીમાં તો દરેક પોતપોતાની જગાએ બેશી જાય છે. સાતમાં પાંચ કમે પિતાજી અને માતુશ્રી ત્યાં પધારે છે, અને બરોબર સાત વાગે કાર્યક્રમ શરૂ થાય છે. ૭ થી ૮ સુધી જે એકાદશી હોય, તેના આખ્યાનનું નાટક ભજવાય છે. સંસ્થાનવાસીઓ-માંથી કોઇ વિદ્વાન સ્ત્રી, પુરૂષ નાટક લખે છે, અને સંસ્થાન વાસીઓમાંનાજ સ્ત્રી, પુરુષ, બાળકો તે ભજવે છે. દર વખત જુદા જુદા નાટકો હોય છે, અને તેને સારૂં અગાઉથી તૈયારી કરી મુકવામાં આવે છે. આવતી કાલે 'અજા એકાદશી' છે અને તેના માહાત્મ રૂપે 'હરિશ્ચંદ્ર' આખ્યાન ભજવવાનું છે. હું અને બહેન પણ તેમાં 'પાર્ટ' લેવાના છીએ, અને અમે તૈયારી કરી રહ્યાં છીએ. ૮ થી ૯ બહેન જુદી જુદી ધુનો ગવડાવશે, અને સંગીત કળામાં નિપૂણ આશ્રમવાસીઓમાંના સ્ત્રી, પુરુષો, અને બાળકો, એ ધૂનો જુદા જુદા રાગોમાં ગાઇ બતાવશે, અને સાથે હરેક વાદ્યોવાળાં પણ પોતાની કળા બતાવશે. પછી ૯ થી ૧૦ ભાટચારણો ઇતિહાસિક વાર્ત્તાઓ કહેશે.

૧૦ થી ૧૧ ગરબા થશે. ૧૧ થી ૧૨ ગાગરીઆ ભટ કથા કહેશે. ૧૨ થી ૧ બ્રહ્મચારીઓ અને કન્યાઓ અંગબળની જુદી જુદી કસરતો, અને પ્રયોગો કરી બતાવશે. ૧ થી ૨ 'મેજીક લેંટર્ન' વડે યોગની જુદી જુદી ક્રિયાઓ જેવી કે આસનો, બંધો, મુદ્રાઓ, અને ધૌતી, નૌતી વગેરે બતાવશે. ૨ થી ૩ 'સીનેમેટોગ્રાફ'થી રામાયણ, મહાભારત, ભાગવત્, અને અરાઢ પૂરાણમાંના જુદા જુદા દેખાવો બતાવવામાં આવશે. પછી ૩ ૪ મહાન યોગીરાજ અષ્ટસિદ્ધિના ચમત્કારો બતાવશે. અને ૪ થી ૫ ઘોડાઓ, હાથીઓ, અને જંગલી જનાવરોને બોલાવવા અને સામવેદના મંત્રો ગવડાવવામાં આવશે, અને યોગીરાજ પોતાની પીઠપર અગ્નિ ઉત્પન્ન કરી ફરાળની ચીજો તળાવશે. પછી પિતાશ્રી અને માતુશ્રીની આરતી અમે ઉતારીશું, અને ત્યારબાદ સર્વ વિખરાઇ જશે. જુદા જુદા સંસ્થાનોમાં એકાદશીનું વ્રત કરી જાગરણ કરવામાં આવે છે, અને દરેક સંસ્થાનનું 'પ્રોગ્રામ' જાગરણનું જુદુ હોય છે, તેથી સંસ્થાનવાસીઓ ત્યાં જ રોકાએલાં રહે છે, અને તેમાંના કવચિત કોઇ આપણા આશ્રમમાં જોવા આવે છે. ફક્ત આપણા ઘરના જ અને પરોણાઓ આશ્રમમાં જાય છે. બહારના અને શહેરનાં બહુ લોકો દરેક કોમના આવે છે, અને તેથી આખો આશ્રમ ભરાઇ જાય છે; એક પણ જગા ખાલી રહેતી નથી. અધ્યાપકને "ટીકીટો' કાઢવી પડે છે, અને સહવારે ૭ થી ૪ વાગતા સુધી 'ઓફીસ' ખોલી, ટીકીટો આપવી પડે છે. કાંઇ પણ દામ લેવામાં આવતું નથી. લગભગ ૯૮૦૦ 'ટીકીટો' દર એકાદસીએ આપવામાં આવે છે. આપણાં સર્વ સારૂ ૨૦૦ 'સીટો' રાખવામાં આવે છે, અને તેની પણ 'ટીકીટો' ચાર વાગતાં

પહેલાંજ મંગાવી લેવી પડે છે. આપને સારૂ હું એક 'ટીકીટ' શેઠની અને મારી જોડેનાજ નંબરની મંગાવી લઈશ."

આ સર્વ કુમુદચંદ્રનું લાંબુ વ્યાખ્યાન સાંભળી, કૃષ્ણચંદ્ર તો બહુજ અચંબામાં પડી ગયો, અને થોડીવારે બોલ્યો—'ત્યારે મારે પણ ઉપવાસ અને જાગરણ કરી, આખો દિવસ મારા ખંડમાંજ ગોંધાઇ રહેલું પડશે કે?'

કુમુદે જવાબ આપ્યો—'હાસ્તો, હું તમને આવતી કાલના આખા 'પ્રોગ્રામ'ની છપાએલી ચોપડી આપી જઇશ, તે તમે બેઠાં બેઠાં વાંચી જોજો, અને ઇશ્વર ભજન કરજો. હું તમને આવતી કાલે સાંજના સાડા છ વાગતે તેડવા આવીશ, કારણ કે મારે નાટકમાં 'પાર્ટ' લેવાનો છે, એટલે આખો દિવસ તૈયારી કરવામાં જશે. દર 'એકાદશી' બપોરે ચોપડી છપાઇ બહાર પડે છે, અને દરેકની સામે જે બાજઠ મૂકવામાં આવે છે, તેના પર અકેક નકલ મૂકી રાખવામાં આવે છે. બહારનાઓ જે જોવા આવે, તેમને એક નિયમોનો છાપેલો કાગળીઓ પ્રથમ આપવામાં આવે છે, તે વાંચી જોઇ, તેના પર સહી કરી આપે, તોજ 'ટીકીટ' આપવામાં આવે છે. તેમાં લખ્યું હોય છે, કે શુધ્ધ ખાદીના પોષાકમાં આવવું, ઘોંઘાટ કરવો નહીં, તાળીઓ પાડવી નહીં, અને જે 'નંબર'ની 'ટીકીટ' હોય તેજ 'સીટ' પર બેસવું'

કૃષ્ણચંદ્ર બોલ્યો—'ભાઇ, કોઇ હજામને આવતી કાલે મારી પાસે મોકલવાની મહેરબાની કરશો?'

કુમુદને બહુ આશ્ચર્ય લાગ્યું અને બોલ્યો. ' તમારે હજામ શા માટે જોઇએ? તમે તો હાથેજ હજામત કરો છોને? આવતી કાલે તો કામધંધો સર્વ બંધ, એટલે હજામ હજામત પણ

નહીં કરે, પરમ દિવસે આવશે, અથવા કહો તો હમણાં બોલાવું? આપણા ઘરમાં જ હજામો નોકર છે.'

'ઠીક ત્યારે હમણાજ બોલાવો' કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો.

'વારૂજી, હું જાઉં છું, અને મોકલી દઉં છું. આવતી કાલે હવે સાંજના સાડા છ વાગે આવીશ; તમે તૈયાર થઇ રહેજો' જતાં જતાં કુમુદ બોલ્યો.

'ઠીક ભાઇ જાઓ' કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો.

પાંચ 'મીનીટ' નહિ થઇ, એટલામાં હજામ આવ્યો. કૃષ્ણચંદ્રે કહ્યું 'ખુરશી પર બેસી હજામત કરશે, કે નીચે બેસું?' 'આપની જેવી મરજી' હજામે ઉત્તર આપ્યો. કૃષ્ણચંદ્ર નીચેજ શેત્રંજી પર બેઠો, અને હજામને કહ્યું–'આ બધા મારા માથાના વાળ કાઢી નાખ, અને ચોટલી રાખ.' હજામ એની સામે જોઇજ રહ્યો. કૃષ્ણચંદ્ર બોલ્યો–'કેમ ભાઇ સમજ્યો કે નહિ ઉભો કેમ રહે છે?'' હજામે ઉત્તર આપ્યો–'શેઠ આવા સુંદર કાતરેલા વાળ કેમ કાઢી નંખાવો છો?' કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો, 'આપણા વૈષ્ણવને વાળ ન જોઇએ.' હજામ કાંઇ બોલ્યો નહીં, અને હજામત કરવા મંડી પડયો. એણે હજામત કરતાં એકલું પાણીજ લગાડયું, તેથી કૃષ્ણચંદ્રને જરા અસ્ત્રો લાગવા માંડયો તેથી તે બોલ્યો–'ભાઇ સાબુ કેમ નથી લગાડતો?' હજામ બોલ્યો 'શેઠના ઘરમાં અમને સાબુ વાપરવાની મનાઈ છે.' કૃષ્ણચંદ્ર કાંઇ બોલ્યો નહીં, અને ચુપ રહ્યો. હજામત થઇ રહેતાં હજામના હાથમાં એણે રૂપીઓ મૂકયો. હજામે લીધો નહીં, અને કહ્યું–'શેઠના ઘરમાં અને આશ્રમમાં અમારાથી કોઇની પાસે કોઇ ચીજ લેવાય નહીં, શેઠની ખાસ મનાઇ છે. અમે તો એમના નોકર છીએ.' એમ બોલી વાળ લઇ

બરાબર જગા સાફ કરી, ચાલ્યો ગયો. કૃષ્ણચંદ્રે આરસીમાં પોતાનું મોઢું જોયું, અને એના જન્મના પ્રિય સુંદર વાળોનો વિયોગ થયેલો જોઇ, અને પોતાનું મોઢું કાંઇ વિચિત્ર ભાસતું જોઇ, આંખમાંથી આંસુ પડયાં. થોડી વારે ઉઠી નાહાવાની ઓરડીમાં જઇ, પાણી ખેંચી, શરીરે અને માથે માટી લગાડી, ખુબ નાહી લીધું અને ધોતીઉં ધોઇ, સૂકાતું નાખ્યું ને બીજું બદલી દીધું. આખા દિવસનો બહુ થાકેલો હતો, તેથી એ ઘસઘસાટ ઉંઘી ગયો.

૭

અજા એકાદશી.

કૃષ્ણચંદ્ર સહવારે ઉઠી ઘડીઆલમાં જોય છે તો છ વાગેલાં. આખી રાત કયાં ગઇ તે એને માલમ પડયું નહિ—આજે ઉપવાસ છે એમ ઉઠતાંની વારમાં જ એને ભાન થયું, અને કાંઇ ધ્રાસકો લાગ્યો. પણ નિશ્ચય કર્યો, કે જે થાય તે ખરૂં, હું ઉપવાસ અને જાગરણ જરૂર કરીશ. પછી નાઇ ધોઇ આસન પર બેઠો, અને શેઠે બે દિવસ કરેલો ઉપદેશ ધ્યાનમાં રાખી વૃત્તિઓને સંકેલી લઇ, એકાગ્ર ચિત્ત કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો થોડીવારમાં પૂર્વના ઉત્તમ સંસ્કારને લીધે, એનું ચિત્ત એકાગ્ર થઇ ગયું, અને કાંઇ અલૌકિક આનન્દ થવા લાગ્યો. કોઇ દિવસ એણે તે આનંદ અનુભવ્યો નહોતો. એ સ્થિતિમાં એ કેટલો વખત બેશી રહ્યો, તેનું એને ભાન રહ્યું નહીં. પછી ઉઠી ઘડીયાલમાં જોયું, તો બાર વાગેલા. જાણે હજુ એ આનન્દની ખુમારી ગઇ નહીં હોય, એમ આંખો મીચી, આરામ ખુરશી પર બેશી ગયો. પછી એકદમ મોટેથી બોલી ઉઠયો—"I have come to know now what I am. I am all pervading knowledge and bliss. Whatever I see, I make it myself and sprinkle it with my own happiness, and consider that the happiness that I derive comes from the thing itself, like a dog who tastes its own blood, and thinks that it comes out from the bone, that I have come to know, that it is nothing but my own happiness. My

own self makes the inanimate thing animate. Thank God, I was in the total darkness all this time. I know now where I stand. હું હવે સમજ્યો છું કે હું કોણ છું? હું સર્વત્ર વ્યાપી જ્ઞાન અને સુખ છું. જેને હું જોઉં છું, તેને હું મારા પોતાનાજ સુખથી સુખમય કરી રહ્યો છું, તે છતાં મને એવી ભ્રાંતિ લાગે છે, કે તે વસ્તુમાંથી મને સુખ મળે છે, જેમ કુતરૂં હાડકું કરડે છે, અને પોતાના મોઢામાંનું લોહી ચાટે છે, અને સમજે છે, કે હાડકામાંનું લોહી હું ચાટું છું, પણ હવે મને સમજાયું છે, કે જે સુખ હું બીજી વસ્તુમાંથી પ્રાપ્ત કરૂં છું, તે સુખ તે વસ્તુનું નથી, પણ મારૂં પોતાનું જ છે. હું પોતેજ જડ પદાર્થોને ચેતનતા આપું છું. પરમેશ્વરને હજારવાર નમસ્કાર હોજો. અત્યાર સુધી હું કેવળ અંધકારમાં હતો. હવે મને સમજાય છે કે હું કયાં ઉભો છું?

"Really Kunjbiharilal Sheth is my guru, and he has shown me what I am. શેઠ કૂંજબિહારિલાલ ખરેખર મારા ગુરુ છે, અને એમણે મને બતાવ્યું છે કે હું કોણ છું. "Were it not for him, I would have been nowhere. એઓએ મને માર્ગ ન બતાવ્યો હોત, તો મારી સ્થિતિ શું થતે, તે મને સમજાતું નથી."

એમ વિચારમાં ને વિચારમાં જ કાળ કયાં ગયો તે એને સમજાયું નહીં, અને ઘડિઆલ તરફ સહેજ નજર પડતાં જોયું તો ૭ વાગેલા. તૂર્ત એ જાગ્રત થયો, અને મોંઢુ ધોઇ ખાદીનું ધોતીયું, ખાદીનું ખમીસ, અને ખાદીનો કોટ ગઇ કાલે સીવાઇ આવ્યા હતા તે પહેરી લીધાં, અને કપાળે તિલક કરી આરસી

લઇ માથે જેવો તેવો ફેંટો બાંધી લીધો. એટલામાં કુમુદ આવ્યો, અને કૃષ્ણચંદ્રની સામે જોઇ જ રહ્યો. થોડીવારે કાંઇ પણ પૂછ્યા સિવાય બોલ્યો–' કેમ ચાલો છો ને?' કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો 'હા ચાલો. હું તો તમને આજના કાર્યક્રમની છાપેલી ચોપડી ગઇ કાલે કબૂલ્યા પ્રમાણે નહીં આપી શકયો, કારણ કે સાંજના પાંચ વાગતા સુધી, ચોપડીઓ છાપખાના-માંથી આવી નહોતી. માફ કરજો. હવે તો આશ્રમમાં જ તમે વાંચી લેજો. કુમુદચંદ્ર બોલ્યો. 'કાંઇ નહીં.' કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો અને જોડા પહેર્યા સિવાય ઉઘાડે જ પગે બહાર નીકળ્યો. કુમુદે પૂછ્યું–'કેમ જોડા નથી પહેરવા?' કૃષ્ણચંદ્રે જવાબ આપ્યો. 'ના.' બન્ને જણા 'એકાદશી આશ્રમ'માં આવ્યા. દરવાજા ઉઘડયા હતા, અને સર્વ કોઇ પોતપોતાનો 'નંબર' જોઇ બેસતું હતું. શેઠ આગલી 'રો' (હારમાં) જમણા હાથ તરફ બેસવાના હતા, તેમની પાસે કૃષ્ણચંદ્રને બેસાડયો. એની 'ટીકીટ' એને આપી, અને કુમુદ બોલ્યો– 'હવે હું નાટકગૃહમાં જાઉં છું. તમે બેસજો. હમણાં શેઠ આવી પહોંચશે.' એમ કહી ઉત્તરની રાહ ન જોતાં ચાલી ગયો. કૃષ્ણચંદ્ર આજુબાજુ નજર નાંખી જોય છે. તો અસંખ્યાત લોકો ભેગા થયેલા છે. મકાન ભવ્ય, સુંદર અને વિશાળ છે. ઉભરણી ઘણી ઉંચી છે, અને ઉપર ઘુમટ આવી રહ્યો છે. આજુ બાજુ બધે મોટી બારીઓ આવી રહી છે. બે મોટા દરવાજાઓમાંથી સ્ત્રી અને પુરૂષોને અંદર આવવાનું છે. ડાબી બાજુના દરવાજામાંથી સ્ત્રીઓ અને બાળકો દાખલ થાય છે, અને જમણી બાજુના દરવાજામાંથી પુરૂષો આવે છે. વચમાં એક દરવાજો છે, તે બંધ જ રાખવામાં આવ્યો છે.

જમીન લીંપણની આખા દિવાનખાનામાં છે, પણ પહેલી હારની પાછળની બીજી હાર બે ઇંચ ઉંચી છે, તેનાથી ત્રીજી હાર બે ઇંચ ઉંચી, એમ છેવટની હાર સહુથી ઉંચી આવી રહી છે. જમણી બાજુએ પુરૂષોની હાર સો માણસ બેશી શકે એટલી લાંબી છે. દરેક હારની પાછળ પાટીયા જડી લીધેલાં છે. ડાબી બાજુની હાર પણ સો સ્ત્રીઓ અને બાળકો બેશે એટલી લાંબી છે. વચમાં છેક દરવાજાથી પ્રથમ બેઠક સુધી, ચાર 'ફુટ' ની જગા છોડી દેવામાં આવી છે. દરેક હાર લીંપી ગુંપી સ્વચ્છ બનાવી છે. એકેકની પાસે એકેક પાટીયું જડી દેવામાં આવ્યું છે, તેથી દરેક જણ જુદૂ જુદૂ બેશી શકે છે. દરેકની સામે એક બાજઠ મુકવામાં આવ્યો છે. એ બાજઠ પર એક ચાંદીની સમઇ વીસ દિવેટોવાળી ચાદીની થાળીમાં મુકવામાં આવેલી છે, અને તેના ઉપર ફાનસ ચાર કાચવાળું ઢાંકેલું છે. બાજુએ બીજું પતરાનું ફાનસ મુકયું છે, કે જે અંધારૂં કરવું હોય ત્યારે સમઇ પર ઢાંકી શકાય. એક દીવાસળીની પેટી (દિવાસળીના કારખાનામાં બનેલી) અને એક ઘીની ચાંદીની બરણી, અને તેમાં એક ચાંદીનો મોટો ચમચો મુકવામાં આવ્યાં છે કે જે ચમચા વડે ઘી લઇ સમઇમાં પૂરવામાં આવે. બાજઠ પર એક દિવાનખાનામાં દરેક જણ બેસે જયાં સુધી પાળવાના નિયમોનો છાપેલો કાગળીયો, ચાંદીના વજનથી દબાવેલો મુકવામાં આવ્યો છે, અને આજના કાર્યક્રમની એક છાપેલી ચોપડી મુકવામાં આવી છે. બેસવાનું નીચે જ છે. દર્ભનું આસન તેના પર મૃગચર્મ, અને તેના પર જાડી ખાદીનો કકડો દરેક બેઠકમાં મુકયા છે. પલાઠીવાળી ગમે તેવા જાડા માણસથી પણ સુખરૂપ બેસી શકાય એટલી લાંબી પોહોળી જગા છે. એકંદર એવી પાંચશો હારો

અને પાંચસો બેઠકો એક બીજાની પાછળ જમણા હાથ પર, અને પાંચશો ડાબા હાથ પર છે. બરોબર દશ હજાર માણસો સુખ રૂપ બેસી શકે એટલી જગા છે. દરવાજા ઉઘડતા પહેલાંજ દરેકની આગળની ઘીની સમઇ સળગાવી મુકવામાં આવી છે. આગલી હારોથી થોડે દુર એજ મકાનમાં મોટું 'નાટકગૃહ' આવી રહેલું છે. 'સ્ટેજ'ની ઉંચાઇ પાછલી છેક છેલ્લી હાર જેટલી ઉંચી આવી છે, તેટલી ઉંચાઇએ રાખવામાં આવી છે. 'સ્ટેજ' ની જમીન પણ સઘળી લીંપેલી જ છે. 'સ્ટેજ' પર પણ હારબંધ આશરે ૨૦૦ ચાંદીની મોટી સમઇઓ, જેમાં પચાસ પચાસ દિવેટો જાડી બળે એવી, ઘી થી ભરી મુકી દેવામાં આવી છે, અને ઉપર કાચના ફાનસો ઢાંકયા છે, અને દશ દશ સમઇને અંતરે અકેક માણુસ ઘીની બરણી લઇ 'સ્ટેજ'ની નીચે બેસાડવામાં આવ્યો છે, જે થઇ રહે કે ઘી પુરતો જાય છે. કોઇને પણ પોતાના જોડા દિવાનખાનામાં લાવવાની પરવાનગી નથી; દરેકે પલાંઠીવાળી બેસવું પડે છે. દરેક સીટની પાછળ નંબર કોતરવામાં આવેલો છે, અને તેમાં સફેદ રંગ પુર્યો છે. દરેક હારના દરેક ખુણા પર જરા ઉંચા પાટીઆ પર હારનો 'નંબર' અને તે હારમાં કયા 'નંબર'થી કયાં 'નંબર' સુધીની બેઠકો છે, તે કોરી અંદર સફેદ રંગ ભરવામાં આવ્યો છે. 'સ્ટેજ'ની નીચે આગલા ભાગમાં વગાડનારાઓ ગોઠવાઇ ગયા છે. બીન, સારંગી, દીલરૂબા, તંબુરો નરઘાં, જળતરંગ, વીણાં, વાંસળી, દાંડીયા અને બીજાં વાજીંત્રો સહીત આશરે ૧૦૦ પુરૂષો, અને બાળકો એક બાજુએ, અને આશરે ૧૦૦ સ્ત્રીઓ અને કન્યાઓ બીજી બાજુએ, હારબંધ ગોઠવાઇ ગયાં છે. તેમને બેસવાને અને વાજીંત્રો મુકવાને 'સ્ટેજ'

થી સહેજ નીચે એક માટીનો ઓટલો એક નાકેથી બીજા નાકા સુધી બનાવવામાં આવ્યો છે, અને તેના પર પણ આસનો દરેક સારૂ બિછાવવામાં આવ્યાં છે. 'હાર્મોનીયમ' અથવા 'પીઆનો' જોવામાં આવતાં નથી. ભીંતો પર દેખાઇ શકાય એટલી ઉંચાઇએ હરેક પુરાણુમાંનાં અને ભાગવત્, રામાયણ, મહાભારત, વિગેરેમાંના ચિત્રો ખાસ શેઠના આશ્રમવાસીઓએ ચિતરેલાં મોટાં તકતાઓમાં 'લાઇફ સાઇઝ'ના એટલે આખા પુરૂષની આકૃતી હોય છે તેવાં, 'ઓઇલ પેઇન્ટીંગ'ના ટાંગી દેવામાં આવ્યા છે. તેના ઉપર જો નજર કરી જોઇએ તો આખું રામાયણ અને બીજા પુરાણોના દ્રશ્યો આપણી ધ્યાનમાં આવી જાય છે. દરેક ચિત્રની નીચે ગુજરાતીમાં ટુંક બ્યાન પણ ચિત્રનું આપેલું છે. ૨૪ એકાદશીના અને બે અધિક મહિનાની એકાદશી મળી ૨૬ એકાદશીની કથાના અને માહાત્મયના, મોટા ચિત્રો 'સ્ટેજ પર' ઉંચે દેખાય એવી રીતે ટાંગવામાં આવ્યા છે. આસોપાલવના તોરણો લાગી રહ્યાં છે, અને 'સ્ટેજ' પરની સમધની બાજુએ તેમજ દરેકની બેઠકની આગળ મુકવામાં આવેલા બાજઠ પર, સુંદર નાના ચાંદીના કુંડાઓમાં નાના નાના તુળશીના છોડો સહિત મુકવામાં આવ્યા છે. આવા દસ હજાર બસો કુંડાઓ આશ્રમમાં આવી રહ્યા છે. આખા આશ્રમમાં ઘડિઆલ નહોતું, પણ એક અસલી 'ફેશનનું' મોટું 'ઘડીયંત્ર' હતું, તે ઉપરથી કેટલા વાગ્યા તે સમજાતું હતું, અને 'સ્ટેજ' ઉપર તો 'અવર ગ્લાસ'—રેતીની ભરેલી કાચની બે ગોળાવાળી શીશી હતી.

બરોબર સાતમાં પાંચ કમે શેઠ અને શેઠાણી પધાર્યા, અને વચલો દરવાજો જે બંધ કરવામાં આવ્યો હતો તે ઉઘડયો, અને શેઠ શેઠાણી તેમાં દાખલ થતાંની સાથેજ સર્વ કોઇ

પોતાના આસન પરથી ઉભું થયું, અને હાથ જોડી નમન કરવા લાગ્યું. શેઠ શેઠાણી કમર સુધી વાંકા વળી સર્વને સ્મીત હાસ્યથી નમન કરવા લાગ્યા. શેઠ આગલી હારમાં જમણી બાજુના નાકા પરના પ્રથમ આસન પર બેઠા અને શેઠાણી ડાબી બાજુની પ્રથમ હારના પ્રથમ આસન પર બેઠા. શેઠ અને શેઠાણી કૃષ્ણચંદ્ર સામું થોડોવાર તાકી તાકીને જોઇ રહ્યા, અને પછી હસ્યા દરેક ધર્મના સ્ત્રી પુરૂષોથી આખો મંડપ ચીકાર ભરાઇ ગયો હતો. એક પણ આસન ખાલી નહોતું. શેઠ શેઠાણીએ ચોતરફ દ્રષ્ટિ નાંખી જોઇ, અને સર્વ વ્યવસ્થાથી સંતોષ પામ્યા હોય એમ દેખાયા.

બરોબર સાતના ટકોરા થતાંની સાથે ઘંટડી વગેરે ન વાગતા એકદમ પડદો ઉંચકાયો. પ્રથમ શ્રીકૃષ્ણ ભગવાન અને યુધિષ્ઠિર 'સ્ટેજ' પર બેઠેલા દેખાયા, યુધિષ્ઠિર શ્રીકૃષ્ણની સામે ઉભા રહી ગાવા લાગ્યા–'વૈષ્ણવ જન તો તેને કહીએ કે પીડ બીજાની જાણે રે'–અને હરિશ્ચંદ્ર જેવાઓ દુઃખ રહિત શી રીતે થઇ શકે તે પુછવા લાગ્યા. આખું નાટક સંગીતમાંજ રચાયેલું હતું. વાજીંત્રો આટલાં બધાં હોવા છતાં, એવી રીતે વગડતાં કે ગાનારની સાથે એક તાર થઇ જતાં, અને મધુર રણકાર નીકળતો, તે બહુ જ કાનોને પ્રિય લાગતો. પછી કૃષ્ણ ભગવાન ગાઇને યુધિષ્ઠિરને "અજા એકાદશી"નું માહાત્મ સંભળાવે છે, અને કહે છે કે હું ગૌતમઋષીને પ્રેરણા કરૂં છું કે હરિશ્ચંદ્ર પાસે જઇ "અજા એકાદશી" કરવાનો ઉપદેશ આપે, જેથી હરિશ્ચંદ્ર સર્વ દુઃખોથી મુક્ત થશે, અને બીજાઓ પણ એ એકાદશીનું વ્રત કરશે તો સર્વ દુઃખોથી રહિત થશે." પછી હરિશ્ચંદ્રની સ્ત્રી તારામતી અને તેની સખી "રાધા" આવે છે, અને બન્ને વચ્ચે સહનશીલતા સંબંધી સંવાદ ચાલે છે.

રાધા પોતાનું જ નામ કાયમ રાખી તારામતીની દાસીનો "પાર્ટ" ભજવે છે. એટલામાં "રોહીત" આવે છે, અને "માતા મારાથી આ દુઃખો સહન થઇ શકતાં નથી," એમ કહે છે. "રોહીત"નો પાર્ટ કુમુદ લે છે. છેવટ સ્મશાનનું ચિત્ર આવે છે. ત્યાં જ હરિશ્ચંદ્રને ઉપદેશ દેવા ગૌતમઋષી પધારે છે, અને પછી ત્રણે જણા "અજા એકાદશી"નું વ્રત યથા વિધિ કરે છે, અને તુર્ત હરિશ્ચંદ્રને રાજ્ય મળે છે, અને સર્વ સુખી થાય છે. સર્વ પાત્રો પોતપોતાના 'પાર્ટો' એવી સુંદર રીતે ભજવે છે, કે દરેક શ્રોતાજનના આંખમાંથી અશ્રુની ધારા ચાલી જાય છે, અને 'વાહ વાહ' મોંઢેથી બોલાઇ જાય છે. છેવટ સર્વ પાત્રો 'હરિશ્ચંદ્ર નિચ ઘેર રહ્યો પણ ધીરજ હૃડે ધારી, મારા સંતો–ગગન ઘટાલો ધારી હેજી'–નું ગાયન ગાઇ, નાટક સમાપ્ત થાય છે. આખા નાટકમાં 'સીનસીનરીઓ' કાંઇ મળે નહીં. પાત્રો પણ ઘરમાં પહેરીએ છીએ તેવાં જ ખાદીના સફેત વસ્ત્રો પહેરી આવે છે અને દાગીનાઓ વગેરે કાંઇ પહેરતા નથી તેમ 'પાઉડર' વગેરે લગાડી મોંઢા કૃત્રિમ રીતે ગોરા પણ બનાવતા નથી. આખા નાટકમાં કૃત્રિમતાનો બિલકુલ ભાષ જ થતો નથી. અને સરળતા જ્યાં ત્યાં દેખાઇ આવે છે. મર્યાદા રહિત એક પણ પાત્ર પોતાનું કામ કરતો નથી. જાણે સત્ય યુગમાં જ આપણે નાટક જોતાં જોઇએ, એવો ભાષ થાય છે. 'રાધા'નું અને 'કુમુદ'નુ સંગીત જ્ઞાન અને 'એકટીંગ' જોઇ સર્વ .કોઇ દીગમૂઢ બની ગયા, અને કૃષ્ણચંદ્ર તો એટલો બહેબાકળો થઇ ગયો, કે ઉમળકાથી રડયા જ કરતો હતો.

નાટક પુરૂં થતાંની સાથે વગર વિસામો લીધે બરોબર આઠ વાગે રાધા કુમુદ અને સર્વ પાત્રો 'સ્ટેજપર' આવી બેશી

ગયા, અને ભજનોની ધૂનો શરૂ કીધી. રાધા, બરાબર વચમાં બન્ને હાથમાં લાકડાના 'ચીપળ્યા' (હરદાસો રાખે છે તેવા) લઇ બેઠી. જમણા હાથ પર કુમુદ અને સર્વ પુરુષ પાત્રો ગોઠવાઇ ગયા, અને ડાબા હાથ પર સર્વ સ્ત્રી પાત્રો બેઠા. રાધા પ્રથમ 'ધૂન' એકલી સુંદર રાગમાં બોલે, કે પછી બધા પાત્રો સામટા બોલે, અને પછી એક સ્ત્રી અને એક પુરુષ વારાફરતી જૂદાં જૂદા રાગોમાં એકેક ધૂન ગાય. પછી જૂદા જૂદા વાજીંત્રો એકલા એકલા તેજ ધૂન ઉપાડી વગાડે. એટલે સારંગીવાળાઓ સારંગીઓ જ વગાડે; જળતરંગવાળા જળતરંગો જ વગાડે; તબલાવાળાઓ તબલા જ વગાડે, અને પોતપોતાની કળા બતાવે. આ ધૂનોનો કાર્યક્રમ પુસ્તકમાં નિચે પ્રમાણે છપાએલો હતો.

સ્તુતિ

કદા વારાણસ્યામમરતટિનીરોધશિવસન,
વસાનઃ કૌપીનં, શિરસી નિદૂધ્યાનો જલિપુટમ.
અયે ગૌરીનાથ, ત્રિપુરહર શંભો ત્રિનયન,
પ્રસીદેત્યાક્રોષ, નિમિષમિવનેસ્યામિ દિવસન્.
કદાવૃંદારણ્યે વિમલ યમુના તીર પુલિને,
ચરંતમ્ ગોવિન્દં, હલધર સુદામાદિ સહિતમ્.
અયે કૃષ્ણ સ્વામિન્! મધુર મુરલીવાદનવિભો,
પ્રસીદેત્યાક્રોષ, નિમિષમિવનેસ્યામિ દિવસન્.
કદાયોધ્યાનગરે, વિમલ સરયુતીર પુલિને,
ચરંતં શ્રીરામં, જનકતનયા લક્ષ્મણયુતમ્.
અયે રામસ્વામિન, જનકતનયા વલ્લભ વિભો,
પ્રસીદેત્યાક્રોષ, નિમિષમિવનેસ્યામિન્ દિવસન્.

धूनो.

१ स्वामी दत्तात्रया, दिगंबरा गुरुराया,
या कलीयुगी, भक्त प्रेमा लागी,
अवतार तुम्हा गुरुराया—स्वामी.
मी अल्पमति, मजदेइ मति,
भावें वंदितसें तव पाया—स्वामी.

२ जय रघुनंदन विभु करूं वंदन—जय.
वेद निवेदित एक अनेक तुं,
मंगलनुं मन रंजन—जय.
शेष रहित संपूर्ण स्वरूपनुं,
पुरुष पुराणिक कुंदन—जय.
भव दुःख भंजन, अंधनुं अंजन,
शी त ल नुं र स स्यं द न—जय.

३ नारायण नारायण जय गोविंद हरे,
नारायण नारायण जय गोपाल हरे.

४ हरि ना रा य ण, ना रा य ण हरि,
हरि नारायण, हरि नारायण, नारायण हरि;
हरि नारायण हरि, हरि नारायण हरि.

५ नारायण गुरू माजे आई, मजला ठाव द्यावा पायी.

६ राधेकृष्ण प्रभू कुंजबिहारी, मोरलीधर गोवर्धन धारी.

७ गौरी गजानन आदि नाथ, नारायण माझा सदगुरू नाथ.

८ दामोदर दुःखडा कापोरे, बळवंता बेली,
नंदलाल निजानंद आपोरे, बळवंता बेली.

૯ વિઠાબાઇ ગે વિઠાબાઇ, છંદ લાગલાં તુઝે પાયીઃ-

૧૦ તેરી બન જાયગી, તેરી તો તો બન જાયગી,
તેરી બન જાયગી, ગોવિંદ ગુન ગાયસેં.-

૧૧ વિઠાબાઇ માઉલી, દયાકર, વિઠાબાઇ માઉલી.-

૧૨ જ્ઞાનોબા માઉલી તુકારામ.-

૧૩ જયજય રામ સદગુરૂ રામ.
અહં રામ પુરણ રામ—જય.
અહં બ્રહ્મ પરં ધામ,
સચ્ચિદાનંદ આત્મારામ—અહં.
અસ્તિભાતિપ્રિયરૂપ,
અહં વર્જીત નામ રૂપ—અસ્તિ
અખંડાનંદ બ્રહ્માનંદ,
પુર્ણાનંદ પરમાનંદ–અખંડા.

૧૪ જય જય રામ કૃષ્ણ હરિ, જય જય
રામ કૃષ્ણ હરિ, સાંવળ્યા રામ કૃષ્ણ હરિ.

૧૫ સબકી કરેને કહ્યુયન કર્તા,
સબહીં ધરેને કહ્યુયન ધર્તા,
સબહીં માંય સબહીંસે ન્યારા,
ઐસા સમર્થ ધની હમારા–

૧૬ પાયીં ઘાંઘર્યા હાથીધ્યા વીણા,
મુખાનેં દત્ત દત્ત મ્હણા–

૧૭ હરે રામ હરે રામ, રામ રામ હરે હરે,
હરે કૃષ્ણ, હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ હરે હરે–

૧૮ દત્તા દિગંબરા યેરે, સાંવળ્યા મલાભેટ દેરે.

૧૯ સચ્ચા સચ્ચા હય નામ તેરા હરિ વિઠ્ઠલા=હરિ વિઠ્ઠલા,
પ્રભુ વિઠ્ઠલા-

૨૦ સુર્યચંન્દ્ર ઉગવલા, માઝા નમસ્કાર ત્યાલા-

૨૧ રામચંદ્ર રઘુવીર, જય જય રામચંદ્ર રઘુવીર-

૨૨ નારાયણા, શ્રી નારાયણા, અભિનંદના નારાયણા-

૨૩ રઘુપતિ રાઘવ રાજા રામ, પતિત પાવન સીતારામ-

૨૪ હરીરે રામ રામ રામ, સીતા રામ રામ રામ-

૨૫ રામાહો જય રામાહો, પતિત પાવન પુર્ણ કામાહો,
નાથાહો, દિનાનાથા હો, તુમચ્યા ચરણી ઠેવી માથાહો,
બંધુ હો દિન બંધુ હો, રામદાસ મ્હણે કૃપા સિંધુ હો-
રામા હો.

૨૬ જય જય સર્યુદાસ મમ ગુરૂ-જય.
અહંકાર દુર કર્યું, જય જય,
જ્ઞાનાંકુરો પ્રફુલ્લિત થયાં,
સુખ શાંતિ હ્રદયમાં વસ્યાં-જય.
કદિ વીસરૂં નહિતમ મુદ્રા,
થઇ જાવું એક મમ ઇચ્છા-જય જય.

૨૭ ગોવિંદા રામા, જય જય ગોપાળા રામા,

૨૮ હરિનારાયણ, ગુરુનારાયણ, દ્વૈત નિવારણ-હરિ.
પરમાનંદ સાદાશિવશંકર, ભક્તજન પ્રિય-પરમાનંદ,
પંકજ લોચન નારાયણ નવરૂપોહં.-પંકજ.

૨૯ ગુરુ માહારાજા ગુરુ, જય જય પરમ બ્રહ્મ-સદગુરુ.

૩૦ રામાકૃષ્ણા ગોવિંદ ગોપાલ હરે.
ગોપાલ હરે, ગોપાલ હરે–રામા.

૩૧ દિગંબરા દત્તા દિગંબરા, શ્રીપાદ–વલ્લભ દિગંબરા.

૩૨ ગુરુ દત્તાત્રેય અવધૂતા, જનાર્દન–સ્વામી એકનાથા.

૩૩ મારૂતી રાયા બલભીમા, ભજના લાગી દ્યા–પ્રેમા.

૩૪ હમારા રામ ધની હયજી, હમારે કયા કમી હયજી.

૩૫ કૃષ્ણ ઝેલી બાઝેલી, ગોકુલાંત માહાત કેલી.

૩૬ અહો! કૃષ્ણચંદ્ર હું બની રહી છું તારી,
મૂને પડખામાં તું લેની–અહો!
અર્ધાંગના હું તૂજની,
કરૂં સત્ય પ્રતિજ્ઞા મનથી,
રાખું સાક્ષી સૂર્ય ચંદ્રને,
નહીં કોઇ વિઘ્ન કરે મૂને–અહો!

૩૭ તારા મનની વાતો જાણી રે મારા ચંદ્ર,
નહીં બોલે તો પણ જાણું રે મારા ચંદ્ર,
હવે છૂપાઇને શું કરશે રે મારા ચંદ્ર,
કહી દેને તું, કૃષ્ણચંદ્ર કે રાધા મારી–તારા.

૩૮ જય જય કૃષ્ણ કમલદલ લોચન,
કલિમલ મોચન કંસ અરિરે—જય.
જય જગ વંદન દેવકીનંદન,
પરમાનંદ મુકુંદ હરી રે—જય.
જય વરદાયક, યદૂકુલ નાયક,
દાનવ નાશક સબલ હરિ રે—જય.

જય કમલાવર, જય મંગલકર,
તમ ચરણે નમું પ્રેમધરી રે—જય.

૩૯ શ્રી ગુરુદત્તા, જય ગુરુદત્તા, જય—
ગોવિંદા, દત્તાત્રયા પરમાનંદા—

૬૦ ચોખ્ખું મારૂં મુખડું, ચોખ્ખા મારા હાથ,
ચોખ્ખું મારૂં ઉર ત્યાં, બેસે જગનો નાથ,
નાથ તમે બિરાજો ઉરમાં, તોડી પર માયાનો ક્ષણમાં,
પ્રભુજી માગું એવું તમ પાસ, છોડાવો બંધનનો પાસ—છો.

૬૧ નારાયણબાબા ગજરકરા, ગજરકરા,
ધાંવત ચેઇલ દત્ત ધરા—

૬૨ પ્રલ્હાદ ભણે, રામા કૃષ્ણા ગોવિંદા,
સબસંત ભણે, નરહરિ વિઠ્ઠલ ગોપાળા—

૬૩ જય જય દત્તરાજ મહારાજ,
જય જય ગુરુરાજ મહારાજ—

૬૪ કૃષ્ણ રામા રામા રામા,
રામા રામા રઘુબારે, રાય રઘુબારે—

૬૫ દત્તગુરુ માઉલી, માય માઝી નારાયણ માઉલી—

૬૬ હરિ હરિ નારાયણ હરિ—

૬૭ વિટેવરી ઉભા, કટેવરી હાત, કાય મૌજેચા પંઢરીનાથ—

૬૮ જય કૃષ્ણ કૃષ્ણ, જય કૃષ્ણ કૃષ્ણ—

૬૯ જય જય રામચંદ્ર રઘુવીર, સીતારામચંદ્ર રઘુવીર—

૭૦ હરિનારાયણ, દુરિત નિવારણ,
પરમાનંદ સદાશિવશંકર—
ભક્તજન પ્રિય, પંકજ લોચન, નારાયણ નવ દાસોહં.

૫૧ પદ સેવું પિતુ માતાના.
જેથી થાય પરમ કલ્યાણ—પદ.
અંકુરો હૃદયમાં ફૂટયાં,
સિંચિત ગુરૂએ કર્યા—પદ.
થઇ વૃક્ષ છાંય પસરી,
ભોગવું શાન્તિ શાન્તિ શાન્તિઃ—પદ.

૫૨ જય હરિ વિઠ્ઠલ, સાંવળ્યા વિઠ્ઠલ.

૫૩ સીતારામને ભજીને લ્હાવો લીજીયે રે,
મુખે રામકૃષ્ણ રામકૃષ્ણ કીજીયે રે.

૫૪ સદગુરુનાથ, શ્રીગુરુનાથ, આમ્હી અપરાધી ક્ષ્યા પદરાંત.

૫૫ નરહરિ નંદલાલ, ભજો ગોવિંદ ગોપાલ,
ગોવિંદ ગોપાલ, ગોવિંદ ગોપાલ.

૫૬ રામકૃષ્ણ હરિરામ, જય જય રામ રામ હરિ રામ.

૫૭ જય જય ગોવર્ધનધારી, મુકુંદ માધવ ગિરિધારી.

૫૮ નિર્ગુણ દિંગબર રાયા હો, શ્રીગુરુ મલા ભેટ દ્યા હો.

૫૯ રામકૃષ્ણ ગોવિંદ, વાસુદેવ ગોવિંદ.

૬૦ જય જય દત્તરાજ યોગી, આલાહા નારાયણ યોગી.

૬૧ શ્રી અવધૂત ગુરુ, જયદત્ત ગુરુ.

૬૨ મારી દાસ બુધ્ધિ અંગીકાર કરો પિતુ માતા—મારી.
થઉં લાયક ત્યારે લીયો પાસ પ્રભુ ત્રાતા—મારી.
નહિ સંગીતનું કંઇ જ્ઞાન,
નહિ તાલ સૂરનું સાન,
નહિ પૂજા વિધિનું ભાન,

પ્રભુ માનો, હૃદયનો ભાવ, વિનંતિ કરૂં આજે,
કંઇ આશિષ દો બાલહિતે–મારી.

૬૩ ત્રણ દિવસ થયાં પ્રભુ આજે,
નવ બોલો કાંઇ મમ સાથે,
કરૂં રટણ રાત દિન તમનું,
'કૃષ્ણચંદ્ર' મરમ નવ પ્રીછું.

૬૪ જોયું જોયું રે હૃદય મેં આજ, ચંદ્ર મારાનું રે,
એને લગની લાગી મમ સાથ રે, જાણ્યું એનું મનડું રે

૬૫ નારાયણ તુ ભજરે મના, ભજરે મના,
ઐસા નર દેહ નાહીં પુન્હા, બા નાહીં પુન્હા.

૬૬ રણછોડ રંગી, મારા જનમો જનમના સંગી,
રણછોડ રાયા, મુને લાગી તમારી માયા,
રણછોડ રસીયા, મારા હૃદય કમલમાં વસીયા.

૬૭ રામા રામા રામા રામા રામા હો,
તારીં તારીં તારીં તારીં આમ્હા હો,
તોડી તોડી તોડી તોડી, ભવ પાસ,
ચરણીં શરણ રામી રામદાસ.

૬૮ જય જય યશોદા નંદનકી, દશરથ સુત આનંદ કંદનકી.

૬૯ રાધા રમણા ગોવાળીયા, ચિત્ત ચોરટા સાંવળિયા.

૭૦ મોરલી વાગી મને રામનામ લેહ લાગી બંસીવાગી,
મનેરામ.

૭૧ શ્રી રામ જય જય શ્રી રામ.

૭૨ શ્રીમન્નારાયણ નારાયણ નારાયણ.

૭૩ નિર્ગુણ નિરાકાર ગુરૂમાય, ભાવે આલિંગાવે પાય.

૭૪ વિઠ્ઠલ રૂખમાઇ, વિઠ્ઠલ રૂખમાઇ શ્યામલા.

૭૫ મને લાગી લેહ ભજનની, મને–
મનોનાશ વાસના ક્ષયતો, પ્રાપ્ત થયાં મૂને–મને.
રામનામ હરનિશ રટું હું, સુઝે ન મુને કાંઇ–મને.
સદા બ્રહ્મમાં લીન થયો હું, બ્રહ્મવિણુ નહિ કાંઇ–મને.

૭૬ ગૌરી ગજાનન વિદ્યાનંદ નારાયણ હા પૂર્ણાનંદ.
નારાયણ હા પરમાનંદ, નારાયણ હા સચ્ચિદાનંદ.

૭૭ રામ પ્યારા કૃષ્ણ હમારા,
તુંહી તુંહી પ્રભુ તુંહી તુંહી હય,
તુંહી તુંહી રામા તુંહી તુંહી હય,
તુંહી તુંહી પ્રભુ તુંહી તુંહી હય–રામ.

૭૮ નિવૃત્તિ, જ્ઞાનદેવ, સોપાન, મુકતાબાઇ,
એ ક ના થ, ના મ દે વ તુ કા રા મ–

૭૯ મન મોહનને, ભલી ભાત થકી પૂજીએ,
ધરીએ, હૃદયે, સ્મરીએ પ્રતિદિને–મન.

૮૦ પાવના દત્તા દયાળા, પાવના દત્તા.

૮૧ હરિ મોટા હરિ મોટા, સૌથી હરિ મોટા હરિ મોટા.
બાકી સર્વ ગપોટા, સૌથી હરિ મોટા હરિ મોટા–

૮૨ રાધા રમણ ગોવિંદ, જય હરિ રાધા રમણ ગોવિંદ–

૮૩ હરિ નારાયણ, ગુરૂ નારાયણ–

૮૪ કૃષ્ણને મુરલી વાજવિલી, રાધા ગૌલણ બાબરલી–

૮૫ જય રાધે કૃષ્ણ, જય રાધે કૃષ્ણ–

૮૬ શ્રી નારાયણ જય નારાયણ,
ઘડી ઘડી જીભ્હે, કરી પારાયણ.

૮૭ દત્તરાજ માઉલી, નારાયણ માઉલી દયાકર.

૮૮ નામ તારૂં રટું, નામ તારૂં ભજું પ્રભુજી દીન રાત.
કહો ગાંડી, કહો ઘેલી, ન મૂકું નામ પ્રભુ તારૂં.
આપબુદ્ધિ પ્રભુ તું મને, સરળ રહેવા કાજ,
સુખદુઃખો અડકે નહીં, થાય વાસના નાશ.
કરતું તત્વજ્ઞાનનો બોધ,
થાયે કાંઇ ચિત્ત વિકારો નષ્ટ, વિનતી માન તું.

૮૯ શાંત શી રીતથી થાશું, બતાવો હાલ કોઇ સંતો.
શત્રુ કામ ક્રોધનાં વેગો, સતાવે ચિત વૃત્તિઓ.
કૃપા તારી પ્રભુ હોયે, સદા શાંતિ અંતર વરસે.
શાંત, શાંત, શાંત હું થઇ છું,
હર્ષ હર્ષ હર્ષમાં રહી છું,
દુઃખ દુઃખ દુઃખ નાહીં મૂને,
એજ સ્થિતિ પ્રાપ્ત કરી આપી પ્રભુ તુંએ.

૯૦ બોલો મેરી રસના હરી હરી,
બોલો મેરી રસના ફરી ફરી.

૯૧ મારી લાજ તમારે હાથે, નાથ નિભાવજો રે,
દીનાનાથ દયાળ, દયા અદ્‌ભુત દર્શાવજો રે.

૯૨ હમ તો કૃષ્ણ છબીલો ગાવે, હમ તો,
તેરો નિર્ગુન બ્રહ્મ હમે નહીં ભાવે-હમ તો.

૯૩ તવ પાઇ ગુરુવરા, મનાસ નેઈ હો, દિનાસ નેઈ હો-તવ
ધાવ દયાનિધે, વંદન મી કરિતો તવ ચરણી,
ગુરુનાથા નેઇ હો-તવ.

૯૪ તું તો ન્યારો રહીને ખેલે છે નારાયણુ રે;
તારી ઇચ્છા તેહજ માયા, તેમાં સઘળાં ભેદ સમાયા,
તું નિર્ગુણુ પણુ ગુણુ તુજમાં દીસે ઘણાં રે—તું તો.

૯૫ તુટયો મારો તંબુરાનો તાર,
ભજન અધુરૂં રે રહ્યું ભગવાનનું—તું.
હવે પસ્તાયે શું થાય,
લાગે આગ કૂવો ખોદાય,
એ ન્યાય વિપરિત ભાસે,
દ્રષ્ટાંત વિચારો આજે,
લો સાન જગતનાં લોકો, કંઇ પ્રભુ ભજન
કરી લીયો—તુટયો.

૯૬ મુદ્રાલેખ હમારો,
"आनन्देनजातानि जिवन्ति"
હૃદયમાં જો ધારો,
દ્વંદ્વો કદિ ઉપાધિ કરે નાહીં—

૯૭ રઘુવીર તુમ્હારે દર્શન બિન અંખીયા પ્યાસી
જહાં તુમ્હારે ચરણુ સરોજી, તહાં સબતિરથ કાશી—રઘુવીર.

૯૮ હમારી રામરામ સબસેં—હમારી.
હમસેં, તુમસેં, ગુરુગોવિંદસેં,
સાધુ ભગત સંતોસેં—હમારી.

૯૯ દત્તા, દત્તા, દત્તા, દત્તા, દત્તા, દત્તા, દત્તા.
અચ્યુતં શાશ્વતં નિષપ્રપંચાત્મકં,
નિર્ગુણું નિષ્કલં નિર્મલં વ્યાપકં,
નિષક્રિયં સચ્ચિદાનંદ રૂપં શીવં,

નિંદ્રયં કેવલં શુદ્ધં દેવં ભજે.
ૐ શાન્તિ : શાન્તિ : શાન્તિ :

રાધા વખતો વખત પોતાની નજર કાચની શીશી (અવર-ગ્લાસ) ઉપર નાખતી, અને જોતી કે કેટલો સમય બાકી રહ્યો છે. દરેક ધુનનો આલાપ લેવામાં, અને જુદા જુદા રાગોમાં ગાવામાં સંગીત કુશળ સ્ત્રી પુરૂષો, અને બાલકો બાલિકાઓ, વધારે સમય લેતા હતાં, અને સાંભળનારાઓને પણ તેમાં બહુ રસ આવતો હતો, તેથી કેટલીક ધુનો વચમાં વચમાંથી એને મુકી દેવી પડતી હતી. પણ અંક ૩૬, ૩૭ અને ૬૩, ૬૪ માં આપેલી ધુનો, તો એ બહુ સુંદર રીતે ગાવાનું ભૂલી નહીં, કારણ કે એમાં પોતાના હૃદયનો ભાવ સમાયેલો હતો, અને ગાતાં ગાતાં વખતો વખત કૃષ્ણચંદ્ર સામું જોઇ શરમાઇ જઇ, મુખ નિચું કરી દેતી. કૃષ્ણચંદ્રનાં આંખમાંથી તો હર્ષના આંસુ આ રાધાનું સંગીત સાંભળી પડયા જ કરતા હતા, અને એનો ખાદીનો રૂમાલ ભીંજાઇ ગયો હતો. બરોબર નવના ટકોરા થતા રાધા શ્રોતાજનોને હાથ જોડી, નમન કરી, પોતાની માતુશ્રી પાસેના આસન પર આવી બેઠી, અને બીજું સ્ત્રી પુરૂષ અને બાલકનું મંડળ પણ ઉઠી, પોત પોતાને આસને આવી બેસી ગયું.

બરોબર નવ વાગતા એક ભાટ વાર્તાઓ કહેવા સારૂં 'સ્ટેજ' પર આવી બેઠા. ભાટ ચારણોની અસલ વિદ્યા પણ નદીપાર આશ્રમની પાઠશાળામાં શીખવવામાં આવતી હતી, અને તેમાંના ખાસ પુરૂષોને આખા હિંદુસ્થાનમાં મુસાફરીએ મોકલી ખરી ઐતિહાસિક હકીકતો, જુના પત્રો, અથવા પુરાવા સાથે, પેઢી તરફથી મોટો ખર્ચ કરી ભેગી કરવામાં આવતી હતી, અને તે સંબંધી ઇતિહાસ લખવાને સારા સારા લેખકોને

રોકવામાં આવ્યા હતા, જેઓ ફક્ત ઐતિહાસિક બાબતોનો અભ્યાસ કરી, પુસ્તકો લખતા હતા, આજે કાર્યક્રમમાં, ભાટ, સૂર્યપૂરનો ઇતિહાસ, શિવાજી માહારાજે ત્રણ વખત સુરત શહેરને લૂટયું તે બાબત કહેવાના છે, એમ જણાવેલું હતું. ભાટે લલકારી વાર્તા કહેવાનું પોતાની રસમયવાણીથી શરૂ કર્યું, અને શ્રોતાજનોને ખુશ કરી દીધાં. કૃષ્ણચંદ્રે અંગ્રેજી પુસ્તકોમાં સૂર્યપૂર સંબંધી ઘણું વાંચ્યું હતું, પણ આજે એને ઘણું નવું સાંભળવાનું મળ્યું, અને તેથી એ બહુ ખુશ થયો. આ પ્રમાણે ઐતિહાસિક જ્ઞાન આપવાની રીત બહુ સુંદર લાગી, અને મન સાથે વિચાર કરવા લાગ્યો, કે આવા પુરુષોને દરેક નિશાળમાં રોકવામાં આવે, તો ઇતિહાસ સંબંધી કેવું સુંદર અને સંગીન જ્ઞાન મળે, અને ગોખી ગોખી સનો યાદ રાખવાં ન પડે.

દશ વાગ્યા, કે પાછી રાધા, કેટલીક કન્યાઓ અને સ્ત્રીઓ 'સ્ટેજ' પર ગયાં, અને ગરબાનો કાર્યક્રમ શરૂ થયો. પ્રથમ હાથમાં દાંડીયા લઈ, નિચેનો ગરબો રાધાએ ગવાડયો. સર્વ વાજીંત્રો પણ એક સાથે ચાલવા લાગ્યાં.

અહો ! શી અલબેલી રાતડી આ શોભી રહી.
શોભી રહી, શી ખીલી રહી–અહો.
પુલવાડી મઘમઘતી એ, સુવાસ ખુબ આપે છે,
મગજ શાન્ત કરી દીએ, વન્હિતપ્ત થયેલ–
બહુ શોભતી, દિસતી કેવી, ચાંદનીથી શણગારેલી, રાતલડીઆ,
બ્હેનો આવો, ગાઇએ રૂડાં ગરબા, સાહેલીઓ રે–અહો.

દીપે ચાંદલો રૂડો આજ, તારા ગણમાં રે,
જાણે કૃષ્ણ ગોપીઓ સાથ, વૃંદાવનમાં રે,

લપઇ લપઇને ભુંડો જોતો રે,
વાદળામાં સગુણો છપતોરે,
તારલીઓ શરમાઇ જાયે, જુઓ એહની
ચાળાં એ નટવરના રે—અહો.
ધ્યાન ધરિએરે, 'કૃષ્ણચંદ્ર'નું એહનો,
એ છેલ છબિલો રૂડો.
વળી રસિલો ને, અતિ વાહાલો રે,
એને માયાવિ કોઇ લેખે રે,
એ કામણુ ગારો રે, લીલા એની બહુ ન્યારી,
કળી શકે કો નાહીં બાઇ—અહો.

પછી માથા પર ચાંદીના પાણીના ભરેલા લોટાં મૂકી, એક કન્યાએ વચમાં ઉભા રહી નિચેનો ગરબો ગવડાવ્યો. રાધા બધાની સાથે ગોળાકાર થઇ, ફરી, બે હાથથી તાળીઓ લઇ, ગાવા લાગી.

પનઘટ પર પનિઆરી કરે વાતડી રે—પ.
વળી હળીમળી ગાએ રૂડી ગીતડી રે—પ.
પરિધાન સુંદર કરી, વસ્ત્રો રૂડી પેર,
શિરપર બેહેડાં ધરી અને, બોલે સુંદર વેણ.
મન માને એવાં ગાએ ગીતડાં આજ,
અનુભવ, કરે પ્રદર્શિત એક બીજાંની સાથ,
કરે વાતો ગુપચુપ બેહેનપણીની પાસ,
આવો પનીઆરી,
ખેંચી કાઢો પાણી, નિર્મળાં રે—પન.
સ્થળ પનઘટ રૂડું ઘણું, મોકળું કરવા મન,
તપ્ત થયેલાં જીવનાં, ઉદ્ગાર કાઢવા બાર.

આવો બેહેની રે, વાતો રૂડી કરીએ,
નિન્દ્રા પરહરિએ સગુણો કેરાં ધરિએ,
આભૂષણો રે, માતાપિતાને નમીએ,
સાસુ સસરાને, વડિલોને બહુ પૂજીએ, સાહેલીઓ રે,
બોલો વાણી મધુરી કાંઇ મીઠડી રે—૫ન

પછી બીજી એક સ્રીએ નિચેનો ગરબો ગવરાવ્યો.

આવો આવોની ગોરી ગરબે રમીએ રે,
નવિન નવિન આનંદો લઇ ખેલીએ રે—આ.

ઋતુની મઝાઓ જુવો કેવી ખીલી રે ?
સંતોષે થયેલ તપ્ત અંગોને અતિ રે—આ.

નવ પલ્લવો ખીલી કેવાં રહ્યાં રે ?
કોકિલાઓ બોલે વાણી મીઠડી રે—આ.

જાણે આનંદમાં પુરો ટહુકો રે,
નિર્દોષ પક્ષીઓ કલ્લોલ કરી ચાલતાં રે—આ.

રાત્રી સુંદર કેવી ખીલી રહી રે ?
પ્રકાશ આપે ખુશનુમા કેવો ચંદ્રમારે—આ.

નવ યુવતિઓ માહાલે તેને ચાંદણે રે,
ઘડી જંજાળો મુકે ગૃહો તણી રે—આ.

કહીં વાજીંત્ર નાદ પડે કર્ણમાં રે,
રિઝાવે સ્વામીને યુવતિ સુંદર સ્વરે—આ.

કોઇ સુંદરીઓ લગ્ન મંડપમાં ઘુમે રે,
ગીતો ગાઇ આશિષ વરકન્યાને દીએ રે—આ.

પછી છેલ્લો ગરબો રાધાએ હાથમાં વાંસળી લઇ ગવાડયો. પ્રથમ ગાય અને પછી બધાં ગાય ત્યારે પોતે વાંસળી વગાડે.

થોડો થોડોવાર બધાં સ્તબ્ધ થઇ જાય, અને એકલી વાંસળી નોજ મધુરો સુર નીકળે.

ખીલી રહી બહુ આજ, સખીઓ ચાંદની ખીલી,
મોજ લેવા તેની કાંઇ, સખીઓ ચોકમાં આવો–ખીલી.

હળી મળી સહુ ગાઇએ, ગરબા રૂડાં બહેન,
રીઝવી મનને પામીએ, આનંદનો ઉલ્લાસ–સખીઓ.

ધ્યાન ધરીએ કૃષ્ણનું, બંસીધરનું રૂપ
ખેંચે હૃદય વૃત્તિને, બંસી વગાડી ખુબ–સખીઓ.

બ્રહ્માનાદમાં નાંખી દે, બંસી તણી એ ધુન,
સાંભળી સ્તબ્ધ બની ગયાં, સર્વ બેનોનાં સ્થુળ–સખીઓ.

મગ્ન થઇને નાચીએ, બંસી તણી ધુન માંહ્ય,
નાગણ પેરે ડોલીએ, જાદુગરની સાથ–સખીઓ.

એ ધુનમાં ભુલી ગયાં, ચંદ્રદેવને બેન,
કેવો રૂડો દીસતો, તારાગણની માંય–સખીઓ.

તારલીઓ જાણે ફરે પુતળી એની પાસ,
રીઝવવા એ દેવને મલકઇ કંઇ લજાય–સખીઓ.

કલાક પુરો થયો. આટલું ગાઇ રાધા અને સર્વ સ્ત્રીઓ નમસ્કાર કરી, પોત પોતાને આસને બેસી ગયાં. કૃષ્ણચંદ્રે ઘણા નાટકો જોયેલાં, પણ આવી ગરબાની મઝા કોઇ દિવસ ચાખેલી નહીં, તેથી એ તો ખુશ ખુશ થઇ ગયો.

અગીઆરને ટકોરે ગાગરીઆ ભટ પોતાનો સાહિત્ય લઇ ‘સ્ટેજ’ પર પધાર્યા અને પોતાની કથા શરૂ કરી. આજે એમણે ‘સુભદ્રા હરણ’ની કથા કહેવા માંડી. પ્રેમાનંદને ભુલાવે એવા ઉત્તમ આ ગાગરીઆ ભટ હતા અને પાઠશાળામાં તાલીમ

લીધી હતી. એમની કથાથી શ્રોતૃવૃંદ ચકચુર બની ગયો. કૃષ્ણચંદ્રે તો આવી ગાગરીઆ ભટની કથા કોઇ દિવસ સાંભળી જ નહોતી તેથી એને તો ઘણી ગમ્મત પડી. એક કલાક બરાબર કથા ચાલી.

બરોબર બાર વાગે બ્રહ્મચારીઓ અને બીજાં આશ્રમવાસીઓ અંગ કસરતના પ્રયોગો 'સ્ટેજ' પર આવી કરવા લાગ્યા. કેટલીક કન્યાઓ અને બ્રહ્મચારીઓએ સાંકળ તોડવાના, ભરેલું ગાડું શરીર પરથી ખેંચાવવાના, ભારી મોટાં પત્થરો છાતીપર મુકી ફોડાવવાનાં વગેરે હાલમાં કરાવવામાં આવે છે, તેવાં પ્રયોગો કરી બતાવ્યા, તેમાં અદભુતતા તો એ હતી, કે એક મોટા પાડાને એક બ્રહ્મચારીએ પોતાની ખાંધ પર ઉંચક્યો, અને એકે એક હાથીના બચ્ચાને ઉંચક્યો. બે હાથીઓની લઢાઇ કરાવી, અને બંને હાથીઓને એક બ્રહ્મચારીએ પોતાના બે હાથ વડે છુટાં પાડી પાછા હઠાવ્યા. તેમજ બળદો અને પાડાઓની લડાઇ કરાવી, તેમને છુટા પાડયાં. એક બ્રહ્મચારીએ એક સીંહને ઉંચકી હાથી પર બેસાડયો. પછી વ્યુહરચના કરી સાત ચક્રો બનાવ્યા, અને તે સર્વનાં હાથમાં હથીઆરો આપ્યા, અને સાતે ચક્રો ફોડી એક બ્રહ્મચારી તેની અંદરથી પોતાની પટા ખેલવાની કળાથી હાથમાં ઢાલ તરવાર લઇ નીકળી ગયો, અને 'અભિમન્યુ'નો ચક્રાવો કરી બતાવ્યો. પછી ધનુર્વિદ્યાનાં ખેલો કરવામાં આવ્યા, તેમાં શબ્દ વેધ, મચ્છ વેધ વગેરે કરી બતાવ્યા. છેવટ ધનુષ બાણુથી શેઠ અને શેઠાણીના ઉપર ટાંગેલાં પુષ્પનાં હારોની દોરી તોડી નાંખી, હારો બંનેનાં ગળામાં પહેરાવી, ખેલો ખલાસ કર્યા.

બરોબર એક વાગતા 'મેજીક લેર્ટન'નાં ખેલો શરૂ થયાં પ્રથમ ચોર્યાસી આસનો બતાવ્યા, અને એક યોગી બ્રહ્મચારી

પડદા પાસે ઉભો રહી દરેક આસનની સમજણ આપવા લાગ્યો. પછી જુદી જુદી જાતની પ્રાણાયામની ક્રિયાઓના ચિત્રો બતાવ્યા, અને પંચ પ્રાણજયની ક્રિયાઓ પણ બતાવી. ત્યારબાદ ચાર બંધ, અને આઠ મુદ્રાઓના ચિત્રો બતાવ્યા; પછી જુદી જુદી અંતઃશુદ્ધિની ક્રિયાઓ જેવી કે ત્રાટક, નેતિ, ધૌતિ, નૌલી વગેરેના ચિત્રો બતાવ્યા. છેવટ મહાન ધુરંધર જેવા કે રામ, કૃષ્ણ, શંકર, દત્તાત્રય, નારદ વશિષ્ટ, નવનાથો, ચુડાલા, શિખરધ્વજ વગેરેનાં ચિત્રો બતાવી, આધુનિક યોગીઓનાં તેમના સિરનામા સાથે ચિત્રો બતાવ્યાં, અને છેવટ યોગીએ પાળવાનાં નિયમો પડદા ઉપર પાડયાં, અને 'મેજીક લેન્ટર્ન' ના ખેલો બંધ કીધાં.

પછી બે વાગે 'સીનેમેટોગ્રાફ'નાં દેખાવો શરૂ થયાં. શેઠના કારીગરોએ 'ફીલ્મો'માં એવી યુક્તિ કરી હતી કે ચિત્રો હાલે ચાલે તેની સાથે બોલતાં જાય. અવાજ બોલવાનો દશ હજાર માણસોમાં સ્પષ્ટ સંભળાતો હતો. રામાયણ ભાગવત, માહાભારત, અને અઢારે પુરાણોમાંના જુદા જુદા દૃશ્યો બતાવવામાં આવ્યા હતાં.

પછી ત્રણ વાગે એક યોગી 'સ્ટેજ' ઉપર પધાર્યા, અને તેમણે અદ્‌ભૂત દ્રશ્યો બતાવ્યાં. **અણિમા** સિદ્ધિના પ્રયોગો—એટલે સંકલ્પ માત્રથી પ્રકૃતિને દૂર કરી, પરમાણુના જેવા સુક્ષ્મ બનવું. **મહિમા** એટલે પ્રકૃતિના પરમાણુ પૂર્ણ કરી આકાશ જેટલા મોટા થવું. **લધિમા** એટલે રૂના પુમડા જેટલા નાના બનવું. **પ્રાપ્તિ** એટલે ભૂમી ઉપર ઉભા રહીને સર્વ પદાર્થોનો સ્પર્શ કરવો. **પ્રાકામ્ય** એટલે સંકલ્પ બળે ભૂમી ઉપરથી અદ્રશ્ય થઇ, ઉપર આકાશમાં જવું. **ઈશિતા** એટલે

પંચ મહાભૂતોથી ભૌતિક પદાર્થો ઇશ્વરની પઠેમ ઉત્પન્ન કરવા, પ્રલય કરવાં, અને પાલન કરવાં. **વશિતા** એટલે ભૂત ભૌતિઠ પદાર્થો પોતાને આધીન કરવાં. આ આઠે સિધ્ધિઓના ઘણા ચમત્કારો એ યોગીરાજે કરી બતાવ્યા, અને આખી સભાને આશ્ચર્યચકિત કરી દીધી. દરેકને એમજ લાગ્યું, કે જાણે ઇશ્વર જ સાક્ષાત પધાર્યા છે.

પછી ચાર વાગ્યા કે બીજા એક યોગીરાજ 'સ્ટેજ' પર આવ્યા, અને એક પછી એક જંગલી જનાવરોને જેવા કે રીંછ, સીંહ, વાઘ, દીપડાં, હરણ, કોલાં, શર્પ, નાગ, મગર-મચ્છ, વિગેરેને બોલાવ્યા અને તેમની સાથે વાતચિત કરવા લાગ્યા, અને તેમને શામવેદના મંત્રો ગવડાવવા લાગ્યા. જેમ ચાંગદેવ મહાન યોગીરાજે અસલ કર્યું હતું, અને જ્ઞાન દેવને ચમત્કાર બતાવવા પ્રાણીઓનું સૈન્ય લઈ ગયા હતા, તેમ આ યોગી રાજે આ જમાનામાં પ્રત્યક્ષ કરી બતાવ્યું. છેવટે જેમ જ્ઞાનદેવે કર્યું હતું તેમ પોતાની પીઠમાંથી અગ્નિ ઉત્પન કરી, યોગીરાજે એક બીજા બ્રહ્મચારીને કહ્યું, તેમણે ફરાળની ચીજો પોળી મુકી પીઠ પર તળી, અને શ્રોતૃવર્ગને ખવાડી. આ છેવટનું આશ્ચર્ય જોઇ બધા એકદમ વિસ્મય પામ્યા. કૃષ્ણચંદ્ર તો કેવળ દિગમૂઢજ બની ગયો.

આ કાર્યક્રમ પૂરો થતાંની સાથે, રાધા અને કુમુદચંદ્ર ઉઠયાં, અને સોનાની થાળીમાં કપૂર મૂકી આરતી સળગાવી, અને માતાપિતાની સન્મુખ ઉભા રહી 'જય દેવ જય દેવ જય જય પિતુમાતા 'ની આરતી ગાવા લાગ્યા. ભેગા થયેલાં સ્ત્રીપુરૂષો અને બાળકો પણ સાથે ગાવા લાગ્યા. આરતી શરૂ થતાંની સાથે શેઠ કુંજબિહારિલાલ અને શેઠાણી કીર્તિબા ઉભા થયાં. એટલે

સહુ કોઇ પોતાના આસન પરથી ઉભું થયું, અને આરતી ગવાતાં સુધી સર્વ કોઇ ઉભાંજ રહ્યાં. શેઠ અને શેઠાણી નીચું માથું ઘાલી ઉભા રહ્યાં. આરતી પુરી થતાં, રાધા અને કુમુદ હારો પહેરાવી પિતા માતાને પગે લાગ્યા. પછી શ્રોતૃવર્ગમાંથી ઘણાખરા પગે લાગ્યા. કૃષ્ણચંદ્ર પણ પગે લાગ્યો. પછી શેઠ અને શેઠાણી સર્વને નમન કરતાં આશ્રમ છોડી ગયા. બાજઠ પર મુકેલા છાપેલાં નિયમોના કાગળમાં લખ્યું હતું, કે 'કાર્યક્રમ.'ની ચોપડી સર્વને લઇ જવાની પરવાનગી છે, તેથી કૃષ્ણચંદ્રે બીજાંઓની માફક એ ચોપડી ખીસામાં મૂકી, અને આશ્રમ બહાર આવી, પોતાના ખંડમાં જઇ, સર્વ ક્રિયાઓ આટોપી, સ્નાન કરી, આરામ ખુરશી પર બેઠો. આખા દિવસનો ઉપવાસ, અને રાત્રીનું જાગરણ તેથી એ બહુ ઢીલો થઇ ગયો હતો. પછી કાંઇ વિચાર આવ્યો, અને ઉઠી ખંડમાંના પુસ્તકનું કબાટ ખોલ્યું, અને પોતાને પસંદ પડયાં તે પુસ્તકોની યાદી બનાવી પોતાની પાસે રાખી, અને મુંબઇ જઇ એ પુસ્તકો ખરીદવાનો વિચાર રાખ્યો. યાદી નિચે પ્રમાણે હતી.

૧—જયકૃષ્ણ માહારાજવાળું 'પંચીકરણ.'

૨—નિશ્ચલદાસ બાવાનું 'વિચાર સાગર.'

૩—નિશ્ચલદાસ બાવાનો 'વૃત્તિ પ્રભાકર.''

૪—સ્વામીશ્રી ચિદ્દઘનાનંદજીની હિંદુસ્થાની ટીકા-વાળી ગીતા.

૫—એમનું જ 'તત્વાનું સંધાન.'

૬—એમનું જ 'આત્મપુરાણ.'

૭—હિંદુસ્થાની 'યોગવશિષ્ટ.'

૮—જ્ઞાનેશ્વર માહારાજનું 'અમૃતાનુભવ.' મરાઠી, અને તેનો ગુજરાતી તરજુમો.

૯—મુકુંદ માહારાજનું 'પરમામૃત.'

૧૦—મરાઠી અને ગુજરાતી શંકરાચાર્યનો 'સદાચાર.'

૧૧—શંકરાચાર્યના સ્તોત્રોનું સંસ્કૃત પુસ્તક.

૧૨—અદ્વૈત સિદ્ધાંતમાળા–મરાઠી ગર્દે કૃત.

૧૩—અવ્યક્ત બોધ–મરાઠી.

૧૪—સ્વાનંદ સામરાજ્ય મરાઠી.

* ૧૫—વિ. લલ્લુભાઈ ગોવર્ધનદાસનું જીવનચરિત્ર.
૧૬—વિ. લલ્લુભાઇ ગોવર્ધનદાસની અન્તિમ વાણી.

૧૭—ચોરાસી આસન કહાનજી ધર્મસિંહ તરફથી પ્રસિધ્ધ થયેલું.

૧૮—લંઘન–ચિકિત્સા–શિક્ષક મરાઠી જોશી કૃત.

૧૯—શિવ સંહિતા–હિંદુસ્તાની.

૨૦—યોગતત્ત્વામૃત–ગોખળે કૃત મરાઠી.

૨૧—લંઘન–ચિકિત્સા મરાઠી કિનરેકૃત.

૨૨—વ્યવહારિકયોગ–મરાઠી મહાજનકૃત.

* ૨૨—અખૂટ જીવન દોરી

---

* આ બન્ને પુસ્તકો નિચેને સિરનામેથી ટપાલ ખર્ચ મોકલવાથી ભેટ મળશે. ચંદુલાલ લલ્લુભાઇ, ૧૨૬/૨ કીરપારામ મહેતાનો ખાંચો, ગોપીપુરા સુરત.

* આ પુસ્તક રા. રતિલાલ નાનાભાઇ, લલ્લુજીના મંદિર સામે, ગોપીપુરા–સુરત ને ત્યાંથી રૂા. ૧) ની કીમતે મળશે.

૨૪—ઉપનિષદો ત્રણ ભાગમાં મરાઠી બાપટ શાસ્ત્રીકૃત.

૨૫—તુલશીકૃત રામાયણ હિંદુસ્તાની ટીકા સહિત.

* ૨૬—સ્વામીશ્રી જીવન મુક્તજીકૃત 'વિચાર મંજરી' અને 'અદ્વૈત પદાવલી.'

૨૭—સમન્વય પ્રો. ભગવાનદાસ કૃત.

પછી નોકર જમવાની તૈયારી થઇ છે, એમ કહેવા આવ્યો, એટલે એ તિલક કરી, મંદિરે દર્શન કરી, ભોજનશાળામાં ગયો. આજે બારસના 'પારણા' હતા, એટલે આશરે ૪૦૦ માણસો જમવામાં હતાં. જમવાની સામગ્રી પણ ઘણી હતી. અને પ્રથમ દિવસના જેવીજ સર્વ વ્યવસ્થા કૃષ્ણચંદ્રને નજરે પડી. કોઇપણ જાતની ખામી દેખાતી નહોતી. શેઠે કૃષ્ણચંદ્રને પોતાની સાથે જ પાટલા પર બેસાડયો. રાધા અને કુમુદે શેઠ શેઠાણીની આરતી ઉતારી, પગે લાગી, પોત પોતાને આસને બેઠાં. જમતા જમતા કૃષ્ણચંદ્રે શેઠને કહ્યું-"આજે બપોરની 'ફાસ્ટ'માં હું જઇશ.'-'કેમ ઉતાવળ કરો છે ?' શેઠ બોલ્યા. 'મારે હવે જવું જોઇએ; પિતાશ્રી અને માતુશ્રી રાહ જોતાં હશે. એક દિવસનું કહી આવ્યો હતો, તેના આજે ચાર દિવસ થયાં.' કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો. 'થોડા દિવસ રહ્યા હોત તો સારુ' શેઠ બોલ્યા નાજી, હવે તો જઇશ જ કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો 'ઠીક ત્યારે પાછા જલદી આવજો' શેઠ બોલ્યા. 'આપનો પ્રેમ અને શિક્ષા ભુલાય એમ નથી; મારો તો નવો જ જન્મ થયો એમ હું સમજું છું. વળી કોઇ વખત આવીશ.' કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો. શેઠ બોલ્યા-'જરૂર આવજો, આ તમારૂંજ

---

* આ પુસ્તકો વિરક્તાશ્રમ-ઉરણ-કોલાબા જીલ્લામાંથી મળશે.

ઘર છે, કોઇ પ્રકારે જુદાઇ રાખશો નહીં. તમારા પિતાજીને અને માતાજીને પણ એક વખત જરુર અહીંઆ મારા તરફથી આગ્રહપૂર્વક કહી મોકલશો. હું તો નવ વાગતે બહાર નીકળી પડીશ, એટલે મુનીમ અને કુમુદ તમને મુકવા સ્ટેશને આવશે.' કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો-'કાંઇ તેમને તસ્દી આપવાની જરુર નથી, હું એકલો જ જઇશ. શેઠે કહ્યું 'ના ના એઓ આવશે; અહીંયા કાંઇ કામ નથી. થોડો ઠાકોરજીનો પ્રસાદ તમારા પિતા માતા સારૂં લેતાં જજો, કાંઇ જોઇતું કરતું જરુર મંગાવજો, અને તમારા પિતા માતાને જરૂર મોકલજો. કોઇના તરફથી તમારી સરભરામાં ખામી આવી હોય, અને કોઇ કાંઇ બોલી ગયું હોય, તો તે બદલ ક્ષમા કરજો; મોહમયી કરતાં અહીં-આના લોક જરા અંધડ, એટલે વખતે કાંઇ ભૂલ થઇ હોય.' કૃષ્ણચંદ્ર શરમાઇ ગયો, અને બોલ્યો-' શેઠ આપની કેળવણીને અને ઘરના સર્વની લાયકીને, કોઈ પોહોંચે એમ નથી. આપના મુકાબલામાં તો અમે મોહમયીના લોકો અંધડ કહેવાઇએ.' જમી રહ્યા બાદ કૃષ્ણચંદ્ર પોતાના ખંડમાં ચાલી આવ્યો. તુરતજ કુમુદ કીર્તિબા અને રાધા એના ખંડમાં આવ્યા, અને કીર્તિબા બોલ્યા કૃષ્ણચંદ્રભાઇ આમ જવાની ઉતાવળ શું કરો છો? બે દિવસ રહ્યાં હોત તો ઠીક આનન્દ આવત.' 'ના જી, હવે મને ઘણાં દિવસ થઇ ગયા, માટે ઘરે જવું જોઇએ. આપના સઘળાંનો પ્રેમ મારાથી કદી વિસરાશે નહીં'-કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો. કુમુદ બોલ્યો-'કૃષ્ણચંદ્રભાઇ તમે હતા તો મને ઠીક ગમત હતી; રહી જાઓની?' કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો-'ભાઇ, હું પાછો આવીશ; હમણા તો જઇશ.' ધીમે રહીને રાધા બોલી-'આમ જવાની ઉતાવળ શું કરો છો? બે દિવસ રહી ગયા હોત

તો ઠીક પડતે; હજુ તો આપે અહીં કાંઇ જ જોયું નથી.' કૃષ્ણચંદ્ર ગળગળો થઇ ગયો, અને આંખો લુછી બોલ્યો— 'હમણા તો જઇશ; વળી પાછો આવીશ. તમારા સર્વેનો પ્રેમ મને હમેશાં યાદ રહેશે. અહીંઆ મેં જોયાં તેવા દૃશ્યો આખી ઉમ્મરમાં કદી જોયાં નથી. મને તો સૂર્યપુર સદાને સારૂ જ યાદ રહેશે.' ત્રણે જણાના આંખમાં પાણી આવ્યા અને ખંડ છોડી ગયા. કૃષ્ણચંદ્રના આંખમાં સર્વેનો આટલો બધો પ્રેમ જોઇ બહુ આંસુ આવ્યા, અને અડધો કલાક સુધી તે આવ્યાં નહીં. શેઠ નિચે જવાને સારૂં ઉતર્યા અને એણે જોયું, કે તુર્ત નિચે ગયો, અને શેઠ માફામાં બેસતા હતાં તે વખત જઇ પગે પડયો. શેઠ બોલ્યા—'પાછા વહેલા વહેલા આવજો હો ?' આટલું બોલતાં શેઠનો કંઠ ગદગદો થઇ ગયો, અને નેત્રમાંથી પાણીના ટીપાં પડયાં, જે તાબડતોબ લુછી નાંખ્યા. 'વારૂજી' કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો, અને શેઠનો માફો હંકરાયો. કૃષ્ણચંદ્ર પોતાના ખંડમાં આવ્યો. નોકર ત્યાં ઉભો હતો જ. મોહમયી નગરીથી પોતે લાવેલો સર્વ સામાન એને સોંપી બોલ્યો—'હું આ સામાન લઇ જવાનો નથી; એને નદીમાં ફેંકી દે.' નોકર કૃષ્ણચંદ્રની સામુ જ જોઇ રહ્યો, એટલે કૃષ્ણચંદ્રે એક પછી એક ચીજ લઇ બારીમાંથી દૂર નદીમાં ફેંકી દીધી. પછી નોકરને કહ્યું—'આ સર્વ અહીંઆથી ખરીદેલી ચીજો એક ગાડીમાં 'સ્ટેશન' પર લઇ જા, અને મારે સારૂ 'થર્ડ કલાસ'ની 'ટીકીટ' ખરીદી તોલાવી 'લગેજ' કરાવ, એટલે હું ત્યાં આવી પોહોચું છું. મારે મારી સાથે બેસવાના ડબામાં કાંઇ રાખવું નથી.' નોકર બોલ્યો—'વારૂ શેઠ, પણ આ શેઠાણીએ આપેલો પ્રસાદનો કંડિઓ તો આપની સાથે જ રાખવો પડશે.' 'ઠીક

એમ કરીશ.' કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો. અને નોકરને દશ રૂપિઆની 'નોટ' હાથમાં આપી. નોકર સઘળો સામાન લઇ ગયો. સાડાબાર વાગતે કૃષ્ણચંદ્રે ગઇ કાલનો ખાદીનો પોષાક પહેરી લીધો, એટલામાં મુનીમ અને કુમુદચંદ્ર ત્યાં આવ્યા અને કહ્યું–'ગાડી તૈયાર છે; ચાલશો કૃષ્ણચંદ્રભાઇ ?' 'હા ચાલો' કહી બહાર નીકળ્યો. નોકર ઉભો હતો, તેના હાથમાં પાંચ રૂપિઆની 'નોટ' મૂકી, જે એણે લીધી નહીં, અને કહ્યું–'કોઇની પાસે કોઇ પણ ચીજ બક્ષીસ લેવાની હુમને મના છે. શેઠને ત્યાં અમને કોઇ જાતની ખોટ નથી.' કૃષ્ણચંદ્રે ઘણું કહ્યું પણ નોકરે માન્યું નહીં, અને કૃષ્ણચંદ્રનો પ્રસાદનો કંડિઓ અને પાણીનો લોટો લઇ નિચે ગાડીમાં મૂકવા ગયો. કૃષ્ણચંદ્ર મુનીમ અને કુમુદચંદ્ર સાથે, કીર્તિબાના ખંડમાં ગયો, જ્યાં રાધા પણ બેઠી હતી. કૃષ્ણચંદ્રે કહ્યું–'હું જાઉં છું.' અને પગે લાગ્યો. કીર્તિબાએ ગદગદ કંઠે ઉત્તર આપ્યો–'આવજો હો ભાઇ, તમારા માતાપિતાને બોલાવજો.' પછી રાધાને કૃષ્ણચંદ્રે નમસ્તે કરી કહ્યું 'જાઉં છું' રાધાના આંખમાં આંસુ આવ્યા અને બોલી નહિ શકાયું, પણ જેમ તેમ કરી કહ્યું 'આવજો, વહેલા આવજો' વારૂ, કૃષ્ણચંદ્ર ઉત્તર આપી નીચે ઉતર્યો. કુમુદ અને મુનીમ સાથે ઘોડાની ગાડીમાં બેઠો. 'સ્ટેશન પર' આવ્યા તો દરવાજા આગળ જ શેઠને માણુસે 'લગેજ'ની રસીદ અને 'થર્ડ કલાસ'ની 'ટીકીટ' આપી. 'ટીકીટ' જોતાં કુમુદચંદ્રને આશ્ચર્ય લાગ્યું અને પુછયું–" કેમ આજે 'થર્ડ કલાસ'ની ટીકીટ લેવડાવી. તમે તો હંમેશાં 'ફર્સ્ટ કલાસ' માંજ જાઓ છો કે ની ?' 'ભાઇ મારે પણ તમારા જેવી સાદાઇ શીખવી જોઇએ કેની ?' કૃષ્ણચંદ્રે હસતાં હસતાં ઉત્તર આપ્યો. સર્વ ઉપર ગયા અને નોકર

કુંડિયો અને પાણીનો લોટો લઇ આવ્યો. એટલામાં 'ટ્રેઇન' આવી, અને કૃષ્ણચંદ્ર મુનીમને અને કુમુદને પ્રણામ કરી, 'થર્ડ કલાસ'માં બેઠો. બહૂ ગીરદી હતી, એટલે એને જેમ તેમ કરી બેસવાનું મળ્યું. કુમુદે ગદગદ કંઠે કહ્યું–'જરૂર કૃષ્ણચંદ્રભાઇ પાછા વહેલા વહેલા આવજો, તમારા સિવાય અમને કોઇને ગમવાનું નથી.' કૃષ્ણચંદ્રની આંખમાં આંસુ આવ્યાં, અને હાથ જોડી કહ્યું–'જરૂર આવીશ, ફીકર કરશો નહિ' મુનીમે કહ્યું–'આવજો કૃષ્ણચંદ્રભાઇ અને સંભાળી જજો." કૃષ્ણચંદ્રે હાથ જોડી ઉત્તર આપ્યો–"વારૂ, ગોપાળદાસભાઇ; તમારો બહુ ઉપકાર થયો છે." "કાંઇ નહીં." મુનીમ બોલ્યા. કૃષ્ણચંદ્રે નોકરના હાથમાં પાછી પાંચ રૂપિયાની નોટ મૂકી પણ એણે લીધી નહીં, અને પગે પડી કહ્યું–"પધારજો શેઠ." "વારૂભાઇ." કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો, અને 'ટ્રેઇન' ચાલી. કૃષ્ણચંદ્રે પોતાની જગ્યાએ ગરદી હોવાને લીધે બહુ સંકોચાઇ બેઠો અને બોલ્યો–"Friends must part sooner or later–મિત્રોએ મોડા વહેલાં જુદાં પડવું જ રહ્યું."

૮

કૃષ્ણચંદ્રના હૃદયનો વિકાસ ક્રમ

આગગાડીમાં કૃષ્ણચંદ્ર વિચારમાં લીન થઇ ગયો, અને એક ખુણામાં બેસી રહ્યો. ડબામાંથી એક જણ પિસાબખાનામાં જવાને ઉઠયો, તેનો બુટ વાળો પગ કૃષ્ણચંદ્રના ઉઘાડા પગ પર પડયો, અને એને કળ લાગી, પણ એણે સામાં હાથ જોડયા, અને કાંઇ બોલ્યો નહીં. પેલો માણસ શરમાઇ ગયો, અને માફી માગવા લાગ્યો. કૃષ્ણચંદ્રે કહ્યું–"હોય એમાં શું? સૂર્યપૂરના દ્રષ્યો જોઇ અનહદ નમ્રતાએ એનાં ચિત્તમાં વાસ કીધો હતો. કોઇ ડબામાં થુંકે, નાક નસીંગે, ફળફળાદિનાં છોડાં નાંખે તે એને સારૂં ન લાગ્યું, અને નમ્રતાથી એનાથી એક પ્રસંગે તો બોલાઇ જવાયું કે–"ભાઇઓ પગ મૂકવાની જગ્યાએ આમ ખરાબ કરવું ઠીક નહીં." આમ બોલી છોડાં વગેરે કચરો પોતાને હાથે ઉંચકી બહાર ફેંકી દીધો, અને 'ન્યુઝ પેપર' નો કાગળ ફાડી, થુંકથી અને નાક નસીંગવાથી ખરાબ થએલી જગા સાફ કરી નાખી. આનો પ્રભાવ ડબામાં બેઠેલાં સ્ત્રી પુરુષો પર પડયો, અને તેઓ થુંકતાં અને ખરાબ કરતાં અટકયા. 'સ્ટેશનો' ઉપર મેવાવાળા અને ખાવાનાવાળા આવે, પણ એણે કાંઇ લીધું નહીં. પાણી સાથે રાખેલું તે પણ પીધું નહીં. કોઇ કોઇ તો એને વાતમાં ઉતારવાનો પ્રયત્ન કરવા લાગ્યા પણ એ ટુંકામાં જવાબ દઇ મુંગો રહે. ૩–૫૮ એ ટ્રેન એક મોટા સ્ટેશન પર પહોંચી, અને કેટલાંક ચાહનો વખત થવાથી ચહા પીવા નિચે ઉતર્યા,

અને એક જણે તો એક 'કપ' લાવી કૃષ્ણચંદ્રને આપવા માંડયું, પણ વિવેક સાથે એણે ના કહી, અને કહ્યું કે-'ચાહ પીવાથી ગેરફાયદા ઘણા છે, તેથી મેં ચાહ છોડી છે.' પેલા ગૃહસ્થે બહુ આગ્રહ ન કર્યો, બરોબર ૮-૧૩ એ 'ટ્રેન' મોહમયી સ્ટેશને આવી પહોંચી, અને કૃષ્ણચંદ્ર પોતાના ડબામાંથી ઉતર્યો, અને જોય તો કોઇ એને તેડવા આવેલું નહીં, તેથી પાણીનો લોટો, અને કંડિયો પોતાને હાથે ઉંચકી 'પ્લેટફોર્મ' પર મૂક્યાં, એટલામાં એના બે મેહેતાઓ અને બે નોકરો આમતેમ દોડતા જણાયા. એણે બૂમ પાડી, અને તે લોકો એની પાસે દોડતા આવ્યા. મેહેતાએ કહ્યું-'શેઠ સાહેબ, અમે 'ફર્સ્ટ કલાસ'માં આપની તપાસ કરી, પણ આપ જણાયા નહીં, પછી 'સેકંડ ક્લાસ'ના ડબામાં આપને ખોળતાં હતાં, એટલામાં આપની બૂમ સાંભળી.' એણે કહ્યું-'કાંઇ નહીં', આ 'લગેજ'ની રસીદ લો, અને 'લગેજ'માંથી સામાન લઇ આવો, હું બહાર જઇ 'મોટર'માં બેસું છું.' 'વારૂ સાહેબ' કહી, મેહેતો એક માણસને લઇ ગયો. બીજા માણસે કંડિઓ અને પાણીનો લોટો લીધાં. 'મોટર'માંથી ઉતર્યો, તેવો કૃષ્ણચંદ્ર ઉપર ગયો, અને પોતાના પિતા માતા દિવાનખાનામાં બીજા મિત્રો સાથે બેઠાં હતાં, ત્યાં જઇ બન્નેને પગે લાગી, જોડેની એક ખુરશી પર બેઠો. નંદરાય અને જશોદા બન્ને જણાએ કૃષ્ણચંદ્ર સામું જોયું, અને ચકિત થઇ બન્ને જણા એકદમ સાથે બોલી ઉઠયાં-'કૃષ્ણચંદ્ર આ શું ? તારો 'ડ્રેસ' કયાં ગયો, અને આ વળી ખાદીનું ધતીંગ કયાંથી આણ્યું ? માથા પરના આવા સુંદર વાળ પણ મુંડાવી નાંખ્યા કે શું ? અને વળી આ ચોટલી શી ? શેઠ કુંજબિહારીલાલે તારા પર કાંઇ ભૂરકી

બુરકી નાંખી કે શું ? કૃષ્ણચંદ્રે ધીમે રહી જવાબ દીધો– "પિતાજી, મને મારી ભૂલ સમજાઇ, અને તેથી મેં આ પ્રમાણે ફેરફાર કર્યો છે.'' "વારૂ જા જા, કપડાં કાઢી આવ; સહવારનો તું ભૂખ્યો હશે, અને અમે તારે સારૂજ જમવાને ખોટી થઇએ છીએ;" એમ બોલી શેઠે ઘંટડી વગાડી, અને નોકરને હુકમ આપ્યો, કે રસોઇઆને કહે કે જમવાનું લાવે. કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો. "પિતાજી, આપ જમી લ્યો. હું અત્યારે જમવાનો નથી, તેમ દૂધ 'ફ્રુટ' વગેરે પણ કાંઇ લેવાનો નથી. કાલે મારે 'એકાદશી' નો અપવાસ હતો, અને આજે બારસ હોવાથી એકજ વખત ખાવાનો નિયમ રાખ્યો છે. સહવારે આઠ વાગે હું જમ્યો હતો." જશોદા બોલી ઉઠી–'વળી એકાદશી એકાદશી શું અને અપવાસ કેવો ? વળી બારસે એક વખત ખાવાનું શું ? આ બધા ઢોંગ કયાંથી શીખી લાવ્યો કૃષ્ણચંદ્ર ? ચાલ ચાલ, આજ તું આવવાનો હતો, તેથી ખાસ 'ડીશો' 'ટેલીફોન' કરી ગોખલેને ત્યાંથી મંગાવી છે, અને આ સર્વ મિત્રો પણ આપણી સાથેજ જમવાના છે." કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો–બા, મારો નિયમ નહીં તોડાવો; એકાદશીનો અપવાસ, અને દશેમને દહાડે હવિષ્ય અન્ન, અને બારસને દિવસે એક વખત જમવાથી આપણી તંદુરસ્તી ઘણી સારી રહે છે, અને સંયમ કરતાં શીખાય છે, એવી મારી ખાતરી થવાથી, એ નિયમો પાળવાનો મેં નિશ્ચય કીધો છે, માટે મને આગ્રહ ન કરશો ?" જશોદાએ ઉત્તર આપ્યો–"ચાલ ચાલ હવે બહુ ડાહ્યો ન થા; માંદા વળી શેનું પડાય ? અને કાંઇ થાય તો દાકટરો કયાં મરી ગયા છે ? 'ટેલીફોન' કીધો, કે દાકતર આવીને ઉભાજ છે." કૃષ્ણચંદ્ર બોલ્યો–બા, મને આગ્રહ નહીં કરો; નિયમો પાળવામાં ફાયદો રહેલો છે, માટે મને તે પાળવા દો."

એટલામાં 'વિલાસિકા' બોલી ઉઠી "કૃષ્ણચંદ્રે તો જૈનોની માફક 'પંચકણુ' લીધેલું જણાય છે; ગોરજી કોઇને 'પંચકણુ' આપે, કે પછી મરી જાય તોપણ 'પંચકણુ' લેનાર પોતાનો નિયમ ન તોડે."

'વિલાસિકા' નંદરાયની પાસેના બંગલામાં રહેનાર એક શ્રીમંત વણીક ગૃહસ્થની પુત્રી છે. એના પિતા માતા શુધ્ધ વૈષ્ણવ હોવા છતાં, આ પુત્રી એકની એક હોવાથી, એને ઘણા લાડમાં ઉછરેલી, અને અંગ્રેજી પણ બી. એ. સુધી શીખવેલું. હોણુજ એણે પરીક્ષા પણ પસાર કરી છે. આટલું ભણેલી છોકરી સુધારાની છેક ટોચ પર પહોંચી હોય, એમાં નવાઇ શી? એની ઉમ્મર આજે વીશ વર્ષની થવા આવી છે, તે છતાં હજી કુંવારી જ છે. પિતા માતા અસલ વિચારના વૈષ્ણવ હોવાથી, સારા સારા માગા આવતા પુત્રીનો વિવાહ કરી દેવાનો વિચાર કરતાં, પણ પુત્રીજ હઠ લઇને બેસે કે, 'મારો અભ્યાસ પૂરો થયા સિવાય હું સંસાર રગડામાં પડવા માગતી નથી.' આથી પિતા માતાને ના ઇલાજે મુંગાજ રહી બેશી રહેવું પડતું. નંદરાય અને જશોદાની આ છોકરી પર ઘણી પ્રીતિ હતી, અને મનમાં નિશ્ચય કરેલો, કે કૃષ્ણચંદ્રના લગ્ન એની સાથેજ કરીશું. એના પિતા માતા પણ ધીરજ રાખી બેઠેલાં, કે કૃષ્ણચંદ્ર જેવો ભણેલો ગણેલો અને ડાહ્યો છોકરો આપણી પુત્રીને મળશે, એટલે આપણે સંતોષ છે. આ વિચારથી પણ અત્યાર સુધી એ લોકો મુંગા બેઠેલાં 'વિલાસિકા' પોતાના માતા પિતાને ઠાકોરજીની સેવા કરતાં જોય. અને મંદિરે જાય, તેથી બહુ ઠેકડી કરતી, અને કેટલીક વખત તો ઠાકોરજીને ધરાવેલા પ્રસાદમાંથી ઉપાડી ખાઈ જાય. લાડકી છોકરી એટલે પિતા માતા સહુ સહન કરી લેતાં. નંદ-

રાય અને જશોદાની એના ઉપર પ્રિતિ, એટલે એ સ્વાભાવિક રીતે બહુ છકી જતી, અને ‘ ફેશન ’ માં જશોદા કરતાં પણ ચઢી જતી. કૃષ્ણચંદ્ર સાથે પણ બોલવાની એને બહુ છુટ હતી, અને તેમાં નંદરાય અને જશોદા તરફથી પુષ્ટી મળતી, કે બન્નેને પ્રીતિ જોડાય તો ઠીક. વિલાસિકાના પિતામાતા તરફથી પણ એને એ બાબતમાં ઉત્તેજન મળતું. વિલાસિકા કૃષ્ણચંદ્રને બહુ ચહાતી હતી, પણ કૃષ્ણચંદ્ર તરફથી કંઇ એ બાબતમાં ઉત્તેજન મળતું નહોતું, અને એની ‘કંપની’ બહુ કૃષ્ણચંદ્રને રૂચતી નહીં, અને દૂરનો દૂર રહેતો. નાટક વગેરે જોવા ઘણી વખત એની સાથે એને જવું પડતું પણ કોઇ ત્રીજું સાથે હોય તોજ કૃષ્ણચંદ્ર જતો,

વિલાસિકાના બોલવાના ઉત્તરરૂપે કૃષ્ણચંદ્રે હસતા કહ્યું– ‘ના બહેન, કાંઈ ‘પચકણ’ તો ગોરજી પાસેથી લીધું નથી, પણ મન સાથે દ્રઢ નિશ્ચય તો કર્યો છે ખરો.”

‟બાપાજી, આપ અને બા આ મિત્ર–મંડળ સાથે જમી લો, હું કપડાં ઉતારી આવું છું” એમ કૃષ્ણચંદ્ર બોલી, પોતાના ખંડમાં કપડા ઉતારવા ગયો. સર્વે ‘ટેબલ’ પર જમવા બેઠાં. થોડીવારે હાથ મોઢું ધોઇ કૃષ્ણચંદ્ર આવ્યો, અને નિચે ગાલીચા પર જ બેસી ગયો.

નંદરાય બોલી ઉઠયા–‘ઉપર ખુરસી લઇ બેસ, આમ નિચે ભોંય પર શું બેસી ગયો ?’

‟ બાપાજી, કૃત્રિમ ખુરશી ‘ટેબલ’ની બેઠક હવે મને ગમતી નથી. એ તો પાશ્ચિમાત્ય લોકોની માફક ‘પાટલુન,’ ‘બુટ’ પહેરવાવાળાને સારૂ સારી છે. આપણા આર્ય લોકોને તો ગાદી તકી-

ચાની બેઠક જ ઉત્તમ. 'કૃષ્ણચંદ્રે બહુ નરમાસથી જવાબ આપ્યો. નંદરાયને કાંઈક આશ્ચર્ય લાગ્યું, અને ગુસ્સો પણ આવ્યો.

વિલાસિકા બોલી ઉઠી–'ત્યારે તમે તો હવે 'પાટલૂન' હમેશને માટે ત્યાગ કરી કે શું ?'

'હા બહેન–' કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો.

'બૂટ' પણ ત્યારે તો ન પહેરાય; ધોતડી અને તાતીયા જોડા ફેંટા સાથે ઠીક પડશે–વિલાસિકા મશ્કરીમાં બોલી.

'હા બહેન, હવે તો ઉઘાડે પગે જ ફરીશ, અને ખાદીના શુદ્ધ શ્વેત હાથે કાંતેલા અને હાથે વણેલા વસ્ત્રો પહેરીશ–' કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો. વિલાસિકા અને બીજાઓ ખડખડ હસી પડયાં, અને નંદરાય જશોદાને દિલગીરી લાગી. અને વિચારમાં પડી ગયાં.

વિલાસિકા બોલી–'ત્યારે તમે સૂર્યપૂરમાં ત્રણ દિવસમાં શું શું જોયું, અને કૂંજબિહારિલાલ શેઠને ત્યાં કેવી મઝા ઉડાવી તે તો કહો ?'

કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો–'મેં ત્યાં જે દૃશ્યો જોયાં તેવાં આખી ઉમ્મરમાં કોઇ દિવસ જોયાં અને અનુભવ્યા નહોતાં. આપણા હિંદુસ્થાનનું ખરૂં ગૌરવ અને જાહોઝલાલી જોયાં, અને હવે મને એમ લાગે છે, કે પશ્ચિમના દેશો તો આપણાં દેશ આગળ કૂચબિસાતમાં નથી. આપણો ધર્મ, આપણી સાદાઇ, આપણી મર્યાદા, આપણી ઋષીમુનીઓની ઉચ્ચ ભાવનાઓના ત્યાં મને દર્શન થયાં. આપણે પાશ્ચિમાત્ય લોકોનું અનુકરણ કરીને આપણી ચિત્તવૃત્તિઓને કેવળ બહેકાવી મૂકી છે, અને શાન્તિ ગુમાવી બેઠાં છીએ; આથી જ આપણી અધોગતિ થઇ છે એમ મને ભાસવા માંડયું છે.'

વિલાસિકાએ પૂછ્યું-"ત્યારે હવે તમે કેવું જીવન ગાળવાના તે કાંઇ સમજાય ?"

"કેવળ સાદુ જીવન અને ઉચ્ચ વિચારોમાં મસ્ત રહી, અધ્યાત્મિક વિષયોનો અભ્યાસ કરીશ." કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો.

"આવતી કાલથી ત્યારે તમારો 'પ્રોગ્રામ' શું છે" વિલાસિકાએ હસતા હસતા પૂછ્યું.

"સહવાર પડતાં મારા ખંડમાંનો સઘળો વિલાયતી "ફરનીચર" નિચે ગોડાઉનમાં મોકલી આપીશ. મારી સૂવા બેસવાની જગામાંથી જમીન પર જે ભાંગા તુટા ચલાણા રકાબીઓના કાચના કટકા ગોઠવી 'ફલોરીંગ બનાવવામાં આવી છે, તે ઉખેડી નંખાવી, ત્યાં લીંપણની જગા બનાવીશ, અને રોજ ગાયના મુત્રથી અને છાણથી લીપાવીશ. તેના ઉપર દર્ભનું આસન, મૃગચર્મ, અને ખાદી પાથરી, બેસીશ અને સૂઇશ. સહવારે રોજ સાડાત્રણ વાગે ઉઠી ઠંડા પાણીએ નાહી, ધ્યાનમાં બેસીશ. આઠ વાગે રસોડામાં જઇ ખાઇ લઇશ અને ઘરમાંજ બનાવેલી ચીજો ખાઇશ, અને કૂવાનું પાણી પીશ. બે ગાયો પાળીશ. પક્ષીઓ સારૂ પરવડી મારા ખંડની બહાર બારીએ ટાંગીશ. એક શાસ્ત્રી રાખી આધ્યાત્મ વિદ્યાનો અભ્યાસ કરીશ, અને કેવળ સાદાઇથી જ રહીશ. તમારે ઘેર રોજ આવી ઠાકોરજીના દર્શન કરી જઇશ, અને તમારા પિતાશ્રી તથા માતુશ્રી શાસ્ત્રી પાસે ભાગવત સાંભળે છે તે વખતે બેસીશ. હાલમાં તો આ પ્રમાણે મારો કાર્યક્રમ મેં ગોઠવી રાખ્યો છે, પછી તો ઇશ્વર કરે તે ખરૂં." કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો.

વિલાસિકા બોલી–"ત્યારે તમે આવતી કાલે અમારી સાથે નાટક જોવા નહીં આવવાના અને પુને 'રેસીસ' પણ જોવા નહીં આવવાના કેમ ?"

'હવે તો હંમેશને સારૂં મેં એ ચીજોનું પાણીજ મુકયું છે.' કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો.

'ત્યારે દર શનીવારે અહીંઆ ગોવેકરીનો નાચ થાય છે, તે વખત તો ગાયન સાંભળવા આવશો કે ની ?' વિલાસિકાએ પુછ્યું.

'ના, હવે એ બાબતનું પણ પાણી મુકયું; હરિકિર્તન થશે, તો આવીશ.' કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો.

'અને માથુ તો હંમેશને સારૂંજ આવું બોડકું રાખવાનું કે ?' વિલાસિકાએ હસતાં હસતાં પુછ્યું.

'હા બહેન, આપણે આર્યનિતિ અને મર્યાદા જાળવવી જોઇએ જને ?' કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો.

'અને કપડાનું કેમ ?'–વિલાસિકાએ ટોલ કરતાં પુછ્યું.

"મારી સાથે જે વિલાયતી 'બુટ' અને કપડાં લઇ ગયો હતો, તે સર્વ 'બેગ' સુધ્ધાં સૂર્યપૂરની નદીમાં વિસર્જન કરી આવ્યો છું, અને અહીં આ જે રહ્યાં છે, તે આવતી કાલે સામે દરિયામાં ફેંકાવી દઇશ, અને સૂર્યપુરથી શુધ્ધ ખાદીના કપડાં લાવ્યો છું તે પહેરીશ' કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો.

'ત્યારે કોઇ ગરીબગુરબાને કેમ નથી આપી દેતાં કે બિચારાં આશીર્વાદ આપે ?' વિલાસિકાએ હસતાં હસતાં કહ્યું.

'જે વસ્તુ ઉપર આપણે તિરસ્કાર ઉત્પન્ન થયો, અને જે આપણાથી ન પહેરી શકાય, તે બીજાને આપણાથી કેમ અપાય ? તેનો તો નાશ કરે જ છૂટકો'–કૃષ્ણચંદ્ર ઉત્તર આપ્યો.

'ત્યારે હવે તો તમે સાધુ બન્યા મારા કૃષ્ણચંદ્ર ?' વિલાસિકાએ મશ્કરી કરતાં પૂછ્યું.

'સાધુ બનતાં તો બહુ વાર છે, એટલા યમ નિયમ તો આપણામાં આવવાં જોઇએ ? કૃષ્ણચંદ્રે શાન્તપણાથી ઉત્તર આપ્યો.

'અને પરણવાનું કે કેમ ? કે કુંવારાજ જન્મ સુધી રહેવાનું ? વિલાસિકાએ ઠેકડી કરતા અને કાંઇક આતુરતાથી પૂછ્યું.

'એ બાબતનો હજુ મેં કાંઇ વિચાર કીધો નથી.' શાન્તપણાથી કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો.

આ સર્વ વાતો સાંભળી નંદરાય અને જશોદા તો દિગમૂઢ બની ગયા, અને દિલગીરીમાં ગરકાવ થઇ ગયા. પોતાનો એકનો એક પુત્ર અને તે વળી લાડકો, તેનાં આવા એકદમ બદલાએલા વિચારો જોઇ, બન્નેને બહુ આશ્ચર્ય લાગ્યું, અને પોતે જાણે મોટી ભૂલ કરતાં હોય તેમ પશ્ચાતાપ થવા લાગ્યો. બન્ને જણા કાંઇ પણ બોલ્યા નહીં અને મિત્રો વિખેરાઇ જતાં પોતાના ખંડમાં ચાલી ગયા. અને એક બીજા સામુ જોઇ વિચારમાં પડી ગયા.

કૃષ્ણચંદ્ર પણ પોતાના ખંડમાં ગયો, અને સૂઇ ગયો. નિયમ લીધા પ્રમાણે સહવારે ૩ા વાગતે ઉઠયો, પોતાના ખંડની પાસેના નાહાવાના ઓરડામાં જઇ, થંડે પાણીએ નળે નાહ્યો, અને ધોતિયું પોતાના હાથે ધોઇ સૂકાતું નાખ્યું, અને ધ્યાનમાં બેઠો. સહવારે શેઠ શેઠાણી 'ટેબલ' પર ચાહ સારૂ બેઠા અને રોજની માફક 'ટ્રે' આવી, પણ કૃષ્ણચંદ્ર

આવેલો નહીં. તેથી એને તેડવા મોકલ્યો. એ આવ્યો, અને ખુરશી પર બેઠો. જશોદાએ ચાહના પ્યાલા દરેક આગળ મુકયા. કૃષ્ણચંદ્રે પોતાનો પ્યાલો ખસેડી કહ્યું-'મા ચાહ પીવાની છોડી દીધી છે.' જશોદા બોલ્યા-'ત્યારે દૂધ, કૉફી, કોકો જે જોઇએ તે મંગાવું?' કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો. 'ફક્ત સહવારે આઠ વાગે, અને સાંજના સૂર્યાસ્ત પહેલાં જમવા સિવાય, કાંઇપણ વચમાં ન લેવાનો મેં નિયમ ગૃહણ કર્યો છે.' બન્ને જણાં બહુ દિલગીર થએલાં દેખાયાં અને 'બિસ્કીટ' વગેરે ન ખાતા, ફક્ત ચાહ પી ઉઠી ગયા. રસોઇઆને શેઠાણીએ વરદી આપી, કે આઠ વાગે રસોઇ તૈયાર જોઇશે રસોઇઆને આશ્ચર્ય લાગ્યું. કૃષ્ણચંદ્રે કપાળ ઉપર તિલક કર્યું હતું, તે જોઇ નંદરાય બોલ્યા-'વળી આ નવું ધતીંગ શું કૃષ્ણચંદ્ર?' 'આપણે વૈષ્ણવ કહેવાઇએ એટલે આપણા કપાળ પર શ્રીકૃષ્ણના પાદુકાની નિશાની જોઇએ કેની? કૃષ્ણચંદ્રે શાન્તિથી ઉત્તર આપ્યો. 'ભાઇ તું હવે આમ કરવા લાગ્યો, ત્યારે અમારે શું કરવું તે સુઝતું નથી?' નંદરાય ગળગળા થઇ બોલ્યા. 'બાપાજી, સાદાઇમાં જ, અને આપણો ધર્મ પાળવામાં જ લાભ છે, એમ મને તો લાગે છે. આ સર્વ અંગ્રેજી ઠાઠ હવે આપણે મુકી દેવો જોઇએ, અને કેવળ સાદાઈથી કુંજબિહારિલાલ શેઠ અને કીર્તિબા શેઠાણીની માફક રહેવું જોઇએ.' કૃષ્ણચંદ્રે ઉત્તર બહુ વિવેક પૂર્વક આપ્યો. 'તેઓ બંન્ને જણા કેમ જીવન ગાળે છે?' નંદરાયે પુછયું.

કૃષ્ણચંદ્રે સૂર્યપૂરમાં જોએલો સર્વ વૃતાંત સંભળાવ્યો, સંસ્થાનોની વ્યવસ્થા કહી, નદી પારના આશ્રમોનું વિવેચન કર્યું, એકાદશી આશ્રમની વાત સંભળાવી, રાધા અને કુમુદચંદ્રનું

બ્યાન કર્યું, શેઠ અને શેઠાણીની દિનચર્યા સંભળાવી, અને છેવટ બોલ્યો–'બાપાજી, આ સર્વ જોયા અને અનુભવ્યા પછી કોનું મન ન ફરે? અને આપણી પૂર્વની સ્થિતિનું ભાન કેમ ન થાય?' નંદરાયે નિશ્વાસ નાંખી કહ્યું 'હા ભાઇ, તું કહે છે તે ખરું; આજ સુધી આપણે અંધારામાંજ ગોથા ખાધાં અને પાશ્ચિમાત્ય રિતિરિવાજો અંગીકાર કરી, પૈસા બરબાદ કીધા, નહીં આપણું કાંઇ શ્રેય કીધું, અને નહીં લોકોનું કીધું. તબિયત કૃત્રિમ ચીજો ખાઇ પી બગાડી નાખી, અને દાકતરોનાં ઘરો ભર્યાં. અતોભ્રષ્ટ તતોભ્રષ્ઠ જેવા થયાં. હવે તો તું કહે તેમ કરીએ?'

એટલામાં આઠના ટકોરા થયા, અને 'જમવાની તૈયારી થઇ છે, એમ નોકર કહેવા આવ્યો. કૃષ્ણચંદ્રે નોકરને કહ્યું, મારી તૈયારી રસોડામાંજ કરજે; હું અહીંઆ 'ટેબલ' પર નથી જમવાનો. 'વારુ સાહેબ' કહી નોકર જતો હતો, એટલામાં શેઠ બોલી ઉઠયા. 'અમે પણ ભાઇ સાથે રસોડામાંજ બેશીશું. ભટને કહેજે કે ભાણા અહીંઆ ન લાવે.' નોકર 'સારૂં સાહેબ' કહી રસોડામાં ભટને વરદી આપવા ગયો. કૃષ્ણચંદ્ર બોલ્યો–'હું શેઠ સંતદાસ અમે દેવકીબાને બંગલે જઇ, ઠાકોરજીનાં દર્શન કરી આવી, પછી જમવા બેસીશ ' એમ કહી ઉઠયો. એટલામાં શેઠ નંદરાય બોલી ઉઠયા–'ભાઇ ચાલ. અમે પણ તારી સાથે આવીએ છીએ, અમે કોઇ દિવસ એમના ઘરનાં ઠાકોરજીના દર્શન કર્યાં નથી એમ કહી બંન્ને જણા ઉઠયા અને કૃષ્ણચંદ્ર સાથે સંતદાસ શેઠને બંગલે ગયા. શેઠ અને શેઠાણી પરમ ભકત હોવાથી, સેવામાં મંદિરમાં બેઠાં હતાં, ત્યાં ત્રણે જણા જઇ પહોંચ્યા, અને મંદિરનો ઠાઠ, અને બંન્નેનો સેવાનો ભાવ જોઇ, નંદારાય અને જશોદા તો આશ્ચર્ય ચકિત થયા. કૃષ્ણચંદ્રે તો

આના કરતાં હજાર ઘણો વિશેષ ઠાઠ શેઠ કૂંજબિહારિલાલને ત્યાં જોયેલો, એટલે એને તો કાંઇ આશ્ચર્ય લાગ્યું નહીં. શેઠ સંતદાસ અને દેવકીબા, આ ત્રણે જણાને સાથે દર્શન કરવા આજે પ્રથમ જ આવેલા જોઇ ગાંડાઘેલા જેવા થઇ ગયા, અને સર્વ કાંઇ બતાવવા લાગ્યા. પછી ત્રણે જણાને પ્રસાદ આપ્યો, અને મંદિરમાંથી નીકળી બહાર જતાં હતાં એટલામાં વિલાસિકા આવી, અને આ ત્રણેને સાથે આવેલાં જોઇ બહુ અચંબામાં પડી, અને બોલી ઉઠી—'કાકાજી તમે પણ આજે દર્શન કરવા પધાર્યા કે શું? કાકી આ શું? તમે વળી મંદિરે દર્શન કરવા શું જોઇ આવ્યાં? એ તો બચ્ચાના ખેલો જેવા ખેલ છે; કૃષ્ણચંદ્રે તમારાં બન્ને પર પણ ભુરકી નાંખી કે શું?' કોઇ કાંઇ બોલ્યું નહીં, એટલે એ તો શરમાઇ ગઇ. કૃષ્ણચંદ્ર બોલ્યો—'ચાલો વિલાસિકા બહેન, આજે અમારે ત્યાંજ જમજો. સૂર્યપૂરથી હું પ્રસાદિનો કંડિઓ લાવેલો છું, તેમાંથી આજે તો પ્રસાદિઓજ ખાવાની છે.' 'વારૂ ત્યારે આવું છું.' એમ કહી એ 'ડ્રેસ' કરવા ગઇ. શેઠ, શેઠાણી, કૃષ્ણચંદ્ર, રસોડામાં આવી, પાટલા પર બેઠા. કૃષ્ણચંદ્રે પોતાનું ખાદીનું પહેરણ કાઢી બાજુ પર મુકયું, અને પગ હાથ ધોઇ, પાટલા પર ઉઘાડે દિલે બેઠો. શેઠ અને શેઠાણી શરમાઇ ગયાં, કારણ કે પહેરેલે કપડેજ એઓ બન્ને જમવા બેઠા હતા. એટલામાં વિલાસિકા આવી પહોંચી. કૃષ્ણચંદ્રે કહ્યું—'આવો બહેન, પેલા પાટલા પર બેશો.' વિલાસિકા 'બૂટ' પહેરી જ બેસવા જતી હતી, એટલામાં કૃષ્ણચંદ્રે કહ્યું—'બહેન 'બૂટ' તો કાઢી બેશો!' વિલાસિકા શરમાઇ ગઇ, અને બાહાર જઇ 'બૂટ' કાઢી આવી. વળી કૃષ્ણચંદ્ર બોલ્યો—'આપણે વૈષ્ણવ અને હિંદુ કહેવાઈએ બહેન, તેથી

'બૂટ'વાળા હાથ તો ધોઇને જમવા બેસવું જોઇએ.' વિલાસિકા વળી શરમાઈ ગઇ, અને હાથ ધોઇ આવી. હાથ રૂમાલે લુછયા એટલે આખા ઓરડામાં 'સેન્ટ'ની વાસ વાસ આવવા લાગી. વિલાસિકા શરીરે પુષ્ટ, જરા સ્થૂળ, ઠીંગણી, અને બહુ સુંદર ગૌરવર્ણની હતી. તેમાં વળી પાતળી, આખું શરીર આબેહુબ દેખાય એવી સાડી, છાતીના ભાગ સુધીની ઉઘાડી, અને છેક ખભા સુધી આવે એવી ઉંચી બાંહીની ચોળી પહેર્યાં હતાં, તેથી હાલના 'ફેશન'વાળા બૈરાંઓને અને પુરુષોને એ ઘણી ખૂબસુરત લાગતી હતી. માથુ તો ઘણું ખરૂં ઉઘાડું જ રહેતું. વાળો ગુચ્છાવાળા, કાળા ભ્રમર જેવા, બહુ સુંદર હતા, અને વાંકો સેંતો પડેલો હતો, તેથી બહુ શોભા આપતા હતા. 'સુંદરી' જે 'ફેશન'ના પોષાકો પહેરી નાટકોમાં સજ્જ થઇ આવતી, તેવાં જ પોષાકોનું અનુકરણ કરવાની વિલાસિકાને બહુ ટેવ હતી, અને 'સુંદરી' જ 'ફેશન'માં એ ફરતી, હરતી, ને બોલવાની ટેવ રાખતી, તેથી 'ફેશન' વાળા સ્ત્રી પુરુષોને એના પર બહુ મોહ ઉત્પન્ન થતો હતો. આ સર્વ હાવભાવ અને કૃત્રિમ સુંદરતા જોઇ કૃષ્ણચંદ્ર મનમાં દિલગીર થતો હતો. આપણી સ્ત્રીઓની આ ફેશનની ફીસીયારી' ની અધમ દશા જોઇ, એણે નિશ્વાસ નાંખ્યો. કયાં રાધાની સાદાઇ, કુદરતી સુંદરતા અને કયાં વિલાસિકાની મોટાઇ, અને કૃત્રિમ સુંદરતા ? બન્નેમાં કૃષ્ણચંદ્રને આસમાન જમીનનો ફરક લાગવા લાગ્યો.

થોડી વારે ભટ પીરસી રહ્યા, અને ચારે જણા ખાવા લાગ્યા. કૃષ્ણચંદ્ર સૂર્યપૂરથી પ્રસાદ લાવ્યો તો, તે ખાઇ શેઠ બહુ વખાણવા લાગ્યા અને બોલ્યા— આવી સુંદર ચીજો આપણા વૈષ્ણવો બનાવી શકે છે, એ

મેં આજેજ જાણ્યું. 'હોટેલ'માંની સારામાં સારી ચીજો આના મોંઢા આગળ શા હિસાબમાં? 'હોટેલ'વાળાઓ ગમે તેવી વાસી ચીજો વાપરે છે. અને જ્યાં ત્યાંથી તેમાં મસાલો નાંખી સ્વાદિષ્ટ બનાવી આપણે મોહ પમાડે છે અને માંદા પાડે છે. આ સામગ્રીઓમાં કેવી ઉત્તમ ઉંચી ચીજો, બરાસ, કસ્તુરી, કેશર, જેવી પડી છે, અને કેટલી સ્વાદિષ્ટ લાગે છે. અને પૌષ્ટિક પણ કેટલી બધી છે. ખરેખર કૃષ્ણચંદ્ર આપણે બહુ ભૂલાવામાં પડયા છીએ. તેં અમારી આંખો ન ઉઘાડી હોત, તો અમે તો જરૂર ગોથાજ ખાયા કરતે, અને વારંવાર માંદા પડી જલદીજ મરણને શરણ થતે.' આ સાંભળી વિલાસિકાને તો બહુ અચંબો લાગ્યો, અને મનમાં બોલી–'જરૂર કૃષ્ણચંદ્રે આ લોકો ઉપર ભૂરકી નાંખી ખરી?'

એટલામાં વિલાસિકા બોલી ઉઠી 'કાલે આપણે વાત થઇ હતી, તે પ્રમાણે આજના નાટકની 'સીટો' 'રીઝર્વ' કરવા મેં 'ટેલીફોન' કરી દીધો છે. આજે 'રાધા–કૃષ્ણ'નો નવો ખેલ મુકાવાનો છે, અને બહુ પડાપડી છે.'

નંદરાયે ઉત્તર આપ્યો–'બહેન, હવે અમે તો કૃષ્ણચંદ્રની માફક નાટક અને 'રેસીસ' (શરતો) ને તીલાંજલી આપી છે, માટે 'ટેલીફોન' કરી ના કહી દેજે. તારે જવું હોય તો જઇ આવજે.

'કૃષ્ણચંદ્ર મારી સાથે આવે તો હું જાઉં, નહીં તો એકલી તો નહીં જાઉં?' વિલાસિકાએ ઉત્તર આપ્યો.

કૃષ્ણચંદ્ર બોલ્યો–'હવે મારી તમે આશા રાખશો નહિ. કાલેજ રાતના મેં તમને કહી દીધું છે. શીરીન બહેન,

કૂંજલતા, બીટ્રીશ, નજરબાનુ, મધુરિકા વગેરે તમારી બહેન-પણીઓને અને આપણા ફીરોજભાઇ, કિશોરભાઇ પ્રભાકર, રામભાઈ અને યુસુફભાઇ વગેરેને લઇ જજો.

વિલાસિકા શરમાઇ ગઇ અને નિચું ઘાલી ચુપ રહી.

સર્વે જમી રહ્યા અને હાથ મો ધોઇ ઉઠયા. શેઠ શેઠાણી અને વિલાસિકાએ 'નેપકીન'થી હાથ લુછી નાંખ્યા, અને કૃષ્ણચંદ્રે મોંઢે અને માથે ચોળી દીધાં. સર્વ કોઇ જોઇ રહ્યું. ઉપર ગયા બાદ "સોડા વોટર'ની બાટલીઓ માણસ ઉઘાડવા લાગ્યો એટલામાં કૃષ્ણચંદ્ર બોલી ઉઠયો–મારે નહીં જોઇએ; હું તો પાણી જ પીશ. શેઠ શેઠાણીએ પણ ના કહી. વિલાસિકાએ એકલીએ જ પીધું. પાનના બીડા આવ્યા. કૃષ્ણચંદ્રે કહ્યું–'મારે સારૂ બાગમાંથી તુળશીના પાંતરા તોડી લાવ.' નોકર તોડી લાવ્યો; અને એણે ખાધાં. બાકીના સર્વેએ બીડા ખાધાં.

નંદરાયે કૃષ્ણચંદ્ર સામુ જોઇ પૂછયું–"તું પાળે છે તે સર્વ નિયમોનું કાંઇ પુસ્તક, તું શેઠ કૂંજબિહારિલાલને ત્યાંથી લાવ્યો છે કે ?"

કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો–"હાજી 'અખુટ જીવન દોરી' નામના પુસ્તકમાં આ સર્વ નિયમો આપવામાં આવ્યા છે, અને તેની દશ નકલો 'આરોગ્ય ભુવન'ના અધ્યાપક પાસેથી હું લાવ્યો છું" એમ બોલી પોતાના ખંડમાં જઇ ત્રણ નકલો લઇ આવ્યો, અને શેઠ, શેઠાણી અને વિલાસિકાને અકેક આપી. તે લઇ શેઠ, શેઠાણી પોતપોતાના ખંડમાં ગયા, અને વિલાસિકા પોતાને ઘેર ગઈ. શેઠ, શેઠાણી પુસ્તક વાંચવામાં ચકચુર થઇ ગયા.

કૃષ્ણચંદ્રે મહેતાને બોલાવી સૂચના આપવા માંડી કે, જેષ્ટારામ મુકુંદજીની દુકાને કાળકાદેવીના રસ્તા પર જઇ, આ યાદી પ્રમાણેના પુસ્તકો ખરીદી લાવો, અને મીસ્ત્રીને બોલાવી મારા ખંડમાંથી થોડા ભાગમાંથી કાચના કકડા કઢાવી નખાવી, લીંપવાની જગા બનાવો; આ સર્વ ફરનીચર નીચેના 'ગોડાઉન' માં મૂકાવી દો; બે સારી દુધાળી વાછરડા સહિત ગાયો ખરીદ કરી લાવો; દર્ભાસન થોડા ખરીદી લાવો, અને એક સુંદર પરવડી લઇ આવો.'

મહેતાએ કહ્યું-'વારૂ સાહેબ'.

કૃષ્ણચંદ્ર બોલી ઉઠયો-'સર્વ નોકરોને અને બીજાંઓને વરદી આપી મુકો, કે કોઇએ 'સાહેબ' શબ્દ ન વાપરવો, પણ 'શેઠ' શબ્દ વાપરવો. આ તમને સોંપેલું કામ આજ સાંજ સુધીમાં થવું જોઇએ.'

'ઠીક શેઠ'-મહેતાએ ઉત્તર આપ્યો.

શેઠે 'બેનેટ એન્ડ કંપની'ને 'ટેલીફોન' કીધો કે 'મારા બંગલામાંનો સર્વ ફરનીચર, 'ક્રોકરી' સુદ્ધાં, આવતા શનીવારે લીલામથી વેચી નાખવો છે, માટે 'લીસ્ટ' તૈયાર કરી જાહેર ખબર આપવા તાકીદે માણસ મોકલી બંદોબસ્ત કરવો.'

પછી શેઠ, શેઠાણી પાછલા પહોરે ત્રણ વાગે 'અખુટ જીવન દોરી'નું આખું પુસ્તક વાંચ્યા બાદ બહાર નીકળી પડયા. પ્રથમ સ્વદેશી વસ્તુ ભંડારમાં જઇ પુષ્કળ સ્વદેશી વસ્તુઓ ખરીદી, અને ત્યાંજ ખાદીના કપડા પણ શીવવા આપ્યા અને તાકીદ આપી કે 'કાલે મળવા જોઇએ.' શેઠાણીએ પણ ખાદીની સાડીઓ, અને પોતાને જોઇતી સર્વ ચીજો ખરીદ કરી પછી શેઠાણી બંગલે આવ્યા અને શેઠ મીલોમાં ગયા.

કૃષ્ણુચંદ્ર સંતદાસને ત્યાં શાસ્ત્રીજી પધાર્યા છે એમ નોકર તરફથી ખબર મળતાં એમને બંગલે ગયો, અને શેઠ, શેઠાણી સાથે ભાગવતની કથા સાંભળવા લાગ્યો. વિલાસિકા તો 'મોટર'માં પોતાની બ્હેનપણીઓને મળવા ગઇ હતી. કૃષ્ણુચંદ્રને કથા સાંભળવા આવેલો જોઇ સંતદાસ શેઠ અને દેવકીબા શેઠાણી ખુશી ખુશી થઇ ગયા, અને એને ભેટી પડયા. કથા પૂરી થયા બાદ કૃષ્ણુચંદ્ર શાસ્ત્રીજીને પગે પડયો, અને કહેવા લાગ્યો-"આપ મને શીખવવા રોજ બબે કલાક પધારશો ? આપને સહુવારના ૯ થી ૧૧ નો વખત અનુકૂળ હોય તો હું 'મોટર' આપને સારૂ મોકલીશ." શાસ્ત્રીજીએ કહ્યું "એ વખત મને અનુકૂળ છે, અને હું કાલથી આવીશ." કૃષ્ણુચંદ્રે કહ્યું-'ઠીક ત્યારે કાલથી મોટર આવતી જશે આપને સારુ.',

કૃષ્ણુચંદ્ર પોતાને બંગલે આવ્યો, અને શેઠ, શેઠાણી પણ આવી પહોંચ્યા હતા. સૂર્યાસ્ત પહેલાં ત્રણે જણા રસોડામાં સાથે જમવા ગયા. શેઠ, શેઠાણીએ નિયમો વાંચ્યા હતા, એટલે તે પ્રમાણે પાળવાની શરૂઆત કરી.

બીજે દિવસથી તો શેઠ, શેઠાણી, અને નોકર ચાકરો સુધ્ધાં ખાદીના પોષાકમાં દેખાવા લાગ્યા. સર્વ કોઇ કૃષ્ણુચંદ્રની માફક ઉઘાડે પગે ચાલે. શેઠે પણ માથા પરના વાળ કાઢી નખાવી ચોટલી રાખી. આ ફેરફારથી સર્વ કોઇ મળવા આવનાર ચકિત થઇ ગયું. વિલાસિકા તો બહુજ ચકિત થઇ ગઈ, અને શેઠને ત્યાં આવવાનું પણ કમી કરી નાખ્યું, કારણ કે એને આ સર્વ ફેરફાર બિલકુલ પસંદ નહોતો.

સારૂ મુહૂર્ત જોઇ, શેઠે પોતાના ઠાકોરજી શ્રી બાળકૃષ્ણુ લાલજીને મંદિરે પધરાવ્યા હતા, તે પોતાના બંગલાના મંદિરમાં

પાછા પધરાવ્યા, અને બે મુખીઆજીઓને રાખી રાજ સેવા શરૂ કરી. સંતદાસ શેઠ અને દેવકીબા તો આથી બહુ બહુ ખુશ થઇ ગયા.

થોડા દિવસમાં તો શેઠનાં બંગલાનો દેખાવ તદન ફેરવાઇ ગયો, અને સંત મહાત્માના વાસ જેવો થઇ રહ્યો. બારણે ગાયો ઝુલી રહી છે, અને શાસ્ત્રીઓ, વૈષ્ણવો અને સંતોથી બંગલો ભરાએલો રહે છે. કૃષ્ણચંદ્ર પોતાનો ધર્મ સંબંધી અભ્યાસ દિન પર દિન વધારતો જાય છે, અને શાન્તિ ધારણ કરતો જાય છે. શેઠના જુના વિલાસી મિત્રો એક પછી એક ખરતા જાય છે, અને નવા ધર્મિષ્ટ મિત્રો બનતા જાય છે. શનીવારે ગોવેકરીના નાચને બદલે હવે હરિકિર્તન થાય છે. સંતદાસ અને દેવકીબા પ્રથમ કવચિત આવતા હતા, તેઓ હવે ઘણા ખરા આખો દિવસ શેઠને બંગલેજ રહે છે. વિલાસિકા તો હવે અદ્રશ્ય થતી જાય છે. કવચિત બંગલામાં દેખા દે છે. શરતનાં ઘોડાઓ બધા શેઠે મોટી કીમતે વેચી નાંખ્યા, અને સઘળો કીમતી 'ફરનીચર' પણ લીલાંઉંથી વેચાઇ ગયો, અને સારી કીમત આવી. શેઠના બંગલામાં હવે ગાદી તકિયાની બેઠકો થઇ ગઇ છે, અને શુદ્ધ ખાદી જ્યાં ત્યાં દર્શન આપે છે.

એક દિવસ કૃષ્ણચંદ્ર પોતાના ખંડમાં વિચાર કરતા કરતા ગણગણવા લાગ્યોઃ—

"વૃત્તિઓ દોડી જાય છે, જુદા જુદા વિકારમાં,
નહિ થોભતી, નહિ રૂકતી ઘસડાઈ જાય પ્રવાહમાં.
વિચાર દ્રષ્ટિ જો ખિલે, તો તો કંઇ અટકાવીએ,
વૈરાગ્ય કેરાં ખડગથી, છેદન કરી તે નાંખીએ.
વાળી પાછી તેને જો, અંતર મુખ કરી દઇએ,

તો તો સ્વાનંદ સામ્રાજ્યમાં, મોજો અનુભવી ડોલીએ.
ઝાંખી એની થાય કેવી, રીતથી તે નવ સૂઝે?
કંઇ પ્રભુ કૃપા જો થાય મુજ પર, યશ મળવો નહિ દૂર છે."

વળી કાંઇ વિચારો સ્ફુરી આવતા જરા મોટેથી ગાવા લાગ્યો :—

ઉપાધી કેમ છોડું હું, બતાવોને શહાણાઓ,
વિચાર દ્વારા તો છુટે, કહે પોકારીને સંતો.
વૃત્તિઓનો ફેલાવો, ઉપાધીને વધારે છે,
સંકુચિત થાએ જેમ તે તો, ઉપાધીને ઘટાડે છે.
વૃત્તિઓનો કરો અભ્યાસ, સુખમય જેથી થવાએ,
દુઃખ વૃત્તિ ન ઉદ્દભવે, અભ્યાસ એવો જ્યારે થાએ.
જે સ્થિતિમાં જ્યાં જાઓ ત્યાં, આનંદ કેરી લ્હેરો આવે,
ન વેગો કામ ક્રોધના તો, પછી તમને તો સતાવે.
એવી રીતે લો બાહ્ય સુખ, વૃત્તિ સુખમય બનાવોને,
પછી થઇ જાઓ અંતરમુખ, વિચારશ્રેણી વધારીને.
અભ્યાસ જેમ માર્ગમાં વધશે, અંતરમુખ તેમ થવાશે,
પછી ઘુમસો સુખ ભૂવનમાં, અંતર આત્માને આનંદે.
સ્થિતિએ પ્રાપ્ત જ્યાં કરશો, સચ્ચિદાનંદ રૂપ ત્યાં બનશો,
ચોર્યાસી લક્ષ યોનિનો, પછી તો ટાળસો ફેરો.
જ્વાળા તો શમતી નથી હ્રુદયની, ઉંડી જતી જાય છે,
ફેલાવી ચોફેર અગ્નિ દુઃખમય, ચિંતાગ્રસ્ત કરી દીએ.
ઉપાયો સૂઝતાં નથી કંઇ મૂને, અગ્નિ બુઝાવવા તણા,
કેવળ ચાહુ કૃપા પ્રભુ તમ તણી, શાંતિ પૂરી પાડવા.

સૂર્યાસ્ત પહેલાં સર્વેએ વાળુ કરી લીધું, અને પછી કૃષ્ણચંદ્ર એકલો દરિયે કિનારે ફરવા ગયો. પુનમનો દિવસ હતો,

ચાંદની ખીલી રહી હતી, તેથી, દરિયાની છોળો જોતો એ રેતી ઉપરજ વિચારમાં બેશી ગયો. આજુબાજુ કોઇ હતું નહીં. એટલામાં વિલાસિકા ત્યાં આવી પહોંચી, અને પાછળથી કૃષ્ણચંદ્રના ખભા ઉપર હાથ મુકયો. કૃષ્ણચંદ્ર ચોંકયો, અને પાછળ ફરી જોયું, તો વિલાસિકા. 'આવો બહેન' કૃષ્ણચંદ્ર બોલ્યો. 'અહીંઆ એકલા બેઠા બેઠા શું વિચાર કરો છો ?' વિલાસિકા બોલી, અને પાસે બેઠી. 'શું વિચાર કરવાના હોય બહેન ? આ સમુદ્રના તરંગની માફક આપણા સ્વરૂપ ઉપર આ સૃષ્ટિના વિચારો રહેલાં છે.' કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો. 'હવે તમારૂં વેદાંત કે દાડે છોડશો ? આવી સુંદર ચાંદની રાતમાં કેવી મઝા આવે છે ? વિલાસિકા બોલી. 'હા બહેન, મઝા આપણી પોતાની જ લેવાની છે; બીજાની અપેક્ષાએ ઉત્પન્ન થતી મઝા શું કામની ?' કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો. વિલાસિકા બોલી–'મઝા તો એ વસ્તુના સંસર્ગમાં છે; આપનાર અને લેનાર બંને જોઇએ; એકલાથી શી રીતે આ બંને કાર્યો બની શકે ?' એજ અનુભવે કરી શીખવાનું છે બહેન; જ્યાં સુધી પોતાની મઝા પોતે ઉત્પન્ન કરી, પોતે લઇ શકતો નથી, ત્યાં સુધી તે દુનિયામાં નકામોજ કાળ ગાળે છે.' કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો. પણ એ વગરની મઝા ખોટી એમ બોલી વિલાસિકાએ એનો હાથ પોતાનાં હાથમાં લીધો અને જરા પાસે આવી. કૃષ્ણચંદ્રે હાથ ખેંચી લીધો અને આઘો ખસી ગયો. વિલાસિકા બોલી–"કૃષ્ણચંદ્ર તમને મારા ઉપર પ્રીતી ઉત્પન નથી થતી ? ખરૂં પૂછો તો આજ કેટલા વર્ષો થયાં હું તમને જ જોઇ રહી છું. એક વખત બોલો કે 'હું તનેજ પરણીશ.' આ ઉચ્ચારતા શબ્દો વિલાસિકાનું મુખ તેજોમય બની ગયું. નેત્રો ચમકવા લાગ્યા,

અને શરીર ધ્રુજવા લાગ્યું. જાણે 'શી આ તકતકતી તસવીર, તાકની તીર, તીરવા રંગે; મલકાતી, ખુબ ઇસકને જંગે;' જેવી એની મુખ મુદ્રા થઇ. કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો–'તમે તો મારા બ્હેન થાવ? તમારા ઉપર મારે બીજો ભાવ ક્યાંથી હોય? આજ કેટલાં વર્ષો થયાં હું તમને બ્હેન ભાવથી જ જોઉં છુ' વિલાસિકા જરા ખિન્ન થઇ બોલી–'ત્યારે મારે તમારી આશા છોડવી?' 'અલબત્ત બહેન' કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો. 'તમે કોઇ બીજીને ચાહતા હશો ત્યારે?' વિલાસિકા બોલી. 'બીજી ને ત્રીજી હાલમાં તો મારા ચિત્તમાં એ બાબતનો કાંઇ સંકલ્પ જ ઉઠતો નથી. કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો. 'જો જો પાછળથી પસ્તાશો હો?' કહી છણકો કરી, તિરસ્કાર બતાવી વિલાસિકા ઉઠી રોફમાં ને રોફમાં ચાલી ગઇ.

કૃષ્ણચંદ્ર થોડીવારે ગણગણવા લાગ્યોઃ—

હમારો પંથ ઉલટો છે, દુનિયાથી નીરાળો છે.
જશોના કોઇ એ વાટે, સુખ લવ લેશ ના ભાસે.
દમનની છે જહાં ક્રિયા, શુરોનું કામ તો તિહાં,
સંયમ કેરી પરાકાષ્ટા; નિશ્ચય બળની પરિસીમાં.
વિચારગહનની ક્રીયા, ક્ષણે ક્ષણે તો બદલાતી,
ચેષ્ટા સર્વ દિસે વિપરીત, કરે મશ્કરી દુનીયાવી.
ન આવો પાસ હમ કોઈ, અભડાશો ભલા ભાઈ,
રહેવા દો અલગ હમને, ન લેશો નામ હમારૂં રે.
હમે પરવા ન કોઇની, ન કરશો કોઇ હમારી,
ચીંતા હમને ન છે કાંઇ, ન કરશો કોઇ હમારી.
ફકીરીમાં હમે ઘૂમીએ, ફકીરીમાં હમે મરીએ,
સદા આનંદમાં રહીએ, સ્વરૂપ આનંદ તો છીએ.

હમે અંતર બતાવ્યું છે, શરીરને ખુબ સોસ્યું છે,
પહોંચ્યા મારગને છેડે, તૃપ્તિ હમને થઇ બહુ છે."

મોડું થયું છે એમ ધારી કૃષ્ણચંદ્ર વિચારમાં ને વિચારમાં પોતાના બંગલા તરફ વળ્યો.

વિલાસિકાનું મન બહુ વિહ્વળ બની ગયું હતું. કૃષ્ણચંદ્રનો છેવટનો ઉત્તર સાંભળી એ શોક સાગરમાં ડુબી ગઇ હતી. નાનપણથી એને મહાલક્ષ્મી માતા ઉપર સ્વાભાવિક રીતે બહુ આસ્થા હતી, અને આઠેમને દિવસે તો એ જરૂર દર્શને ત્યાં જાય. માતા આગળ જઇ રડી પડી, મનમાં ઉદ્ગારો કાઢું, એવા વિચારથી 'મોટર'વાળાને કહ્યું–'માહાલક્ષ્મી માતાના મંદિરે ચાલ.' થોડીવારમાં 'મોટર' ત્યાં આવી પોહોંચી પોતે ઉતરી, અને

વસ્ત્રાલંકાર સજી કરી વહ્નિગજ, વેગે જતી મંદિરે,
પૂજાપો લઇ હસ્ત કમલમાં, ઉભી કરે સ્તુતી તે.
"હે માતા જગજનની પ્રિયે, દ્રષ્ટિ અમી ઢાળતું,
સર્વાંગે ભૂલી ભાન-દેવી તુજને, સાષ્ટાંગ પાયે નમું.
હે કૃપાંક્ષી દયાળુ માત મુજની, વિનતી ધરો અંતરે,
માયાથી કરી મુકત પામર મુને, રાખો સદા ચિત વિષે.
હું પાપી નહિ કાંઇ વિધિ સમજું, પૂજા તણી માત રે,
અંગીકાર કરો સમજીને, હૃદય તણાં ભાવને."

આખરે રડી પડી અને થોડી વાર બેશી બંગલે આવી, અને ખાધા સિવાય પોતાના ખંડમાં જઇ ખાટલા પર વિચારમાં રાતના બાર વાગતા સુધી પડી રહી, અને પછી ઉંઘી ગઇ. બીજે દિવસથી એણે કૃષ્ણચંદ્રને બંગલે જવાનું બિલકુલ છોડયું.

૯

બાબુ વિલાસચંદ્ર

વિલાસિકાએ કૃષ્ણચંદ્રને બંગલે જવાનું છોડયું, એ જોઇ સંતદાસ અને દેવકીબા બહુ વિચારમાં પડી ગયા. શી રીતે એનું કારણ સમજાય? કૃષ્ણચંદ્ર જેવો ઉત્તમ વર વિલાસિકાને સારૂ બન્નેએ આજ કેટલા વર્ષો થયા યોજી રાખ્યો હતો, તેમાં આ વિઘ્ન આવેલું જોઇ, બન્ને વિમાસણમાં પડ્યાં. એક વખત વિલાસિકા બહાર ગઇ હતી, તે વખત દેવકીબા એના ખંડમાં કાંઇ કામ સારૂ ગયા, અને 'ટેબલ' પર આમ તેમ કાંઇ ખોળતા હતા એવામાં એક 'પેનશીલ'નો લખેલો કાગળ 'બ્લોટીંગ'માંથી મળી આવ્યો, અને વાંચવા લાગ્યા.

'મ્હારા ચંદ્ર,

ગઇ કાલે રાતના દરિયા પર આપની મુલાકાત પછી મારૂં ચિત્ત બહુ ખિન્ન થઇ ગયું છે. મને કાંઇ સૂઝતું નથી. હવે હું તો કોઇ દિવસ તમારી થવાનીજ નહીં, એ વિચારે મને શોક સાગરમાં ડુબાવી દીધી છે. તમારો ખ્યાલ હું મારા ચિત્તમાંથી શી રીતે કાઢી શકું? આજ વરસો થયાં જે વિચાર મારા અંતઃકરણમાં પોષાયેલો છે, અને જેને તમારા માતા પિતા તરફથી, અને મારા માતા પિતા તરફથી ઉત્તેજન અને પુષ્ટિ મળેલાં છે, તે વિચારને એકદમ મારા ચિત્તમાંથી હું શી રીતે ખસેડી શકું? આપ તો ક્રૂર બન્યા, પણ મારાથી શી રીતે ક્રુર બનાય? આપ સૂર્યપૂર જઇ આવ્યા બાદ, મને સમજાય છે, કે આપને 'રાધા'ની લગની લાગી છે, તેથી હું હવે

આપને સાષ્ટાંગ નમસ્કાર કરી, આપનો ખ્યાલ છોડવાનો યત્ન કરીશ, પણ મારૂં અંતઃકરણ કેમ માનશે ? આપને બંગલે પણ આવવાનું હું હવે છોડી દઇશ, કારણ કે નકામું મારૂં ચિત્ત ઉશ્કેરાય. આપનું ચિત્ત તો મેં કાલે જોઇ લીધું, કે પત્થર જેવું જડ થઇ ગયું છે, એટલે ડગમગે એમ નથી. હવે તો મારે 'ન ભૂલાતું તું ભૂલી દે. એજ કરવું રહ્યું–

લી. અંતઃકરણથી હજુ આપનું જ રટણ કરનાર
વિલાસિકાના પ્રેમપૂર્વક પ્રણામ.'

મહાલક્ષ્મી માતાના દર્શન કરી આવી, પોતાના ખંડમાં જઇ, વિલાસિકાએ આ પત્ર 'પેનશીલ'થી લખી, પોતાના 'પોર્ટફોલીઆ'માં મૂકયો, અને સહવારે નકલ કરી, મોકલવાનો વિચાર રાખેલો. પણ બીજે દિવસે એનો વિચાર ફેરવાઇ ગયો, કારણ કે એને લાગ્યું, કે એ પત્રથી કૃષ્ણચંદ્રનું મન કાંઇ ફેરવાશે નહીં, અને એ વાંચી કચરાની ટોપલીમાં નાંખી દેશે, તેથી કાગળ એમને એમ પડી રહ્યો. દેવકીબા, કાગળ હતો ત્યાં મૂકી ચાલી ગયા, અને જઇને સંતદાસને સર્વ હકીકત કહી. બન્ને જણા બહુ ખિન્ન થઇ ગયા, અને હવે કૃષ્ણચંદ્રે પુત્રીનો ત્યાગ કીધો, એટલે એનું શું થશે તેની વિમાસણમાં પડયા. એઓ પણ સમજ્યા તો ખરા કે હવે કૃષ્ણચંદ્રનાં વિચારો બદલાયા છે, અને એને આવી છકેલી છોકરી નજ ગમે. એને આટલું ભણાવી, લાડમાં ઉછેરી, એના મન ધાર્યું કરવા દીધું, એમાં બહુ ભૂલ કરી, અને જલદી લગ્ન ન કર્યા એ બહુ ખોટું કર્યું, એમ ભાસવા લાગ્યું. જેવી 'હરિની ઇચ્છા' એમ ધારી મન વાળ્યું.

થોડા દિવસ પછી શેઠ સંતદાસ ઉપર એક તાર આવ્યો, તેમાં કલકતેથી બાબુ વિલાસચંદ્રે લખેલું કે, 'હું પરમ દિવસે

સહવારે કલકત્તા 'મેઇલ'માં આવું છું, અને તમારે બંગલે ઉતરીશ.' શેઠે એમને પોતાને બંગલે ઉતરવાની સર્વ ગોઠવણો કરી, અને 'ટ્રૈન' વખતે 'મૉટર' લઇ, 'સ્ટેશન' પર તેડવા ગયા. બાબુને ઘણાં આદર પૂર્વક બંગલે લઇ આવી, એમને સારુ ખાસ તૈયાર રાખેલા ખંડમાં ઉતર્યા.

વિલાસ બાબુ કલકત્તાના એક ધનાઢ્ય ઝવેરી છે, અને વૈષ્ણવ હોઇ વણીક કુટુંબનાં છે. એમની ઉમ્મર આજે ૩૫ વરસની છે, અને અંગ્રેજીનું એઓને સાધારણ જ્ઞાન છે. એમનો ઝવેરાતનો વ્યાપાર મુંબઇ અને પેરીસ સાથે ઘણો મોટો ચાલે છે. શરીરે એઓ ઉંચા અને કદાવર છે. ચહેરાનો રંગ ઘઉંવર્ણો છે. કપડા બહુ ઉંચી જાતના પહેરે છે, અને કોટમાં હિરાની કંઠી અને હાથમાં હીરા જડિત પોંચી રાખે છે. ખીસામાં સોનાનું ઘડીઆલ, અને તેને હીરાનો અછોડો રાખે છે. ડાળમાં ફરવાનો અને ડાળમાં બોલવા ચાલવાનો એમને શોખ છે. પ્રપંચ કરવામાં પણ પુરા છે. એમના પિતાના વખતથી સંતદાસની પહેડી સાથે એમને હુંડી પત્રીનો સબંધ છે. એમના ધણિઆણીને ગુજરી જવાને આજ ત્રણ મહિના થયા છે. અને બીજી કોઇ સુંદર સ્ત્રીની શોધમાં છે. પોતાને એક ૧૮ વર્ષનો પુત્ર, અને ૧૩ વર્ષની કન્યા છે. ત્યાર પછી એને સંતતિ થયેલી, પણ તે હાલમાં હયાત નથી. સંતદાસને બંગલે એઓ મોહમયી નગરીમાં આવે, ત્યારે કોઇ વખત ઉતરતા નહીં, પણ એક એમનાં આડતિયા શ્રીમંત મારવાડી ગ્રહસ્થને ત્યાં ઉતરતા.

બાબુનાં સાંભળવામાં કલકત્તામાં આવેલું, કે શેઠ સંતદાસની એક ૨૦ વર્ષની ભણેલી ગણેલી કન્યા છે, તે ઉપરથી ખાસ એને જોવા ખાતર બાબુ સાહેબે આ વખત શેઠ સંતદાસને બંગલે ઉતરવાનો તાર મૂકેલો.

બાબુ વિલાસચંદ્ર હાથ મોંઢુ ધોઇ રહ્યા, કે વિલાસિકા ચાંદીના પ્યાલામાં એમને સારૂ ચાહ લઇ આવી. વિલાસિકાનો હાવભાવ અને 'ડ્રેસ' જોતાંની સાથે જ બાબુ સાહેબ તો લટ્ટુ બની ગયા. સંતદાસ, બાબુને આપેલા ખંડમાં જ બેશી એમની સાથે વાતોચિતો કરતા હતા. એટલામાં વિલાસિકા આવવાથી શેઠે એની ઓળખાણ બાબુ સાથે કરાવી. બાબુ, વિલાસિકા સાથે વાતે વળગ્યા, અને એ બહુ બોલકી હોવાથી, એક પછી એક વાતો કરવા લાગી, અને પોતાની હોંશિયારી બતાવવા લાગી. છેવટ બોલી–"બાબુ સાહેબ આવતી કાલે નવો હિંદુસ્થાની ખેલ છે; આપને જોવા લાયક છે, માટે કહો તો ટીકીટ મંગાવી રાખું." "ઘણી ખુશીથી; શેઠ અને શેઠાણી પણ આવશે કેની? એમની પણ 'ટીકીટો' મંગાવજો"–વિલાસચંદ્રે ઉત્તર આપ્યો. શેઠ બોલી ઉઠયા–"અમે તો કોઇ દિવસ નાટકો જોવા જતાં નથી; બહેન અને મુનીમ આપની સાથે આવશે." બાબુએ કહ્યું 'ઠીક.' બપોરે જમી, બાબુ સાહેબ શહેરમાં કામે ગયા. અને આવતી વખતે એક સુંદર હિરાની વીંટી "માર્કસ એન્ડ કંપની"માંથી અને એક સુંદર સાડી 'માધવદાસ'ની દુકાનેથી વિલાસિકા સારૂ લેતા આવ્યા. બન્ને ચીજો વિલાસિકાને આપતાં એ બહુ ખુશ ખુશ થઈ ગઇ. બીજે દિવસે સાથે નાટક જોવા ગયા. પછી તો બન્નેની પ્રિતિ જામી, અને મશ્કરી કરવાની હદ સુધી પોહોંચ્યા.

બે દિવસ સારૂ બાબુ સાહેબ આવેલા પણ આઠેક દિવસ મૂકામ લંબાવ્યો. જતાં પહેલા એક દિવસ અગાઉ બાબુ સાહેબે સંતદાસ શેઠ સાથે વાત ઉપાડી, અને વિલાસિકાની માગણી કરી. સંતદાસ જરા ગુંચવાયા, અને બોલ્યા–'હું નંદરાય અને જસોદાની

સલાહ લઇ આવતી કાલે આપને ઉત્તર આપીશ.' પછી તુર્તજ શેઠ નંદરાયને બંગલે દેવકીબાને તેડી ગયા અને સર્વ વાત કહી. જશોદા અને કૃષ્ણચંદ્ર પણ બેઠા હતા. નંદરાયે ઉત્તર આપ્યો વિલાસિકાની મરજી આપે જાણી છે ?' 'એ તો ઉભે પગે કૂદી રહી છે !' દેવકીબાએ ઉત્તર આપ્યો. 'સાવકુ સહીયારૂં તો છે, પણ આપની પુત્રીની મરજી છે, એટલે એવો બીજો વર મળવો મુશ્કેલ છે, માટે કરી નાખવું સારુ છે.' જશોદા વચમાં બોલ્યા. શેઠે પણ કહ્યું કે–'ઠીક ત્યારે કરો' કૃષ્ણચંદ્ર મુંગો અત્યારસુધી બેઠો હતો, તેને ઉદ્દેશી સંતદાસ બોલ્યા–'ભાઇ તમે કાંઇ બોલતાં નથી ?' 'હું શું બોલું ? વિલાસિકા બહેનની મરજી હોય તો કાંઇ ખોટું નથી. બાકી બા કહે તેમ સાવકું સહીઆરૂ છે, એટલે સાસરામાં વખતે ભાંજગડ ઉઠે ખરી, પણ બાબુ સાહેબ કુલ મુખત્યાર છે, એટલે કાંઇ અડચણ નથી.' કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો. પછી સંતદાસ અને દેવકીબા પોતાને બંગલે ગયા, અને બાબુ સાહેબને 'હા પાડી.' વિલાસચંદ્ર બાબુ બહુ ખુશ થઇ ગયા, અને વિલાસિકાના હર્ષનો પણ કાંઇ પાર રહ્યો નહીં. માગસર મહિનામાં લગ્ન કરવાં એમ ઠરાવી બાબુ કલકત્તે પાછા ફર્યા. બાબુ વિલાસચંદ્રના અને વિલાસિકાના એ પ્રમાણે કાંઇ વિશેષ ધામધુમ વગર માગસર મહિનામાં લગન થયા, અને વિલાસિકાને વિદાય કરતી વખત સંતદાસને અને દેવકીબાને બહુ રડવું આવ્યું, પણ છોકરી આખરે સારે ઠેકાણે પડી એથી સંતોષ માની બેઠા. વિદાય કરતી વખતે દેવકીબાએ પુત્રીને છાતી સરસી ચાંપી કહ્યું–"બહેન કુળની લાજ રાખજે, અને મારી કુખ લજવતી નહી." પુત્રીએ રડતાં રડતાં ઉત્તર આપ્યો "મા તેની તું ફીકર કરતી નહીં."

ઉપસંહાર

દિવાળી વિત્યા બાદ શેઠ નંદરાયે, કૂંજબિહારિલાલ શેઠને નીચે પ્રમાણે કાગળ લખ્યોઃ—

"પ્રિય ભાઇ કૂંજબિહારિલાલ,

કૃષ્ણચંદ્ર આપના તરફથી આવ્યા બાદ, મેં એક પણ પત્ર આપને લખ્યો નથી, માટે ક્ષમા કરશો;

કૃષ્ણચંદ્રે આપને ત્યાં જે દૃષ્યો જોયાં તેથી અમને સર્વને બોધ થયો છે, અને હમારો નવોજ જન્મ થયો એમ અમે માનીએ છીએ.

મેં મારો બંગલો અને મીલો વેચી નાખ્યા છે, અને મને બહુ સારી કીમત આવી છે. હવે અમારા ત્રણેનો વિચાર આપના નદીપારના સંસ્થાનમાં આવી રહેવાનો છે, અને બાકીની જીંદગી આપના સહવાસમાં ગાળવી એવો સંકલ્પ છે, માટે આપનો પત્ર આવે હમે તાબડતોબ નીકળી આવીશું, અને મોહમયીને છેલ્લા નમસ્કાર કરીશું.

આપને ત્યાં સર્વને આશીષ કહેશો.

લિ. આપનો દર્શનાભિલાષી નંદરાયના
જયશ્રીકૃષ્ણ વાંચશો."

વળતે ટપાલે નંદરાય શેઠને નીચેનો પત્ર કૂંજબિહારિલાલ શેઠ તરફથી મળ્યો :—

પ્રિય ભાઇ નંદરાય,

આપનો પત્ર વાંચી બહુજ આનંદ થયો છે.

આ દુનિયામાં આવી આત્મોન્નતિ કરવાનું, જે આપણા સર્વેનું મુખ્ય કર્તવ્ય છે, તે ઉપર આપનું લક્ષ લાગ્યું છે, એ જાણી મને પરમ સંતોષ થાય છે.

નદીપાર સંસ્થાનનું એક મકાન 'વાનપ્રસ્થ આશ્રમ'માં હમણાજ નવુ બંધાયું છે, તેમાં આપ બેલાશક આવી રહેશો. માત્ર અહીંઆ સાદી જીંદગી ગાળવી પડે છે, તેનો ખ્યાલ તો આપને ભાઇ કૃષ્ણચંદ્રે આપ્યો હશેજ. કાંઇપણ સંકોચ રાખ્યા વગર સુખેથી પધારશો.

ભાઇ કૃષ્ણચંદ્રને મારા આશીષ. એમને અહીંઆ સર્વ બહુ યાદ કરે છે.

લિ. આપનો દર્શનાભિલાષિ

કુંજબિહારિલાલના જયશ્રીકૃષ્ણ વાંચશો.

થોડા દિવસમાં મોહમયી નગરીનું સર્વ કામકાજ આટોપી, રૂપીઆની વ્યવસ્થા કરી, બંગલાનો કબજો ('પઝેશન') લેનાર ધણીને સોંપી, શ્રી ઠાકોરજીને સાથે લઇ, નંદરાય, જશોદા, અને કૃષ્ણચંદ્ર નદીપાર આવી પોહોંચ્યા. નંદરાય અને જશોદા વાનપ્રસ્થ આશ્રમમાં રહેવા લાગ્યા. અને કૃષ્ણચંદ્ર બ્રહ્મચારી આશ્રમમાં રહ્યો. ત્રણે જણા સંસ્થાનોના નિયમોને અનુસરી, નોકરચાકર અને રસોઇયા સિવાય બહુ સાદી જીંદગી ગુજારે છે. નોકર ચાકરોને સારી બક્ષિસો આપી રજા આપી દીધી. નંદરાય અને જશોદા રોજ શ્રી ઠાકોરજીની સેવામાં બપોર સુધી રોકાય છે, પછી પ્રસાદ લઇ થોડો વાર

આરામ લઈ, સન્યાસ આશ્રમમાં પાછલા પોહોરે જઇ, કથા શ્રવણુ કરે છે, અને કૂંજબિહારિલાલ શેઠ આવે ત્યારે તેમની સાથે માફામાં બેશી મોટા મંદિરે દર્શન કરી, તેમને બંગલે જઇ, સાંજના તેમની સાથે જ દૂધ લઇ રાતના નવ વાગતા સુધી શાસ્ત્રીજીની કથા શ્રવણુ કરી, પાછા નદીપાર પોતાને મૂકામે જાય છે. જશોદા પણુ એજ પ્રમાણે કીર્તિબાની સાથે રોજ એમને બંગલે સાંજના આવે છે, અને પછી નવ વાગ્યા બાદ નંદરાય સાથે નદીપાર જાય છે. કૃષ્ણુચંદ્ર પાઠશાળામાં યોગીરાજ પાસે યોગવિદ્યા શીખે છે, અને સ્વામીશ્રી પાસે અધ્યાત્મિક વિદ્યાનો અભ્યાસ કરે છે. વાર તહેવારે શેઠ કૂંજબિહારિલાલના આગ્રહુથી તેમને બંગલે જમવા આવે છે, અને આખો દિવસ ત્યાંજ કુમુદચંદ્ર સાથે ગાળે છે. શેઠ નંદરાયની પૂંજી પાંચ કરોડની થવા જાય છે, તે સઘળી મુંબઇથી મંગાવી, શેઠ કૂંજબિહારિલાલની પેઢીમાં જમે મૂકે છે. શેઠની સલાહુથી એઓ હુજારો વીંધા જમીન સૂર્યપૂરની આજુબાજુના ગામોમાં ખરીદે છે, અને પોતાને સારૂ નદીના કિનારા પર એક મકાન બંધાવે છે. ધીમે ધીમે જૂદા જૂદા આશ્રમો પણુ શેઠની માફક પોતા તરફથી ખોલે છે. કૃષ્ણુચંદ્ર સર્વે પર દેખરેખ રાખે છે. આવી રીતે શેઠ નંદરાયની પૂંજીનો સદૂઉપયોગ થતો ચાલ્યો છે.

બન્ને શેઠ શેઠાણીની સમ્મતીથી રાધા અને કૃષ્ણુચંદ્રના લગ્ન વસંતપંચમીએ કરવાનું ઠરે છે. કેવળ સાદાઇથી જ લગ્ન કરવાનો બન્નેનો નિશ્ચય થયો છે. લગ્ન ઢુકડા આવતા બન્ને શેઠો તરફથી કંકોત્રીઓ મોકલવામાં આવે છે. એક જ દિવસમાં સઘળું કાર્ય આટોપી લેવાનો બન્નેનો વિચાર છે.

શેઠ કુંજબિહારિલાલના 'એકાદશી' આશ્રમમાં જ લગ્ન કરવાનું યોજાએલું છે. બહાર ખાદીનો મંડપ પંડિતોને બેસવા સારૂ તૈયાર કરવામાં આવ્યો છે. પરોણાઓને સારૂ ઉતારાઓ મુકરર થઇ ગયા છે, અને ત્યાં સર્વેની વ્યવસ્થા યોગ્ય રીતે કરવામાં આવી છે. શેઠ કુંજબિહારિલાલના આમંત્રણને માન આપી, આખા હિંદુસ્થાનમાંથી વિદ્વાન બ્રાહ્મણો, પંડિતો અને વેદાધ્યાયીઓ આવી ગયા છે, અને મંડપમાં વેદ ઘોષ થઇ રહ્યો છે. લગ્નને દિવસે બપોરેજ જમણ રાખવામાં આવ્યું છે, અને હજારો સ્ત્રી પુરુષોની પંક્તિ લાગી રહી છે. વ્યવસ્થા બહુ ઉત્તમ પ્રકારની છે. આસોપાલવના અને ફુલોનાં તોરણો લાગી રહ્યાં છે. વરઘોડો કાઢવામાં આવ્યો નથી; પરંતુ લગ્નને દિવસે પાછલા પોહોરના શેઠ નંદરાય પોતાના પરોણાઓ અને વરરાજાને લઇ સ્ત્રીમંડળ સાથે માફાઓમાં નદીપારથી આવે છે, અને ગોરજ સમય થતાં વરકન્યાને એકાદશી આશ્રમમાં લઇ જવામાં આવે છે. વરકન્યાએ ખાદીનો જ પોષાક પહેર્યો છે, તેમ સર્વ સ્ત્રી પુરુષો પણ ખાદીના જ વસ્ત્રોમાં સજ્જ થઇ આવ્યા છે. રાધાએ ફક્ત હાથમાં હિરાની બંગડીઓ, કંઠમાં હિરાનો હાર, નાકે મોતીની વાળી, અને માથામાં હિરાનો ચાક પહેર્યો છે. વસ્ત્ર શ્વેત, દાગીના શ્વેત, તેમ શરીરનો રંગ પણ શ્વેત, એટલે મેળ ઠીક બેઠો છે. ઘટીયંત્ર મૂકી મહાન પંડિતો મુહૂર્ત સાધી રહ્યાં છે. હસ્તમેળાપ થતાં સર્વ તરફથી ફૂલની અને અક્ષતની વૃષ્ટિ વરકન્યા ઉપર કરવામાં આવે છે અને તેઓ જાણે ફૂલથી અને અક્ષતથી દટાઇ ગયા હોય એવા દેખાય છે. બરાબર વિધિ પૂર્વક લગ્નક્રિયા કરવામાં આવે છે. લગ્નની ક્રિયા સમાપ્ત થતાં વરવધુ માતાપિતાને પગે લાગી, વિદ્વાન અને પૂજ્ય બ્રાહ્મણોને પગે લાગી, આશીર્વાદ લે છે, અને કાંઇ પણ ધામધૂમ સિવાય

માફામાં બેશી નદીપાર વિદાય થાય છે. પુત્રીને વિદાયે કરતી વખત શેઠ કૂંજબિહારિલાલ અને કીર્તિબાના આંખમાં આંસુ આવે છે. લગ્નમાં વાજા વગેરે કાંઇ દેખાતું નથી, પણ શેઠના આશ્રમવાસીઓ હંમેશની માફક જૂદી જૂદી જાતના વાજીંત્રો વગાડે છે. શેઠ સર્વ બ્રાહ્મણોને પગે લાગી, પુષ્કળ દ્રવ્ય અને ગાયો આપી સંતોષે છે. અપંગોને વસ્ત્ર, ભોજન, અને દ્રવ્ય આપવામાં આવે છે. 'એકાદશી'ની અકેક સૂવર્ણ મૂર્તિ બનાવી, સર્વ સ્ત્રી, પુરુષો, અને બાળકોને, તેમજ બ્રાહ્મણ વર્ગને, ભેટ આપવામાં આવે છે, અને શેઠ, શેઠાણી તરફથી એકાદશી કરવાની અને મૂર્તિની પૂજા કરવાની દરેકને વિનંતી કરવામાં આવે છે. તે સિવાય ખાદીના વસ્ત્રો, અકેક રેંટીયો, અને અકેક સોનાની કંઠી દરેકને ભેટ આપવામાં આવે છે. શેઠે મુનીમને આજ્ઞા આપેલી, કે કોઇને પણ બે રૂપિયાથી વધુ ચાંલો સ્વીકારવો નહીં. પોતાની પેઢી તરફનો પણ હમેંશનો એ નિયમજ હતો, કે ગરીબ અથવા શ્રીમંત ગમે તેને ત્યાં પ્રસંગ ઉપર, ફક્ત બેજનો ચાંલો કરવો. આવી રીતે શેઠે એક દિવસમાંજ લગ્ન સમારંભ પૂરો કીધો. ભપકામાં, રોશની કરવામાં અને બીજી રીતે દ્રવ્યનો નકામો ઉપયોગ કીધો નહીં.

રાધા હવે પિતાના ઘરનો કાર્યભાર છોડી, પોતાના ઘરનો કરવા લાગી, અને શેઠ નંદરાયના ખાદી આશ્રમ અને સંસ્થાનોની વ્યવસ્થા જોવા લાગી. આવી વધુ મળવાથી નંદરાય અને જશોદાને બહુજ સંતોષ મળ્યો, અને પરમ આનંદમાં સર્વ કાર્યભાર કૃષ્ણચંદ્ર અને રાધાને માથે નાખી, કાળ ગુજારવા લાગ્યા. શેઠ કૂંજબિહારિલાલની સલાહથી નંદરાયે પોતાની

પાંચ કરોડ રૂપિયાની પૂંજી જૂદા જૂદા ધંધામાં રોકી અને બહુ બહોળો વ્યાપાર કરવા લાગ્યા.

લગ્ન થયા પછી બાર મહિનાની ‘અંદર રાધાને પુત્ર પ્રસવ્યો, અને તેનું નામ ‘યોગેંદ્ર’ રાખવામાં આવ્યું. નંદરાય અને જશોદાના હર્ષનો પાર રહ્યો નહીં. ત્રણ વર્ષ બાદ રાધાને એક પુત્રી આવી, તેનું નામ ‘યોગિની’ પાડયું.

વિલાસિકા વિલાસચંદ્ર સાથે કલકતે ગઇ, અને ખુબ મોજમાં પડી. માતાપિતા ઉપર રોજ પત્ર લખતી, અને પોતાનું સુખ પ્રદર્શિત કરતી, તેથી સંતદાસ અને દેવકીબાને બહુ સંતોષ થતો. ધીમે ધીમે બાબુ વિલાસચંદ્રનો મોહ વિલાસિકા પરથી ઉતરતો ગયો, અને પોતાની અસલ ઢપ પર આવતો ગયો, ઘણા વર્ષથી એ દારુડીઓ, અફીણી, ગંજેડી, અને ભંગેડી તો હતોજ, તેમ વેશ્યાગામી પણ હતો. એના મિત્રો પણ એવાજ લંપટ હતા. મોટે પગારે એક બંગલો લઇ, એક વેશ્યા તો એની રાખેલીજ હતી, અને બીજા લફરાઓ પણ અનેક હતાં. અઠંગ જુગારી પણ હતો. ધર્મનો તો એનામાં લેશ પણ નહોતો. જુઠું બોલવામાં, ક્રોધ કરવામાં, અને પ્રપંચો કરવામાં પૂરો હતો. પોતાના બાપની લાખો રૂપિયાની પૂંજી, ગાડી, વાડી અને લાડીમાં એ બરબાદ કર્યે જતો હતો. વિલાસિકાને પ્રથમ પ્રથમ તો પોતાના દુર્ગુણોની માહિતી જરા પણ પડે નહિ, તેની બહુ સંભાળ રાખતો, પણ જેમ જેમ મોહ ઓછો થવા લાગ્યો, તેમ તેમ વિલાસિકાને તે દેખાવા લાગ્યા, અને એ બહુ ખિન્ન રહેવા લાગી, તોપણ પોતાના માતાપિતાને એ વાતની જાણ કરી નહિ. પછી તો વિલાસિકાને તરછોડવા લાગ્યો, અને ઉઘાડી રીતે પોતાના દુર્ગુણોમાં પ્રવર્તવા લાગ્યો. નોકર ચાકર તરફથી અને વિલાસ-

ચંદ્રના મિત્રમંડળ તરફથી, પણ એનું વારંવાર અપમાન થવા લાગ્યું. ધીમે ધીમે એવો વખત આવ્યો કે દિવસોના દિવસો સુધી વિલાસચંદ્રને વિલાસિકા સાથે બોલવાનો પણ વખત ન મળે. જાણે ઘરમાં એક ચાકરડી હોય, તેની માફક એની સાથે વર્તવા લાગ્યો. વિલાસચંદ્રનો પુત્ર અને પુત્રી પણ વિલાસિકાનું છડે ચોક અપમાન કરે, અને પોતાના પિતાના કાન ભંભેરે. સર્વ ઠેકાણે બીજી વખતની સ્ત્રીનું ચલણ વધારે ચાલે અને સાવકા છોકરા છોકરી તિરસ્કાર પામે ત્યારે અહીંઆ તેથી ઉલટો જ ન્યાય હતો, કારણ કે બાબુની પ્રીતિ એના પરથી ઘટી ગઇ હતી, અને સર્વેના દેખતા એજ એનો તિરસ્કાર કરતો હતો. કોઇ કોઇ વખત તો ક્રોધમાં આવી હાથ પણ ઉગામતો. લાડમાં ઉછેરાએલી અને સર્વ ઉપર રોપ કરી કાબુમાં રાખનાર સ્ત્રીને, આવી વખત કેટલું લાગતું હશે? ઘરમાં વેશ્યાઓ આવે, વેશ્યાઓના નાચો થાય, અને એને ચાકરડીની પઠેમ તે લોકોની સરભરા ઉઠાવવી પડે, આ સર્વ દ્રષ્ય વિલાસિકાને અસહ્ય થઇ પડયું હતું. એક બે વખત તો બાબુના અંગત મિત્રોએ નિશામાં ચકચુર થઇ, એના પર નિચ હુમલો પણ કરેલો, પણ માતાના છેલ્લા શબ્દો "બ્હેન કૂળની લાજ રાખજે, અને મારી કુખ લજવતી નહીં." એના ચિત્તમાં કોરાઇ રહ્યા હતા, તેથી એ આધીન થઇ નહીં, પણ શુરાતન વાપરી તિરસ્કારપૂર્વક તે લોકોને હઠાવ્યા, અને ફાવવા નહીં દીધાં. આ બાબતની ફરિયાદ બાબુને કરી, તો ઉલટો જવાબ મળ્યો કે "તારોજ એમાં વાંક છે; તુંજ એ લોકોને તારા હાવભાવથી તારી તરફ ખેંચે છે; બાકી એઓ તો બિચારા સીધા અને ગાય જેવા પવિત્ર છે." વિલાસિકા તો પ્રદેશમાં આવી, છેક કંટાળી ગઇ હતી. અહીંઆ કોઇ પણ એનું પોતાનું નહોતું, કે જેના

આગળ એ પોતાનું હૃદય ખોલે. એને દિવસ હતા અને આઠમો મહીનો જતો હતો, તેથી એક દિવસ વિલાસચંદ્ર બાબુએ કહ્યું કે, "તું હવે તારે પીયર જા; અહીંઆ કોઇ તારી સુવાવડ કરે એમ નથી." વિલાસિકાને તો ભાવતું હતું અને વૈદ્યે કહ્યું" તે પ્રમાણે થયું, અને બીજેજ દિવસે એ એકલી જ મુંબઇ આવવા નીકળી પડી. બાબુને એ કાંટારૂપ થઇ પડી હતી, એટલે એના જવાની જ વાટ જોતા હતા, કે નિરંકુશપણે એ પોતાનાં નિચ કૃત્યો કરે. વિલાસિકાને ભારે પગે આવેલી જોઇ, એના માબાપ ઘણાં જ ખુશી થયા અને સાસરાની બધી વાતો પૂછવા લાગ્યા, કારણ કે પોતાના પિતામાતાને દુઃખ થાય એવા હેતુથી એણે કાંઇ પણ હકિકત લખેલી નહીં. બિચારી ગળગળી થઇ ગઇ, અને માંડીને સર્વ હકિકત પેટ ખોલીને કહી. આજે જ એને પોતાનું હૃદય ખોલવાનો લગભગ બાર મહિને પ્રસંગ મળ્યો હતો. પિતામાતા બહુ ખિન્ન થયા, અને રડી પડયા. વિલાસિકા પણ ખૂબ રડી. દશમે મહિને એને પુત્ર અવતર્યો, તેની ખબર શેઠે તારથી બાબુને આપી, પણ કાંઇ જવાબ મળ્યો નહીં. વિલાસિકા સુવાવડમાં અતિશે માંદી પડી, અને મરણતોલ દશામાં આવી પોહોંચી. શેઠે બાબુને તાર કીધો, પણ કાંઇ જવાબ મળ્યો નહીં. ઇશ્વરકૃપાથી ધીમેધીમે વિલાસિકાની તબિયત સુધરતી ચાલી, અને એ મોતના પંજામાંથી બચી ગઇ. શેઠ, શેઠાણીએ નિશ્ચય કર્યો, કે હવે વિલાસિકાને એને સાસરે મોકલવી નહીં, અને નંદરાય જશોદાની સાથે મુંબઇનો બંગલો વેચી નાંખી, પેઢીનો કાર્યભાર મુનીમને સોંપી આશ્રમમાં જઇ એકાંતિક બાકી રહેલું જીવન ગાળવું. વિલાસિકાને પણ એ વાત પસંદ આવી. ત્રણેક મહિનામાં સર્વ વ્યવસ્થા કરી સંતદાસ અને

દેવકીબા, વિલાસિકા, અને તેના પુત્રને લઇ નદીપાર આશ્રમમાં આવી રહ્યા, અને સાદુ જીવન ગાળવા લાગ્યા. વિલાસિકા મોહમયી નગરી ગયા બાદ બાબુ વિલાસચંદ્ર નિરંકુશપણે વર્તવા લાગ્યો. મોજમઝામાં અને વ્યસનમાં અને જુગારમાં સઘળી દોલત બરબાદ કરી દીધી. વાડી બંગલા ગીરવી મૂકાઈ ગયા. માથે કરજ થઇ ગયું. મિત્રો દુશ્મન બની ગયા. વેશ્યાઓએ તરછોડી કાઢયો. કોઇ એનું રહ્યું નહીં. એટલામાં એનો ૨૧ વર્ષનો પુત્ર 'પ્લેગ'ની બિમારીથી ગુજરી ગયો. અસહ્ય દુઃખ આવી પડયું. ઝેર ખાવાને તૈયાર થયો. એટલામાં 'વિલાસિકા' એને યાદ આવી. એના ગુણો સાંભળી આવ્યા. આવી પવિત્ર સ્ત્રીને દુઃખ દીધું, તેથી એના ચિત્તને બહુ આઘાત થયો, અને પશ્ચાતાપ થયો. આખરે મોહમયી જઈ સંતદાસને ઘેર જઇ રહેવું, એવો નિશ્ચય થયો અને મોહમયી આવ્યો. બંગલે આવ્યો તો બંગલામાં કોઇ બીજુંજ રહેતું માલુમ પડયું. તપાસ કરતાં માલુમ પડયું, કે સંતદાસ અને દેવકીબા વિલાસિકા સાથે સૂર્યપૂરની નદીપાર રહે છે, તેથી ત્યાં આવ્યો, અને બંને જણાને પગે પડી ખુબ પશ્ચાતાપ કરી પુષ્કળ રડયો. શેઠે એને પોતાની સાથે રાખ્યો. આશ્રમમાં રહેવાથી એ બહુ સુધરી ગયો, અને વિલાસિકાની સાથે જુદા મકાનમાં રહી, બહુજ સાદાઇથી સર્વની માફક જીવન ગાળવા લાગ્યો. શેઠ સંતદાસે એનું સર્વ કરજ ફેડી દીધું, અને એને સારૂં ખાદી આશ્રમ અને બીજી સંસ્થાઓ ખોલી આપી. વિલાસિકા છેક સાદી બની ગઇ છે, અને રાધા સાથે બહુ મિત્રાઇ રાખે છે. બાબુ વિલાસચંદ્ર પણ ધીમે ધીમે સંતદાસ શેઠની કૃપાથી પાછો શ્રીમંત બનતો જાય છે, અને વિલાસિકા સાથે બહુ પ્રેમ અને આનંદથી રહે છે. વિલાસચંદ્રનો પુત્ર બાબુ કુસુમચંદ્ર પણ દિવસે દિવસે મોટો થાય છે, અને માતપિતાને

આનંદ આપે છે. થોડા વર્ષમાં બાણુ વિલાસચંદ્ર પોતાની સર્વ મિલકત ગીરવી મૂકેલી છોડાવે છે, અને કલકત્તાનો વ્યાપાર પ્રથમ કરતાં પણ હાલમાં ધમધોકાર ચાલી રહ્યો છે. સંતદાસ અને દેવકીબાને વૃદ્ધાવસ્થામાં બહુ આનંદ થાય છે, અને સુખમાં પોતાનો કાળ નિર્ગમન કરે છે. પોતાની સઘળી પુંજી બાણુ કુસુમચંદ્રના નામ પર શેઠ કૂંજબિહારીલાલની પહેડીમાં મૂકે છે.

કુમુદચંદ્ર હવે ૨૪ વરસનો થયો છે. શેઠ કૂંજબિહારિલાલે પોતાનો સઘળો વહિવટ એને સોંપ્યો છે, અને હવે પોતે અને કીર્તિબા કોઇ કામ જોતાં નથી, પણ પાછલા પોહોરના સંન્યાસાશ્રમમાં જઇ, કથા સાંભળે છે. સંસ્થાનમાંની એક 'ચંદ્રિકા' કરીને ૧૮ વરસની વણિક કન્યા, ઉત્તમ ગુણો અને વિદ્યા સંપન્ન હોવાથી તેની સાથે કુમુદચંદ્રના લગ્ન કાંઇ પણ બહારના ડોળ અને ઠાઠમાઠ સિવાય કરે છે. રાધાના લગ્ન જેવીજ સર્વ વ્યવસ્થા થાય છે. લાખો રૂપિયાનું ધમંદાન થાય છે, પણ ખાલી શોભામાં અને મોટાઇ બતાવવામાં એક પૈસો પણ ખરચતા નથી. લગ્નમાં પરોણાઓ અને સંસ્થાનવાસીઓને પૂજામાં મૂકવા સારૂ એકેક સોનાનો નાનો 'રેંટીઓ' યાદગીરી દાખલ શેઠ કૂંજબિહારિલાલ આપે છે. કુમુદચંદ્ર અને ચંદ્રિકા બહુ પ્રેમથી પોતાનો સંસાર ચલાવે છે. એક વર્ષ પછી ચંદ્રિકાને પુત્ર પ્રસવે છે, અને તેનું નામ 'પ્રફુલચંદ્ર' આપવામાં આવે છે. ત્રણ વર્ષ બાદ એક કન્યા આવે છે, અને તેનું નામ 'મધુરી' પાડવામાં આવ્યું છે.

શેઠ કૂંજબિહારિલાલ અને કીર્તિબાનો વિચાર, પગે ચાલી ચારે ધામની યાત્રા કરવાનો થયો છે. નંદરાય, જશોદા, સંતદાસ, અને દેવકીબા પણ એ વિચારમાં સામેલ થાય છે,

અને આશરે પાંચ હજાર સ્ત્રી પુરૂષોનો મોટો સંઘ લઇ, શેઠ કાર્તિક શુદ ૧૩ ને દિવસે પ્રયાણ કરે છે.

કૃષ્ણચંદ્ર તો હવે વેદાંત-અભ્યાસમાં મશગુલ થતો જાય છે. એનો "જ્ઞાનવિલાસ મંત્ર" બાપદાદાના "યંત્ર"ને પ્રાણ અર્પી રહ્યો છે. (જે આ સાથ જોડેલો છે.) રાધાના અનુમોદનથી તેણે પાત્રોની સેવાર્થે એક નાનકડું ગીતા-રહસ્ય પણ લખ્યું છે. જે **કનૈયાલાલ ચંદુલાલ લલ્લુભાઇ** (બોમ્બે સોલ્ટ ઓફિસર) કીરપારામ મહેતાનો ખાંચો-ગોપીપુરા-**સુરત**ને સરનામે મળશે. કિંમત એક રૂપિયો. પોષ સુદ ૬. જાન્યુવારી ૧૬. (૧૯૪૦)



પ્રકાશક :—કનૈયાલાલ ચંદુલાલ લલ્લુભાઇ, કસ્ટમ ઓફીસ ઘાટકોપર.

મુદ્રક :—જાદવજી પીતાંબર ઠક્કર, આનંદ પ્રીન્ટીંગ વર્કસ, દેવકરણ મેનશન, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ૨.

ज्ञान विलास मंत्र

GITA

=What is Sung=Repeated=Tuning of Creation with Creator.
This is an Expositon to a Being by Avatar, the Condescended.
It is a Science of Homogeneity of the Cosmos.
It expounds योग of शरीर to शिव & शिव to शरीर.
This Universal Law of Connections has numerous Aspects.
Each Aspect is Styled as a type of Yoga-अंग tuned to.
Shri Krishna explains how each Aspect Confirms the other.
He reveals existance of Certain By-Laws Conforming the Aspects.
There-by Arjuna, a Despondent becomes a जिज्ञासु
This differentiates पुरुष & प्रकृति of the Being-जीव
Homogeneity of Purusha-World with Prikriti World=Ocean to Waves & to Bubbles
Process a mystery, ∴ अविद्या yet महत्तत्व or मूल प्रकृति ∴ the Inseperable.
The same being ऐश्वर्यता of ईश्वर is termed (मा + या) Maya, the Limited.
On this stage dabbles a शरीर धारिन, a Being

NOW

An Almighty. Cannot but be Omni-Potent-Present-Scient.

∴ Every Point = अंश of it is a Perpetual & Potent Element.

अंश thus, by Nature, is Ever Energising-ऐश्वर्यवान being of ईश्वर

This Amounts to out-raying of अंश, working wonders.

Each अंश begins to feel a type of independence. from the Other.

Derives pleasure, indulges in, and wooes its own प्रकृति-Wonders.

Gets Completely recoiled by its own deeds i. e. the Results.

Forgets Oneness of the Co- अंशा: and conflicts.

The Huge Process emanates energies-harmonious & disharmonious

The Former type Cannot but be ondained & Continuous ones (नित्य)

While the latter evidently transitary but Ceaselessly repeating (नवनित्य)

The latter is felt by the Recoiled अंश foreign, Spontaneous, & Funny.

This further makes it more attached and Ego-istic.

The ego-istic Self loses sight of other Selves and much more of Supreme self.

This is जीवात्मा embodied=Purush-Prikrity wedded

How to gain Realisation.

?

(by) जिज्ञासा (to begin with)


शरीरम्
जीवात्मा
आर्त
जिज्ञासु


Diognoses

(पुरुष भाव)
॥
Harmonious Energies
प्रभु's faintest भाव
आरूढ, यति, तपस्वी
श्रद्धा, काम, कर्म
Inaction of the Opposite
Coursing of
Detached parusha
कर्म, ज्ञान यज्ञ
प्रधान, गौण, सूक्ष्म
विज्ञान, कर्म, यज्ञ
By dropping of
Each Such Plane
till' Supreme
यज्ञ of आत्मज्ञान &
ज्ञान-दग्ध-कर्म by
विज्ञान into other
Selves of the cosmos
This
Joins the Almighty

मुमुक्षु
Finds
divorce necessary
These potentialaties
Cord Attachment
Sword सद्यभेद
स्थिताधि
Attains
स्थितप्रज्ञ
Attains
सन्यासी
or
जितेन्द्रिय-योगी
सिद्ध
ब्रह्मयोगी
atonce
becomes
तत्वदर्शी
becomes
समदर्शी
i. e. attaius

प्रकृति (भाव)
॥
Dis-Harmonious Energies
त्रिगुणा- सत्व, रज, तम
आसन, प्राणायाम, तितिक्षा
अकर्म, ज्ञान, ध्यान
Action of the Opposite
Coursing of
Detached Prikiti
तम, रज, सत्व
प्रधान, गौण, सूक्ष्म
सत्व, रज, तम्
By consumation of
Each such प्रधानत्वम्
till शून्यत्वम्
Allowing कमम् into
Coursing Prikiti
of other अंश : into
the Cosmos
This
Joins the all-pervading




UNFOLDED
महायोग
आत्मा
Out Raying
Retracing
Smaller Day
Ocean
Month
Year Cycle
Cycle
1/4 Of
Subjective Hemisphere of Yogis
SOLAR-CYCLE
Of
कालचक्र
Objective Hemisphere
योगीनाम